# વિવેકાનંદ એકેડમી

## FEBRUARY-2021

# કરન્ટ અફેર્સ





# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી

**રાષ્ટ્રીય બાબતો**

**૧. કેન્દ્રીય અંદાજપત્ર(બજેટ) 2021-22 (આર્થિક)**

**કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણ દ્વારા સતત ત્રીજુ કેન્દ્રીય બજેટ રજૂ કરાયુ.**

'આત્મનિર્ભર ભારત' અંદાજપત્રનું કુલ કદ રૂ. ૩૪.૮૩ લાખ કરોડ જેમાં મૂડી ખર્ચ તરીકે રૂ. ૫.૫૪ લાખ કરોડનો સમાવેશ જે વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટરી અંદાજ કરતાં ૩૪.૫ ટકાનો વધારો સૂચવે છે

વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટ અંદાજ મુજબ નાણાકીય ખાદ્ય GDPના ૬.૮ ટકા

ભારતીય ઈકોનોમીનો V શેપમાં ગ્રોથ

**ડિજિટલ ખાતાવહી**

- ✓ વહીખાતાને છોડી મેઈડ ઈન ઈન્ડિયા ટેબ્લેટથી ડિજિટલ થયા નાણા મંત્રી
- ✓ ૧૯૯૧ પછી સરકારની મહેસૂલી ખાદ્ય ટોચની સપાટી પર
- ✓ સરકાર આગામી બે મહિના માટે બજારમાંથી રૂ. ૮૦,૦૦૦ કરોડ ઉધાર લેશે
- ✓ વર્ષ ૨૦૨૧-૨૨ માટે કેપિટલ એક્સ્પેન્ડિચર ૩૪.૫ ટકા વધારીને રૂ. ૫.૫૪ લાખ કરોડ કરાયો
- ✓ સરકાર રાજ્યો અને સ્વાયત્ત સંસ્થાઓને કેપિટલ એક્સ્પેન્ડિચર માટે રૂ. બે લાખ કરોડ આપશે
- ✓ ૨૦૨૧-૨૨માં સરકારનું ગ્રોસ માર્કેટ બોરોઇંગ રૂપિયા ૧૨ લાખ કરોડ રહેશે
- ✓ વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૩૦.૪૨ લાખ કરોડની સામે રૂ.૩૪.૫૦ લાખ કરોડનો ખર્ચ
- ✓ વર્ષ ૨૦૨૦-૨૧માં સરકારનો ગ્રોસ ખર્ચ રૂ. ૩૪.૫૦ લાખ કરોડ રહેશે

**અંદાજપત્રીય ખાદ્ય/નાણાકીય ખાદ્ય :**

- ✓ વર્ષ ૨૦૨૦-૨૧ GDPના ૯.૫ ટકા
- ✓ વર્ષ ૨૦૨૧-૨૨ GDPના ૬.૮ ટકા
- ✓ વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં GDPના ૪.૫ ટકાની નીચે લાવવાનો લક્ષ્યાંક
- ✓ ગત વર્ષ ૨૦૨૦-૨૧નો મૂળ લક્ષ્યાંક ૩.૫ ટકાનો હતો

**અંદાજપત્ર-૨૦૨૧-૨૨નો ટૂંકો સાર**

- ✓ આત્મનિર્ભરતાના સ્વપ્નને સાકાર કરવા વડા પ્રધાન આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાની શરૂઆત કરવાની જાહેરાત.
- ✓ દેશમાં આરોગ્ય સુવિધાઓ મજબૂત કરવા આ યોજના અંતર્ગત આગામી ૬ વર્ષમાં રૂપિયા ૬૪,૧૮૦ કરોડનો ખર્ચ કરાશે.
- ✓ તંદુરસ્ત ભારતના નિર્માણ માટે ૧૧૨ જિલ્લામાં મિશન પોષણ ૨.૦નો પ્રારંભ કરાશે.
- ✓ નાગરિકોની તંદુરસ્તી માટે જરૂરી જલજીવન અર્બન મિશન અંતર્ગત પાંચ વર્ષમાં રૂપિયા ૨.૮૭ લાખ કરોડના ખર્ચે શહેરી ભારતના નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવાશે.
- ✓ સ્વચ્છતા જ તંદુરસ્તી આપી શકે છે તેને ધ્યાનમાં રાખતાં અર્બન સ્વચ્છ ભારત મિશનનો પ્રારંભ કરાશે.
- ✓ પાંચ વર્ષના ગાળામાં આ મિશન પાછળ રૂપિયા ૧,૪૧,૬૭૮નો ખર્ચ કરાશે.
- ✓ તંદુરસ્તી માટે જરૂરી સ્વચ્છ હવા માટે ક્લીન એર પ્રોગ્રામ અંતર્ગત હવાના પ્રદૂષણને નિયંત્રણમાં લેવા રૂપિયા ૨,૨૧૭ કરોડની ફાળવણી.
- ✓ હવાના પ્રદૂષણને કાબૂમાં લેવા ઉજ્જ્વલા યોજના અંતર્ગત વધુ એક કરોડ લાભાર્થીઓને લાભ અપાશે.
- ✓ પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રના નિર્માણ માટે આગામી પાંચ વર્ષમાં રૂપિયા ૧.૯૭ લાખ કરોડના ખર્ચે ૧૩ સેક્ટરના વિકાસ માટે ફિઝિકલ એન્ડ ફાઇનાન્શિયલ કેપિટલ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (પીએલઆઈ) સ્કીમની જાહેરાત.
- ✓ દેશની આર્થિક તંદુરસ્તી સુધારવા નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇનના માધ્યમથી ૭,૪૦૦ પ્રોજેક્ટ પૂરાં કરવાનો લક્ષ્યાંક.
- ✓ મૂડી ખર્ચમાં વધારાની જાહેરાત સાથે નાણાપ્રધાને ૫.૫૪ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.
- ✓ દેશમાં પરિવહનને વેગ આપવા માર્ચ ૨૦૨૨ સુધીમાં ૮,૫૦૦ કિમી અને વધારાના ૧૧,૦૦૦ કિમી નેશનલ હાઇવે કોરિડોરની યોજના તૈયાર કરાઈ છે.
- ✓ હાઇવે અને બંદરોના નિર્માણ માટે રૂ. ૧,૧૮,૧૦૧ કરોડની ફાળવણી.
- ✓ રેલવેની સેવાઓને વધુ ઝડપી અને સુવિધાજનક બનાવવા રૂપિયા ૧,૧૦,૦૫૫ કરોડની રકમની ફાળવણી.

- ✓ શહેરી જાહેર પરિવહનને મદદરૂપ થવા ૨૦,૦૦૦ કરતાં વધુ બસ અને મેટ્રો ટ્રેન સેવાઓ માટે માટે રૂપિયા ૧૮,૦૦૦ કરોડની ફાળવણી કરાઈ છે.
- ✓ ટાયર ટુ શહેરોમાં મેટ્રો લાઇટ અને મેટ્રો નિઓ અને ટાયર વન શહેરોમાં પેરિફેરલ એરિયામાં મેટ્રો શરૂ કરાશે.

બજેટ ફાળવણી

**મંત્રાલય ફાળવણી**

- ✓ નાણાં મંત્રાલય : 13,86,273.30 કરોડ
- ✓ સંરક્ષણ મંત્રાલય : 4,78,195.62 કરોડ
- ✓ ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય : 2,56,948.40 કરોડ
- ✓ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય : 1,31,531.19 કરોડ
- ✓ ગૃહ મંત્રાલય : 1,66,546.94 કરોડ
- ✓ રેલવે મંત્રાલય : 1,10,055 કરોડ
- ✓ માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલય : 1,18,101 કરોડ
- ✓ ગ્રામીણ વિકાસ મંત્રાલય : 1,33,689.50 કરોડ
- ✓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય : 73,931.77 કરોડ
- ✓ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય : 12,768.25 કરોડ
- ✓ રસાયણો અને ખાતરો મંત્રાલય : 80,714.94 કરોડ
- ✓ સંચાર મંત્રાલય : 75,265.22 કરોડ
- ✓ અણુ ઊર્જા વિભાગ : 18,264 કરોડ
- ✓ શિક્ષણ મંત્રાલય : 93,224.31 કરોડ
- ✓ વિદેશ મંત્રાલય : 18,154.73 કરોડ
- ✓ ગૃહ અને શહેરી બાબતોનું મંત્રાલય : 54,581 કરોડ
- ✓ જળ ઊર્જા મંત્રાલય : 69,053 કરોડ
- ✓ શ્રમ અને રોજગાર મંત્રાલય : 13,306.50 કરોડ
- ✓ માઇક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનું મંત્રાલય : 15,699.65 કરોડ
- ✓ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય : 15,943.78 કરોડ
- ✓ વીજ મંત્રાલય : 15,322 કરોડ
- ✓ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય : 24,435 કરોડ
- ✓ વિજ્ઞાન અને તકનીકી મંત્રાલય : 14,794.03 કરોડ
- ✓ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ : 11,689.39 કરોડ
- ✓ અવકાશ વિભાગ : 13,949.09 કરોડ
- ✓ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય : 9,720.66 કરોડ
- ✓ આયુર્વેદ, યોગ અને નિસર્ગોપચાર મંત્રાલય, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી આયુષ : 2,970.3 કરોડ
- ✓ નાગરિક ઉડ્ડયન મંત્રાલય : 3,224.67 કરોડ
- ✓ સંસ્કૃતિ મંત્રાલય : 2,667.99 કરોડ
- ✓ કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલય : 2,785.23 કરોડ
- ✓ નવા અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય : 5,753 કરોડ
- ✓ લઘુમતી બાબતોના મંત્રાલય : 4,810.77 કરોડ
- ✓ માહિતી અને પ્રસારણ મંત્રાલય : 4,071.23 કરોડ
- ✓ આદિજાતિ બાબતોનું મંત્રાલય : 7,524.87 કરોડ
- ✓ યુવા બાબતો અને રમત મંત્રાલય : 2,596.14 કરોડ
- ✓ ઉત્તર પૂર્વી ક્ષેત્રના વિકાસ મંત્રાલય : 2,658 કરોડ
- ✓ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય : 2,869.93 કરોડ
- ✓ મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય : 4,322.82 કરોડ
- ✓ કાપડ મંત્રાલય : 3,631.64 કરોડ
- ✓ પર્યટન મંત્રાલય : 2,026.77 કરોડ
- ✓ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય : 1,897.13 કરોડ
- ✓ ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગ મંત્રાલય : 1,308.66 કરોડ
- ✓ આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય : 1,409.13 કરોડ
- ✓ ભારે ઉદ્યોગ અને જાહેર ઉદ્યોગોનું મંત્રાલય : 1,017.08 કરોડ
- ✓ ખાણ મંત્રાલય : 1,466.82 કરોડ
- ✓ યોજના મંત્રાલય : 1,062.77 કરોડ
- ✓ રાષ્ટ્રપતિ, સંસદ, સંઘ જાહેર સેવા આયોગ અને ઉપરાષ્ટ્રપતિ સચિવાલય : 1,687.57 કરોડ
- ✓ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય : 1,702.35 કરોડ
- ✓ પંચાયતી રાજ મંત્રાલય : 913 કરોડ
- ✓ કોર્પોરેટ બાબતોના મંત્રાલય:712.13 કરોડ
- ✓ કોલસા મંત્રાલય : 534 કરોડ
- ✓ સંસદીય બાબતોનું મંત્રાલય :65.07 કરોડ
- ✓ સ્ટીલ મંત્રાલય : 39.25 કરોડ.

આત્મનિર્ભર ભારતના મુખ્ય છ આધારસ્થંભ

(૧) આરોગ્ય અને સુખાકારી

- ✓ ૬૪,૧૮૦ કરોડ રૂપિયાના ખર્ચે ૬ વર્ષમાં પ્રાયમરી, સેકન્ડરી અને ટેરટિયરી હેલ્થકેર સિસ્ટમ



- ✓ ૧૭,૦૦૦ ગ્રામીણ અને ૧૧,૦૦૦ શહેરી આરોગ્ય કેન્દ્રનો વિકાસ
- ✓ દરેક જિલ્લામાં આરોગ્ય પ્રયોગશાળા, ૬૦૨ જિલ્લામાં ક્રિટિકલ હોસ્પિટલ
- ✓ એકીકૃત હેલ્થ પોર્ટલનું વિસ્તરણ, ૧૭ નવા જાહેર આરોગ્ય એકમો
- ✓ ૧૧૨ જિલ્લામાં મિશન પોષણ ૨.૦નો પ્રારંભ
- ✓ રૂપિયા ૨.૮૭ લાખ કરોડના ખર્ચે અર્બન જલજીવન મિશન
- ✓ રૂપિયા ૧,૪૧,૬૭૮ કરોડના ખર્ચે અર્બન સ્વચ્છ ભારત મિશન
- ✓ રૂપિયા ૨,૨૧૭ કરોડના ખર્ચે ૩૨ શહેરોમાં ક્લીન એર પ્રોગ્રામ ૨૦ વર્ષ જૂના પ્રાઇવેટ અને ૧૫ વર્ષ જૂના કોમર્શિયલ વાહનો સ્કેપ કરાશે
- ✓ બાળકોના મોત અટકાવવા દેશભરમાં ન્યૂમોકોકલ વેક્સિન પ્રોગ્રામ
- ✓ કોરોના રસીકરણ માટે રૂપિયા ૩૫,૦૦૦ કરોડની ફાળવણી

### (૨) ફિઝિકલ, ફાઇનાન્શિયલ કેપિટલ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર

- ✓ ૧૩ સેક્ટર માટે પીએલઆઇ સ્કીમ અંતર્ગત આગામી પાંચ વર્ષમાં રૂપિયા ૧.૯૭ લાખ કરોડ ખર્ચાશે.
- ✓ આગામી ૩ વર્ષમાં ૭ ટેક્સ્ટાઇલ પાર્ક ઊભા કરાશે
- ✓ નેશનલ ઇન્ડસ્ટ્રકચર પાઇપલાઇન અંતર્ગત ૭,૪૦૦ પ્રોજેક્ટ
- ✓ રૂપિયા ૨૦,૦૦૦ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ ફાઇનાન્સ ઇન્સ્ટિટ્યૂટ
- ✓ નેશનલ મોનેટાઇઝિંગ પાઇપલાઇનો પ્રારંભ કરાશે
- ✓ માર્ચ ૨૦૨૨ સુધીમાં ૮૫૦૦ કિમી અને નેશનલ હાઇવે કોરિડોર અંતર્ગત ૧૧,૦૦૦ કિમી વધારાની સડકો તૈયાર કરાશે.
- ✓ બંદરો અને હાઇવેના વિકાસ માટે રૂપિયા ૧,૧૮,૧૦૧ કરોડ
- ✓ રેલવેના નેશનલ રેલ પ્લાન અંતર્ગત રૂપિયા ૧,૧૦,૦૫૫ કરોડ
- ✓ શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ, મેટ્રો રેલવે
- ✓ નાગરિકોને વીજળી વિતરણ સંસ્થામાંથી પસંદગી કરવાના વિકલ્પ
- ✓ હાઇડ્રોજનના ઉત્પાદન માટે નેશનલ હાઇડ્રોજન મિશન
- ✓ મોટા બંદરોમાં પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ
- ✓ ઉજ્જવલા યોજના અંતર્ગત વધુ ૧ કરોડ જોડાણ

### (3) કૃષિ

- ✓ ઝડપથી નાશ પામતી ૨૨ કૃષિ ઊપજ માટે ઓપરેશન ગ્રીન યોજનાનો વ્યાપ વધારાયો
- ✓ ઇ-નામ માર્કેટ પ્લેસ સાથે ૧,૦૦૦ વધુ મંડીઓ જોડાશે
- ✓ એપીએમસીને એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ ઉપલબ્ધ કરાવાશે
- ✓ લઘુતમ ટેકાના ભાવ દોઢ ગણા કરાયા છે
- ✓ પાંચ મોટા ફિશિંગ હાર્બરને ફિશિંગ હબ તરીકે વિકસાવાશે

### (૪) શિક્ષણ




- ✓ હાયર એજ્યુકેશન કમિશનની રચના કરાશે
- ✓ એનજીઓ, પ્રાઇવેટ સ્કૂલ સાથે ભાગીદારીમાં ૧૦૦ સૈનિક સ્કૂલ
- ✓ લેહમાં કેન્દ્રીય યુનિવર્સિટીની સ્થાપના થશે
- ✓ આદિવાસી વિસ્તારોમાં ૭૫૦ એકલવ્ય શાળાઓ સ્થપાશે
- ✓ એસસી-એસટી વિદ્યાર્થીઓ માટે એકલવ્ય શાળાઓને ગ્રાન્ટ
- ✓ ૪ કરોડ એસસી વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૩૫,૨૧૯ કરોડની ફાળવણી
- ✓ રૂ. ૫૦,૦૦૦ કરોડના ભંડોળ સાથે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની રચના
- ✓ એનઇપી ૨૦૨૦ અંતર્ગત ૧૫,૦૦૦ કરતાં વધુ શાળાઓને સુદ્રઢ કરાશે

### (૫) ટેકનોલોજી

- ✓ ડિસેમ્બર-૨૦૨૧માં પ્રથમ માનવરહિત ગગનયાન મિશનને લોન્ચ કરાશે
- ✓ દરિયામાં સી-વીડની જાળવણી માટે ડીપ ઓશન મિશનનો પ્રારંભ

### (૬) મેક્સિમમ ગવર્નન્સ

- ✓ પહેલીવાર ડિજિટલ વસતી ગણતરી કરાશે રૂ. ૩,૫૭૮ કરોડની ફાળવણી

- ✓ આસામ અને પશ્ચિમ બંગાળના ચાના બગીચાના કામદારો માટે રૂપિયા ૧,૦૦૦ કરોડની ફાળવણી
- ✓ ગોવાની મુક્તિના ૫૦ વર્ષની ઉજવણી માટે રૂપિયા ૩૦૦ કરોડની ફાળવણી
- ✓ બાકી રહેલા ચાર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 'વન નેશન વન રેશન કાર્ડ' યોજનાનો અમલ
- ✓ માઇગ્રન્ટ વર્કર્સ માટે નવું પોર્ટલ શરૂ કરવાનો પ્રસ્તાવ
- ✓ ગિગ અને પ્લેટફોર્મ વર્કર્સને સામાજિક સુરક્ષાના લાભ
- ✓ મહિલાઓને તમામ કેટેગરીમાં અને નાઇટ શિફ્ટમાં કામ કરવાની પરવાનગી
- ✓ એસસી, એસટી અને મહિલાઓ માટેની સ્ટેન્ડઅપ ઇન્ડિયા સ્કીમ માટે લોન માટેના માર્જિન કેપિટલ ૨૫ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરાયું

**રાજ્યો માટે ઋણ**

- ✓ 15માં નાણાં પંચના વિચારો મુજબ સરકાર રાજ્યો પાસેથી શુદ્ધ ઋણને 2021-2022ના વર્ષ માટે જીએસડીપીના 4%ની સામાન્ય ટોચમર્યાદા જાળવી રહી છે.
- ✓ આ ટોચમર્યાદાનો એક ભાગ વધતા મૂડી ખર્ચ પર ખર્ચાશે. જીએસડીપીના 0.5%ની વધારાની ટોચમર્યાદા અમુક શરતોને આધિન આપવામાં આવશે.
- ✓ 15મા નાણાં પંચની ભલામણો મુજબ 2023-24 સુધીમાં રાજ્યો જીએસડીપીના 3%ની નાણાકીય ખાધ પર પહોંચે એ અપેક્ષિત છે.

**રાજ્યોને સોંપણી**

- ✓ 15માં નાણાં પંચની ભલામણો અનુસાર સરકાર રાજ્યોનો 41% લંબરૂપ હિસ્સો જાળવી રાખશે.
- ✓ 14માં નાણાં પંચમાં જમ્મુ અને કાશ્મીર રાજ્ય તરીકે સોંપણી માટે પાત્ર હતું. હવે જમ્મુ અને કાશ્મીર અને લડાખના કેન્દ્રશાસિત પ્રદેશને કેન્દ્ર દ્વારા ફંડ્સ પૂરું પડાશે.
- ✓ પંચની ભલામણો પર નાણાં મંત્રીએ 2020-2021માં 14 રાજ્યોને રૂ. 74340 કરોડ સામે 2021-2022માં 17 રાજ્યોને રૂ. 1,18,452 કરોડ રેવન્યુ ખાધ ગ્રાન્ટ તરીકે પણ પૂરાં પાડ્યા છે.

**કૃષિ અને સલંગ્ન ક્ષેત્રો, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ ભારત માટે ૯ પગલાં**




1. સ્વામિત્વ યોજના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લંબાવાઇ
2. નાણાકીય વર્ષ ૨૦૨૨માં કૃષિ ધિરાણનો લક્ષ્યાંક વધારીને રૂ. ૧૬.૫ લાખ કરોડ
3. ગ્રામીણ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડમાં ૧૩%નો વધારો
4. સુક્ષ્મ સિંચાઇ ફંડ બમણું
5. ઓપરેશન ગ્રીન સ્કીમ-'ટોપ્સ'માં હવે જલ્દી બગડે એવી ૨૨ વધુ પેદાશોનો સમાવેશ
6. વધુ ૧૦૦૦ મંડીઓ ઇ-નામ સાથે સંકલિત કરાશે
7. એપીએમસીને એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ મળશે
8. પાંચ મોટા મત્સ્ય બંદરોમાં વધુ રોકાણની દરખાસ્ત
9. તમિલનાડુમાં બહુહેતુક સેવાળ (દરિયાઇ વનસ્પતિ) સ્થપાશે

**(૧) સ્વામિત્વ સ્કીમ**

- ✓ શ્રીમતી સીતારમણે સ્વામિત્વ યોજના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં લંબાવવા સૂચવ્યું છે.
- ✓ ગામોમાં મિલકત માલિકીમાં પારદર્શિતા લાવવા માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સ્વામિવ યોજના શરૂ કરી હતી.
- ✓ આ યોજના હેઠળ ગામોમાં મિલકત માલિકને અધિકારના રેકોર્ડસ આપવામાં આવે છે.
- ✓ અત્યાર સુધીમાં ૧૨૪૧ ગામોમાં ૧.૮૦ લાખ મિલકત માલિકોને કાર્ડ્સ અપાયા છે.

**(૨) કૃષિ ધિરાણનો લક્ષ્યાંક નાણાં વર્ષ-૨૦૨૨માં વધારીને ૧૬.૫ લાખ કરોડ**

- ✓ આપણા ખેડૂતોને પૂરતું ધિરાણ મળે એ માટે નાણાં મંત્રીએ નાણાં વર્ષ ૨૦૨૦માં કૃષિ ધિરાણનો લક્ષ્યાંક વધારીને ૧૬.૫ લાખ કરોડ કર્યો છે.
- ✓ સરકાર પશુસંવર્ધન, ડેરી અને મત્સ્યોદ્યોગને ધિરાણ પ્રવાહ વધે એ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે

**(3) ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડમાં ૩૩ ટકાનો વધારો**

- ✓ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડને ફાળવણીમાં પણ વધારો કરી રૂ.30,000 કરોડથી વધારીને રૂ. ૪૦,૦૦૦ કરોડ કરી.

**(૪) સૂક્ષ્મ સિંચાઇ નિધિ બમણી**

- ✓ શ્રીમતી સીતારમણે સૂક્ષ્મ સિંચાઇ નિધિ બમણી કરવાની દરખાસ્ત કરી છે.
- ✓ આ ફંડ નાબાર્ડ હેઠળ રૂ.૫૦૦૦ કરોડના ભંડોળ સાથે શરૂ થયું હતું, હવે બીજા રૂ. ૫૦૦૦ કરોડથી મોટું કરાયું છે.

### (૫) ઑપરેશન ગ્રીન સ્કીમ- "ટૉપ્સ"માં જલ્દી બગડે એવી વધુ ૨૨ પેદાશોનો સમાવેશ

- ✓ કૃષિ અને સંલગ્ન પેદાશોમાં મૂલ્યવર્ધન અને એની નિકાસને વેગ આપવા શ્રીમતી સીતારમણે 'ઓપરેશન ગ્રીન સ્કીમ'નો વ્યાપ વધારવા દરખાસ્ત કરી છે.
- ✓ હાલ આ યોજના ટામેટા, કાંદા અને બટાકા (ટૉપ્સ)ને લાગુ પડે છે હવે એમાં જલ્દી બગડે એવી વધુ ૨૨ પેદાશોનો સમાવેશ થશે.

### (૬) ઈ-નામ સાથે વધુ ૧૦૦૦ મંડીઓ એકત્ર કરાશે

- ✓ નાણાં મંત્રીએ કહ્યું કે ઇ-નામ હેઠળ ૧.૬૮ કરોડ ખેડૂતો નોંધાયેલા છે અને રૂ. ૧.૧૪ લાખ કરોડના મૂલ્યનો વેપાર થયો છે.
- ✓ ઇ-નામ દ્વારા કૃષિ બજારમાં જે સ્પર્ધાત્મકતા આવી છે અને પારદર્શિતા આવી છે એને ધ્યાનમાં લઈને નાણાં મંત્રી પારદર્શિતા અને સ્પર્ધાત્મકતા લાવવા વધુ ૧૦૦ મંડીઓને ઇ-નામ સાથે જોડવા સૂચવે છે.

### (૭) એપીએમસીઓને કૃષિ ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડનો લાભ મળશે

- ✓ માળખાગત સુવિધાઓ સુદ્રઢ કરવા માટે એપીએમસીઓને કૃષિ ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ ઉપલબ્ધ કરાવાશે.

### (૮) પાંચ મોટા મત્સ્ય બંદરો વિકસાવવા દરખાસ્ત

- ✓ આધુનિક મત્સ્ય બંદરો અને ફિશ લેન્ડિંગ કેન્દ્રો વિક્સાવવા માટે શ્રીમતી સીતારમણે ધરખમ રોકાણની દરખાસ્ત કરી હતી.
- ✓ આની શરૂઆત કરવા માટે પાંચ મુખ્ય મત્સ્ય બંદરો-કોચી,ચેન્નાઇ, વિશાખાપટ્ટનમ, પારાદિપ અને પેટુઆઘાટને આર્થિક પ્રવૃત્તિઓના હબ તરીકે વિકસાવાશે.
- ✓ શ્રીમતી સીતારમણે નદીઓ અને જળમાર્ગો પર જમીન પરના મત્સ્ય બંદરો અને ફિશ લેન્ડિંગ સેન્ટર્સ વિક્સાવવા સૂચવ્યું હતું.

### (૯) તમિલનાડુમાં બહુહેતુક સેવાળ (દરિયાઇ વનસ્પતિ) પાર્ક સ્થપાશે

- ✓ સેવાળની ખેતી ઉદભવતું ક્ષેત્ર છે જે કાંઠાના સમુદાયોના જીવનને બદલી નાંખવાની સંભાવના ધરાવે છે
- ✓ તે મોટા પાયે રોજગાર અને વધારાની આવક પૂરી પાડશે.
- ✓ સેવાળની ખેતીને ઉત્તેજન આપવા માટે શ્રીમતી સીતારમણે તમિલનાડુમાં સ્થપાનારા એક બહુહેતુક સેવાળ પાર્કની દરખાસ્ત કરી હતી.

## મહત્વના આઠ સેકટર અને જોગવાઈ

### બેન્કિંગ સેક્ટર




- ✓ બેડ બેન્કની સ્થાપનાને મંજૂરી, રિકેપિટલાઇઝેશન માટે રૂ. ૨૦,૦૦૦ કરોડ
- ✓ બેન્ક થાપણો પર હવે પાંચ લાખ વીમા કવચ
- ✓ ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહિત કરવા રૂ. ૧૫૦૦ કરોડની યોજના
- ✓ જાહેરક્ષેત્રની બેન્કો માટે ARC, AMCની સ્થાપના કરવા આયોજન

### ઉદ્યોગજગત

- ✓ નાની કંપનીઓની મૂડી મર્યાદા રૂ. ૫૦ લાખથી વધારીને રૂ. ૨ કરોડ કરાઇ
- ✓ ટર્નઓવરની મહત્તમ મર્યાદા પણ વધારીને રૂ. ૨૦ કરોડ કરાઈ

### ઇન્શ્યોરન્સ સેક્ટર

- ✓ વીમા સેક્ટર માટે સીધા વિદેશી રોકાણની મહત્તમ મર્યાદા ૪૯ ટકાથી વધારી ૭૪ ટકા કરાઇ
- ✓ વીમામાં ચાર્ટર સિસ્ટમ દાખલ કરાશે

### વ્હિકલ સ્ક્રેપિંગ પોલિસીની જાહેરાત

- ✓ જૂના અને પ્રદૂષણ ફેલાવતા વાહનોને સ્ક્રેપ કરવાની યોજના
- ✓ ૨૦ વર્ષ જૂના પ્રાઇવેટ વ્હિકલનો ફિટનેસ ટેસ્ટ કરાશે




- ✓ ૧૫ વર્ષ જૂના કોર્મિશયલ વ્હિકલનો ફિટનેસ ટેસ્ટ કરાશે
- ✓ ૧ એપ્રિલ ૨૦૨૨થી યોજના અમલી બનશે

### ઇન્ફ્રાસ્ટ્રકચર

- ✓ ઈન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરનાં વિકાસ માટે રૂ. ૫.૫ લાખ કરોડ મેળવાશે
- ✓ ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટયૂશન (DFI)ની રચના કરાશે

- ✓ રોડ અને હાઇવે ઇન્ફ્રાના વિકાસ માટે રૂ. ૧,૧૮,૧૦૧ લાખ કરોડની ફાળવણી કરાઈ

**સામાજિક યોજનાઓ**

- ✓ ૪,૩૭૮ શહેરોમાં રૂ. ૨.૮૭ લાખ કરોડના ખર્ચે પીવાનું પાણી ઉપલબ્ધ કરાવાશે
- ✓ વિવિધ ન્યૂટ્રિશન પ્રોગ્રામનો સમન્વય કરીને ૧૧૨ જિલ્લામાં મિશન પોષણ ૨.૦નો પ્રારંભ કરાશે
- ✓ ૧૫,000 શાળાને ગુણવત્તાસભર બનાવાશે

**સ્ટાર્ટ અપને કરમાં છૂટછાટ લંબાવાઇ**

- ✓ એક વ્યક્તિ પણ સ્ટાર્ટ અપ કંપની શરૂ કરી શકશે
- ✓ એનઆરઆઇ પણ ભારતમાં એક વ્યક્તિની કંપની સ્થાપી શક્શે
- ✓ સ્ટાર્ટ અપ હોલિડેની મર્યાદા માર્ચ ૨૦૨૨ સુધી લંબાવાઇ

**કૃષિ સેક્ટર**

- ✓ ૨૨ નાશ પામતી કૃષિ ઉપજો માટે ઓપરેશન ગ્રીનનું વિસ્તરણ
- ✓ ૨૦૨૧-૨૨ માટે એગ્રિકલ્ચર ક્રેડિટ ટાર્ગેટ રૂ. ૧૬.૫ લાખ કરાયો
- ✓ માઇક્રો ઇરિગેશનનું ભંડોળ વધારીને રૂ. ૧૦,000 કરાયું
- ✓ કપાસની આયાત પરની કસ્ટમ ડયુટી ૧૦ ટકા કરાઇ

**એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટર**

- ✓ એફોર્ડેબલ હાઉસિંગની કરમાફી ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી લંબાવાઇ
- ✓ રેન્ટલ હાઉસિંગ પ્રોજેક્ટનો ટેક્સ હોલિડે એક વર્ષ લંબાવાયો
- ✓ રીઅલ એસ્ટેટને રાહત : સ્ટીલ પર કસ્ટમ ડયૂટી ઘટાડીને ૭.૫ ટકા કરાઇ
- ✓ કેન્દ્રીય બજેટમાં વાર્ષિક રૂપિયા ૨.૫ લાખથી વધુ ઈપીએફ યોગદાનના વ્યાજનું હવે ટેક્સેબલ ઈન્કમમાં સામેલ

**આવકવેરામાં કોઇ રાહત નહીં**

**૬ આઇટીલક્ષી સુધારા.**

1. ૭૫ વર્ષથી વધુ વયના સીનિયર સિટિઝનને આઇટી રિટર્નમાંથી શરતી મુક્તિ
2. ટેક્સ કેસ રિઓપન કરવાની મર્યાદા ૬ વર્ષથી ઘટાડીને ૩ વર્ષ કરાઇ
3. આઇટીઆરમાં લિસ્ટિંગ સિક્યુરિટીઝ અને વ્યાજની આવક પ્રિફાઇલ ભરી શકાશે
4. આઇટી એપલેટ ટ્રિબ્યુનલને ફેસલેસ બનાવાશે, નેશનલ ટ્રિબ્યનલ સેન્ટર સ્થપાશે
5. ડિજિટલ મોડમાં બિઝનેસ કરતી કંપનીઓને ટેક્સ ઓડિટમાં માફીની મર્યાદા રૂ. ૧૦ કરોડનું ટર્નઓવર
6. રૂ. ૫૦ લાખ કરતાં વધુની આવક છૂપાવવાના કેસ ૧૦ વર્ષ પછી પણ ખોલાશે

- ✓ આત્મનિર્ભરતા માટે સરકારે દેશમાં ખાનગીકરણ (પ્રાઇવેટાઇઝેશન) અને વિનિવેશ (ડિસઇન્વેસ્ટમેન્ટ) પર આધાર રાખવાનું નક્કી કર્યું છે.
- ✓ વર્ષ ૨૦૨૧-૨૨ના કેન્દ્રીય બજેટમાં પબ્લિક સેક્ટરની કંપનીઓ અને ફાઇનાન્શિયલ સંસ્થાઓમાંથી પોતાના હિસ્સાનું વેચાણ કરી રૂપિયા ૧.૭૫ લાખ કરોડ ઊભા કરવાનું લક્ષ્યાંક રાખતા પ્રસ્તાવ રજૂ કર્યા છે.

**કઈ કઈ કંપનીઓના ડિસઇન્વેસ્ટમેન્ટની તૈયારી?**

1. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ
2. એર ઇન્ડિયા
3. શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
4. કન્ટેનર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
5. આઇડીબીઆઇ બેન્ક
6. બીઇએમએલ
7. પવનહંસ
8. નિલાંચલ ઇસ્પાત નિગમ લિમિટેડ.

**અન્ય મહત્વની બાબતો**

**(૧) રોડ-હાઈવે માટે ફાળવણી**

- ✓ સરકાર દ્વારા ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ ૧૩,000 કિ.મીનાં રસ્તા બની ગયા છે.
- ✓ બજેટમાં ૪ રાજ્યો પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, કેરળ અને આસામ માટે કરોડો રૂપિયા ફાળવવામાં આવ્યા.
- ✓ પશ્ચિમ બંગાળમાં ૬૭૫ કિ.મી.ના રસ્તા માટે રૂ. ૨૫,000 કરોડનો ખર્ચ કરાશે. નાના સ્થળોને પ્રાધાન્ય અપાશે
- ✓ ઈન્ફ્રા ડેવલપમેન્ટ હેઠળ તામિલનાડુમાં ૩૫00 કિ.મી.ના રસ્તા તૈયાર કરાશે.
- ✓ કેરળમાં ૧૧00 કિ.મી.ના રસ્તા માટે રૂ. ૬૫,000 કરોડ ફાળવાશે, આસામમાં ૧૩00 કિ.મી.ના રસ્તા ૩ વર્ષમાં બાંધવામાં આવશે.
- ✓ ઉલ્લેખનીય છે કે, ગડકરી દ્વારા ગત ઓક્ટોબરમાં જ ૧૧,૫૭૧ કરોડ રૂપિયાની સાત યોજનાઓ શરૂ કરવામાં આવી હતી

(૨) કન્યાકુમારી-મુંબઈ કોરિડોર શરૂ કરાશે

- ✓ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેગમેન્ટમાં આગામી સમયમાં કરવામાં આવનારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટમાં મુંબઈ-કન્યાકુમારી કોરિડોરનો પણ સમાવેશ કરાયો છે.
- ✓ ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ જ તેનો વિકાસ કરવામાં આવશે.
- ✓ આ યોજના હેઠળ અંદાજે ૩૦૦૦ કિ.મીના રસ્તાનું નિર્માણ થઈ ગયું છે અને આગામી સમયમાં અન્ય ૮૦૦૦ કિ.મીના રસ્તાનું નિર્માણ કરવામાં આવશે.
- ✓ આ યોજના હેઠળ ૫૦,૦૦૦ કરોડની ફાળવણી કરાઈ છે.

(૩) ભારતમાલા પ્રોજેક્ટ

- ✓ ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ વર્ષ-૨૦૨૧માં ૧૧,૦૦૦ કિ.મી હાઈવે નિર્માણ કરવામાં આવશે.
- ✓ સડક અને હાઈવે નિર્માણ માટે રૂ. ૧,૦૮,૨૩૦ કરોડની ફાળવણી કરાઈ છે.

(૪) ભારતીય રેલવે

- ✓ બજેટમાં રેલવેને રૂ. ૧,૧૦,૦૫૫ કરોડ : દેશભરમાં કુલ ૧૧૦૦ કિ.મીનાં કોરિડોર બનાવાશે.
- ✓ બજેટમાં રેલવેનાં આધુનિકીકરણ અને નવીનીકરણ માટે રૂ. ૧,૧૦,૦૫૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ✓ નવી રાષ્ટ્રીય રેલવે યોજના-૨૦૩૦નો અમલ કરવા માટેની આગામી ૧૦ વર્ષની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી.
- ✓ બજેટમાં ફાળવેલી જંગી રકમમાંથી રૂ. ૧,૦૭,૧૦૦ કરોડની રકમ મૂડી ખર્ચ પેટે ખર્ચવામાં આવશે.
- ✓ નવી રાષ્ટ્રીય રેલવે યોજના હેઠળ દેશમાં રેલવે સિસ્ટમને 'ફ્યુચર રેડી" કરવામાં આવશે. જેનો મુખ્ય ઉદ્દેશ "મેક ઈન ઈન્ડિયા'ને વેગ આપવાનો અને ઉદ્યોગો માટે લોજિસ્ટિક ખર્ચને ઘટાડવાનો છે.
- ✓ નવી યોજના હેઠળ જૂન ૨૦૨૨ સુધીમાં વેસ્ટર્ન ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) તેમજ ઈસ્ટર્ન ડેડીકેટેટ ફ્રેઈટ કોરિડોરને કાર્યરત કરવામાં આવશે.
- ✓ પૂર્વ પશ્ચિમ અને ઉત્તર દક્ષિણ કોરિડોર બનાવવામાં આવશે. કુલ ૧૧૦૦ કિ.મીનાં કોરિડોર બનાવાશે.
- ✓ ૨૭ શહેરોમાં મેટ્રો રેલવે શરૂ કરાશે. સિગ્નલિંગ માટે દેશમાં વિકસાવવામાં આવેલી ટેકનોલોજીનો ઉપયોગ કરાશે.
- ✓ શહેરી વિસ્તારોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ માટે રૂ. ૧૮,૦૮૦ કરોડના ખર્ચે નવી સ્કીમ શરૂ કરાશે.
- ✓ જેમાં મેટ્રો રેલવે નેટવર્ક અને સિટી બસ સર્વિસનો વ્યાપ વિસ્તારવામાં આવશે.
- ✓ ૨૦,૦૦૦ બસો ખરીદીને તેને ઓપરેટ કરવા માટે PPP ધોરણે ખાનગી કંપનીઓને આ નેટવર્કમાં જોડાશે.
- ✓ આને કારણે ઓટોમોબાઈલ્સ સેક્ટરનો વિકાસ શક્ય બનશે અને નવી રોજગારીનું સર્જન કરી શકાશે. આર્થિક વિકાસ શક્ય બનશે.

(૫) મેટ્રો રેલવે

- ✓ **રૂ. ૧૯૫૭.૦૫ કરોડ કોચી મેટ્રો માટે ૧૧.૫ કિ.મી.ના પહેલા તબક્કા માટે ફાળવાશે**
- ✓ ૨૭ શહેરોમાં ૭૦૨ કિ.મી.ની કન્વેન્શનલ મેટ્રો અને ૧૦૧૬ કિ.મી. મેટ્રો સિસ્ટમ શરૂ કરાશે
- ✓ ચેન્નાઈ મેટ્રો રેલવેના ૧૧૮.૯ કિમી.ના બીજા તબક્કા માટે રૂ.૬૩,૨૪૬ કરોડ ફાળવાશે.
- ✓ બેંગ્લરૂ મેટ્રો માટે ૨A તેમજ ૨B તબક્કામાં ૫૮.૧૯ કિ.મી. માટે રૂ.૧૪,૭૮૮ કરોડ ફાળવાશે.
- ✓ નાગપુર મેટ્રોના બીજા તબક્કા માટે રૂ. ૫૯૭૬ કરોડ અને નાસિક મેટ્રો માટે રૂ. ૨૦૯૨ કરોડ, ફાળવવામાં આવશે.
- ✓ ૪૬,૦૦૦ કિલોમીટર્સ પરનાં બ્રોડગેજ રૂટ કિમીનું વીજળીકરણ કરવામાં આવશે.
- ✓ CONCORનું શેરવેચાણ : બજેટમાં સરકાર હસ્તકની કન્ટેઈનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (Concor)નું શેરવેચાણ કરવા જાહેરાત કરવામાં આવી છે.
- ✓ ૧ ઓક્ટોબર ૨૦૨૦થી ૨૦૨૧નાં અંત સુધીમાં ૭૨ ટકા કામગીરી પૂરી કરાશે.

(૬) ભારતના સાત બંદરોને PPP દ્વારા વિકસાવાશે : અંદાજે રૂ. ૨,૦૦૦ કરોડથી વધુનુ રોકાણ




(૭) મિશન પોષણ ૨.૦ની જાહેરાત

- ✓ કુલ રૂ. ૨૦,૧૦૫ કરોડની જોગવાઈ

✓ **પૂરક પોષણ અને પોષણ અભિયાનને જોડી દેવાશે.**

(૮) મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન : કુલ રૂ. ૧.૪૧ લાખ કરોડની ફાળવણી

વર્ષ ૨૦૨૧ થી વર્ષ ૨૦૨૫ સુધી અમલી

**મિશન વિશે**

- ✓ ઓક્ટોબર ૨૦૧૪થી સ્વચ્છ ભારત મિશન
- ✓ સ્વચ્છ ભારત મિશનની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨ ઓક્ટોબર ૨૦૧૪ના મહાત્મા ગાંધીજીની જયતીએ કરાવી હતી.
- ✓ જે તે વખતે બે પેટા મિશન અમલી બનાવાયા હતા. જેમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અને સ્વચ્છ ભારત મિશન (શહેરી)નો સમાવેશ થયો હતો.
- ✓ પ્રથમ તબક્કો ઓક્ટોબર ૨૦૧૯ સુધી અને બીજો તબક્કો ૨૦૨૦-૨૧ અને ૨૦૨૪-૨૫ માટે અમલી બનાવાયો.
- ✓ સ્વચ્છ ભારત મિશન (શહેરી)માં ૧૪૦ જાણીતી વ્યક્તિઓને એમ્બેસેડર બનાવવામાં આવી હતી.
- ✓ સુરક્ષા નહીં તો સફાઈ નહીં જેવા જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

**(૯) ઉજ્વલા યોજના**

- ✓ એક કરોડના ગેસ જોડાણની જાહેરાત
- ✓ LPGની ઉજ્વલા યોજના અંતર્ગત એક કરોડ લોકોને દાયરામાં લાવી લાભ આપવામાં આવશે.
- ✓ ૧૦૦ જિલ્લા સિટી ગેસ વિતરણ નેટવર્કથી જોડાશે. CNG પણ ઉપલબ્ધ થશે.
- ✓ NDA સરકાર દ્વારા અગાઉ ૮ કરોડ જોડાણ અપાયા

ઉજ્વલા યોજનાનું વિસ્તરણ

- ✓ મે ૨૦૧૬માં ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે ઉજ્વલા યોજના શરૂ કરાઈ હતી અને ૮ કરોડ લોકોને આવરી લેવામાં આવ્યા બાદ હવે આ યોજનાનું વિસ્તરણ કરાયું છે.

**(૧૦) આરોગ્ય**

- ✓ આરોગ્ય માટે ૧૩૭ ટકા બજેટ વધારીને રૂ. ૨,૨૩,૮૪૬ કરોડની ફાળવણી
- ✓ ૧૭,૭૮૮ ગ્રામિણ અને ૧૧,૦૨૪ શહેરી સ્વાસ્થ્ય વેલનેસ કેન્દ્ર શરૂ કરાશે.
- ✓ ૩,૩૮૨ બ્લોક ૧૧ રાજ્યના તમામ જિલ્લામાં શરૂ કરીને સ્વાસ્થ્ય પ્રયોગ શાળા એકમો ઉભા કરાશે.

**(૧૧) અફોર્ડેબલ હાઉસિંગ યોજના**

- ✓ આગામી ૩૧ માર્ચ ૨૦૨૨ સુધીમાં ઘર લેનારાઓને ૧.૫૦ લાખ સુધીની લોન કે વ્યાજને કરમુક્તિ
- ✓ અફોર્ડેબલની સાથે રેન્ટલ હાઉસિંગ પણ કરમુક્ત

**(૧૨) કૃષિ સેસ**

- ✓ બજેટમાં સરકારે પેટ્રોલ પર રૂ. ૨.૫૦ અને ડીઝલ પર રૂ. ૪નો એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર & ડેવલપમેન્ટ સેસ લાગુ કર્યો.
- ✓ શરાબની બનાવટો પર ૧૦૦ ટકા એગ્રિકલ્ચર સેસ લાગુ કરાયો.

**(૧૩) APMCના વિકાસ માટે રૂ.૭૦,૦૦૦ કરોડ**

- ✓ એગ્રિકલ્ચર સેસના કારણે થતી આવકથી રાજ્યોમાં એપીએમસી માર્કેટનો વિકાસ કરવાની યોજના સરકાર દ્વારા બનાવવામાં આવે છે.
- ✓ સરકાર દ્વારા લગાવવામાં આવેલા અદાજ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં એગ્રિકલ્ચર સેસના કારણે સરકારને અંદાજે રૂ. ૩૦,૦૦૦ કરોડની આવક થશે.
- ✓ જેની સામે સરકાર દ્વારા નાબાર્ડ તેમજ રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમના માધ્યમથી રાજ્યોમાં એપીએમસીના વિકાસ માટે રૂ. ૭૦,૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ✓ સફરજનની બેઝિક એક્સાઇઝ ડ્યૂટીમાં ૧૫ ટકા જ્યારે કાચા ખાધ તેલમાં ૧૫ ટકા ઘટાડો કરવામાં આવ્યો
- ✓ વટાણા, કાબુલી ચણા, બંગાલી ચણા અને મસૂરની બેઝિક એક્સાઇઝ ડ્યૂટીમાં ૧૦ ટકાનો ઘટાડો કરાયો
- ✓ સફરજન પર ૩૫ ટકા જ્યારે કાબુલી ચણા ઉપર ૩૦ ટકા એગ્રિકલ્ચર ડેવલોપમેન્ટ સેસ લાગુ કરવામાં આવ્યો.

**(૧૪) સોના-ચાંદીની કસ્ટમ ડ્યૂટીમાં ૫ ટકાનો ઘટાડો**

- ✓ હવે ૭.૫ ટકા કસ્ટમ ડ્યૂટી.
- ✓ મોબાઈલ ઉપકરણો પર કસ્ટમ ડ્યૂટી ૨.૫ ટકા વધારાઈ.

**(૧૫) કર્મચારીઓ માટે**

**પીએફ કપાત સમયસર થશે.**

- ✓ ઘણા એમ્પ્લોયર્સ કર્મચારીના પીએફ સમયસર ચૂકવતા નથી, નવા નિયમ પ્રમાણે સમયસર ચૂકવણી નહીં થતા તેનો લાભ કંપનીને મળશે નહીં.

**પીએફમાં વધુ ફાળો બાદ નહીં**

- ✓ રૂ. અઢી લાખથી વધુનો પીએફ ફાળો હોય તેવા કેસમાં વ્યાજની કરમુક્તિનો લાભ હવેથી મળવો અઘરું થશે.

**(૧૬) આઈટી કરચોરી**

**આઇટીના કેસ પણ ફેસલેશ**


- ✓ રૂ. ૫૦ લાખ કે તેથી વધુની કરચોરી હોય તો ૧૦ વર્ષ સુધીના કેસ રિઓપન થતાં તેમાં ઘટાડો થયો છે. હવે, ITના કેસ પણ ફેસલેશ.

  <u>વિવાદથી વિશ્વાસ :</u> આઇટી કમિશનર પાસે સરેરાશ ૨૦ હજારથી વધુ લિટિગેશન છે, તે પૈકી ૩૦થી ૪૦ ટકા વિવાદથી વિશ્વાસ સ્કીમમાં જશે.

**(૧૭) MSME સેકટર : રૂ. ૧૫,૭૦૦ કરોડની જોગવાઈ**

**(૧૮) નવા ટેક્સટાઈલ્સ પાર્ક**

- ✓ ભારતમાં એક હજાર એકર જમીનમાં ૭ ટેક્સટાઈલ પાર્ક ઉભા કરાશે
- ✓ ભારત વૈશ્વિક સ્તરે મેન્યુફેકચરિંગ અને એકસ્પોકર્ટિંગ હબ બનશે




- ✓ <u>૩ વર્ષના સમયગાળામાં દેશમાં ૭ મેગા ટેક્સ્ટાઈલ પાર્ક બનશે.</u>
- ✓ <u>મેન મેઈડ ફાઈબર માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) હેઠળ રૂ. ૧૦,૬૮૩ કરોડ ઉમેરાશે.</u>
- ✓ <u>'મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સ્ટાઈલ રિજિયન એન્ડ એપેરલ (MITRA) પાર્ક ડેવલપ કરવા માટેની દરખાસ્ત</u>
- ✓ ટેક્સ્ટાઈલ પાર્કમાં પાણી અને વીજ પુરવઠો તેમજ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી સહિતની અધતન સુવિધાઓ ઊભી કરવામાં આવશે.

**(૧૯) સ્ટાર્ટઅપ**

- ✓ એક વ્યક્તિને પણ કંપની શરૂ કરવા છૂટ.
- ✓ OPC : વન પર્સન કંપની.
- ✓ OPCમાં અગાઉ બે સભ્યોની પરંપરા.
- ✓ NRI પણ આ યોજના થકી દેશમાં કંપની શરૂ કરી શકશે.
- ✓ ૧ વર્ષની મુદ્દત વધારાઈ.

**OPCની શું હતી જોગવાઇ**

- ✓ ભારતમાં, ઓપીસી (OPC)નો સમાવેશ ૧ મે, ૨૦૦૫ના ડો.જે.જે.ઇરાની સમિતિના અહેવાલમાં કરવામાં આવ્યો હતો.
- ✓ ઓપીસીની અત્યાર સુધીની આવશ્યકતા એ હતી કે ભારતમાં ઉદ્યોગ શરૂ કરવા ઇચ્છૂક રોકાણકાર કે ઉદ્યોગ સહસિક ભારતનો રહેવાસી હોવો જોઈએ, એટલું જ નહીં, આ ઉદ્યોગ સહસિક એક કેલેન્ડર વર્ષ દરમિયાન ભારતમાં ૧૮૨ દિવસથી વધુ સમય રોકાયેલો હોવો જોઇએ. જેને આ બજેટ મારફતે ઘટાડીને ૧૨૦ દિવસ કર્યા.
- ✓ આમ ભારતીય ડાયસ્પોરાના બજારમાં પ્રવેશ સરળ બને છે

**<u>એક વર્ષની મુદત વધારાઈ</u>**

- ✓ કોવિડ-૧૯ રોગચાળો વચ્ચે ભારતના પ્રારંભને મદદ કરવા માટે, સ્ટાર્ટઅપ થકી શરૂ થયેલા નવા વ્યવસાયો માટેની વેરાની મુદ્દત વધારવામાં આવી.
- ✓ આ મુદ્દતમાં <u>એક વર્ષનો વધારો કર્યો છે. એટલે કે, સટાર્ટ અપ અંતર્ગત નવી કંપની શરૂ કરનાર ઉદ્યોગ સાહસિકને ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધીનો એટલે કે, એક વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.</u>
- ✓ તા. ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી સ્ટાર્ટઅપ્સ માટે ટેક્સની મુદત વધારવામાં આવી છે.
- ✓ હવે વન પર્સન કંપની અંતર્ગત નાણામંત્રી સીતારામને એકમ સ્થાપવાની પ્રક્રિયાને વધુ સરળ કરી
- ✓ વન પર્સન કંપની અંતર્ગત એનઆરઆઈ હવે ૧૮૨ દિવસ સુધી ભારતમાં રોકાવાની જરૂર નથી
- ✓ બજેટમાં થયેલો સુધારો ૧૨૦ દિવસ માટે એનઆરઆઈએ કંપની સ્થાપવા માટે ભારતમાં રહેવું અનિવાર્ય બનશે.

**(૨૦) કેન્દ્રીય બજેટમાં ગુજરાત માટે જોગવાઈ**

**(૧) ગિફ્ટ સિટી માટે ચાર મોટા પ્રોત્સાહનો**

1. ગિફ્ટસિટીમાં સ્થપાયેલી એરક્રાફ્ટ લીઝિંગ કંપનીને કેપિટલ ગેઇન ટેક્સની છૂટ અપાઈ.
2. ગિફ્ટસિટીમાં વિદેશી કંપનીઓને ચૂકવવામાં આવતા એરક્રાફ્ટ લીઝ રેન્ટલ ઉપર ટેક્સ માફી અપાઈ છે.
3. ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટમેન્ટ રૂટથી ગિફ્ટસિટીના બેન્કિંગ યુનિટમાં રોકાણ કરવા માટે પણ કેપિટલ ગેઇન ટેક્સની છૂટ અપાઈ છે.
4. ગિફ્ટસિટીમાં ઓલ્ટરનેટ ઇન્વેસ્ટમેન્ટ ફંડને આઈએફએસસીમાં રોકાણ માટે વેરા પ્રોત્સાહન આપવામાં આવશે
5. GIFT : ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સિટી-ગાંધીનગર.

**(૨) અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ**

✓ શિપ રિસાઈક્લિંગ ક્ષમતા વર્ષ ૨૦૨૪ સુધીમાં બમણી કરાશે.

✓ અલંગ શિપયાર્ડ રિસાઈકલિંગ માટે રૂ. ૧૬૨૪ કરોડનું ફંડ.

રાજ્ય-કેન્દ્ર

✓ રાજ્ય સરકારને કેન્દ્ર તરફથી ટેક્સનો હિસ્સો મળતો હોય છે. ૨૦૨૦-૨૧માં ૬૯ ટકા મળ્યો હતો, આ બજેટમાં ૬૩ ટકા આપવાનું નક્કી કરાયું છે. મોદી સરકારમાં આ અત્યાર સુધીનો સૌથી વધારે હિસ્સો છે.

બજેટ હાઈલાઈટ

નાણાકીય નીતિ

✓ સરકારને રૂ. ૮૦,૦૦૦ કરોડની જરૂર છે અને તેના માટે સરકાર બજાર તરફ નજર દોડાવશે.

✓ આગામી નાણાકીય વર્ષમાં પીએસયુ બેન્કોમાં રૂ. ૨૦,૦૦૦ કરોડ ઠાલવાશે.

✓ આત્મનિર્ભર સ્વાસ્થ્ય કાર્યક્રમ માટે રૂ. ૬૪, ૧૮૦ કરોડ ખર્ચાશે.

✓ સરકારે રૂ.૨૦,૦૦૦ કરોડના ખર્ચે નાણાકીય સંસ્થા વિકસાવવા બિલ રજૂ કર્યું

✓ વ્યક્તિગત વાહનો માટે ૨૦ વર્ષ જૂના વાહનોને તબક્કાવાર દૂર કરવા સ્વૈચ્છિક વાહન સ્કેપિંગ નીતિનો અમલ કરાશે.

✓ સંભવિત બ્રાઉનફિલ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અસ્કયામતો માટે રાષ્ટ્રીય નાણાંનીતિ પાઈપલાઈનમાં.

✓ આગામી વસતી ગણતરી માટે ૩,૭૨૬ કરોડની ફાળવણી જે સૌપ્રથમ ડિજિટલ વસતી ગણતરી હશે.

કૃષિ ક્ષેત્ર

✓ કૃષિ સેક્ટર માટે એગ્રીકલ્ચર ક્રેડિટ ટાર્ગેટ વધારીને ૧૬.૫ લાખ કરોડ કરાયો છે, જે અગાઉ ૧૫ લાખ કરોડ હતો.

✓ બધા જ પાકો પર ઉત્પાદન ખર્ચ કરતાં ૧.૫ ગણી વધુ એમએસપી અપાઈ છે. ખેડૂતોને ૭૫ હજાર કરોડ રૂપિયા વધુ અપાયા છે.

✓ ઘઉંના ખેડૂતોને ૭૫,૦૬૦ કરોડ અને દાળો માટે ૧૦,૫૦૩ કરોડની ચૂકવણી કરી છે.

✓ ધાનની ચૂકવણી ૧,૭૨,૭૫૨ કરોડ થવાનો અંદાજ છે.

✓ વધુ ૧,૦૦૦ મંડીઓને ઈલેક્ટ્રોનિક નેશનલ માર્કેટ સાથે એકીકૃત કરાશે.

યોજનાઓ

✓ છ વર્ષથી વધુ સમય માટે રૂ. ૬૪,૧૮૦ કરોડની ફાળવણી સાથે પીએમ આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના રજૂ કરાઈ.

✓ ડિજિટલ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન આપવા માટે રૂ.૧,૫૦૦ કરોડની યોજના રજૂ કરાઈ

✓ ઉજ્જવલા યોજના હેઠળ વધુ એક કરોડ લાભાર્થીઓને આવરી લેવાશે. આગામી ત્રણ વર્ષમાં ગેસ વિતરણ નેટવર્કમાં ૧૦૦થી વધુ જિલ્લાઓનો સમાવેશ કરાશે.

✓ ભારતીય રેલવેને વિક્રમી રૂ. ૧,૧૦,૦૫૫ કરોડની ફાળવણી કરાશે, જેમાંથી રૂ. ૧,૦૭,૧૦૦ મૂડી ખર્ચ માટે અનામત રખાશે.

✓ નાણાકીય વર્ષ ૨૦૧૨૧માં ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા ફાળવણી રૂ. ૩૦,૦૦૦ કરોડથી વધારીને રૂ. ૪૦,૦૦૦ કરોડ કરાઈ.

✓ નાની કંપનીઓની વ્યાખ્યા બદલવામાં આવી અને તેમનો મૂડી બેઝ વર્તમાન રૂ. ૫૦ લાખથી વધારીને રૂ. ૨ કરોડ કરાયો.

✓ વિધાનસભા ચૂંટણી યોજાવાની છે તે પશ્ચિમ બંગાળમાં રૂ.૨૫,૦૦૦ કરોડના મૂલ્યના રોડ પ્રોજેટ્સ લોન્ચ કરાયા.

✓ સરકારે કેરળમાં માર્ગ અને ધોરીમાર્ગ પ્રોજેટ્સ માટે રૂ.૬૫,૦૦૦ કરોડ અને આસામ માટે રૂ.૩,૪૦૦ કરોડ ફાળવ્યા.

✓ શહેરી વિસ્તારોમાં હવાનું પ્રદૂષણ દૂર કરવા માટે ૧૦ લાખથી વધુની વસતીવાળા ૪૨ શહેરો માટે રૂ.૨,૨૧૭ કરોડ મંજૂર કરાયા.

✓ રૂ. ૫.૩૫ લાખ કરોડના ભારતમાળા પ્રોજેક્ટ હેઠળ રૂ. ૩.૩ લાખ કરોડના ખર્ચે ૧૩,૦૦૦ કિ.મી.થી વધુના રસ્તાનું બાંધકામ કરાયું છે.

✓ સરકાર નેશનલ હાઈવે કોરીડોરના વધુ ૧૧,૦૦૦ કિ.મી. અને અન્ય ૮,૫૦૦ કિ.મી.ના રસ્તા બનાવવા કોન્ટ્રાક્ટ અપાશે

✓ આગામી પાંચ વર્ષમાં રૂ. ૨.૮૭ લાખ કરોડના ખર્ચ જલજીવન મિશન અર્બન યોજના લોન્ચ કરાઈ.

નાણાકીય સ્થિતિ અને સ્વાથ્ય ક્ષેત્ર

✓ સ્વાસ્થ્ય ક્ષેત્રમાં ખર્ચ ૧૩૭ ટકા વધારી રૂ. ૨.૨૩ લાખ કરોડથી વધુ કરાશે.

✓ આગામી નાણાકીય વર્ષમાં કોરોનાની રસી માટે રૂ. ૩૫,૦૦૦ કરોડની ફાળવણી

- ✓ આજે ભારતમાં બે રસી ઉપલબ્ધ છે. વધુ બે રસી ટૂંક સમયમાં આવવાની અપેક્ષા.
- ✓ આગામી નાણાકીય વર્ષ માટે મૂડી ખર્ચ વધારીને રૂ. ૫.૫૪ લાખ કરોડ કરાશે, જે છેલ્લા નાણાકીય વર્ષમાં રૂ. ૪.૩૯ લાખ કરોડ હતો.
- ✓ ચાલુ નાણાકીય વર્ષ માટે નાણાં ખાધ ૩.૫ ટકાના બજેટના અંદાજ સામે ૯.૫ ટકા રહેવાની શક્યતા
- ✓ આગામી નાણાકીય વર્ષ માટે નાણાં ખાધ ૬.૮ ટકા રહેવાની શક્યતા છે. સરકાર રૂ. ૧૨ લાખ કરોડનું દેવું કરશે.
- ✓ વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં નાણાકીય ખાધ જીડીપીના ૪.૫ ટકા સુધી નીચે લાવવા સરકાર કટિબદ્ધ

**કર દરખાસ્તો**

- ✓ ૭૫ વર્ષથી વધુના વૃદ્ધોને આઈટી રીટર્ન ભરવામાંથી મુક્તિ. બેન્કો ટીડીએસ કાપશે.
- ✓ પાછલા આઈટી મૂલ્યાંકન કેસોને ફરીથી ખોલવાની સમય મર્યાદા ઘટાડીને ૩ વર્ષ કરી, ગંભીર છેતરપિંડી માટે આ મર્યાદા ૧૦ વર્ષની કરાઈ છે.
- ✓ વર્ષ ૨૦૨૦માં ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરનારાઓની સંખ્યા વધીને ૬.૪૮ કરોડ થઈ હતી, જે ૨૦૧૪માં ૩.૩૧ કરોડ હતી.
- ✓ સોના અને ચાંદી તથા ડોર બાર પર ૨.૫ ટકા, સફરજન પર ૩૫ ટકા, કાબુલી ચણા પર ૩૦ ટકા, દાળ પર ૧૦ ટકા, બંગાળ ચણા ઉપર ૫૦ ટકા, મસુર પર ૨૦ ટકા, કપાસ પર પાંચ ટકા, પેટ્રોલ પર પ્રતિ લીટર રૂ. ૨.૫ અને ડીઝલ પર રૂ. ૪નો એગ્રી ઈન્ફ્રા સેસ
- ✓ નવો એગ્રી ઈન્ફ્રા ડેવલપમેન્ટ સેસ બીજી ફેબ્રુઆરીથી જ અમલી બની જશે.
- ✓ NRIની ડબલ ટેક્સેશનની સમસ્યા દૂર કરવા ટેક્સ વિભાગ નિયમો બનાવશે.
- ✓ સ્ટાર્ટઅપ્સ માટે ટેક્સ હોલીડે, કેપીટલ ગેઈન મુક્તિ ૧ વર્ષ લંબાવાઈ
- ✓ વિમાનો ભાડે આપતી કંપનીઓને કરમાં છૂટછાટ, પ્રવાસી કામદારો માટે અફોર્ડેબલ મકાનો માટે કરમાંથી મુક્તિ
- ✓ અફોર્ડેબલ હાઉસિંગ માટે વ્યાજની ચૂકવણી ઉપર રૂ. ૧.૫ લાખ ટેક્સ કપાત ૧ વર્ષ માટે લંબાવાઈ
- ✓ ડિજિટલ મારફત તેમનો કારોબાર ચલાવતી અને ૧૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતી મોટાભાગની કંપનીઓ માટે કર ઓડિટ મર્યાદામાંથી મુક્તિ બમણી કરી છે.
- ✓ ચોક્કસ ઓટો પાર્ટ્સ, સૌર ઈક્વિપમેન્ટ પર કસ્ટમ ડયુટી વધારવામાં આવી.

**ફાળવણી અને સુધારા**

- ✓ બજેટની દરખાસ્તો છ સ્થંભો પર કરાઈ છે, જેમાં સ્વાથ્ય અને સુખાકારી, ફિઝિકલ અને ફાઈનાન્સિયલ મૂડી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આશાસ્પદ ભારત માટે સમાવેશક વિકાસ, માનવ મૂડી, નવીનતા અને આરએન્ડડી, મિનિમમ ગવર્નન્સ અને મેક્સિમમ ગવર્નન્સનો સમાવેશ.
- ✓ ૧૫માં નાણાં પંચની ભલામણ મુજબ રાજ્યોને કરમાં ૪૧ ટકા હિસ્સો અપાશે.
- ✓ વીમા ક્ષેત્રે એફડીઆઈ ૪૯ ટકાથી વધારી ૭૪ ટકા કરાઈ. એલઆઈસીનો આઈપીઓ લાવવામાં આવશે.
- ✓ ડિસઈન્વેસ્ટમેન્ટનો લક્ષ્યાંક રૂ. ૧.૭૫ લાખ કરોડ કરાયો છે.
- ✓ બીપીસીએલ, આઈડીબીઆઈ બેન્ક, અન્ય બે મોટી પીએસયુ બેન્કો, એક વીમા કંપનીને અન્યોની જેમ ખાનગીકરણ કરાશે.
- ✓ ઈન્સ્યુરન્સ ક્ષેત્રે FDIની મર્યાદા વધારી ૭૪ ટકા કરાઈ.
- ✓ માર્કેટ રેગ્યુલેટર સેબી ગોલ્ડ એક્સચેન્જના રેગ્યુલેટરની ભૂમિકા પણ ભજવશે.
- ✓ ડિસઈન્વેસ્ટમેન્ટનો ટાર્ગેટ ૧.૭૫ લાખ કરોડ મુકાયો.
- ✓ e-nam યોજના હેઠળ નવા ૧૦૦૦ બજાર જોડાશે.
- ✓ ડિજિટલ પેમેન્ટ પર રૂ. ૧૫૦૦ કરોડનું ઈન્સેન્ટીવ.
- ✓ બેંકમાં રૂ. ૨૦,૦૦૦ કરોડ ઠાલવવામાં આવશે.
- ✓ સ્ટાર્ટઅપ્સ રોકાણ પર કેપિટલ ગેઈન રાહત ૧ વર્ષ વધી.
- ✓ માઈક્રો ઈરીગેશનની ફાળવણી રૂ. ૧૦,૦૦૦ કરોડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**૨. ખેલકૂદ : સૈયદ મુસ્તાક અલી T-20 ટ્રોફી 2021**

- ✓ **વિજેતા : તામિલનાડુ (બીજીવાર)**
- ✓ ઉપવિજેતા : બરોડા
- ✓ યજમાન : મોટેરા સ્ટેડિયમ, અમદાવાદ

**૩. મ્યાંમાર : લશ્કરી બળવો (વૈશ્વિક બાબતો)**

- ✓ લશ્કરી વડા પિન આંગ હ્યાઈંગે સત્તા સંભાળી
- ✓ ૧૦ વર્ષ બાદ સૈન્ય શાસનની વાપસી

- ✓ આંગ સાંગ સૂની ધરપકડ
- ✓ મ્યાંમારમાં ૧૦ વર્ષ પછી ફરી લશ્કરી શાસનની વાપસી થઇ છે.
- ✓ મ્યાંમારના સૈન્ય વહેલી સવારે દેશના સ્ટેટ કાઉન્સેલર આંગ-સાન સૂ (૭૫), દેશના પ્રમુખ યુ વિન મિંટ સહિત સંખ્યાબંધ વરિષ્ઠ નેતા અને અધિકારીની ધરપકડ કરીને દેશમાં એક વર્ષ માટે કટોકટી લાદી દીધી હતી.
- ✓ પાટનગર નેપાઇતોની મહત્ત્વની સરકારી ઇમારતો પર સૈનિક તૈનાત થયા હતા અને રસ્તાઓ પર બખ્તરબંધ સૈન્યનાં વાહનોની ઘરેરાટી સંભળાતી હતી. તે સાથે જ અનેક શહેરની ઇન્ટરનેટ કનેક્ટિવિટી પણ બંધ કરી દેવામાં આવી હતી.
- ✓ યૂ મિંટના હસ્તાક્ષર સાથે થયેલી એક જાહેરાત મુજબ દેશની સત્તા હવે કમાન્ડર-ઇન-ચીફ ઓફ ડિફેન્સ સર્વિસ મિન આંગ હ્યાઈંગના હાથમાં રહેશે.
- ✓ દેશના પ્રથમ નાયબ પ્રમુખ માઇન્ટ સ્વેને કાર્યવાહક પ્રમુખ બનાવવામાં આવ્યા છે.
- ✓ મ્યાંમારમાં છેલ્લે ૧૯૬૨માં લશ્કરે બળવો કરીને સત્તાના સૂત્રો પોતાને હતક લઇ લીધા હતા. તે પછી ૪૯ વર્ષ સુધી મ્યાંમારમાં સૈન્ય શાસન રહ્યું હતું.

**<u>સ્થિરતા ખતરામાં, એક વર્ષ પછી ચૂંટણી : સૈન્ય</u>**

- ✓ મ્યાંમારના સૈન્ય વડાએ સત્તા સંભાળી લીધા પછી જાહેરાત કરી હતી કે ઇમરજન્સી પૂરી થયા પછી દેશમાં યોગ્ય રીતે અને પારદર્શક રીતે ચૂંટણી યોજવામાં આવશે. ચૂંટણીમાં જે પક્ષ વિજયી થશે તેને સત્તા સોંપી દેવામાં આવશે.
- ✓ ટીવી સંદેશામાં તેમણે જણાવ્યુ હતુ કે દેશમાં સ્થિરતા લાવવા કટોકટી લાદવી જરૂરી બની રહી હતી.
- ✓ સૈન્યની ચેનલે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્થિરતા ખતરામાં હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- ✓ જનરલ મિન આંગ લાઇંગને વર્ષ ૨૦૦૮ના બંધારણ હેઠળ તમામ સત્તા સોંપવામાં આવશે.
- ✓ રાજધાની : નેપાઈતો

<u>૪. દિન વિશેષ : ૧ ફેબ્રુઆરી</u>

<u>ભારતીય તટ રક્ષક દિવસ</u>

- ✓ સૂત્ર – વયંમ રક્ષામ
- ✓ આકસ્મિક દરિયાઈ સંશોધન અને બચવા માટે હેલ્પલાઈન-૧૫૫૪
- ✓ દક્ષિણ પશ્ચિમનું વડુમથક-ગાંધીનગર





<u>૫. જન્મદિન વિશેષ : ૧ ફેબ્રુઆરી</u>

<u>તારી આંખનો અફીણી : વેણીભાઇ પુરોહિત</u>

<u>જન્મ - ૧ ફેબ્રુઆરી- ૧૯૧૮ અવસાન - ૩ જાન્યુઆરી-૧૯૮૦</u>

- ✓ જેમને સાહિત્યની સાધના સિવાય કશામા રસ ન હતો તેવા ગીતકાર વેણીભાઇ જમનાદાસ પુરોહિતનો જન્મદિવસ.



- ✓ <u>જામખંભાળિયામા જન્મેલા</u> વેણીભાઇએ પ્રાથમિક શિક્ષણ મુબઇ અને માધ્યિમક શિક્ષણ જામખંભાળિયામા લીધુ હતુ.
- ✓ અભ્યાસ પછી "બે ઘડી મોજ" સામયિકથી પોતાની કારકિદી શરૂ કરી અને તેનુ જ પરિણામ વેણીભાઇનુ સાહિત્ય સર્જેન.
- ✓ પત્રકાર તરીકે જન્મભૂમિ જેવા અનેક સામયિકોમાં પણ વેણીભાઇએ કામ કર્યું હતુ.
- ✓ ગોફણગીતા શીર્ષેકથી કોલમ પણ લખતા હતા.
- ✓ તેઓએ સિંજારવ, ગુલજારે શાયરી, આચમન જેવા ગીત સંગ્રહો અને અત્તરના દીવા, વાંસનું વન તથા સેતુ જેવા વાર્તાસંગ્રહ રચ્યા છે.
- ✓ તે સિવાય વેણીભાઇનું યોગદાન છંદોબદ્ધ કવિતાઓ અને બાળ કથાકાવ્યોના ક્ષેત્રે પણ ખરુ.
- ✓ વેણીભાઇએ અખા ભગત અને સંત ખુરશીદાસ ઉપનામથી સર્જેનો કર્યો હતા.
- ✓ કંકુ ફિલ્મના બધા ગીતો વેણીભાઇએ લખ્યા હતા.
- ✓ વેણીભાઈના નાનકડી નારનો મેળો, ઝરમર, અમારા મનમા, પરોઢિયાની પદમણી જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા.
- ✓ ઉમાશંકર જોષી તેમને "બંદો બદામી" કહેતા હતા.
- ✓ એમના વિસામો અને કાવડીયો જેવા ભજનો ગાધીજીને પણ પસંદ હતા.

- ✓ તેમનુ અખોવન માવડી કાવ્ય સ્વાતંત્ર્ય ભાવનાનું ઉત્તમ કાવ્ય છે.
- ✓ તેમની કવિતાઓમાં આઝાદીના ઉલ્લાસની સાથે ભકિતનો ગેરૂઓ રંગ પણ ઝળકી આવે છે.
- ✓ વેણીભાઇએ હિંદ છોડો આદોલનમા જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ <u>કુશળ પત્રકાર, ગીતકાર-સાહિત્યકાર અને આઝાદીના લડવૈયા વેણીભાઇ પુરોહિતનુ ૩ જાન્યુ.૧૯૮૦ના રોજ અવસાન થયુ હતુ.</u>

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૨-૨૦૨૧)</u>

<u>કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૧-૨૨ના મહત્વના પ્રશ્ન-જવાબ</u>

1. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રનું કુલ કદ જણાવો - <u>રૂ. ૩૪.૮૩ લાખ કરોડ</u>
2. કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૧-૨૨માં મુખ્ય ભાર કયા વિષય ઉપર મૂકાયો છે – **<u>'આત્મનિર્ભર ભારત'</u>**
3. 'આત્મનિર્ભર ભારત' અંદાજપત્ર ૨૦૨૧-૨૨માં મૂડી ખર્ચ તરીકે કેટલા કરોડનો સમાવેશ થાય છે - <u>રૂ. ૫.૫૪ લાખ</u>
4. અંદાજપત્ર ૨૦૨૦-૨૧ના બજેટરી અંદાજ કરતાં કેટલા ટકાનો વધારો આ વર્ષના અંદાજપત્રમાં સૂચવે છે – <u>૩૪.૫ ટકા (રૂ. ૫.૫૪ લાખ કરોડ)</u>
5. વર્ષ ૨૦૨૧-૨૨ના કેન્દ્રીય બજેટ અંદાજ મુજબ નાણાકીય ખાદ્ય GDPના કેટલા ટકા રહેવાનો અંદાજ છે - <u>૬.૮ ટકા</u>
6. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણે વર્ષ ૨૦૨૧-૨૨માં સતત કેટલામુ કેન્દ્રીય બજેટ કયારે રજૂ કર્યું હતુ - <u>ત્રીજુ તથા તા. ૧લી ફેબ્રુઆરી-૨૦૨૧</u>
7. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણે વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ વહી ખાતાના સ્થાને કયા માધ્યમથી રજૂ કર્યું હતુ – <u>મેઈડ ઈન ઈન્ડિયા ટેબ્લેટ</u>
8. આગામી સમયમાં કેન્દ્ર સરકાર રાજ્યો અને સ્વાયત્ત સંસ્થાઓને કેપિટલ એકસ્પેન્ડિચર માટે કેટલું ફંડ આપશે - <u>રૂ. બે લાખ કરોડ</u>
9. વર્ષ ૨૦૨૦-૨૧માં અંદાજપત્રીય ખાદ્ય GDPના કેટલા ટકા છે - <u>૯.૫ ટકા</u>
10. વર્ષ ૨૦૨૧-૨૨ અંદાજપત્રીય ખાદ્ય GDPના કેટલા ટકા છે - <u>૬.૮ ટકા</u>
11. વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં અંદાજપત્રીય ખાદ્ય GDPના કેટલા ટકાની નીચે લાવવાનો લક્ષ્યાંક છે - <u>૪.૫ ટકા</u>
12. ગત વર્ષ ૨૦૨૦-૨૧માં અંદાજપત્રીય ખાદ્યનો મૂળ લક્ષ્યાંક કેટલા ટકાનો હતો - <u>૩.૫ ટકા</u>
13. કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૧-૨૨માં રૂપિયો કયાંથી આવશે – **<u>૩૬ ટકા બોરોઈંગ અને અન્ય લાયેબિલિટીઝ, ૧૫ ટકા GST, ૧૪ ટકા ઈન્કમ ટેક્સ, ૧૩ ટકા કોર્પોરેશન ટેક્સ, ૦૮ ટકા યુનિયન એક્સાઈઝ ડ્યૂટી, ૦૬ ટકા નોન રેવન્યુ ટેક્સ, ૦૫ ટકા નોન ડેબ્ટ કેપિટલ રિસિપ્ટ તથા ૩ ટકા કસ્ટમ</u>**
14. કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૧-૨૨માં રૂપિયો કયાં જશે-ખર્ચાશે – **<u>૨૦ ટકા વ્યાજની ચુકવણી, ૧૬ ટકા ફાઈનાન્સ કમિશન્સ અધર્સ ટ્રાન્સફર, ૧૪ ટકા સેન્ટ્રલ સેકટર સ્કીમસ, ૧૦ ટકા અન્ય ખર્ચ, ૦૯ ટકા સેન્ટ્રલ સ્પોન્સર્ડ યોજનાઓ, ૦૮ ટકા સબસિડી, ૦૮ ટકા સંરક્ષણ, ૦૫ ટકા પેન્શન</u>**
15. ભારતમાં આરોગ્ય સુવિધાઓ મજબૂત કરવા બજેટ ૨૦૨૧-૨૨ કઈ નવી યોજના જાહેર કરાઈ છે અને તેનો સમયગાળો જણાવો - **<u>PM આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના તથા ૬ વર્ષ</u>**
16. ભારતના કેટલા જિલ્લામાં નવીન 'મિશન પોષણ ૨.૦'નો પ્રારંભ થશે – <u>૧૧૨</u>
17. 'જલજીવન અર્બન મિશન' હેઠળ પાંચ વર્ષમાં કેટલો ખર્ચ કરાશે – <u>રૂ. ૨.૮૭ લાખ કરોડ</u>
18. નવીન 'અર્બન સ્વચ્છ ભારત મિશન' હેઠળ પાંચ વર્ષમાં કેટલો ખર્ચ કરાશે – <u>રૂ. ૧,૪૧,૬૭૮ કરોડ</u>
19. સ્વચ્છ હવા માટે 'ક્લીન એર પ્રોગ્રામ' અંતર્ગત હવાના પ્રદૂષણને નિયંત્રણમાં લેવા કેટલા રૂપિયા ખર્ચ કરાશે – <u>રૂ. ૨,૨૧૭ કરોડ</u>
20. ઉજ્જ્વલા યોજના હેઠળ વધુ નવા કેટલા ગેસ જોડાણ અપાશે - <u>૧ કરોડ</u>
21. ભારતના પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રના નિર્માણ માટે આગામી પાંચ વર્ષમાં કેટલા રૂપિયાના ખર્ચે કેટલા સેક્ટરના વિકાસ માટે ફિઝિકલ એન્ડ ફાઇનાન્શિયલ કેપિટલ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (PIL) યોજના જાહેર કરાઈ– <u>રૂ. ૧.૯૭ લાખ કરોડ તથા ૧૩ સેકટર</u>
22. દેશમાં પરિવહનને વેગ આપવા માર્ચ ૨૦૨૨ સુધીમાં કેટલા કિમી અને વધારાના કેટલાં કિમી નેશનલ હાઇવે કોરિડોરની યોજના તૈયાર કરાઈ છે - <u>૮,૫૦૦ કિ.મી. અને ૧૧,૦૦૦ કિ.મી.</u>

23. રેલવે સેવા માટે બજેટમાં કેટલા કરોડની ફાળવણી કરાઈ - <u>રૂ. ૧,૧૦,૦૫૫ કરોડ</u>
24. આત્મનિર્ભર ભારતના બજેટમાં રજૂ કરેલા મુખ્ય ૬ આધારસ્થંભ જણાવો - <u>(૧) આરોગ્ય અને સુખાકારી (૨) ફિઝિકલ, ફાઇનાન્શિયલ કેપિટલ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર (૩) કૃષિ (૪) શિક્ષણ (૫) ટેકનોલોજી તથા (૬) મેક્સિમમ ગવર્નન્સ</u>
25. અંદાજપત્ર ૨૦૨૧-૨૨ની જોગવાઈ મુજબ કેટલા જિલ્લામાં આરોગ્ય પ્રયોગશાળા અને ક્રિટિકલ હોસ્પિટલ શરૂ થશે – <u>તમામ અને ૬૦૨</u>
26. બાળકોના મૃત્યુ અટકાવવા દેશભરમાં કયો નવો પ્રોગ્રામ શરૂ કરાશે - <u>ન્યૂમોકોકલ વેક્સિન</u>
27. કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૨૧-૨૨માં કોરોના રસીકરણ માટે કેટલા રૂપિયાની ફાળવણી કરાઈ – <u>રૂ. ૩૫,૦૦૦ કરોડ</u>
28. આગામી ૩ વર્ષમાં ભારતમાં કેટલાકેટલા નવા ટેક્સ્ટાઇલ પાર્ક ઊભા કરાશેનવા - <u>૦૭</u>
29. આરોગ્ય સંબંધિત નેશનલ ઇન્ડસ્ટ્રકચર પાઇપલાઇન હેઠળ કેટલા પ્રોજેક્ટ શરૂ કરાશે - <u>૭,૪૦૦ પ્રોજેક્ટ</u>
30. આરોગ્ય સંબંધિત રૂ. ૨૦,૦૦૦ કરોડના ખર્ચે કઈ સંસ્થા શરૂ કરાશે - <u>ડેવલપમેન્ટ ફાઇનાન્સ ઇન્સ્ટિટ્યૂટ (DFI)</u>
31. રાષ્ટ્રીય સ્તરે હાઇડ્રોજનના ઉત્પાદન માટે કયા મિશનની શરૂઆત કરાશે - <u>નેશનલ હાઇડ્રોજન મિશન</u>
32. ઓપરેશન ગ્રીન યોજના વ્યાપ વધારવા ઝડપી નાશ પામતી કેટલી કૃષિ ઊપજ સમાવાઈ – <u>૨૨</u>
33. ઇ-નામ માર્કેટ પ્લેસ સાથે વધુ કેટલા ખેત બજાર-મંડીઓ જોડાશે - <u>૧,૦૦૦</u>
34. APMCને કયુ ખાસ ફંડ ઉપલબ્ધ કરાવાશે - <u>એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ</u>
35. ભારતના કેટલા મોટા ફિશિંગ હાર્બરને ફિશિંગ હબ તરીકે વિકસાવાશે - <u>પાંચ</u>
36. NGO, પ્રાઇવેટ સ્કૂલ સાથે ભાગીદારીમાં કેટલી નવી સૈનિક સ્કૂલ શરૂ કરાશે - <u>૧૦૦</u>
37. દેશના આદિજાતિ વિસ્તારોમાં કેટલી નવી એકલવ્ય શાળાઓ સ્થપાશે - <u>૭૫૦</u>
38. નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની રચના માટે કેટલી રકમ ફાળવાઈ - <u>રૂ. ૫૦,૦૦૦ કરોડ</u>
39. ઈજનેરીના સ્નાતકો અને ડિપ્લોમાં ધારકો માટે કઈ નવી યોજના શરૂ કરાશે – <u>નેશનલ એપ્રેન્ટિસશિપ ટ્રેનિંગ યોજના</u>
40. ઈન્ટરનેટ સુધી પહોંચને પ્રોત્સાહિત કરવા કયુ નવુ મિશન સ્થપાશે – <u>રાષ્ટ્રીય ભાષી અનુવાદ મિશન</u>
41. આગામી ક્યાં સુધીમાં ભારતમાં પ્રથમ માનવરહિત ગગનયાન મિશન લોન્ચ કરાશે – <u>ડિસેમ્બર-૨૦૨૧</u>
42. દરિયામાં સી-વીડની જાળવણી માટે કયા મિશનનો પ્રારંભ કરાશે - <u>ડીપ ઓશન મિશન</u>
43. પ્રથમવાર યોજાનારી ડિજિટલ વસતી ગણતરી માટે કેટલા કરોડ ફળવાયા - <u>રૂ. ૩,૫૭૮</u>
44. ગોવા મુક્તિના ૫૦ વર્ષની ઉજવણી માટે કેટલી રકમ ફળવાઈ – <u>રૂ. ૩૦૦ કરોડ</u>
45. દેશના બાકી રહેલા કેટલા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 'વન નેશન વન રેશન કાર્ડ' યોજનાનો અમલ થશે - <u>ચાર</u>
46. SC, ST અને મહિલાઓ માટેની સ્ટેન્ડઅપ ઇન્ડિયા સ્કીમ માટે લોન માર્જિન કેપિટલ કેટલા ટકાથી ઘટાડીને કેટલા ટકા કરાયું – <u>૨૫ ટકાથી ઘટાડીને ૧૫ ટકા</u>
47. ૧૫માં નાણાં પંચ મુજબ સરકાર રાજ્યો પાસેથી શુદ્ધ ઋણને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટે GSDPના કેટલા ટકા સામાન્ય ટોચમર્યાદા જાળવી રહી છે – <u>૪ ટકા</u>
48. અંદાજપત્રમાં આવકવેરા સંબંધિત કયા કયા મહત્વના સુધારા કરાયા – <u>(૧) ૭૫ વર્ષથી વધુ વયના સીનિયર સિટિઝનને આઇટી રિટર્નમાંથી શરતી મુક્તિ (૨) ટેક્સ કેસ રિઓપન કરવાની મર્યાદા ૬ વર્ષથી ઘટાડીને ૩ વર્ષ કરાઇ (૩) આઇટીઆરમાં લિસ્ટિંગ સિક્યુરિટીઝ અને વ્યાજની આવક પ્રિફાઇલ ભરી શકાશે (૪) આઇટી એપલેટ ટ્રિબ્યુનલને ફેસલેસ બનાવાશે, નેશનલ ટ્રિબ્યનલ સેન્ટર સ્થપાશે (૫) ડિજિટલ મોડમાં બિઝનેસ કરતી કંપનીઓને ટેક્સ ઓડિટમાં માફીની મર્યાદા રૂ. ૧૦ કરોડનું ટર્નઓવર તથા (૬) રૂ. ૫૦ લાખ કરતાં વધુની આવક છૂપાવવાના કેસ ૧૦ વર્ષ પછી પણ ખોલાશે</u>
49. કેટલા વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને આઇટી રિટર્નમાંથી શરતી મુક્તિ અપાઈ – <u>૭૫</u>
50. વર્ષ ૨૦૨૧-૨૨ના કેન્દ્રીય બજેટમાં જાહેર ક્ષેત્રની કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓમાંથી પોતાના હિસ્સાનું

વેચાણ કરી કેટલા રૂપિયા ઊભા કરવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે - **૧.૭૫ લાખ કરોડ**

51. ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ કેટલા કિ.મીનાં રસ્તા તૈયાર કરાયા છે - **૧૩,૦૦૦**
52. ભારતીય રેલવે દેશભરમાં કુલ કેટલા કિ.મીનાં કોરિડોર બનાવશે - **૧૧૦૦**
53. "મેક ઈન ઈન્ડિયા'ને વેગ આપવામાં અને ઉદ્યોગો માટે લોજિસ્ટિક ખર્ચ ઘટાડવાના હેતુથી નવી રાષ્ટ્રીય રેલ યોજના હેઠળ કઈ નવી સિસ્ટમ શરૂ કરાશે – **'ફ્યૂચર રેડી'**
54. આગામી સમયમાં કેટલા શહેરોમાં મેટ્રો રેલવે શરૂ કરાશે – **૨૭**
55. આગામી સમયમાં કેટલી બસો ખરીદીને તેને ઓપરેટ કરવા માટે PPP ધોરણે ખાનગી કંપનીઓને નેટવર્કમાં જોડાશે – **૨૦,૦૦૦**
56. નવીન મિશન પોષણ ૨.૦માં કયા બે અભિયાનને જોડી દેવાશે - **પૂરક પોષણ અને પોષણ અભિયાન**
57. મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન હેઠળ કુલ કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે - **રૂ. ૧.૪૧ લાખ કરોડ**
58. મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશનનો બીજો તબક્કો ક્યાં સુધી અમલી રહેશે - **વર્ષ ૨૦૨૧ થી વર્ષ ૨૦૨૫ સુધી**
59. ઉજ્વલા યોજના હેઠળ કેટલા જિલ્લાને સિટી ગેસ વિતરણ નેટવર્કથી જોડાશેને – **૧૦૦**
60. આરોગ્ય માટે બજેટ કેટલા ટકા વધારીને કેટલા કરોડની ફાળવણી કરાઈ - **૧૩૭ ટકા તથા રૂ. ૨,૨૩,૮૪૬**
61. ભારતમાં નવા કેટલા ગ્રામિણ અને શહેરી સ્વાસ્થ્ય વેલનેસ કેન્દ્ર શરૂ કરાશે - **૧૭,૭૮૮ તથા ૧૧,૦૨૪**
62. બજેટમાં સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલ પર કેટલા રૂપિયાનો એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર & ડેવલપમેન્ટ સેસ (કૃષિ સેસ) લાગુ કરાયો - **રૂ. ૨.૫૦ તથા રૂ. ૪**
63. શરાબ-દારૂની બનાવટો પર કેટલા ટકા કૃષિ સેસ લાગુ કરાયો – **૧૦૦**
64. APMCના વિકાસ માટે કેટલા રકમ ફાળવાઈ - **રૂ. ૭૦,૦૦૦ કરોડ**
65. અંદાજપત્રમાં સફરજનની બેઝિક એક્સાઇઝ ડ્યૂટીમાં કેટલા જ્યારે કાચા ખાધ તેલમાં કેટલા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો – **૧૫ તથા ૧૫**
66. અંદાજપત્રમાં વટાણા, કાબુલી ચણા, બંગાલી ચણા અને મસૂરની બેઝિક એક્સાઇઝ ડ્યૂટીમાં કેટલા ટકાનો ઘટાડો કરાયો - **૧૦**
67. સફરજન અને કાબુલી ચણા ઉપર કેટલા ટકા એગ્રિકલ્ચર ડેવલોપમેન્ટ સેસ લાગુ કરવામાં આવ્યો. – **૩૫ અને ૩૦**
68. સોના-ચાંદીની કસ્ટમ ડ્યૂટીમાં કેટલા ટકાનો ઘટાડો કરાયો – **૫ ટકા (હવે ૭.૫ ટકા કસ્ટમ ડ્યૂટી)**
69. MSME સેકટર માટે કેટલી ફાળવણી કરાઈ - **રૂ. ૧૫,૭૦૦ કરોડ**
70. મેન મેઈડ ફાઈબર માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) હેઠળ કેટલી રકમ ફળવાઈ - **રૂ. ૧૦,૬૮૩ કરોડ**
71. ભારતમાં કયા નામથી એપેરલ પાર્ક ડેવલપ કરાશે - **MITRA**
72. MITRAનું વિસ્તૃત નામ જણાવો - **મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સ્ટાઈલ રિજિયન એન્ડ એપેરલ**
73. સ્ટાર્ટઅપ માટે હવે કેટલા વ્યક્તિને કંપની શરૂ કરવાની છૂટ અપાઈ - **એક**
74. સ્ટાર્ટઅપ માટે OPC એટલે શું - **વન પર્સન કંપની**
75. સ્ટાર્ટઅપ માટે ટેક્સની મુદ્દત કેટલી વધારાઈ – **તા. ૩૧ માર્ચ, ૨૦૨૨**
76. OPC હેઠળ NRI હવે ૧૮૨ દિવસના સ્થાને કંપની સ્થાપવા કેટલા દિવસ ભારતમાં રહેવુ અનિવાર્ય છે – **૧૨૦ દિવસ**
77. કેન્દ્રીય બજેટમાં ગુજરાતની ગિફ્ટ સિટી માટે કયા કયા ચાર મોટા પ્રોત્સાહનો જાહેર કર્યા છે – (૧) **ગિફ્ટસિટીમાં સ્થપાયેલી એરક્રાફ્ટ લીઝિંગ કંપનીને કેપિટલ ગેઇન ટેક્સની છૂટ અપાઈ (૨) ગિફ્ટસિટીમાં વિદેશી કંપનીઓને ચૂકવવામાં આવતા એરક્રાફ્ટ લીઝ રેન્ટલ ઉપર ટેક્સ માફી અપાઈ (૩) ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટમેન્ટ રૂટથી ગિફ્ટસિટીના બેન્કિંગ યુનિટમાં રોકાણ કરવા માટે પણ કેપિટલ ગેઇન ટેક્સની છૂટ અપાઈ તથા (૪) ગિફ્ટસિટીમાં ઓલ્ટરનેટ ઇન્વેસ્ટમેન્ટ ફંડને આઈએફએસસીમાં રોકાણ માટે વેરા પ્રોત્સાહન આપવામાં આવશે**
78. ભારતમાં શિપ રિસાઈક્લિંગ ક્ષમતા કયાં સુધીમાં બમણી કરાશે - **વર્ષ ૨૦૨૪**
79. ગુજરાતના અલંગ શિપયાર્ડ રિસાઈકલિંગ માટે કેટલી રકમ ફાળવાઈ - **રૂ. ૧૬૨૪ કરોડ**
80. ૧૫માં નાણાં પંચની ભલામણ મુજબ રાજ્યોને કરમાં કેટલા ટકા હિસ્સો અપાશે – **૪૧**

81. વીમા ક્ષેત્રે FDI ૪૯ ટકાથી વધારી કેટલી કરાઈ - **૭૪ ટકા**

82. ડિજિટલ પેમેન્ટ પર કેટલા રૂપિયાનું ઈન્સેન્ટીવ અપાશે - **રૂ. ૧૫૦૦ કરોડ**

83. કૃષિમાં સુક્ષ્મ સિંચાઈ માટે કેટલી ફાળવણી કરાઈ - **રૂ. ૧૦,૦૦૦ કરોડ**

84. બેંક થાપણો પર હવે કેટલા લાખનું વીમા કવચ અપાશે – **રૂ. ૫ લાખ**

85. તાજેતરના કેન્દ્રીય બજેટમાં કૃષિ અને સલંગ્ન ક્ષેત્રો, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ ભારત માટે કયા નવ પગલાં લેવાયા છે - **(૧) સ્વામિત્વ સ્કીમ (૨) કૃષિ ધિરાણનો લક્ષ્યાંક નાણાં વર્ષ-૨૦૨૨માં વધારીને ૧૬.૫ લાખ કરોડ (૩) ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડમાં ૩૩ ટકાનો વધારો (૪) સૂક્ષ્મ સિંચાઇ નિધિ બમણી (૫) ઑપરેશન ગ્રીન સ્કીમ- "ટૉપ્સ"માં જલ્દી બગડે એવી વધુ ૨૨ પેદાશોનો સમાવેશ (૬) ઈ-નામ સાથે વધુ ૧૦૦૦ મંડીઓ એકત્ર કરાશે (૭) એપીએમસીઓને કૃષિ ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડનો લાભ મળશે (૮) પાંચ મોટા મત્સ્ય બંદરો વિકસાવવા દરખાસ્ત તથા (૯) તમિલનાડુમાં બહુહેતુક સેવાળ (દરિયાઇ વનસ્પતિ) પાર્ક સ્થપાશે**

86. કયા હેતુસર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સ્વામિત્વ યોજના શરૂ કરી હતી - **ગામોમાં મિલકત માલિકીમાં પારદર્શિતા લાવવા**

87. સ્વામિત્વ યોજના અંતર્ગત જાન્યુઆરી-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ગામોમાં કેટલા મિલકત માલિકોને કાર્ડ્સ અપાયા છે - **૧૨૪૧ ગામોમાં ૧.૮૦ લાખ**

88. કૃષિ ધિરાણનો લક્ષ્યાંક નાણાં વર્ષ-૨૦૨૨માં વધારીને કેટલો કરાયો છે - **૧૬.૫ લાખ કરોડ**

89. દેશમાં કયા પાંચ મોટા મત્સ્ય બંદરો વિકસાવાશે - **કોચી, ચેન્નાઇ, વિશાખાપટ્ટનમ, પારાદિપ અને પેટુઆઘાટ**

90. બેન્ક થાપણો પર હવે કેટલુ વીમા કવચ મળશે – **રૂ. ૫ લાખ**

91. ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહિત કરવા કેટલા કરોડની યોજના જાહેર કરાઈ છે - **રૂ. ૧૫૦૦**

92. નાની કંપનીઓની મૂડી મર્યાદા કેટલીથી વધારી કેટલી કરાઈ - રૂ. ૫૦ લાખથી વધારીને રૂ. ૨ કરોડ

93. નાની કંપનીઓની ટર્નઓવરની મહત્તમ મર્યાદા વધારીને કેટલી કરાઈ - **રૂ. ૨૦ કરોડ**

94. જૂના અને પ્રદૂષણ ફેલાવતા વાહનો માટે કઈ યોજના જાહેર કરાઈ - **વ્હિકલ સ્ક્રેપિંગ પોલિસી**

95. વ્હિકલ સ્ક્રેપિંગ પોલિસી અંતર્ગત કેટલા વર્ષ જૂના પ્રાઇવેટ વ્હિકલનો ફિટનેસ ટેસ્ટ કરાશે – **૨૦**

96. વ્હિકલ સ્ક્રેપિંગ પોલિસી અંતર્ગત કેટલા વર્ષ જૂના કોર્મિશયલ વ્હિકલનો ફિટનેસ ટેસ્ટ કરાશે – **૧૫**

97. વ્હિકલ સ્ક્રેપિંગ પોલિસી ક્યારથી અમલી બનશે - **૧ એપ્રિલ ૨૦૨૨**

98. ઈન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરનાં વિકાસ માટે કોની રચના કરાશે - **DFI**

99. DFIનું વિસ્તૃત નામ જણાવો - **ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટયૂશન**

100. રોડ અને હાઇવે ઇન્ફ્રાસ્ટ્રકચર-વિકાસ માટે કેટલા રૂપિયાની ફાળવણી કરાઈ - **રૂ. ૧,૧૮,૧૦૧ લાખ કરોડ**

101. કેટલા શહેરોમાં રૂ. ૨.૮૭ લાખ કરોડના ખર્ચે પીવાનું પાણી ઉપલબ્ધ કરાવાશે - **૪,૩૭૮**

102. કપાસની આયાત પરની કસ્ટમ ડયુટી કેટલા ટકા કરાઇ - **૧૦**

103. સ્ટીલ પર કસ્ટમ ડયૂટી ઘટાડીને કેટલા ટકા કરાઇ - **૭.૫**

104. કેન્દ્રીય બજેટમાં વાર્ષિક કેટલા રૂપિયાથી વધુ ઈપીએફ યોગદાનના વ્યાજને ટેક્સેબલ ઈન્કમમાં સામેલ કરાયું - **૨.૫ લાખ**

## અન્ય પ્રશ્નો

105. સૈયદ મુસ્તાક અલી T-20 ટ્રોફી ૨૦૨૧ની વિજેતા ટીમનું નામ જણાવો - **તામિલનાડુ** (બીજીવાર)

106. તામિલનાડુની ટીમ કેટલી વાર સૈયદ મુસ્તાક અલી T-20 વિજેતા બની છે – **બે**

107. સૈયદ મુસ્તાક અલી T-20 ટ્રોફી ૨૦૨૧ની ઉપ વિજેતા ટીમનું નામ જણાવો - **બરોડા**

108. સૈયદ મુસ્તાક અલી T-20 ટ્રોફી ૨૦૨૧ ક્યાં યોજાઈ હતી - **મોટેરા સ્ટેડિયમ, અમદાવાદ**

109. જાન્યુઆરી-૨૦૨૧ના રોજ કયા દેશમાં લશ્કરી બળવો થયો હતો - **મ્યાંમાર**

110. જાન્યુઆરી-૨૦૨૧ મ્યાંમારના કયા લશ્કરી વડાએ બળવો કરી સત્તા સંભાળી હતી - **મિન આંગ હ્લાઈંગ**

111. મ્યાંમારના સૈન્યએ દેશના કયા સ્ટેટ કાઉન્સેલર દેશના પ્રમુખ યુ વિન મિંટ સહિત સંખ્યાબંધ વરિષ્ઠ નેતા અને

અધિકારીની ધરપકડ કરી દેશમાં એક વર્ષ માટે કટોકટી લાદી દીધી હતી-**આંગ-સાન સૂ (૭૫)**

112. મ્યાંમાર દેશના પાટનગરનું નામ જણાવો – **નેપાઇતો**

113. મ્યાંમારમાં છેલ્લે કયા વર્ષમાં લશ્કરે બળવો કરીને સત્તા પોતાને હસ્તક લીધી હતી – **વર્ષ ૧૯૬૨**

114. ૧ ફેબ્રુઆરીને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **ભારતીય તટ રક્ષક દિવસ**

115. ભારતીય તટ રક્ષક દિવસનું સૂત્ર જણાવો – **વયંમ રક્ષામ**

116. આકસ્મિક દરિયાઈ સંશોધન અને બચવા માટેનો હેલ્પલાઈન નંબર જણાવો - **૧૫૫૪**

117. ભારતીય તટ રક્ષક દળનું દક્ષિણ પશ્ચિમનું વડુમથક જણાવો - **ગાંધીનગર**

118. તારી આંખનો અફીણી ગીતના રચનકાર કવિ વેણીભાઇ પુરોહિતનો જન્મદિવસ જણાવો - **૧ ફેબ્રુઆરી- ૧૯૧૮**

**02-02-2021**


**૧. ૧૩મો એર ઈન્ડિયા શો-૨૦૨૧ (ઉડ્ડયન)**

- ✓ વિશ્વનો પ્રથમ હાઈબ્રિડ એર-શો
- ✓ તા. ૩ ફેબ્રુઆરી-૨૦૨૧
- ✓ સ્થાન : બેંગ્લૂરૂ (કર્ણાટક)

**કોણ-કોણ ભાગ લેશે :**

- ✓ ઈન્ડિયન આર્મી, નેવી, HAC, ઈન્ડયન કોસ્ટ ગાર્ડ તેમજ વિશ્વની નામાંકિત વિમાન સંલગ્ન કંપની

**૨. "આત્મનિર્ભરતા" શબ્દ : "હિન્દી વર્ડ ઓફ ધ યર" જાહેર (ભાષા)**




- ✓ ઓક્સફર્ડ લેંગ્વજીસે 'આત્મનિર્ભરતા' શબ્દને વર્ષ ૨૦૨૦નો ઓક્સફર્ડ હિન્દી શબ્દ પસંદ કર્યો.
- ✓ આત્મનિર્ભરતાનો ખ્યાલ ગાંધીજીના ગ્રામીણ અર્થતંત્રના વિઝનને મળતા આવે છે.
- ✓ અગાઉ વર્ષ ૨૦૧૭ આધાર, ૨૦૧૮માં નારીશક્તિ અને ૨૦૧૯માં સંવિધાનની હિન્દી વર્ડ ઓફ ધ યર તરીકે પસંદગી

**માપદંડ :**

- ✓ વર્ડ ઑફ ધ યર તરીકે કોઇ એવો શબ્દ પસંદ કરાય છે કે જેમાંથી વીતેલા વર્ષનો મૂડ અને લોકોની વ્યસ્તતા ઝળકતા હોય અને જેનું આવનારા સમયમાં પણ સાંસ્કૃતિક મહત્વ રહેવાનું હોય.

**અન્ય વિગત :**

- ✓ આત્મનિર્ભરતાનો ખ્યાલ અને આ શબ્દનો અર્થ ગત વર્ષે મોટાભાગના ભારતીયોની લાગણીઓ સાથે જોડાયેલો રહ્યો છે.
- ✓ કોરોના મહામારીના મુશ્કેલ સમયમાં ભારતના લોકોએ તેમના પ્રયાસ જારી રાખ્યા અને આત્મનિર્ભરતાનો પુરાવો આપ્યો.
- ✓ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા આત્મનિર્ભરતા શબ્દ ઉપર વિશેષ ભાર મૂકાયો
- ✓ કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨માં પણ વારંવાર ઉલ્લેખ

**૩. ચૌરી ચૌરા સંઘર્ષના ૧૦૦ વર્ષ : વર્ષ દરમિયાન શતાબ્દિ મહોત્સવ ઉજવાશે (આઝાદીનો ઈતિહાસ)**

- ✓ ચૌરી ચૌરા સંઘર્ષ એટલે આઝાદીની લડતનો મહત્વપૂર્ણ વળાંક
- ✓ તા. ૦૪ ફેબ્રુઆરી-૧૯૨૧
- ✓ સ્થળ : ચૌરી ચૌરા ગામ, જિ. ગોરખપુર (ઉત્તરપ્રદેશ)
- ✓ ભારતની આઝાદીના ઇતિહાસમાં ચૌરી ચૌરા ઘટનાક્રમ જાણીતો છે.
- ✓ વીસમી સદીના આરંભે શરૂ થયેલી આઝાદીની લડતને મહત્વપૂર્ણ વળાંક આપ્યો હતો. એ ઘટના ૪ ફેબ્રુઆરી ૧૯૨૧ના દિવસે બની હતી અને અંગ્રેજ રાજ તેનાથી ખળભળી ઉઠયું હતું.
- ✓ ૧૯૨૦માં આઝાદી માટે લડતા લડવૈયાઓ અને ગાંધીજીએ અસહકારની ચળવળ આરંભી હતી.
- ✓ જેમાં શાંતિથી વિરોધ કરી અંગ્રેજ રાજને અસહકાર આપવાનો હતો. અસહકારની ચળવળ અંતર્ગત દેશભરમાં સરઘસો નીકળતા, સભા ભરાતી, નારાબાજી થતી, વિદેશી ચીજોનો બહિષ્કાર થતો હતો.
- ✓ ઉત્તર પ્રદેશના ચૌરી ચૌરા ગામે પણ એવો વિરોધ થઈ રહ્યો હતો. ખાસ તો વિરોધ ખાદ્ય ચીજના ઊંચા ભાવ અને બેફામ વેચાતા દારુ અંગના હતા.
- ✓ અઢી હજાર જેટલા ટોળાની આગેવાની સ્થાનિક અગ્રણી ભગવાન આહીરે લીધી હતી.

- ✓ અંગ્રેજના નોકરિયાત એવા પોલીસ અમલદારોએ ચળવળને દાબી દેવા ટોળાં પર ફાયરિંગ કર્યું.
- ✓ ૧૯૧૯ના જલિયાંવાલા હત્યાકાંડ વખતે અંગ્રેજોએ સાબિત કરી દીધું હતું કે એ કોઈ કારણ વગર આઝાદીની લડત લડતા નિર્દોષ નાગરિકોની હત્યા કરી શકે છે. એ માટે અંગ્રેજોને કોઈ શરમ ન હતી.
- ✓ અંગ્રેજોની નોકરી કરતા ભારતીય પોલીસ અમલદારો હુકમનું પાલન કરતા હતા.
- ✓ ચૌરી ચૌરામાં પણ પોલીસે બંદૂકના નાળચે લોક જુવાળને ખાળવાની કોશિષ કરી. પરિણામ વિપરિત આવ્યું.
- ✓ ટોળાંએ એકઠા થઈને પોલીસોને જ સ્ટેશનમાં પુરી દીધા અને સ્ટેશન સળગાવી દીધું.
- ✓ પોલીસ દમનનો જનતાએ આકરો જવાબ આપ્યો અને એમાં ૨૨ પોલીસ તથા ત્રણ અન્ય નાગરિકો માર્યા ગયા.
- ✓ ઘટનાની ચારેક દિવસ પછી ગાંધીજીને ખબર પડી ત્યારે તેમણે અસહાકર આદોલન અટકાવી દીધું.
- ✓ ગાંધીજી હિંસાના સમર્થક ન હતા, માટે આ દુર્ઘટનાના પશ્ચાતાપ તરીકે પાંચ દિવસ ઉપવાસ પણ કર્યા. પણ અંગ્રેજ રાજને જનતાની તાકાતનો ડર પેસી ગયો.
- ✓ આ ઘટના પછી અંગ્રેજો આક્રમક બન્યા અને માર્શલ લૉ લાગુ કરી ચૌરી ચૌરા તથા આસપાસના વિસ્તારોમાંથી સવા બસ્સોથી વધારે લોકોની ધરપકડ કરી. એમાંથી ૬ ને તો એટલા બધા માર્યા કે કસ્ટડીમાં જ તેમનું મોત થયું.
- ✓ બીજા ૧૭૨ને ફાંસીની સજા સુનવાઈ પણ ઈલાહાબાદ હાઈકોર્ટ એ પૈકી ૧૯ની ફાંસીની સજા માન્ય રાખી બાકીનાને આજીવન કેદ તથા અન્ય સજા કરી.
- ✓ ચૌરા ચોરી શહીદોનું સ્મારક, ઊંચો સ્તંભ, લડવૈયાઓના પૂતળા ચૌરી ચૌરામાં લડવૈયાઓની યાદમાં સ્મારક બનાવાયું ગોઠવાયેલા છે. તો પોલીસ સ્ટેશનમાં પણ પોલીસ કર્મીઓનું સ્મારક છે, જે બ્રિટિશરોએ ૧૯૨૩માં બંધાવ્યું હતું.
- ✓ બીજી તરફ દેશ માટે શહીદ થયેલા સામાન્ય જનોનું સ્મારક છેક ૧૯૯૩માં બન્યું હતું . પોલીસ માર્યા ગયા તેનો રેકોર્ડ અંગ્રેજોએ રાખ્યો, પણ પોલીસ ફાયરિંગમાં કેટલા માર્યા ગયા તેનો રેકોર્ડ રખાયો નહતો અને આઝાદી પછીની સરકારોએ તેની પરવા પણ કરી ન હતી.
- ✓ ચૌરી ચૌરા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથના ગઢ ગોરખપુર વિસ્તારમાં આવેલું છે. માટે યોગીએ અંગત રસ લઈને ફરીથી સ્મારકને સજ્જ કરી તેનું ઉદ્ઘાટન કર્યું. તેમજ આ સંદર્ભે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ રીતે ઉજવણી થશે.

## ૪. ભારતીય ગૌરવ : ભારતીય અમેરિકન ભવ્યા લાલ NASAના કાર્યકારી ચીફ ઓફ સ્ટાફ તરીકે નિયુક્ત

- ✓ NASA : US અવકાશ એજન્સી

**કારકિર્દી :**

- ✓ ભવ્યા લાલ એન્જિનિયરિંગ અને સ્પેસ ટેકનોલોજીનો બહોળો અનુભવ ધરાવે છે.
- ✓ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડીફેન્સ એનલાઇસીસ સાયન્સ એન્ડ ટેકનોલોજી પોલિસી ઈન્સ્ટિટ્યૂટમાં રિસર્ચ સ્ટાફના સભ્ય તરીકે વર્ષ ૨૦૦૫ થી ૨૦૨૦ સુધી સેવાઓ આપી છે.
- ✓ વ્હાઈટ હાઉસની ઓફિસ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી પોલિસી અને નેશનલ સ્પેસ કાઉન્સિલ માટે સ્પેસ ટેકનોલોજી, સ્ટ્રેટેજી અને પોલિસીના વિશ્લેષણની આગેવાની સંભાળતી હતી.

## ૫. વિશ્વ વેટલેન્ડ દિવસ : ૨ ફેબ્રુઆરી

- ✓ થીમ ૨૦૨૧ : વેટલેન્ડ એન્ડ વૉટર
- ✓ હાલમાં ભારતમાં કુલ ૪૨ રામસર સાઈટ
- ✓ ગુજરાતમાં વર્ષ ૨૦૧૨માં નળ સરોવરને રાજ્યની પ્રથમ રામસર સાઈટનો દરજ્જો અપાયો હતો.
- ✓ ગુજરાતમાં કુલ ૦૧ રામસર સાઈટ
- ✓ વર્ષ 1997થી વિશ્વ વેટલેન્ડ દિવસની શરૂઆત કરવામાં આવી છે. દર વર્ષે વિશ્વ વેટલેન્ડ દિવસ માટે એક થીમ નક્કી કરવામાં આવે છે અને એ થીમના અનુસંધાનમાં ઉજવણી કરવામા આવે છે.
- ✓ ભારતમાં વેટલેન્ડના સંરક્ષણ માટેના અનેક પ્રયાસો સફળતાપૂર્વક કરાયા છે.
- ✓ ઓરિસ્સામાં આવેલા ચિલ્કા સરોવરના સંરક્ષણ અને તેની મરામત માટે ભારતને વર્ષ 2002 મા "રામસર સંરક્ષણ એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવેલ છે.
- ✓ વિશ્વમા કુલ રામસર સાઇટ : 2,306
- ✓ સૌથી વધુ સંખ્યા : યુનાઇટેડ કિંગડમ-170
- ✓ સૌથી વધુ વિસ્તારમાં : બોલિવિયા
- ✓ ભારતમા કુલ ૪૨ વિસ્તારોને આંતરરાષ્ટ્રિય સ્તરે 'રામસર સાઇટ" તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ સૌથી વધુ : ઉત્તરપ્રદેશમાં

✓ એક સર્વેક્ષણ પ્રમાણે ગુજરાત રાજયમાં કુલ 831 વેટલેન્ડસ્ છે

✓ જેમાં ગુજરાતમાં એક માત્ર "નળ સરોવર પક્ષી અભ્યારણ્ય"ને વર્ષ-2012મા 'રામસર સાઇટ" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

## ૬. જન્મદિન વિશેષ : 2 ફેબ્રુઆરી લોકહૃદયની રાજકુમારી : અમૃત કૌર

**જન્મ - 2 ફેબ્રુઆરી 1889 અવસાન - 6 ફેબ્રુઆરી 1964**

✓ આજે સ્વતંત્રતા સૈનિક અને પ્રથમ મહિલા પ્રધાન રાજકુમારી અમૃતકૌરનો જન્મદિવસ અને સ્વામી રામદાસ, રાજકોટ નરેશ લાખાજીરાજ તથા બર્ટ્રાન્ડ રસેલની પુણ્યતિથિ છે.

✓ પંજાબ પ્રદેશના રાજા હરનામસિંઘના 8 સંતાનો પૈકી એક માત્ર દીકરી અમૃતકૌરનો જન્મ લખનૌમાં થયો હતો.

✓ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ દેશમાં અને ઉચ્ચ શિક્ષણ ઓક્સફર્ડ યુનિ.માંથી પ્રાપ્ત કર્યું.

✓ ટેનિસનાં આ બહેતરીન ખેલાડી અને તેમાં અનેક ઈનામો જીતનાર અમૃતકૌર અભ્યાસ પછી ભારત આવી રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયાં હતાં.

✓ 1919માં મહાત્મા ગાંધીને મળ્યાં, દેશોદ્ધારના વિચારો મૂક્યા અને જલિયાંવાલા બાગ હત્યાકાંડ પછી હિન્દી રાષ્ટ્રીય મહાસભાના સભ્ય બન્યાં.

✓ તે પછી તો અમૃત કૌરે રજવાડી ઠાઠ છોડી જીવન રાષ્ટ્રને સમર્પિત કરી દીધું.

✓ 1930ની દાંડીકૂચ, 1942નું હિંદ છોડો આંદોલન તો ખરા જ.

✓ સાથે નાના મોટા અનેક આંદોલનોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો.

✓ સ્વતંત્રતા સૈનિક ઉપરાંત બાળલગ્ન નાબૂદી, પરદાપ્રથા તથા દલિત ઉત્કર્ષ રાજકુમારી અમૃતકૌરના જીવનની પ્રાથમિકતાઓ હતી.

✓ ઓલ ઇન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની સ્થાપનાના ચાલક બળ પણ તેઓ જ હતાં.

✓ રાજકુમારી અમૃતકૌરનું 6 ફેબ્રુઆરી 1964ના રોજ દિલ્હીમાં અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૨-૨૦૨૧)

1. તાજેતરમાં ભારતીય અમેરિકન કયા મહિલાની NASAના કાર્યકારી ચીફ ઓફ સ્ટાફ તરીકે નિયુક્તિ કરાઇ છે - **ભવ્યા લાલ**
2. અમેરિકાની અવકાશ એજન્સીનું નામ જણાવો - **NASA**
3. તાજેતરમાં તારીખ 3 ફેબ્રુઆરીથી કેટલામો એરો ઈન્ડિયા-2021 ઇન્ટરનેશનલ શૉ યોજાયો - **૧૩મો**
4. એરો ઈન્ડિયા- 2021 ઇન્ટરનેશનલ શૉ ક્યાં યોજાયો - **બેંગલુરૂ**
5. તાજેતરમાં ઓક્સફર્ડ લેંગ્વજીસ દ્વારા કયા શબ્દને 'હિન્દી વર્ડ ઓફ યર-2020' પસંદ કરાયો - **આત્મનિર્ભરતા**
6. અગાઉ ઓક્સફર્ડ લેંગ્વજીસ દ્વારા વર્ષ 2017 2018 અને 2019મા કયા શબ્દો પસંદ કરાયા હતા - **આધાર, નારીશક્તિ અને સંવિધાન**
7. તારીખ 04 ફેબ્રુઆરી 2021ના રોજ ચૌરી ચૌરા સંઘર્ષને કેટલા વર્ષ પૂર્ણ થશે - **100**
8. ચૌરી ચૌરા ગામ કયા રાજ્યમાં આવેલું છે - **ઉત્તર પ્રદેશ**
9. ચૌરી ચૌરા સંઘર્ષના 100 વર્ષ મહોત્સવ ક્યા ઉજવાઈ રહ્યો છે – **ઉત્તરપ્રદેશ**
10. દર વર્ષે 02 ફેબ્રુઆરી કયા દિવસ તરીકે ઉજવાય છે - **વર્લ્ડ વેટલેન્ડ ડે**
11. 'વર્લ્ડ વેટલેન્ડ ડે' 2021ની થીમ જણાવો - **વેટલેન્ડ એન્ડ વોટર**
12. ભારતમાં કેટલી રામસર-વેટલેન્ડ સાઈટ આવેલી છે -**42**
13. ગુજરાતમાં રામસર સાઈટ ક્યાં આવેલી છે - **નળ સરોવર**
14. ભારતના પ્રથમ મહિલા મંત્રી રાજકુમારી અમૃત કૌરનો જન્મદિવસ જણાવો- **02/02/1889**
15. રાજકુમારી અમૃત કૌરનો જન્મ ક્યાં થયો હતો – **લખનઉ (UP)**

**DATE : 03-02-2021**

## ૧. કેટ મેક્સ ટેકનોલોજી : HAL દ્વારા તૈયાર કરાયેલી કોમ્બેટ એર સિસ્ટમ (સંરક્ષણ)

✓ યુદ્ધ વિમાન તેજસની મદદથી ડ્રોન દ્વારા પણ યુદ્ધ લડાશે



**વિમાનથી જ લૉન્ચ થશે વિમાન, પાઈલટના કંટ્રોલમાં કામ કરશે**

**વિગત :**

- ✓ કેટ અલ્ફા ફ્લેક્સિબલ અનમેન્ડ એરિયલ વ્હિકલ છે. તે પછી ઊંચાઈએ ઉડાન ભરીને હથિયારો લઈ જવા સક્ષમ છે.
- ✓ હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ વિમાનોને પણ નિશાન બનાવી શકે એવી કોમ્બેટ એર ટીમ સિસ્ટમ બનાવી રહી છે. આ ટેકનિકને કેટ મેક્સ નામ અપાયું છે.
- ✓ મેક્સ તેનું સેન્ટ્રલ એલિમેન્ટ છે, જે સમગ્ર સિસ્ટમને કંટ્રોલ કરે છે.
- ✓ વિશ્વનો પ્રથમ હાઈબ્રિડ એર શો
- ✓ એર ઈન્ડિયા શો-૨૦૨૧માં આ ટેકનિક રજૂ કરાઈ
- ✓ સ્થળ : યેલહાંકા, એર બેઝ, બેંગ્લુરૂ

**૨. નિમણૂક : ભારતીય બોકસિંગ ફેડરેશનના અધ્યક્ષ તરીકે અજયસિંહ પુન: ચૂંટાયા**



- ✓ સ્થાન : નવી દિલ્હી

**3. ચૌરી ચૌરાના ૧૦૦ વર્ષ**

**UP સરકાર આખુ વર્ષ શતાબ્દી મહોત્સવ ઉજવશે**

- ✓ વડાપ્રધાન મોદીના હસ્તે શતાબ્દી મહોત્સવનો વર્ચ્યૂઅલી પ્રારંભ
- ✓ સ્થાન : ચૌરી ચૌરા, ગોરખપુર (UP)
- ✓ ખાસ: રૂ.૫/-ની ટપાલ ટિકિટ બહાર પડાઈ
- ✓ શહિદોની સ્મૃતિરૂપે બલિદાન સ્તંભ બનાવાયો
- ✓ ચૌરી ચૌરા જન વિદ્રોહ હવે 'વિદ્રોહ' તરીકે નહીં ઓળખાય

**ચૌરી ચૌરા જન વિદ્રોહ વિશે :**

- ✓ તા. ૪ ફેબ્રુઆરી-૧૯૨૧ના દિને ચૌરી ચૌરામાં અસહકાર આંદોલનથી પ્રેરાઇને સ્થાનિક લોકો જુલૂસ કાઢી રહ્યા હતા.
- ✓ આ દરમિયાન ઝપાઝપી બાદ પોલીસે ગોળીબાર કર્યો, જેમાં 3 લોકોના મોત થતાં ટોળું બેકાબૂ થઈ ગયું.
- ✓ પોલીસકર્મીઓ ભાગીને પોલીસ સ્ટેશનમાં છુપાઈ ગયા પણ લોકોએ પોલીસ સ્ટેશન બહારથી બંધ કરીને આગ ચાંપી દેતાં ૨૩ પોલીસકર્મી માર્યા ગયા હતા.
- ✓ આ ઘટના બાદ ગાંધીજીએ અસહકારનું આંદોલન પાછું ખેંચ્યું હતું.
- ✓ આ વિદ્રોહ મામલે ૧૯ લોકોને ફાંસી, ૧૪ને આજીવન કેદ અને ૧૦ને ૮ વર્ષની સખત કેદની સજા થઈ હતી.

**૪. નિમણૂક : ગુજરાત કેડરના IPS શ્રી પ્રવિણ સિંહા CBIના નવા કાર્યકારી ડાયરેક્ટર**

- ✓ IPS : ૧૯૮૮ બેચ
- ✓ CBI વડાની પસંદગી સમિતીમાં વડાપ્રધાન, સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયધિશ અને લોકસભામાં વિપક્ષના નેતાનો સમાવેશ

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૨-૨૦૨૧)**

1. ડ્રોન માટેની કેટ મેક્સ ટેકનોલોજી કોના દ્વારા તૈયાર કરાયેલી છે - **HAL**
2. ભારતમાં કયા વિમાન દ્વારા ડ્રોનને કંટ્રોલ કરવામાં આવશે - **LCA તેજસ**
3. તાજેતરમાં વિશ્વનો પ્રથમ હાઇબ્રીડ એર ઇન્ડિયા-2021 ક્યાં યોજાયો - **બેંગલુરૂ**
4. ભારતીય બોક્સિંગ ફેડરેશનના નવા અધ્યક્ષ તરીકે કોની પુનઃ પસંદગી કરાઈ - **અજયસિંહ**
5. ચૌરી ચૌરા આઝાદી સંઘર્ષની 100 વર્ષની ગાથા કોના દ્વારા આખું વર્ષ દરમિયાન ઉજવાશે - **ગોરખપુર, ઉત્તર પ્રદેશ**
6. ચૌરી ચૌરા આઝાદી સંઘર્ષની 100 શતાબ્દીનો ઇ-પ્રારંભ કોના દ્વારા કરાયો - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
7. ચૌરી ચૌરા આઝાદી સંઘર્ષની શતાબ્દિ નિમિત્તે કેટલા રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પડાઈ - **રૂ. 5/-**
8. ચૌરી ચૌરા ખાતે શહીદોની સ્મૃતિરૂપે કયો સ્તંભ બનાવાયો છે - **બલિદાન**
9. તાજેતરમાં સીબીઆઈના નવા કાર્યકરી ડાયરેક્ટર તરીકે કોની પસંદગી કરાઈ - **IPS પ્રવિણસિંહા- ગુજરાત કેડર, 1988**

**DATE : 04-02-2021**

**૧. ભારતીય ચૂંટણી પંચ : ગુજરાત રાજ્યસભાની બે ખાલી બેઠકો માટે તા. ૧ માર્ચે ચૂંટણી-મતદાન યોજાશે (બંધારણ)**




✓ ખાસ : અલગ-અલગ બેલેટથી ચૂંટણી યોજાશે

✓ અગાઉ કોંગ્રેસના અહેમદ પટેલ અને ભાજપના અભય ભારદ્વાજના નિધનથી બે બેઠક ખાલી થઈ હતી.

**પ્રક્રિયા :**

✓ રાજ્યસભાની ચૂંટણીમાં સામાન્યતઃ એક જ ટર્મની એકથી વધુ બેઠકો માટે જે પક્ષ પાસે સૌથી વધુ ફર્સ્ટ પ્રેફરન્સ એકડાના મત હોય તેના ઉમેદવાર સર્વપ્રથમ વિજેતા જાહેર થાય છે.

✓ બે બેઠકોની ચૂંટણી અલગ અલગ ટર્મની છે, તે ખાલી થવાની તારીખો પણ અલગ અલગ હોવાથી અલગ અલગ મતદાનને કારણે બેઉ બેઠકો ભાજપ જીતશે એ નક્કી.

**કાર્યક્રમ**

| | | |
|---|---|---|
| ૧ | જાહેરનામું પ્રસિદ્ધ કરવાની તારીખ | ૧૧.૦૨.૨૦૨૧ (ગુરૂવાર) |
| ૨ | ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ | ૧૮.૦૨.૨૦૨૧ (ગુરૂવાર) |
| ૩ | ઉમેદવારી પત્રોની ચકાસણી | ૧૯.૦૨.૨૦૨૧ (શુક્રવાર) |
| ૪ | ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ | ૨૨.૦૨.૨૦૨૧ (સોમવાર) |
| ૫ | મતદાનની તારીખ | ૦૧.૦૩.૨૦૨૧ (સોમવાર) |
| ૬ | મતદાનનો સમય | સવારના ૯–૦૦ થી<br>સાંજના ૪–૦૦ સુધી |
| ૭ | મતગણતરી ની તારીખ | ૦૧.૦૩.૨૦૨૧ (સોમવાર)<br>સાંજે ૫–૦૦ વાગે |
| ૮ | મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ | ૦૩.૦૩.૨૦૨૧ (બુધવાર) |

✓ ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) : એસ. મુરલી ક્રિષ્ણા

## ૨. ભારતનું ગૌરવ : ભારતની સિરમ ઈન્સ્ટિટ્યૂટ વિશ્વના ૧૦૦ દેશને ૧.૧ અબજ કોવિશિલ્ડ રસીના ડોઝ સપ્લાય કરશે (આરોગ્ય)

✓ યુનિસેફ અને સિરમ વચ્ચે કરાર

✓ સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા-પૂણે (મહારાષ્ટ્ર)

## 3. ભારતમાં પ્રથમવાર વૃક્ષનું આર્થિક મૂલ્યાંકન કરાયું (પર્યાવરણ)

✓ સુપ્રીમ કોર્ટ દ્વારા નિષ્ણાંત લોકોની એક સમિતિનું ગઠન કરાયું હતુ. સમિતિ દ્વારા તાજેતરમાં આ અંગે અહેવાલ રજૂ કરાયો

**સમિતિના મહત્વના તારણો :**

✓ એક વૃક્ષનું એક વર્ષનું આર્થિક મૂલ્ય રૂ. 74,500 હોઈ શકે છે, એટલે કે વૃક્ષની ઉંમરમાં દર વર્ષે રૂ. 74,500નો ગુણાકાર કરીને એનું મૂલ્ય નક્કી કરવું જોઈએ.

✓ દેશમાં પહેલીવાર વૃક્ષોનું આર્થિક મૂલ્યાંકન કરાયું છે. વડોદરા પાસે ભાયલી અને પાદરાથી 6 કિમીના અંતરે આવેલા ગણપતપુરા ગામે ગુજરાતનું સંભવતઃ સૌથી મોટું આફ્રિકન બાઓબાબનું 950 વર્ષ જૂનું વૃક્ષ છે. આ વૃક્ષનું વૈજ્ઞાનિક નામ એન્ડેસોનિયા ડીજીટાટા છે. આ વૃક્ષની કિંમત આશરે 10 કરોડથી વધારે છે.

✓ 100 વર્ષ જૂના એક હેરિટેજ વૃક્ષની કિંમત રૂ. એક કરોડથી વધુ હોઈ શકે છે.

**મૂલ્યાંકનના માપદંડ :**

✓ આ સમિતિના સભ્યોને વૃક્ષોનું આર્થિક મૂલ્ય નક્કી કરવાનું કહ્યું હતું. આ કિંમત વૃક્ષો દ્વારા અપાતા ઓક્સિજનની કિંમત અને અન્ય લાભ પર આધારિત હોઈ શકે.

✓ ફક્ત વૃક્ષોનાં લાકડાંના આધારે જ નહીં, પરંતુ પર્યાવરણમાં વૃક્ષોના સકારાત્મક પ્રભાવને ધ્યાનમાં રાખીને એનું મૂલ્યાંકન કર્યું છે.

**SCની ખંડપીઠ વિશે :**

✓ અધ્યક્ષ : ચીફ જસ્ટિસ-એસ.એ. બોબડે

✓ જસ્ટિસ : એ.એસ. બોપન્ના

✓ જસ્ટિસ : વી. રામસુબ્રહ્મણ્યમ

**વૃક્ષની કિંમતનું ગણિત અને પર્યાવરણીય મહત્વ :**

**એક વર્ષની વૃક્ષની કિંમતનું ગણિત**

✓ પશ્ચિમ બંગાળ રેલવેએ ઓવરબ્રિજ બનાવવા માટે હેરિટેજ વૃક્ષ સહિત 356 વૃક્ષ કાપવાની મંજૂરી માગી હતી.

✓ આ મુદ્દે સમિતિએ કહ્યું હતુ કે આ વૃક્ષોની કિંમત રૂ. 2.2 અબજ છે, જે આ પ્રોજેક્ટના મૂલ્યથી પણ વધુ છે.

✓ વૃક્ષની ઉંમરમાં દર વર્ષે રૂ. 74,500નો ગુણાકાર કરીને એનું મૂલ્ય નક્કી કરવું જોઈએ.

✓ 100 વર્ષ જૂના હેરિટેજ વૃક્ષનું મૂલ્ય એક કરોડ રૂપિયાથી વધારે, વૃક્ષ જેટલું જૂનું એટલું જ એનું મૂલ્ય વધતું જાય છે

✓ ઓક્સિજનઃ રૂ. 45,000

✓ ખાતરની કિંમતઃ રૂ. 20,000

✓ લાકડાંની કિંમતઃ રૂ. 10,000

✓ કુલ કિંમતઃ રૂ. 74,500

## ૪. USA : ભારતના નવા કૃષિ કાયદાથી વિશ્વમાં ભારતીય બજારનો પ્રભાવ વધશે (વૈશ્વિક સંબંધો)



- ✓ કૃષિ કાયદામાં સુધારાને US પ્રમુખ જો બાઈડેનનું સમર્થન

## ૫. દિન વિશેષ : ૪ ફેબ્રુઆરી : વિશ્વ કેન્સર દિવસ




**થીમ-૨૦૨૧ :**

- ✓ આઈ એમ એન્ડ આઈ વીલ (હું કેન્સર સામે લડવા સક્ષમ છુ, હું તેને લડત આપી હરાવીશ).
- ✓ ગુજરાતમાં મોઢાના કેન્સર સૌથી વધુ

## ૬. જન્મદિન વિશેષ : 4 ફેબ્રુઆરી

### મિલે સૂર મેરા તુમ્હારા : ભારત રત્ન પંડિત ભીમસેન જોશી



જન્મ - 4 ફેબ્રુઆરી 1922   અવસાન - 24 જાન્યુઆરી-2011

- ✓ ભારતીય શાસ્ત્રીય સંગીત પરંપરાને સુદ્દઢ બનાવનારા પંડિત ભીમસેન જોશીનો આજે જન્મદિવસ છે.
- ✓ કર્ણાટકના ગડગ પાસેના રોણ ગામમાં જન્મેલા ભીમસેન માતાપિતાના 16 સંતાનમાં સૌથી મોટા હતા.
- ✓ પંડિતજીએ બાલ્યાવસ્થામાં કિરાના ઘરાનાના ગાયક અબ્દુલ કરીમ ખાનને ગાતા જોઈ ગાયકીની પ્રેરણા પ્રાપ્ત કરી હતી.
- ✓ કિરાના ઘરાનાને અપનાવ્યો. 1941થી 2000 એટલે કે, 59 વર્ષ સુધી સંગીત ક્ષેત્રમાં સક્રિય રહ્યાં હતાં.
- ✓ તાનની ગતિ, તેમનો સૂર વગેરે તેમને સ્વરના વિશેષ અભ્યાસથી પ્રાપ્ત કરી હતી

**વિવિધ રાગ :**

- ✓ પંડિતજીએ શુદ્ધ કલ્યાણ, મિયા કી તોડી, પુરીયા ધનાશ્રી, મુલતાની, દરબારી અને રામકલી વગેરે રાગમાં મહારથ હાંસલ કરી હતી.
- ✓ ભારતીય શાસ્ત્રીય સંગીતને નવો મુકામ આપનાર પં. ભીમસેન જોષીના 'મિલે સૂર મેરા તુમ્હારા' ગીતે વૈશ્વિક પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

**વિવિધ સન્માન :**

- ✓ પંડિત ભીમસેન જોશીનું પદ્મશ્રી, પદ્મભૂષણ, સંગીત નાટક અકાદમી, ફિલ્મ સંગીતનો રાષ્ટ્રીય પુરસ્કાર અને ભારતરત્ન જેવા અનેક એવોર્ડથી સન્માન થયું હતું.
- ✓ 24 જાન્યુ. 2011ના રોજ 88 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૨-૨૦૨૧)

1. ગુજરાતમાં રાજ્યસભાની ખાલી પડેલી કેટલી બેઠકો માટે ચૂંટણી યોજાશે - **02**
2. ગુજરાતમાં રાજ્યસભાની ખાલી બેઠકો માટે આગામી ક્યારે મતદાન યોજાશે - **01 માર્ચ 2021**
3. ગુજરાતના વર્તમાન મુખ્ય નિર્વાચન અધિકારીનું નામ જણાવો - **ડૉ. મુરલી ક્રિષ્ના**
4. ભારતની કઈ સંસ્થા સાથે તાજેતરમાં યુનિસેફે કોરોના વેક્સિન માટે કરાર કર્યા છે - **સિરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા**
5. ભારતની કઈ કંપની વિશ્વના 100થી વધુ દેશને કોરોના રસી સપ્લાય કરશે - **સિરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા**
6. સિરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા દ્વારા કઈ રસી વિકસાવવામાં આવી છે - **કોવિશીલ્ડ**
7. 'સિરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા' ક્યાં આવેલી છે - **પૂણે, મહારાષ્ટ્ર**
8. - ભારતમાં પ્રથમવાર વૃક્ષનું આર્થિક મૂલ્યાંકન કરવા કોના દ્વારા નિષ્ણાતોની કમિટી બનાવાઈ- સુપ્રીમ કોર્ટ
9. ભારતમાં નિષ્ણાતોની કમિટી મુજબ એક વૃક્ષનું એક વર્ષનું આર્થિક મૂલ્ય  કેટલું હોઈ શકે - **રૂ. 74,500**
10. વૃક્ષોના આર્થિક મૂલ્યાંકન માટેની સુપ્રીમ કોર્ટની ખંડપીઠના અધ્યક્ષ અને અન્ય સભ્યોના નામ જણાવો- **મુખ્ય ન્યાયમૂર્તિ એસ.કે. બોબડે, જજ એ. એસ. બોપન્ના અને જજ વી. રામસુબ્રમણ્યમ**
11. ફેબ્રુઆરી-૨૦૨૧માં USના નવા પ્રમુખ જો બાઈડેને ભારતના કયા કાયદામાં સુધારાને સમર્થન આપ્યુ – **કૃષિ કાયદા**
12. વિશ્વ કેન્સર દિવસ કયારે મનાવવામાં આવે છે - **૪ ફેબ્રુઆરી**

13. વિશ્વ કેન્સર દિવસ-૨૦૨૧ની થીમ જણાવો - **આઈ એમ એન્ડ આઈ વીલ (હું કેન્સર સામે લડવા સક્ષમ છુ, હું તેને લડત આપી હરાવીશ)**

14. ભારતીય શાસ્ત્રીય સંગીત પરંપરાને સુદૃઢ બનાવનારા પંડિત ભીમસેન જોશીનો જન્મદિવસ જણાવો - **4 ફેબ્રુઆરી 1922**

15. પંડિત ભીમસેન જોશીનો જન્મ ક્યાં થયો હતો - **કર્ણાટકના ગડગ પાસેના રોણ ગામમાં**

16. પંડિત ભીમસેન જોશીએ બાલ્યાવસ્થામાં કયા ઘરાનાના ગાયક અબ્દુલ કરીમ ખાનને ગાતા જોઈ ગાયકીની પ્રેરણા પ્રાપ્ત કરી હતી – **કિરાના**

17. પંડિત ભીમસેન જોશીએ વિવિધ કયા રાગમાં મહારથ હાંસલ કરી હતી – શુદ્ધ કલ્યાણ, મિયા કી તોડી, પુરીયા ધનાશ્રી, મુલતાની, દરબારી અને રામકલી વગેરે

18. પં. ભીમસેન જોષીના કયા ગીતે વૈશ્વિક પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી - **'મિલે સૂર મેરા તુમ્હારા'**

**DATE : 05-02-2021**

## ૧.રાજ્ય ચૂંટણી પંચ-ગુજરાત (બંધારણ)

✓ સ્થાનિક ચૂંટણીમાં ઉમેદવારો માટે મહત્તમ ખર્ચની મર્યાદા ૩૫ થી ૫૦ ટકા વધારાઈ

**ખર્ચની નવીન મર્યાદા :**

| ક્રમ | સ્થાનિક સંસ્થા | અગાઉ કેટલી ખર્ચ મર્યાદા | નવા નિર્ણય પ્રમાણે હવે નવી ખર્ચ મર્યાદા |
|---|---|---|---|
| ૧ | મ્યુનિ. કોર્પો.માં ઉમેદવાર માટે | રૂ. ૪ લાખ | લાખરૂ. ૬ લાખ |
| ૨ | ૯થી વધુ વોર્ડવાળી ન.પા.માં | રૂ. ૧.૫૦ લાખ | રૂ. ૨.૨૫ લાખ |
| ૩ | ૯થી વોર્ડ સુધીની ન.પા.માં | રૂ. ૧ લાખ | રૂ. ૧.૫૦ લાખ |
| ૪ | જિલ્લા પંચાયતમાં | રૂ. ૨.૫૦ લાખ | રૂ. ૪ લાખ |
| ૫ | તાલુકા પંચાયતમાં | રૂ. ૧.૨૫ લાખ | રૂ. ૨ લાખ |

✓ અગાઉ તા. ૨૦-૦૬-૨૦૧૧માં ખર્ચની મર્યાદા વધારાઈ હતી.



✓ રાજ્ય ચૂંટણી કમિશનર : શ્રી સંજય પ્રસાદ

## ૨. RBI : સતત ચોથી આર્થિક સમિક્ષા બેઠકમાં રેપોરેટ અને રિવર્સ રેપોરેટ યથાવત (આર્થિક)



✓ **વર્તમાન વ્યાજદર રેપોરેટ ૪.૦ ટકા અને રિવર્સ રેપોરેટ ૩.૫ ટકા**

✓ વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતનો GDP ગ્રોથ રેટ ૧૦.૫ ટકા જયારે નાણાકીય વર્ષના પ્રથમ ૬ માસમાં જીડીપી ગ્રોથરેટ ૨૬.૨ ટકાથી ૮.૩ ટકા રહેશે.

**અન્ય મહત્વની બાબતો**

### (૧) રિઝર્વ બેન્કે રિટેલ રોકાણકારોને ગવર્નમેન્ટ સિક્યુરિટિઝ (જી-સેક) માર્કેટમાં પ્રવેશવાની મંજૂરી આપી.

✓ આ પ્રકારની મંજૂરી આપનારો ભારત એશિયાનો પહેલો દેશ છે.

✓ આ નિર્ણય અંતર્ગત રિટેલ રોકાણકારો ગવર્નમેન્ટ સિક્યુરિટીઝના પ્રાઇમરી અને સેન્કડરી માર્કેટમાં સોદા કરી શકશે અને પોતાના ગિલ્ટ સિક્યુરિટી એકાઉન્ટ પણ ખોલાવી શકશે.

### (૨) ડિજિટલ પેમેન્ટ : સર્વિસ પ્રોવાઇડર્સને ૨૪ કલાકની હેલ્પલાઇન શરૂ કરવા સપ્ટેમ્બર સુધીની મહેતલ

✓ ડિજિટલ પેમેન્ટ સેવાઓ સુદૃઢ બનાવવા આરબીઆઇએ ડિજિટલ પેમેન્ટ સેવાઓ માટે ૨૪ કલાકની હેલ્પલાઇન શરૂ કરવાની જાહેરાત કરી છે.

✓ ડિજિટલ પેમેન્ટ સર્વિસ પ્રોવાઇર કંપનીઓએ સપ્ટેમ્બર મહિના સુધીમાં ગ્રાહકોની ડિજિટલ પેમેન્ટ પ્રોડક્ટ્સ અંગેની ફરિયાદ નિવારણ વ્યવસ્થા અંગેની માહિતી આપતી ૨૪ કલાકની હેલ્પલાઇન શરૂ કરવાની રહેશે.

### (3) હવે નાગરિકોને IFSCના માધ્યમથી વિદેશમાં નાણાં મોકલવાની પરવાનગી

✓ રિઝર્વ બેન્કે દેશના નાગરિકોને ભારતમાં કાર્યરત IFSCના માધ્યમથી વિદેશમાં નાણા મોકલવાની પરવાનગીનો નિર્ણય લીધો છે.

✓ આ સ્કીમ અંતર્ગત દેશના નાગરિકો હવે એક નાણાકીય વર્ષમાં ચોક્કસ રકમ મૂડીરોકાણ અને ખર્ચ માટે વિદેશમાં મોકલી શકશે.

- ✓ હાલમાં દેશના નાગરિકોને ભારતમાં કાર્યરત IFSCના માધ્યમથી વિદેશમાં નાણા મોકલવાની પરવાનગી નથી.
- ✓ વર્ષ ૨૦૨૧-૨૨ના કેન્દ્રીય બજેટ પછીની પ્રથમ આર્થિક સમિક્ષા બેઠક
- ✓ ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર: શક્તિકાન્તા દાસ
- ✓ ભારતીય રિઝર્વ બેન્ક મુખ્ય મથક : મુંબઈ

**૩. નવી દિલ્હી : દિલ્હીમાં ૧૦૦ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન બનાવાશે : ચાર્જિંગ સ્ટેશનનો દેશનો સૌથી મોટો પ્રોજેક્ટ (પર્યાવરણ)**




**વિગત :**

- ✓ પર્યાવરણ સંરક્ષણ માટે ઈલેક્ટ્રિકલ વાહનો મહત્વના સાબિત થવાના છે. પરંતુ અત્યારે તેના ચાર્જિંગ સ્ટેશનો ન હોવાથી લોકો ખરીદતા ખચકાય છે.
- ✓ દિલ્હી સરકારની આ દિશામાં મહત્વની પહેલ
- ✓ દિલ્હીના કુલ વાહનો પૈકી ૨૫ ટકા ઈલેટ્રિક સંચાલિત કરવાનો દિલ્હી સરકારનો લક્ષ્યાંક
- ✓ દિલ્હી મુખ્યમંત્રી : શ્રી અરવિંદ કેજરીવાલ

**૪. કેન્દ્ર સરકાર : UPSC સિવિલ સેવા પરીક્ષા માટે મહત્વનો નિર્ણય (બંધારણ)**

- ✓ ઓક્ટોબર-૨૦૨૦માં UPSCની પરીક્ષાનો છેલ્લો પ્રયાસ કરનારા ઉમેદવારોને વધુ એક તક આપશે
- ✓ કોરોનાને કારણે વધુ એક પ્રયત્ન અપાશે
- ✓ ખાસ : આ રાહત માત્ર એક જ વાર આ વર્ષે જ અપાશે

**૫. ઇનોવેશન ઇન્ડેક્સ 2021 : વિશ્વના ૬૦ દેશની યાદી જાહેર (નવીન શોધ)**

**ભારત ચાર ક્રમ આગળ આવીને ૫૦માં ક્રમે**

**ક્રમ અને દેશ**

| | |
|---|---|
| 1. દક્ષિણ કોરિયા | 2. સિંગાપોર |
| 3. સ્વિટ્ઝરલેન્ડ | 4. જર્મની |

**માપદંડ :**

- ✓ બ્લૂમબર્ગ ઇન્ડેક્સ 10થી વધુ માપદંડનું વિશ્લેષણ કરે છે, જેમાં રિસર્ચ-ડેવલપમેન્ટ ખર્ચ, મેન્યુફેક્ચરિંગ ક્ષમતા, હાઇટેક પબ્લિક કંપનીઓનું વધવું તથા સેવન ઇક્વલિટી વેઇટેજ મેટ્રિક્સ મુખ્ય માપદંડ. બ્લૂમબર્ગનો મોટાભાગનો ડેટા કોરોના મહામારી પહેલાં જ આવી ગયો હતો.
- ✓ ઇનોવેશન મોટાભાગે નવા આઇડિયા, નવી પ્રોડક્ટ અને નવી સર્વિસીસથી મપાય છે પણ આ ચીજોનો વ્યાપ અને તેમને અપનાવવી સફળતાનો ખરો માપદંડ છે.

**ટોપ-10માં 7 દેશ યુરોપના**

- ✓ જર્મની ચોથા ક્રમે, ગત વર્ષે પ્રથમ ક્રમે હતું.
- ✓ ચીન એક ક્રમ ગગડીને 16મા સ્થાને છે. અમેરિકા સાથે ટ્રેડ વૉરના કારણે ચીન ગગડ્યું.
- ✓ 200થી વધુ દેશોના અર્થતંત્રનો વિવિધ માપદંડો પર ડેટા લેવાય છે.
- ✓ ઇન્ડેક્સમાં ટોપ 60 દેશની યાદી જારી.
- ✓ કોરિયા, જર્મની અને ઇઝરાયલ જેવા ટોપમાં રહેલા દેશોએ કોરોના સામેની લડાઇમાં સારો દેખાવ કર્યો.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૨-૨૦૨૧)**

1. તાજેતરમાં ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક ચૂંટણીમાં ઉમેદવારો માટે મહત્તમ ખર્ચની મર્યાદા વધારીને કેટલા ટકા કરાઈ - **35 ટકાથી વધારી 50 ટકા કરાઈ**
2. નવી જોગવાઈ મુજબ મહાનગરપાલિકામાં ઉમેદવાર માટે ચૂંટણીમાં ખર્ચની નવી મર્યાદા કેટલી નક્કી કરાઈ - **રૂ. 6 લાખ**
3. નવી જોગવાઈ મુજબ જિલ્લા પંચાયતમાં ઉમેદવાર માટે ચૂંટણીમાં ખર્ચની નવી મર્યાદા કેટલી નક્કી કરાઈ - **રૂ. 4 લાખ**
4. નવી જોગવાઈ મુજબ તાલુકા પંચાયતમાં ઉમેદવાર માટે ચૂંટણીમાં ખર્ચની નવી મર્યાદા કેટલી નક્કી કરાઈ - **રૂ 2 લાખ**
5. ગુજરાતના રાજ્ય ચૂંટણી કમિશનરનું નામ જણાવો - **સંજય પ્રસાદ**
6. આરબીઆઈ દ્વારા ફેબ્રુઆરી 2021માં રેપો રેટ કેટલા ટકા નક્કી કરાયો – **4 %**
7. આરબીઆઈ દ્વારા ફેબ્રુઆરી 2021માં રિવર્સ રેપો રેટ કેટલા ટકા નક્કી કરાયો - **3.5%**
8. આરબીઆઇના અનુમાન મુજબ વર્ષ 2021-22નો ભારતનો GDP ગ્રોથ જણાવો - **10.5 ટકા**
9. રિટેલ રોકાણકારોને ગવર્મેન્ટ સિક્યુરિટી માર્કેટ જી-સેકમાં પ્રવેશવાની મંજૂરી આપનાર વિશ્વનો પ્રથમ દેશ જણાવો - **ભારત**

10. આરબીઆઈ દ્વારા ડિજિટલ પેમેન્ટ સર્વિસ પ્રોવાઇડરને 24 કલાકની હેલ્પ લાઇન શરૂ કરવા ક્યાં સુધી મુદત અપાઈ - **સપ્ટેમ્બર 2021**
11. RBI દ્વારા તાજેતરમાં નાગરિકોને કયા માધ્યમથી વિદેશમાં નાણા મોકલવાની પરવાનગી અપાઇ- **IFSC**
12. ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નરનું નામ જણાવો - **શક્તિકાન્ત દાસ**
13. આગામી સમયમાં રાજધાની નવી દિલ્હીમાં કેટલા ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન બનાવાશે – **૧૦૦**
14. ચાર્જિંગ સ્ટેશનનો દેશનો સૌથી મોટો પ્રોજેક્ટ કયાં અમલી બનશે – **નવી દિલ્હી**
15. દિલ્હીના વર્તમાન મુખ્યમંત્રી કોણ છે - **શ્રી અરવિંદ કેજરીવાલ**
16. ફેબ્રુઆરી-૨૦૨૧માં કેન્દ્ર સરકારે UPSC સિવિલ સેવા પરીક્ષા માટે કયો મહત્વનો નિર્ણય કર્યો - **ઓક્ટોબર-૨૦૨૦માં UPSCની પરીક્ષાનો છેલ્લો પ્રયાસ કરનારા ઉમેદવારોને વધુ એક તક આપશે**
17. ઓક્ટોબર-૨૦૨૦માં UPSCની પરીક્ષાનો છેલ્લો પ્રયાસ કરનારા ઉમેદવારોને વધુ કેટલી અને કેટલા સમય માટે તક અપાશે - **આ રાહત માત્ર એક જ વાર આ વર્ષે જ અપાશે**
18. ઇનોવેશન ઇન્ડેક્સ 2021માં વિશ્વના કેટલા દેશની યાદી જાહેર કરાઈ - **૬૦**
19. ઇનોવેશન ઇન્ડેક્સ 2021માં ભારત કેટલા ક્રમ આગળ આવીને કેટલામાં ક્રમે પહોંચ્યું - **૪ તથા ૫૦**
20. ઇનોવેશન ઇન્ડેક્સ 2021માં પ્રથમ ચાર ક્રમ ધરાવતા દેશના નામ જણાવો – **અનુક્રમે દક્ષિણ કોરિયા, સિંગાપોર, સ્વિટ્ઝરલેન્ડ તથા જર્મની**
21. બ્લૂમબર્ગ ઇનોવેશન ઇન્ડેક્સ કયા માપદંડનું વિશ્લેષણ કરે છે - **રિસર્ચ-ડેવલપમેન્ટ ખર્ચ, મેન્યુફેક્ચરિંગ ક્ષમતા, હાઇટેક પબ્લિક કંપનીઓનું વધવું તથા સેવન ઇક્વલિટી વેઇટેજ મેટ્રિક્સ**

**DATE : 06-02-2021**

## ૧. ગુજરાત હાઇકોર્ટ : હિરક મહોત્સવ-૨૦૨૦ (બંધારણ)

વડાપ્રધાન શ્રી મોદી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી હિરક મહોત્સવની સ્મૃતિરૂપે ટપાલ ટિકિટ અને ફર્સ્ટ ડે કવરનું વિમોચન કરાયું

- ✓ રૂ. ૫ની ટપાલ ટિકિટ લોન્ચ કરાઈ

**ફર્સ્ટ ડે કવર**

**ખાસ ઉપસ્થિતિ :**

- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય કાયદો-ન્યાય મંત્રી શ્રી રવિશંકર પ્રસાદ
- ✓ સોલિસ્ટર જનરલ ઓફ ઈન્ડિયા – શ્રી તુષાર મહેતા
- ✓ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય જજ - શ્રી વિક્રમનાથ
- ✓ ગુજરાતના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી

**વિશેષ-**

- ✓ ૬૦ વર્ષ ડાયમંડ જ્યુબિલી/હિરક મહોત્સવ
- ✓ તા. ૦૧ મે ૨૦૨૦ના રોજ ગુજરાત હાઇકોર્ટની સ્થાપનાના ૬૦ વર્ષ પૂર્ણ થયા હતા. કોવિડ-૧૯ની મહામારીના કારણે ગત વર્ષે ગુજરાત હાઇકોર્ટની સ્થાપનાની હિરક જયંતિની ઉજવણી માત્ર ફૂલકોર્ટ રેફરન્સ દ્વારા ગત તા. ૦૧ મે, ૨૦૨૦ના રોજ કરવામાં આવી હતી.

**ગુજરાત હાઈકોર્ટ વિશે :**

- ✓ સ્થાપના : ૧ મે-૧૯૬૦ - મુખ્ય મથક : અમદાવાદ
- ✓ બ્રિટિશ શાસનકાળમાં ગુજરાત બોમ્બે સ્ટેટમાં સામેલ હતું. 1 મે 1960માં ગુજરાત અને મહારાષ્ટ્રને અલગ અલગ રાજ્ય બનાવી દેવામાં આવ્યા. તે સાથે જ અલગ અલગ હાઈકોર્ટની સ્થાપના પણ કરવામાં આવી હતી.
- ✓ ગુજરાત હાઈકોર્ટના પહેલા ચીફ જસ્ટિસ સુંદરલાલ ત્રિકમલાલ દેસાઈ હતા. પહેલી બેન્ચમાં જસ્ટિસ કેડી દેસાઈ, જેએમ સેલત, એનએમ મયાભોય અને વીબી રાજી સામેલ હતા.
- ✓ પહેલાં હાઈકોર્ટ અમદાવાદના ઈન્કમટેક્સ વિસ્તારમાં હતી. જાન્યુઆરી 1998થી હવે સોલા વિસ્તારમાં તેનું નવું બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે.
- ✓ 26 ઓક્ટોબર 2020માં દેશમાં પ્રથમવાર ગુજરાત હાઈકોર્ટની સુનાવણી લાઈવ ટેલિકાસ્ટ યુટ્યૂબ પર કરવામાં આવી હતી.
- ✓ રાત્રિ કોર્ટ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય

## ૨. યુદ્ધાભ્યાસ-૨૦૨૧ : ભારત અને અમેરિકા વચ્ચે સંયુક્ત સૈન્ય કવાયત (વૈશ્વિક સંબંધો)

- ✓ ભારત અને અમેરિકાના ૨૫૦-૨૫૦ સૈનિકો યુદ્ધ અભ્યાસમાં જોડાશે
- ✓ સમયગાળો : તા. ૮ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી-૨૦૨૧
- ✓ સ્થાન : મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ-રાજસ્થાન

<u>૩.વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ – યુનિસેફ (બાળ અધિકાર)</u>

**અહેવાલના મહત્વના તારણો :**

- ✓ કોવિડ-૧૯ દરમિયાન સ્કૂલો બંધ રહેતા વિશ્વના ૧૫૦ દેશના ૩૭ કરોડ બાળકો પોષણયુક્ત ભોજનથી વંચિત રહ્યાં બાળકો માટે મધ્યાહ્ન ભોજન યોજના અમલી.
- ✓ વિશ્વના ૧૯૯ દેશના ૧૬૦ કરોડ વિદ્યાર્થીઓ અભ્યાસથી પ્રભાવિત
- ✓ અગાઉ વર્ષ ૨૦૧૯માં ૫૫ દેશના ૧૩.૫ કરોડ બાળકો ખોરાક સંકટનો સામનો કરી રહ્યાં હતા
- ✓ ૨૦૦ કરોડ લોકો હજુ સુરક્ષિત અને પૌષ્ટિક ભોજન ખાતા નથી.
- ✓ દુનિયામાં ૫ વર્ષની ઉંમરના અંદાજે ૧૪.૪ કરોડ બાળકો પોતાની ઉંમરના પ્રમાણમાં શારીરિક વિકાસ ધરાવતા ન હતા જેમાં કોરોના પછી વધુ ૩૪ લાખનો ઉમેરો થયો.
- ✓ એવી જ રીતે ૫ થી ૧૯ વર્ષની ૭.૪ કરોડ બાળકીઓ અને ૧૧.૭ કરોડ છોકરાઓ પોતાની શારીરિક લંબાઇના પ્રમાણમાં દૂબળા હતા.

<u>૪. સરિસૃપ વર્ગનો સૌથી નાનો નર જીવ-કાચિંડો મળી આવ્યો (વન્યજીવ)</u>

- ✓ **<u>નામ : બ્રુકેશિયા નાના          લંબાઈ : 13.5 મિમી</u>**
- ✓ **<u>દેશ : મડાગાસ્કર</u>**
- ✓ જર્મનીના વિજ્ઞાનીઓએ કાચિંડાની એક એવી પ્રજાતિ શોધી કાઢી છે જે સંભવત દુનિયામાં સરિસૃપ વર્ગનો સૌથી નાનો નર જીવ મળી આવ્યો.
- ✓ આ નર પ્રજાતિની લંબાઈ 13.5 મિમી છે જે અડધા ઈંચથી થોડીક વધારે છે. તેને બ્રુકેશિયા નાના નામ અપાયું છે.
- ✓ મડાગાસ્કરમાં આડેધડ વૃક્ષો કાપવા અને ખતમ થતાં જંગલોને કારણે આ પ્રજાતિ ખતરામાં છે.

<u>૫. જન્મદિન વિશેષ : 6 ફેબ્રુઆરી</u>

<u>રાષ્ટ્રવાદની બુલંદી : કવિ પ્રદિપ</u>

<u>જન્મ - 6 ફેબ્રુઆરી 1915   અવસાન - 11 ડિસેમ્બર-1998</u>

- ✓ આજ હિમાલય કી ચોટી સે હમને લલકારા છે, દૂર હટો ઓ દુનિયાવાલો હિન્દુસ્તાન હમારા હૈ" ગીત ગુંજ્યું અને 1942ના હિંદ છોડો આંદોલનમાં દેશ આંદોલિત થયો , અંગ્રેજ સરકાર દ્વારા રચયિતાની ધરપકડનું વોરંટ નીકળ્યું પણ સમય વર્તી કવિ ભૂગર્ભમાં ચાલ્યા ગયા.



- ✓ <u>મધ્ય પ્રદેશના ઉજ્જૈન પાસે બડનગરમાં જન્મેલા</u> કવિ પ્રદીપ લખનૌથી સ્નાતક થયા હતા.
- ✓ કવિતાઓ લખવાની શરૂ કરી, મુંબઈમાં કવિ સંમેલનમાં ગયા અને ફિલ્મી રાષ્ટ્રવાદી ગીતો લખવાનો શુભારંભ થયો.
- ✓ 5 દાયકાની કવિ કારકિર્દી દરમિયાન 70થી વધુ ફિલ્મો અને 1700થી વધુ ગીતો લખ્યા અને ભારત આખું પ્રદીપમય બની રહ્યું.

**<u>લોકપ્રિય ગીતો :</u>**

- ✓ ચલ ચલા રે નૌજવાન, આઓ બચ્ચો તુમ્હ દિખાયે ઝાંખી હિન્દુસ્તાન કી, ઇસ મિટ્ટી સે તિલક કરો એ ધરતી હૈ બલિદાન કી, દે દી હમે આઝાદી બીના ખડગ બીના ઢાલ સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ અને મેં તો આરતી ઉતારુ રે સંતોષી માતા કી જેવા અનેક ગીતો દ્વારા પ્રદીપજી ખૂબ લોકપ્રિય થયા હતા.
- ✓ **<u>મહત્વના સન્માન :</u>** રાષ્ટ્ર કવિ, દાદાસાહેબ ફાળકે સન્માન, સંગીત નાટક અકાદમી એવોર્ડ, સ્મૃતિ ટપાલ ટિકિટ જેવા કવિ પ્રદીપને સન્માન અપાયાં છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૨-૨૦૨૧)</u>

1. તાજેતર ફેબ્રુઆરી 2021માં ગુજરાત હાઇકોર્ટનો કેટલામો સ્થાપના દિવસ ઉજવાયો - **<u>60મો</u>**
2. ગુજરાત હાઇકોર્ટની સ્થાપનાના હિરક મહોત્સવની ઉજવણી રૂપે વડાપ્રધાન દ્વારા વિડીયો કોન્ફરન્સ થકી કયા બે વિમોચન કરાયા - **<u>ટપાલ ટિકિટ અને ફર્સ્ટ ડે કવર</u>**
3. ગુજરાત હાઇકોર્ટની હિરક જયંતી નિમિત્તે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા કેટલા રૂપિયાની ટપાલ ટિકિટ સ્મૃતિ રૂપે બહાર પડાઈ - **<u>રૂ.5</u>**
4. ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ નામ જણાવો - **<u>શ્રી વિક્રમનાથ</u>**
5. ગુજરાત હાઈકોર્ટની સ્થાપના ક્યારે થઈ હતી - **<u>01 મે 1960</u>**

6. ગુજરાત હાઇકોર્ટના પ્રથમ મુખ્યમંત્રીનું નામ જણાવો - **<u>સુંદરલાલ ત્રિકમલાલ દેસાઇ</u>**

7. ભારતમાં અમેરિકા અને ભારતના સૈનિકો વચ્ચે ફેબ્રુઆરી 2021માં સંયુક્ત યુદ્ધ અભ્યાસ ક્યાં યોજાશે - **<u>મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ, રાજસ્થાન</u>**

8. ભારતમાં અમેરિકા અને ભારતના સૈનિકો વચ્ચે ફેબ્રુઆરી 2021માં સંયુક્ત યુદ્ધ અભ્યાસ ક્યારે યોજાશે - **<u>08 ફેબ્રુઆરી થી 21 ફેબ્રુઆરી 2021</u>**

9. વિશ્વ ખાદ્ય કાર્યક્રમ- યુનિસેફના તાજેતરના અહેવાલ મુજબ કોવિડ-19ના કારણે વિશ્વના 150 દેશના કેટલા કરોડ બાળકો પોષણયુક્ત ભોજનથી વંચિત રહ્યા - **<u>37 કરોડ</u>**

10. વિશ્વ ખાદ્ય કાર્યક્રમ-યુનિસેફના તાજેતરના અહેવાલ મુજબ કોવિડ-19ના કારણે વિશ્વના 199 દેશના કેટલા કરોડ બાળકો શિક્ષણથી પ્રભાવિત થયા - **160 કરોડ**

11. ફેબ્રુઆરી-૨૦૨૧માં કયા દેશના વૈજ્ઞાનિકોએ સરિસૃપ વર્ગનો સૌથી નાના નર જીવ-કાચિંડાની પ્રજાતિ શોધી - **<u>જર્મની</u>**

12. જર્મનીના વૈજ્ઞાનિકોએ સરિસૃપ વર્ગનો સૌથી નાના નર જીવ-કાચિંડાની પ્રજાતિ શોધી તેનું નામ જણાવો - **<u>બ્રુકેશિયા નાના</u>**

13. તાજેતરમાં કાચિંડાની બ્રુકેશિયા નાના નામની પ્રજાતિ કયાં મળી આવી – **<u>મડાગાસ્કર</u>**

14. રાષ્ટ્રવાદની બુલંદી સમાન કવિ પ્રદિપનો જન્મ દિવસ જણાવો - **<u>6 ફેબ્રુઆરી 1915</u>**

15. કવિ પ્રદિપનો જન્મ કયાં થયો હતો - **<u>મધ્ય પ્રદેશના ઉજ્જૈન પાસે બડનગર</u>**

16. કવિ પ્રદિપના લોકપ્રિય ગીતો જણાવો - **<u>ચલ ચલા રે નૌજવાન, આઓ બચ્ચો તુમ્હ દિખાયે ઝાંખી હિન્દુસ્તાન કી, ઇસ મિટ્ટી સે તિલક કરો એ ધરતી હૈ બલિદાન કી, દે દી હમે આઝાદી બીના ખડગ બીના ઢાલ સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ અને મેં તો આરતી ઉતારુ રે સંતોષી માતા કી</u>**

## 07-02-2021

<u>૧. ઉત્તરાખંડ : હિમાલયની ગોદમાં આવેલું નંદાદેવી ગ્લેશિયર તૂટતા ચમૌલી જિલ્લામાં જળ પ્રલય (કુદરત્તિ હોનારત)</u>



**<u>નુકસાન :</u>**

(૧) તપોવન રૈ વિસ્તારમાં આવેલા NTPCના ઋષિગંગા હાઈડ્રો પ્રોજેક્ટને ભયંકર નુકસાન – તબાહ

- ✓ પ્રોજેક્ટનું કામ ૯૫ ટકા પૂર્ણ થયુ હતુ
- ✓ નદી : ઋષિગંગા, ધૌલી ગંગા અને અલંકનંદામાં પૂરની સ્થિતિ
- ✓ સમય : સવારે ૧૦.૪૫ કલાકે




(૨) તપોવન વીજ પ્રોજેક્ટ તબાહ

(૩) ભારત-ચીન સરહદને જોડતો પુલ તણાયો

**<u>(૪) વિવિધ હાઈડ્રો પ્રોજેક્ટ, સૂચિત વીજ ઉત્પાદન ક્ષમતા અને નદી</u>**

૧. ઋષિગંગા પાવર પ્રોજેક્ટ – ૧૩ મેગાવોટ નદી – ઋષિગંગા

- ✓ <u>વીજળી વિતરણ રાજ્યો : ઉત્તરાખંડ, દિલ્હી રાજસ્થાન અને ઉત્તર ભારત</u>

૨. તપોવન વિષ્ણુગઢ હાઈડ્રો પાવર પ્રોજેક્ટ ક્ષમતા– ૫૨૦ મેગાવોટ, નદી-ધૌલી ગંગા

<u>(૫) ઋષિગંગા પાવર પ્રોજેક્ટ વિશે :</u>




- ✓ નંદાદેવી રાષ્ટ્રીય પાર્કથી નીકળતી ઋષિગંગા નદી અને ધૌલી ગંગા નદીના સંગમ સ્થળે રૈણી ગામ પાસે ઋષિગંગા નદી ઉપર એક હાઈડ્રો પાવર પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે તેને ઋષિગંગા પાવર પ્રોજેક્ટ નામ આપવામાં આવ્યું છે.

- ✓ અહીંયા પાણીની મદદથી વીજળી ઉત્પાદન થતું હતું. સ્થાનિક લોકો દ્વારા તેનો વિરોધ કરાયો હતો. તેમ છતાં અહીંયા વીજ ઉત્પાદન શરૂ કરી દેવાયું હતું.
- ✓ અહીંયા આ પ્રોજેક્ટ દ્વારા ૬૩,૫૨૦ MWH વીજ ઉત્પાદનનું લક્ષ્ય મૂકવામાં આવ્યું હતું.

**(૬) નંદા દેવી ગ્લેશિયર**

- ✓ નંદાદેવી ગ્લેશિયર ભારતમાં બીજા ક્રમના સૌથી ઊંચા પર્વતનો હિસ્સો છે.
- ✓ કાંચનજંઘા શિખર ભારત અને નેપાળની સરહદ પર આવેલું છે તેથી આમ તો નંદાદેવી ગ્લેશિયર ભારતનું સૌથી ઊંચું ગ્લેશિયર છે.
- ✓ વિશ્વમાં સૌથી ઊંચાં શિખરોમાં તેનું સ્થાન ૨૩મું છે.
- ✓ ઉત્તરબેઝ પર ઉત્તરી નંદાદેવી ગ્લેશિયર. આ ગ્લેશિયરો સંપૂર્ણ બરફથી ઢંકાયેલાં છે.

**(૭) ગ્લેશિયર વિશે**

- ✓ ગ્લેશિયર સામાન્ય રીતે બરફનો મોટો જથ્થો જ હોય છે જે જમીન ઉપર ધીમેધીમે વહે છે.
- ✓ ગ્લેશિયર બે પ્રકારના હોય છે, આલ્પાઇન ગ્લેશિયર એટલે કે ખીણમાં વહેતા ગ્લેશિયર અને બીજા હોય છે પર્વતીય ગ્લેશિયર એટલે કે બરફની ચાદર.
- ✓ ખીણમાં રહેલા ગ્લેશિયર વધારે જોખમી હોતાં નથી પણ પર્વતીય ગ્લેશિયર સૌથી વધુ જોખમી હોય છે.
- ✓ સામાન્ય રીતે જેમ જેમ બરફ પડતો જાય છે તેમ તેમ નીચેની સપાટીનો બરફ નક્કર થતો જાય છે અને તેને ઘનત્વ વધતું જાય છે.
- ✓ પોતાના વજનના કારણે તે પીગળીને વહીને હિમનદીમાં રૂપાંતરિત થઈ જાય છે અને વહેવા લાગે છે.

**(૮) ગ્લેશટાઈડ વોટર ગ્લેશિયર**

- ✓ પાણી અને બરફના વિશાળ જથ્થા ધરાવતા ગ્લેશિયરને ટાઈડવોટર ગ્લેશિયર કહે છે.
- ✓ ગ્લેશિયરનો કેટલોક ભાગ પાણીની ઉપર તરતો દેખાય છે તે પણ ઘણો મોટો હોય.
- ✓ તેવી જ રીતે ઘણા મોટા મીટર લંબાઈ અને ઊંચાઈ ધરાવતા ગ્લેશિયર પાણીમાં અંદર પણ તરતા હોય છે જે વધારે જોખમી હોય છે.
- ✓ ગ્લેશિયરના મોટા મોટા ટુકડા પાણીમાં તરવા લાગે તેને કાલ્વિંગ કહે છે જે પ્રચંડ સ્વરૂપ ધારણ કરવાનું જોખમ હોય છે.
- ✓ આ ટુકડા પોતાના રસ્તામાં આવતી તમામ વસ્તુઓ અને સ્થળોનો કચ્ચરઘાણ કાઢી નાખવા સક્ષમ હોય છે. તે જમીન ઉપર મોટા ખાડા પણ કરી શકે છે.

**ઉત્તરાખંડના 24 વીજ પ્રોજેક્ટ કોર્ટે રોક્યા છે**

- ✓ ઉત્તરાખંડમાં દરેક આપત્તિ પછી નદી પર બનેલા બંધો અને વીજ પ્રોજેક્ટ પર સવાલ ઊઠતાં રહ્યા છે.
- ✓ વર્ષ 2013ની દુર્ઘટના પછી પણ આ મામલો સુપ્રીમકોર્ટ સુધી પહોંચ્યો હતો. તે સમયે વર્ષ 2014માં સુપ્રીમકોર્ટે અલકનંદા અને ભાગીરથી નદીની આસપાસ સૂચિત 39માંથી 24 વીજ પ્રોજેક્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો.
- ✓ વર્ષ 2016માં પર્યાવરણ અને ઊર્જા મંત્રાલયે બંધને સુરક્ષિત ગણાવ્યા હતા તો જળ સંસાધન મંત્રી ઉમા ભારતીએ સોગંદનામું કરી કહ્યું હતું કે રાજ્યમાં નદીઓ પર હવે કોઈ પણ અવરોધ પર્યાવરણ માટે ખતરનાક સાબિત થશે.
- ✓ આ મામલો અત્યાર સુધી કોર્ટમાં વિચારાધીન છે.
- ✓ મુખ્યમંત્રી : શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવત (BJP)
- ✓ રાજધાની : દહેરાદૂન

**૨. આસોમ માલા પ્રોજેક્ટ(માર્ગ સુવિધા)**

- ✓ વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે તા.૭મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ પ્રોજેક્ટનો પ્રારંભ
- ✓ કુલ ખર્ચ : રૂ. ૮૨૧૦ કરોડ

**પ્રોજેક્ટ વિશે :**

- ✓ રૂ. ૮,૨૧૦ કરોડના આસોમ માલા પ્રોજેક્ટનો પ્રારંભ, બે મેડિકલ કોલેજનો શિલાન્યાસ
- ✓ આગામી ૧૫ વર્ષમાં આસોમ માલા પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય ધોરીમાર્ગો અને જિલ્લા મથકોને જોડતી સડકો સુધારવામાં આવશે.
- ✓ આસામના દરેક ગામને શહેરો સુધી સાંકળી લેવાશે.
- ✓ શિલાન્યાસ : આસામના બિશ્વનાથ અને ચરાઈદેવ જિલ્લાઓમાં રૂ. ૧૧૨૨ કરોડના ખર્ચે બે મેડિકલ કોલેજનો શિલાન્યાસ

**સુવિધા :**

- ✓ ૧૦૦ MBBSની બેઠકો - ૫૦૦ બેડની હોસ્પિટલ

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૨-૨૦૨૧)**

1. તા.૭ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ ઉત્તરાખંડમાં હિમાલયની ગોદમાં આવેલું કયુ ગ્લેશિયર તૂટતા જળપ્રલયની સ્થિતિ ઉદભવી હતી - **નંદાદેવી**

2. નંદાદેવી ગ્લેશિયર કયા જિલ્લામાં આવેલું છે – **ચમૌલી (ઉત્તરાખંડ)**
3. હિમાલયમાં આવેલું નંદાદેવી ગ્લેશિયર તૂટતા કયા બે હાઈડ્રો પાવર પ્રોજેક્ટ તબાહ થયા – **ઋષિગંગા હાઈડ્રો પ્રોજેક્ટ અને તપોવન હાઈડ્રો પ્રોજેક્ટ**
4. નંદાદેવી ગ્લેશિયર તૂટતા કઈ નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી – **ઋષિગંગા, ધૌલી ગંગા અને અલંકનંદા**
5. ઋષિગંગા હાઈડ્રો પ્રોજેક્ટની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી હતી - **૧૩ મેગાવોટ**
6. ઋષિગંગા હાઈડ્રો પ્રોજેક્ટ કઈ નદી ઉપર આવેલો છે – **ઋષિ ગંગા**
7. તપોવન હાઈડ્રો પાવર પ્રોજેક્ટની ક્ષમતા જણાવો – **૫૨૦ મેગાવોટ**
8. તપોવન હાઈડ્રો પાવર પ્રોજેક્ટ કઈ નદી પર આવેલો છે - **ધૌલી ગંગા**
9. નંદાદેવી ગ્લેશિયર ભારતમાં કયા ક્રમના સૌથી ઊંચા પર્વતનો હિસ્સો છે - **બીજા**
10. ભારતનું સૌથી ઊંચું ગ્લેશિયર કયુ છે - **નંદાદેવી ગ્લેશિયર**
11. કંચનજંઘા શિખર કયા બે દેશની સરહદ પર આવેલું છે – **ભારત અને નેપાળ**
12. ગ્લેશિયરના પ્રકાર જણાવો – **આલ્પાઇન અને પર્વતીય**
13. ઋષિગંગા હાઈડ્રો પાવર પ્રોજેક્ટ કયા ગામ પાસે આવેલો છે – **રૈણી**
14. પાણી અને બરફના વિશાળ જથ્થા ધરાવતા ગ્લેશિયર કયા નામે ઓળખાય છે - **ટાઈડવોટર ગ્લેશિયર**
15. ઉત્તરાખંડ રાજ્યના વર્તમાન મુખ્યમંત્રી કોણ છે - **શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવત**
16. ઉત્તરાખંડ રાજ્યની રાજધાની કઈ છે - **દહેરાદૂન**
17. તા.૭મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ આસોમ માલા પ્રોજેક્ટનું કોના હસ્તે પ્રારંભ કરાયો - **વડાપ્રધાન શ્રી મોદી**
18. આસોમ માલા પ્રોજેક્ટનો કુલ ખર્ચ જણાવો - **રૂ. ૮૨૧૦ કરોડ**
19. આસોમ માલા પ્રોજેક્ટ શું છે - **રાજ્ય ધોરીમાર્ગો અને જિલ્લા મથકોને જોડતી સડકો તૈયાર કરવી અને આસામના દરેક ગામને શહેરો સાથે જોડવા**
20. તા.૭મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ આસામના કયા બે જિલ્લાઓમાં રૂ. ૧૧૨૨ કરોડના ખર્ચે બે મેડિકલ કોલેજનો વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે શિલાન્યાસ કરાયો હતો - **બિશ્વનાથ અને ચરાઈદેવ**

## DATE : 08-02-2021

### ૧.RBI : નાણાંકીય સાક્ષરતા સપ્તાહ-૨૦૨૧ ઉજવણી (આર્થિક)

**થીમ-૨૦૨૧ :**

- ✓ **''Credit Discipline and Credit from Formal Institutions''**
- ✓ ''ધિરાણ શિસ્ત અને ઔપચારિક સંસ્થાઓ પાસેથી ધિરાણ''
- ✓ સમયગાળો : તા. ૮ થી ૧૨ ફેબ્રુઆરી-૨૦૨૧
- ✓ હેતુ : લોકો લોન મેળવે તેને પરત કરવાની શિસ્ત પણ જાળવે પ્રથમ પ્રારંભ : વર્ષ ૨૦૧૬થી

**અન્ય બાબતો :**

- ✓ અગાઉ વર્ષ ૨૦૧૮માં ગ્રાહક સુરક્ષા, ૨૦૧૯માં ખેડૂતો અને ૨૦૨૦માં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસો પર નાણાકીય સાક્ષરતા સપ્તાહ ઉજવવામાં આવ્યું હતું.


### ૨. ખેલકૂદ : ICC પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડનો પ્રારંભ

પ્રથમ ICC એવોર્ડ મેન્સ પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ વિજેતા ભારતીય વિકેટકિપર-બેટ્સમેન ઋષભ પંત

- ✓ એવોર્ડ મેળવનારો વિશ્વનો પ્રથમ ખેલાડી પંત
- ✓ મહિલા કેટેગરી : સબનિમ ઈસ્માઈલ (દક્ષિણ આફ્રિકા)
- ✓ ખાસ : ICC દ્વારા પ્રથમવાર પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડની જાહેરાત
- ✓ ICC : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ
- ✓ મુખ્ય મથક : દુબઈ

### ૩. મહાકુંભ-૨૦૨૧ (ધર્મ-સંસ્કૃતિ)

- ✓ સ્થાન : યાત્રાધામ હરિદ્વાર (ઉત્તરાખંડ)
- ✓ પ્રારંભ : તા. ૧૧ માર્ચ-૨૦૨૧ (મહાશિવરાત્રિ)
- ✓ સમયગાળો : તા. ૧૧ માર્ચ થી તા.૨૭ એપ્રિલ-૨૦૨૧ (મહાશિવરાત્રિ થી ચૈત્રી પૂનમ)




**(૧) શાહી સ્નાનના દિવસ**

1. **મહાશિવરાત્રિ ( 11 માર્ચ )**

**2. સોમવતી અમાસ (12 એપ્રિલ)**

**3. મેષ સંક્રાંતિ (14 એપ્રિલ)**

**4. ચૈત્રી પૂનમ (27 એપ્રિલ)**

**(૨) ખાસ જોગવાઈ**

- ✔ રજિસ્ટ્રેશન, RT-PCR ટેસ્ટ રિપોર્ટ ફરજિયાત
- ✔ કોરોના મહામારી વચ્ચે પણ કુંભ મેળામાં લાખો શ્રદ્ધાળુઓ પહોંચવાનો અંદાજ છે.
- ✔ કુંભ મેળામાં દેશ-દુનિયામાંથી આવનારા શ્રદ્ધાળુઓને પાસ ઇશ્યૂ કરાશે.
- ✔ કોરોનાનો RT-PCR ટેસ્ટ કરાવ્યા બાદ તેમણે ઉત્તરાખંડ સરકાર દ્વારા કુંભ મેળા માટે શરૂ કરાયેલા ખાસ પોર્ટલ www.haridwarkumbhmela2021.com પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. શ્રદ્ધાળુંએ હરિદ્વાર પહોંચતાં પહેલાં આ RT-PCR ટેસ્ટ રિપોર્ટ, મેડિકલ સર્ટિફિકેટ અને આઇડી પ્રૂફ પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે, જે પછી પાસ જારી કરાશે.

**૪. ભારતમાં વિદેશી હૂડિયામણની સ્થિતિ (આર્થિક)**

**ભારત કર્જદારમાંથી કર્જદાતા દેશ બનશે**

**ભારત ઉપર ૫૫૪ અબજ ડોલરનું વિદેશી દેવું જ્યારે ૫૯૦ અબજ ડોલર હૂડિયામણ ભંડોળ**

- ✓ ગત સપ્તાહે દેશનું વિદેશી હૂડિયામણ ભંડોળ વધીને ૫૯૦ અબજ ડોલરની વિક્રમી સપાટીએ પહોંચી જતા ભારત "'કર્જદાર' દેશમાંથી હવે 'કર્જદાતા' દેશ બની ગયો છે.
- ✓ વિદેશી હૂંડિયામણ ભંડોળ વિદેશી દેવા કરતા વધી જાય ત્યારે આ સ્થિતિનું નિર્માણ થાય છે.
- ✓ મહામારી બાદ અર્થતંત્રમાં ઝડપથી V શેપની રિકવરી આવતા આ સાનુકૂળ સ્થિતિનું નિર્માણ થયું છે.
- ✓ કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી : શ્રી અનુરાગ ઠાકુર

**૫. ભારત-અફઘાનિસ્તાન સંબંધ : અફઘાનિસ્તાનમાં લાલંદર (શતૂત) ડેમના બાંધકામ માટે MoU પર હસ્તાક્ષર (વૈશ્વિક સંબંધો)**

- ✓ અફઘાનિસ્તાનમાં લાલંદર (શતૂત) ડેમના બાંધકામ માટે સમજૂતી કરાર (MoU).
- ✓ આ MoU પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને અફઘાનિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ મહામહિમ ડૉ. હામીદ અશરફ ઘનીની ઉપસ્થિતિમાં ભારતના વિદેશ મંત્રી ડૉ. જયશંકર અને અફઘાનિસ્તાનના વિદેશમંત્રી શ્રી હનીફ અંતમરે ઓનલાઈન હસ્તાક્ષર કર્યા હતા.

**પરિયોજનાઓ :**

- ✓ આ પરિયોજના ભારત અને અફઘાનિસ્તાનના વચ્ચે નવી વિકાસ ભાગીદારીનો એક હિસ્સો છે.
- ✓ લાલંદર (શતૂત) ડેમની મદદથી કાબુલ શહેરમાં પીવાલાયક સલામત પાણીની જરૂરિયાત સંતોષી શકાશે અને આસપાસના વિસ્તારોમાં સિંચાઇનું પાણી પૂરું પાડી શકાશે.
- ✓ તેનાથી હાલમાં અસ્તિત્વમાં રહેલા સિંચાઇ અને ગટર નેટવર્કને ફરી સ્થાપિત કરી શકાશે અને આ વિસ્તારમાં પૂર સામે સુરક્ષા અને વ્યવસ્થાપનના પ્રયાસોમાં મદદ મળશે તેમજ આ પ્રદેશમાં વીજ પૂરવઠો પણ ઉપલબ્ધ કરાવી શકાશે.

**ભારત-અફઘાનિસ્તાન સંબંધો :**

- ✓ અફઘાનિસ્તાનમાં ભારત દ્વારા બાંધવામાં આવી રહેલો આ બીજો મોટો ડેમ છે.
- ✓ અગાઉ વર્ષ-૨૦૧૬માં ભારત- અફઘાનિસ્તાન ભાગીદારીથી સલમા ડેમનું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- ✓ અફઘાનિસ્તાન સાથે આપણા વિકાસના સહકારના ભાગરૂપે, ભારતે અફઘાનિસ્તાનના તમામ 34 પ્રાંતને આવરી લેતી 400થી વધુ પરિયોજનાઓનું કામ પૂરું કર્યું છે.
- ✓ અફઘાનિસ્તાન રાજધાની : કાબુલ

**૬. ૨૦મી વર્લ્ડ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ સમિટ-૨૦૨૧ (પર્યાવરણ)**

- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 10 ફેબ્રુઆરીના રોજ સાંજે 6.30 વાગે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વર્લ્ડ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ સમિટ 2021નું ઉદ્ઘાટન કરશે.




**સમિટનો વિષય :**

- ✓ 'આપણા સામાન્ય ભવિષ્યને નવેસરથી પરિભાષિત કરવું: તમામ માટે સલામત અને સુરક્ષિત પર્યાવરણ.'

**સમિટ વિશે**

- ✓ ધ એનર્જી એન્ડ રિસોર્સીસ ઇન્સ્ટિટ્યૂટ (ટેરી)ના મુખ્ય કાર્યક્રમ વર્લ્ડ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ સમિટની 20મી બેઠક 10થી 12 ફેબ્રુઆરી, 2021 સુધી ઓનલાઇન યોજાશે.
- ✓ આ સમિટમાં મોટી સંખ્યામાં સરકારના પ્રતિનિધિઓ, વ્યવસાયિક દિગ્ગજો, શિક્ષાવિદો, આબોહવા વિજ્ઞાનીઓ,

આબોહવામાં લડાઈ સામે સહભાગી થયેલા યુવા પ્રતિનિધિઓ અને નાગરિક સમાજની સંસ્થાના પ્રતિનિધિઓ એકમંચ પર આવશે.

**સમિટના મુખ્ય પાર્ટનર્સ :**

✓ ભારતના પર્યાવરણ, વન અને આબોહવા મંત્રાલય, નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય.

✓ આ સમિટ દરમિયાન ઊર્જા અને ઉદ્યોગની આગેકૂચ અને પરિવર્તન, સ્વીકાર્યતા અને સક્ષમતા, પર્યાવરણ આધારિત સમાધાનો, ક્લાઇમેટ ફાઇનાન્સ, સર્ક્યુલર ઇકોનોમી, સ્વચ્છ દરિયાઓ અને હવાનું પ્રદૂષણ જેવા વિષયો પર ચર્ચા થશે.

**૭. જન્મદિન વિશેષ : 8 ફેબ્રુઆરી**

**પ્રથમ મહિલા જ્ઞાનપીઠ વિજેતા : આશાપૂર્ણાદેવી**

**જન્મ - 8 ફેબ્રુઆરી 1909 અવસાન - 13 જૂલાઈ-1995**

✓ પશ્ચિમ બંગાળમાં કોલકાતા પાસે પોટલદંગામાં ચિત્રકાર પિતા અને સાહિત્યકાર માતાને ત્યાં તેમનો જન્મ થયો હતો છતાં સાહિત્ય સર્જન માટે વાતાવરણ આશાસ્પદ ન હતું.

✓ પહેલી કૃતિ જલ ઓર જામુન વાર્તા સંગ્રહ

✓ સમગ્ર જીવનકાળ દરમિયાન 225થી વધુ કૃતિઓનું સર્જન કર્યું.

**મહત્વની કૃતિઓ :**

✓ સ્વર્ણલતા, પ્રથમ પ્રતિકૃતિ, પ્રેમ ઓ પ્રયોજન, અગ્નિ પરીક્ષા, બકુલ કથા, ગાછે પાતા નીલ, છાડપત્ર, માયો દર્પણ, આકાશ માટી, અધૂરે સપને, આનંદધામ, ઉદાસ મન, ચમે બદલ જાતે હૈ, મન કી ઉડાન જેવી અનેક નવલકથાઓ, વાર્તા સંગ્રહો વગેરેનો સમાવેશ થાય છે.

✓ તેમના લેખનનો પ્રધાન સૂર નારી જીવન અને કુટુંબ જીવનની સમસ્યાઓનું ચિત્રણ છે. આશાદેવીએ મહિલા સર્જક તરીકે નારી મનોવિજ્ઞાનની સૂક્ષ્મ અભિવ્યક્તિ કરી છે.

✓ 'હું તો સરસ્વતીની સ્ટેનો છું' માનનારા આશાદેવીનું 13 જુલાઈ 1995ના રોજ અવસાન થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૨-૨૦૨૧)**

1. તાજેતરમાં આરબીઆઈ દ્વારા 'નાણાકીય સાક્ષરતા સપ્તાહ-2021' ક્યારે ઉજવાયું - **તારીખ 08 થી 12 ફેબ્રુઆરી**
2. 'નાણાકીય સાક્ષરતા સપ્તાહ-2021'ની થીમ જણાવો - **ધિરાણ શિસ્ત અને ઔપચારિક સંસ્થાઓ પાસેથી ધિરાણ**
3. RBI દ્વારા 'નાણાકીય સાક્ષરતા સપ્તાહ' ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી શરૂ કરાયો હતો - **2016**
4. આ વર્ષે 'મહાકુંભ-2021' ક્યાં યોજાશે- **હરિદ્વાર, ઉત્તરાખંડ**
5. 'મહાકુંભ-2021'નો પ્રારંભ ક્યારે થશે - **11 માર્ચ 2021-મહાશિવરાત્રી**
6. 'મહાકુંભ-2021'નો સમયગાળો જણાવો - **તા.11 માર્ચથી 27 એપ્રિલ 2021**
7. ઉત્તરાખંડ સરકાર દ્વારા મહાકુંભ 2021માં નોંધણી માટે કયું ખાસ પોર્ટલ શરૂ કર્યું છે - www.haridwarkumbhmela2021.com
8. વર્ષ-૨૦૨૧માં ICC દ્વારા પ્રથમવાર કયા એવોર્ડની જાહેરાત કરાઈ - **પ્લેયર ઓફ ધ મંથ**
9. ICCનો પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ મેળવનારા પ્રથમ મેન્સ ખેલાડીનું નામ જણાવો – **ભારતીય વિકેટકિપર બેટ્સમેન ઋષભ પંત**
10. ICCના પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ મેળવનારી પ્રથમ વિમેન્સ ખેલાડીનું નામ જણાવો – **સબનમ ઈસ્માઈલ (દક્ષિણ આફ્રિકા)**
11. ICCનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ**
12. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલનું મુખ્ય મથક કયાં આવેલું છે - **દુબઈ**
13. તા.૮મી ફેબ્રુઆરી-૨૦૨૧ની સ્થિતિએ ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડોળ કેટલું હતુ - **૫૯૦ અબજ ડોલર**
14. તા.૮મી ફેબ્રુઆરી-૨૦૨૧ની સ્થિતિએ ભારતનું વિદેશી દેવુ કેટલુ હતુ - **૫૫૪ અબજ ડોલર**
15. ફેબ્રુઆરી-૨૦૨૧માં ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડોળ વધીને ૫૯૦ અબજ ડોલરે પહોંચતા ભારત "'કર્જદાર' દેશમાંથી કયા પ્રકારનો દેશ બની ગયો હતો - **'કર્જદાતા'**
16. વર્તમાન કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી કોણ છે - **શ્રી અનુરાગ ઠાકુર**
17. તા. ૯ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ ભારત-અફઘાનિસ્તાન વચ્ચે કયા સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર થયા- **અફઘાનિસ્તાનમાં લાલંદર (શતૂત) ડેમના બાંધકામ માટે**
18. અફઘાનિસ્તાનના લાલંદર (શતૂત) ડેમની મદદથી કયા શહેરમાં પીવાલાયક સલામત પાણીની જરૂરિયાત સંતોષી

શકાશે અને આસપાસના વિસ્તારોમાં સિંચાઇનું પાણી પૂરું પાડી શકાશે - **કાબુલ**

19. અફઘાનિસ્તાનમાં ભારત દ્વારા બાંધવામાં આવી રહેલા બીજા મોટા ડેમનું નામ જણાવો - **લાલંદર (શતૂત)**
20. કયા વર્ષે ભારત-અફઘાનિસ્તાન ભાગીદારીથી સલમા ડેમનું નિર્માણ કરવામાં આવ્યું હતું - **વર્ષ-૨૦૧૬**
21. તા.૧૦ ફેબ્રુઆરીના રોજ કોના દ્વારા વર્લ્ડ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ સમિટ-૨૦૨૧નું ઉદઘાટન થશે - **વડાપ્રધાન મોદી**
22. વર્લ્ડ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ સમિટ-૨૦૨૧નો વિષય જણાવો - **'આપણા સામાન્ય ભવિષ્યને નવેસરથી પરિભાષિત કરવું: તમામ માટે સલામત અને સુરક્ષિત પર્યાવરણ.'**
23. તા.૧૦ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ વર્લ્ડ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ સમિટની કેટલામી બેઠક ઓનલાઈન યોજાશે - **૨૦**
24. વર્લ્ડ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ સમિટ-૨૦૨૧ના મુખ્ય પાર્ટનર્સ કોણ છે - **ભારતના પર્યાવરણ, વન અને આબોહવા મંત્રાલય, નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય**
25. ભારતના પ્રથમ મહિલા જ્ઞાનપીઠ વિજેતાનું નામ જણાવો- **આશાપૂર્ણા દેવી**
26. આશાપૂર્ણા દેવીનો જન્મદિવસ જણાવો- **8 ફેબ્રુઆરી 1995**

**DATE : 09-02-2021**

### ૧. રાજયસભા – નવી દિલ્હી (બંધારણ)

✓ રાજયસભામાં જમ્મુ કાશ્મીરનું પ્રતિનિધિત્વ કરતાં ચાર સાંસદોની મુદ્દત પૂર્ણ થતા નિવૃત્ત

**1.** ગુલામનબી આઝાદ  2. નઝીર અહમદ લવાય
3.મોહમ્મદ ફયાઝ  4. શમશેરસિંહ મન્હાસ

✓ રાજ્યસભામાં વડાપ્રધાન મોદી સહિત તમામ સાંસદો દ્વારા ભાવપૂર્વક વિદાય અપાઈ

✓ **રાજયસભાના અધ્યક્ષ : ઉપરાષ્ટ્રપતિ એમ.વૈંકેયા નાયડુ**

### ૨. અવસાન : અભિનેતા-દિગ્દર્શક રાજીવ કપૂરનું ૫૮ વર્ષે મુંબઈ ખાતે અવસાન

✓ હુલામણુ નામ : ચિમ્પુ

✓ પરિચય : રાજકપૂરના સૌથી નાના પુત્ર અને રણધિર કપૂર તથા ઋષિકપૂરના નાના ભાઈ



**કારકિર્દી :**

✓ રાજીવ કપૂરે ૧૯૮૩માં રિલીઝ ફિલ્મ એક જાન હૈ હમથી ફિલ્મમાં ડેબ્યુ કર્યું હતું પરંતુ તેને પ્રસિદ્ધિ ૧૯૮૫માં રિલીઝ ફિલ્મ રામ તેરી ગંગા મૈલીથી મળી હતી.

✓ નાગ નાગિન, અંગારે, આસમાન, લવર બોય, જબરદસ્ત અને હમ તો ચલે પરદેશમાં કામ કર્યું હતું.

✓ તેની છેલ્લી ફિલ્મ ૧૯૯૦માં રિલીઝ થયેલી જિમેદાર હતી.

✓ રાજીવે એક્ટિંગ ઉપરાંત પ્રોડ્યૂસર અને ડાયરેક્ટર તરીકે પણ કામ કર્યું હતું.

### ૩. ડાર્સી વાવાઝોડુ (કુદરતી આપત્તિ)

✓ બ્રિટનમાં ડાર્સી બરફનું વાવાઝોડુ

✓ અસર : અંદાજે ૬ ઈંચ તોફાની બરફ વર્ષા

✓ વિસ્તાર : સમગ્ર UK અને સ્કોટલેન્ડ

### ૪. UAE : આરબ જગતનું પ્રથમ અવકાશ યાન માર્સ મિશન 'હોપ પ્રોબ' ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું (અવકાશ વિજ્ઞાન)

✓ નામ : અમલ (આશા)

✓ સાત મહિનામાં ૩૦ કરોડ માઈલની મુસાફરી કરીને મંગળ નજીક

✓ ખાસ : પ્રથમ પ્રયાસે મંગળ સુધી પહોંચનારો UAE વિશ્વનો પાંચમો દેશ

**મંગળ ગ્રહ અભિયાન વિશે :**

✓ વિશે મંગળ ગ્રહ ઉપર સફળ ઉતરાણ કરનાર એકમાત્ર દેશ USA, કુલ આઠવાર સિદ્ધિ

✓ હાલમાં USA-નાસાના રોવર અને લેન્ડર યાન મંગળ પર સક્રિય

### ૫. જન્મ દિન વિશેષ : ૯ ફેબ્રુઆરી

### (૧) પ્રથમ ગુજરાતી મહિલા અનુસ્નાતક : વિનોદિની નીલકંઠ




જન્મ - ૯ ફેબ્રુઆરી-૧૯૦૭  અવસાન - ૧૯૮૭

- ✓ આજે નિબંધકાર, નવલિકાકાર, નવલકથાકાર અને બાળસાહિત્યકાર અને સામાજિક કર્મશીલ વિનોદિની નીલકંઠનો જન્મ દિવસ છે.

પરિચય :

- ✓ ગુજરાતી સાહિત્ય અને સમાજજીવનના ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહિપતરામ રૂપરામ તેમના દાદા અને રમણભાઈ નીલકંઠ-વિદ્યાગૌરી નીલકંઠ તેમના માતા-પિતા હતા.
- ✓ અમદાવાદમાં જ પ્રાથમિક, માધ્યમિક અને કોલેજ શિક્ષણ પ્રાપ્ત કરનાર વિનોદીની બેન ૧૯૩૦મા અમેરિકાની મિશિગન યુનિ.થી સમાજશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્ર સાથે અનુસ્નાતક થયા હતા.
- ✓ તે સમયે ગુજરાતી સમાજમાં તેઓ સૌપ્રથમ મહિલા અનુસ્નાતક હતા.
- ✓ તેમની વ્યવસાયી કારકિર્દી અમદાવાદ મ્યુ. હાઈસ્કુલમાં હેડ મિસ્ટ્રેસ અને એસ.એન.ડી.ટી યુનિ.માં પ્રાધ્યાપિકા તરીકે રહી હતી વિનોદિની નીલકંઠનું માતબર યોગદાન ગુજરાતી સાહિત્યના સર્જન અને સંશોધન ક્ષેત્રે રહ્યું છે.

**રચનાઓ :**

- ✓ કદલીવન, દરિયાવનાં મોતી, અંગુલીનો સ્પર્શ, કાર્પાસી અને બીજી વાર્તાઓ, રસદ્વાર, ઘર ઘરની જ્યોત(ચાર ભાગમાં) નિજાનંદ, શિશુ રંજના, મેંદીની મંજરી, બાળકોની દુનિયામાં ડોકિયું, સફરચંદ વગેરે તેમના યોગદાન છે.
- ✓ અનુવાદ સાહિત્યમાં તેઓએ બટ્રાન્ડ રસેલના પુસ્તકનો ગુજરાતીમાં "સુખની સિદ્ધિઓ" નામે અનુવાદ કર્યો છે.
- ✓ વિનોદિનીબેને સમાચારપત્રોમાં સતત ચાલીસ વર્ષ સુધી ગુણવત્તાસભર કોલમ પણ ચલાવી હતી.
- ✓ ગુજરાતમાં સામાજિક સેવાઓની અનેક સંસ્થાઓ સાથે પણ તેમનું ગાઢ જોડાણ રહ્યું હતું.
- ✓ તેમના વિષે "roadless travelled"શીર્ષકથી પુસ્તક પણ લખાયું છે.
- ✓ વિનોદિની નીલકંઠનું ૧૯૮૭મા અમદાવાદમાં અવસાન થયું હતું.

(૨) પૂર્વ મુખ્યમંત્રી સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ

જન્મ - 9 ફેબ્રુઆરી 1911 (નડીઆદ)

અવસાન-19 ડિસેમ્બર 2002(91ની વયે)

- ✓ બે વખત ગુજરાતના મુખ્યમંત્રીપદે.

**કાર્યકાળ :**

- ✓ પ્રથમ જૂન ૧૯૭૫ થી માર્ચ ૧૯૭૬ સુધી જનતા મોર્ચાના નેતા તરીકે અને બીજી વખત એપ્રિલ ૧૯૭૭ થી ફેબ્રુઆરી ૧૯૮૦ સુધી જનતા પાર્ટીના નેતા તરીકે.
- ✓ રાજકીય પક્ષ - જનતા મોર્ચો, જનતા પાર્ટી
- ✓ સન્માન- વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવૉર્ડ

**કારકિર્દી**

- ✓ વ્યવસાયે વકીલહતા.
- ✓ મુંબઈ રાજ્યના તે વખતના મંત્રીમંડળમાં, ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી, તેઓ કેબિનેટ મંત્રી રહ્યા. ગુજરાતની રચના પછી ૧૯૬૭માં તેઓ ગુજરાતની ધારાસભામાં ચૂંટાયા અને વિવિધ મંત્રાલયો સંભાળેલા
- ✓ ૧૯૭૪માં, ચીમનભાઈ પટેલે નવનિર્માણ આંદોલનને કારણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું અને ધારાસભાનું વિસર્જન કરાયું.
- ✓ ચૂંટણી પછી ૧૮ જૂન, ૧૯૭૫માં તેઓ ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા.
- ✓ તેઓ વિવિધ પક્ષોના ગઠબંધનથી બનેલા જનતા મોર્ચાના નેતા બન્યા. એક અઠવાડીયા પછી, ઈન્દિરા ગાંધી દ્વારા દેશમાં કટોકટી લાદવામાં આવી પણ તેઓ માર્ચ ૧૯૭૬ સુધી પદ પર કાયમ રહ્યા. બીજી વખત તેઓ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી, જનતા પાર્ટીના નેતા તરીકે મુખ્યમંત્રી બન્યા.

**મુખ્યમંત્રી તરીકે કાર્યો :**

- ✓ 60 વર્ષથી ઉપરની નિરાધાર મહિલાઓ અને 65 વર્ષથી ઉપરના નિરાધાર પુરૂષો, અપંગ અને અશક્તો માટે માસિક રૂ.30ની સહાય માટેની પેન્શનની યોજના શરૂ કરી.
- ✓ તેમણે ગ્રામીણ બેંકોની સ્થાપના કરી હતી. રાજ્યમાં લોકાયુક્તની નિમણૂક માટે તેમણે પગલાં લીધાં અને લોકાયુક્તની નિમણૂક કરી. ઉપરાંત દરેક જિલ્લામાં દૂધની ડેરીઓની સ્થાપના કરી. ગાંધીનગરને અત્યાધુનિક પાટનગર બનાવવામાં તેમનો સિંહફાળો હતો. તેમણે માતૃભાષામાં વહીવટની શરૂઆત કરી.
- ✓ તેમણે રાજ્યની બંધ મિલો ચાલુ કરાવી. વધુ પેટ્રોકેમિકલ્સ સંકુલોની સ્થાપના કરી. 18 ઑગસ્ટ, 1978ના રોજ 'નર્મદા જળવિવાદ ટ્રીબ્યુનલ'નો ચુકાદો આવ્યો. તે મુજબ 163 મીટર બાંધકામની મંજૂરી આપવામાં આવી. તેના આધારે 1979માં કામ શરૂ કરવામાં આવ્યું.

- ✓ તેમના શાસનકાળ દરમ્યાન 12 ઑગસ્ટ, 1979માં મોરબીમાં મચ્છુ ડેમ તૂટવાની ઘટના બની. તેના કારણે સૌરાષ્ટ્રમાં ભારે તારાજી સર્જાઈ. અહીં રાહતકાર્યમાં થયેલા વિલંબને કારણે 17 ફેબ્રુઆરી, 1980ના રોજ મંત્રીમંડળ બરખાસ્ત કરવામાં આવ્યું અને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લદાયુ.
- ✓ ભાવનગર યુનિ.ની સ્થાપના અને શિક્ષણમાં 10+2+3ની પદ્ધતિ દાખલ કરવામાં આવી. 20 મુદ્દા કાર્યક્રમનો ગુજરાતમાં અમલ શરૂ થયો.
- ✓ જાન્યુઆરી, 1978માં અન્ય પછાત જ્ઞાતિઓ માટે 10% અનામત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેમણે બઢતીમાં રોસ્ટર પદ્ધતિ દાખલ કરી.
- ✓ તેમણે પોલીસ યુનિયનને માન્યતા આપી હતી, જે 1988માં રદ કરાઈ. અંત્યોદય યોજનાની શરૂઆત થઈ. તેમણે બોમ્બે હાઈ તેલક્ષેત્રમાંથી ગુજરાતને ગેસનો હિસ્સો અપાવ્યો.
- ✓ 1976માં બજેટ સત્ર દરમ્યાન વિધાનસભામાં નાગરિક પૂરવઠાની માગણી દરમ્યાન મતદાનમાં તેમનો પરાજય થતાં રાજ્યમાં 12 માર્ચ, 1976ના રોજ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું.
- ✓ તેમના સમય દરમ્યાન ગુજરાતમાં બે વાર રાષ્ટ્રપતિ શાસન અમલમાં આવ્યું.

**ત્રીજું રાષ્ટ્રપતિ શાસન :**

- ✓ (12 માર્ચ, 1976 – 24 ડિસેમ્બર, 1976)
- ✓ રાષ્ટ્રપતિ : શ્રી ફખરૂદ્દીન અલી એહમદ
- ✓ રાજ્યપાલ : શ્રી કે. કે. વિશ્વનાથન

**ચોથું રાષ્ટ્રપતિ શાસન :**

- ✓ (17 ફેબ્રુઆરી, 1980 – 6 જૂન, 1980)
- ✓ રાષ્ટ્રપતિ : શ્રી નીલમ સંજીવ રેડ્ડી
- ✓ રાજ્યપાલ : શ્રીમતી શારદાબેન મુખરજી

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૨-૨૦૨૧)

1. ફેબ્રુઆરી-૨૦૨૧માં રાજયસભામાં જમ્મુ કાશ્મીરનું પ્રતિનિધિત્વ કરતાં કયા ચાર સાંસદોની મુદ્દત પૂર્ણ થતા નિવૃત્ત થયા - **ગુલામનબી આઝાદ, નઝીર અહમદ લવાય, મોહમ્મદ ફયાઝ તથા શમશેરસિંહ મન્હાસ**
2. રાજયસભાના વર્તમાન અધ્યક્ષ કોણ છે - **ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડુ**
3. તા. ૯મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ કયા અભિનેતા-દિગ્દર્શકનું ૫૮ વર્ષે મુંબઈ ખાતે અવસાન થયુ - **રાજીવ કપૂર**
4. હિન્દી ફિલ્મના અભિનેતા-દિગ્દર્શક રાજીવ કપૂરનું હુલામણુ નામ જણાવો - **ચિમ્પુ**
5. રાજીવ કપૂરે વર્ષ ૧૯૮૩માં રિલીઝ થયેલી કઈ ફિલ્મથી ફિલ્મમાં ડેબ્યુ કર્યું હતું - **એક જાન હૈ હમ**
6. રાજીવ કપૂર અભિનિત ફિલ્મ રામ તેરી ગંગા મૈલી કયા વર્ષે રિલિઝ થઈ હતી જે ફિલ્મથી તેમને પ્રસિદ્ધિ મળી હતી – **વર્ષ ૧૯૮૫**
7. ફેબ્રુઆરી-૨૦૨૧માં બ્રિટનમાં બરફનું વાવાઝોડુ આવ્યું હતુ તેનું નામ જણાવો - **ડાર્સી વાવાઝોડુ**
8. ફેબ્રુઆરી-૨૦૨૧માં બરફનું વાવાઝોડુ ડાર્સીથી કયા વિસ્તાર અસરગ્રસ્ત બન્યા હતા - **સમગ્ર UK અને સ્કોટલેન્ડ**
9. ફેબ્રુઆરી-૨૦૨૧માં UAEનું કયુ અવકાશ યાન માર્સ મિશન ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું હતુ - **'હોપ પ્રોબ'**
10. ફેબ્રુઆરી-૨૦૨૧માં UAEના 'હોપ પ્રોબ' માર્સ મિશનનું નામ જણાવો - **અમલ (આશા)**
11. પ્રથમ પ્રયાસે મંગળ સુધી પહોંચનારો UAE વિશ્વનો કેટલામો દેશ બન્યો - **પાંચમો**
12. મંગળ ગ્રહ ઉપર સફળ ઉતરાણ કરનાર એકમાત્ર દેશનું નામ જણાવો – **USA**
13. ગુજરાતના પહેલા મહિલા અનુસ્નાતકનું નામ જણાવો- **વિનોદિની નીલકંઠ**
14. સાહિત્યકાર વિનોદિની નીલકંઠનો જન્મદિવસ જણાવો- **09 ફેબ્રુઆરી 1907**
15. ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રીનું નામ જણાવો – **બાબુભાઈ જસાભાઈ પટેલ**
16. ગુજરાતના પ્રથમ ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બાબુભાઈ જસાભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો - **9 ફેબ્રુઆરી 1911**

**DATE : 10-02-2021**

૧. ગુજરાતની મહાનગરપાલિકાઓમાં મેયર પદ માટે અનામતની જાહેરાત (બંધારણ)




**નવી જોગવાઈ:**


- ✓ શહેરી વિકાસ વિભાગનું જાહેરનામુ
- ✓ દર અઢી વર્ષે મેયર બદલાશે
- ✓ રાજ્યની છ મહાનગર પાલિકાઓમાં મેયર પદ માટે અનામતના નિયમ બહાર પાડ્યા.
- ✓ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ 456 હેઠળ આગામી 21 ફેબ્રુઆરીએ યોજાનારી છ મહાનગર પાલિકાની ચૂંટણી બાદ મેયરોની ચૂંટણી કરવા માટે અનામતની જોગવાઇઓ જાહેર કરી છે.
- ✓ તમામ કોર્પોરેશનની પાંચ વર્ષની મુદતને અઢી-અઢી વર્ષની બે મુદતોમાં વહેંચીને મેયરની મુદ્દત નક્કી કરાઈ છે

**કોર્પોરેશનોમાં મેયરપદની બે ટર્મ કોના માટે અનામત**

| મ્યુનિ. કોર્પોરેશન | પહેલી ટર્મ | બીજી ટર્મ |
|---|---|---|
| અમદાવાદ | એસસી | મહિલા |
| સુરત | મહિલા | સામાન્ય |
| વડોદરા | સામાન્ય | મહિલા |
| રાજકોટ | ઓબીસી | મહિલા |
| ભાવનગર | મહિલા | ઓબીસી |
| જામનગર | મહિલા | ઓબીસી |

- ✓ ચૂંટણી પરિણામ બાદ પ્રથમ સામાન્ય સભામાં રાજકીય પક્ષો મેયર માટે પોતાના નામ આપશે

**૨. ગુજરાત સરકાર : જમીન સંપાદન સાથે ખેડૂતોના વિવિધ વૃક્ષોના વળતરના દરમાં સુધારો કરાયો (મહેસૂલ)**



- ✓ રાજ્યમાં વિકાસ કામોમાં સંપાદિત થતી જમીનોની સાથે તે જમીન પર ખેડૂતો દ્વારા ઉછેરવામાં આવેલા ફળાઉ અને અન્ય પ્રકારના વૃક્ષોના વળતરના દરમાં 27 વર્ષ બાદ સુધારો કરવામાં આવ્યો છે.

**વૃક્ષો અને વળતર :**

- ✓ સંપાદિત થતી જમીન પર આંબાના એક વૃક્ષનું મહત્તમ 40,800 રૂપિયા સુધીનું વળતર ચૂકવવામાં આવશે.
- ✓ ચીકુના ઝાડનું મહત્તમ 38,400 રૂપિયા વળતર ચૂકવાશે.
- ✓ ચંદનના ઝાડનું સૌથી વધુ 50 હજાર રૂપિયા સુધીનું વળતર ચૂકવાશે.

**મહત્વ :**

- ✓ રાજ્યમાં વૃક્ષ ઉછેરના ખર્ચમાં થયેલો વધારો, ઉત્પાદનના ભાવમાં વધારો અને તે વૃક્ષ જો ખેડૂત પાસે હોત તો તેની કેટલી ઉપજ મળી શકત તે બાબતો ઉપરાંત રોપા-કલમની કિંમત, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ અને ખેતમજૂરોના વેતમાં થયેલા વધારા જેવી બાબતોને ધ્યાનમાં રાખીને સરકારે વળતરનું ધોરણ નક્કી કર્યું છે.
- ✓ વૃક્ષો કેટલા વર્ષ જૂના છે તે પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.
- ✓ સત્તા : સંપાદન અધિકારી કિંમત નક્કી કરશે

**3. ભારતીય સંસદ : રાજ્યસભામાં 12 પોર્ટને સ્વાયત્તતા આપતું મેજર પોર્ટ્સ ઓટોનોમી બિલ-2020 પસાર (બંધારણ)**

- ✓ આ બિલની તરફેણમાં 84 અને વિરોધમાં 44 મતો પડયા હતાં.
- ✓ આ બિલ લોકસભામાં ગયા વર્ષે સપ્ટેમ્બર-૨૦૨૦માં પસાર કરવામાં આવ્યું હતું.
- ✓ આ બિલથી દેશના આ પોર્ટ વિશ્વ સ્તરના બની શકશે અને તેમના બોર્ડ પોતાની જાતે નિર્ણય લઇ શકશે.
- ✓ કંડલા પોર્ટ સહિત દેશના અગ્રણી ૧૨ પોર્ટને ડિસિઝન મેકિંગમાં વધારે સારી સ્વાયત્તતા ઉપલબ્ધ થશે તથા બોર્ડની સ્થાપના કરીને તેમનું ગવર્નન્સ વ્યવસાયિક બનશે.

**હેતુ :**

- ✓ આ બિલનો ઉદ્દેશ પોર્ટનું ખાનગીકરણ કરવાનો નહીં પણ પોર્ટ્સને સ્વાયતત્તા આપવાનો છે.
- ✓ ખાનગી બંદરો સામે સ્પર્ધાક્ષમતામાં વધારો થાય તે માટે તેમની ડિસિઝન મેકિંગ ક્ષમતાને વધારવાનો ઉદ્દેશ છે.
- ✓ મૂલ્યના સંદર્ભમાં જોઈએ તો ૯૦ ટકા અને વોલ્યૂમના સંદર્ભમાં જોઈએ તો ૭૦ ટકા કાર્ગો મૂવમેન્ટ આ બંદરો પરથી થાય છે.

✓ આ બંદરો પોતાના સ્વાયત નિર્ણયો કરી શકશે

<u>બાર બંદર</u>

1. કંડલા 2. મુંબઈ 3. જેએનપીટી
4. માર્માગાઉ 5. ન્યુ મેંગલોર 6. કોચીન
7. ચેન્નઇ 8. પારાદીપ 9. કોલકાતા
10.કામારાજર 11.ચિદમ્બરન 12. વિશાખાપટ્ટનમ

✓ કેન્દ્રીય પોર્ટ્સ, શિપિંગ અને વોટરવે રાજ્ય પ્રધાન : મનસુખ માડવિયા

## ૪. RBI : રાજ્યમાં આરોગ્ય ખર્ચની ટકાવારી અંગે રેન્કિંગ-૨૦૨૦-૨૧ જાહેર (આરોગ્ય)

**આંકડાકિય માહિતી :**

✓ દેશની રિઝર્વ બેંકે વિવિધ રાજ્યો દ્વારા જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ પાછળ થતાં ખર્ચનું સ્ટેટમેન્ટ રજુ.

✓ વર્ષ 2020-21માં આરોગ્ય પાછળ થતાં બજેટના ખર્ચની બાબતમાં ગુજરાત દેશના 31 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં 15મા સ્થાને.

✓ રાજ્ય સરકારે 2020માં કુલ બજેટમાંથી 5.2 ટકા રકમ આરોગ્ય ખર્ચ માટે ફાળવી.

✓ ગુજરાતનું કુલ બજેટ 2,17,287,24 કરોડનું હતું. જેમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે 11 હજાર 243 કરોડની જોગવાઈ દર્શાવવામાં આવી હતી. જે વાસ્તવમાં કુલ બજેટના 5.17 ટકા જેટલી રકમ હતી.

**રાજ્યો દ્વારા આરોગ્ય પાછળ થતા ખર્ચની ટકાવારી**

| ક્રમ | રાજ્ય | ખર્ચ (ટકાવારીમાં) |
|---|---|---|
| 1 | દિલ્હી | 11.9 |
| 2 | પુડુચેરી | 8.1 |
| 3 | ગોવા | 7.2 |
| 4 | મેઘાલય | 7.1 |
| 5 | રાજ્યસ્થાન | 6.5 |
| 6 | આસામ | 6.3 |
| 7 | જમ્મુ કાશ્મીર | 6.1 |
| 8 | સિક્કિમ | 6.1 |
| 9 | હિમાચલપ્રદેશ | 6.1 |
| 10 | મિઝોરમ | 5.8 |
| 11 | છત્તિસગઢ | 5.7 |
| 12 | ઝારખંડ | 5.3 |
| 13 | તામિલનાડુ | 5.3 |
| 14 | આંધ્રપ્રદેશ | 5.2 |
| 15 | ગુજરાત | 5.2 |
| 16 | ઉત્તરપ્રદેશ | 5.2 |
| 17 | નાગાલેન્ડ | 5.2 |
| 18 | મધ્યપ્રદેશ | 5.2 |
| 19 | ઓડિશા | 5.2 |
| 20 | હરિયાણા | 5.1 |
| 21 | કેરળ | 5.1 |
| 22 | ઉત્તરાખંડ | 5.1 |
| 23 | ત્રિપુરા | 5.1 |
| 24 | બિહાર | 5.0 |
| 25 | પશ્ચિમ બંગાળ | 4.9 |
| 26 | અરુણાચલપ્રદેશ | 4.6 |
| 27 | કર્ણાટક | 4.3 |
| 28 | મણિપુર | 4.3 |
| 29 | મહારાષ્ટ્ર | 4.0 |

| | | |
|---|---|---|
| 30 | પંજાબ | 3.8 |
| 31 | તેલંગણા | 3.1 |

## ૫. ભીમબેટકા રોક શેલ્ટર્સ યુનેસ્કો સાઈટ-ભોપાલ : વિશ્વના સૌથી પ્રાચીન અને રેર પ્રાણી ડિકિન્સોનિયાના જીવાશ્મીઓ યુનેસ્કો સાઈટ ખાતે શોધાયા (ભૂસ્તર વિજ્ઞાન)

**ખાસ :**

- ✓ ભારતમાંથી વિશ્વના સૌથી પ્રાચીન પ્રાણી ડિકિન્સોનિયાના અવશેષો સૌપ્રથમવાર પ્રાપ્ત થયા




- ✓ મધ્યપ્રદેશના ભોપાલથી ૪૦ કિલોમીટર દૂર આવેલ યુનેસ્કોની સાઇટ ભીમબેટકા રોક શેલ્ટર્સ ખાતેથી વિશ્વના સૌથી પ્રાચીન અને રેર પ્રાણીનાં અવશેષો મળી આવ્યા.
- ✓ સંશોધનકારો માને છે કે તેમને ભારતમાંથી વિશ્વના સૌથી પ્રાચીન પ્રાણી ડિકિન્સોનિયાના અવશેષો સૌપ્રથમવાર પ્રાપ્ત થયા છે.
- ✓ આ પ્રાણી ધરતી પર ૫૭ કરોડ વર્ષ પૂર્વે અસ્તિત્વ ધરાવતું હતું.
- ✓ આ અવશેષો ભીમબેટકા ખાતે ઓડિટોરિયમની ગુફાની છત પરથી મળી આવ્યા હતા.
- ✓ આ શોધને એક ઇન્ટરનેશનલ જર્નલમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.
- ✓ ડિકિન્સોનિયાના અવશેષો દર્શાવે છે કે તે લંબાઈમાં ચાર ફૂટ સુધી વધી શકે છે, જો કે ભીમબેટકા ખાતે જે અવશેષો મળ્યા છે તે ૧૭ ઇંચ લાંબા છે.

**ડિકિન્સોનિયા વિશે**

- ✓ જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાના બે નિષ્ણાતો ૩૬મી ઇન્ટરનેશનલ જિયોલોજિકલ કોંગ્રેસ અગાઉ ભીમબેટકાની સાઇટસીઇંગ ટૂર પર હતાં.
- ✓ આમ તો આ ટૂર માર્ચ ૨૦૨૦માં યોજાવાની હતી પરંતુ રોગચાળાના કારણે બે વાર મોકૂફ રહી હતી.
- ✓ આ બન્ને નિષ્ણાતોને ખડક પર પાંદડા જેવી છાપ દેખાઈ હતી.
- ✓ આ છાપ જમીનથી ૧૧ ફૂટ ઉપર હતી અને ખડક સાથે એવી રીતે ભળી ગઈ હતી કે કોઈ સામાન્ય માણસને તો પ્રિહિસ્ટોરિક રોક આર્ટ જ લાગે. પણ આ નિષ્ણાતોને ખ્યાલ આવી ગયો કે તેમણે ડિકિન્સોનિયાના અવશેષો શોધી લીધા છે.
- ✓ તેને ૫૪.૧ કરોડ વર્ષ અગાઉના કેમ્બ્રિયન પિરિયડના જીવન વચ્ચેની ચાવીરૂપ સાંકળ માનવામાં આવે છે.
- ✓ વિશ્વભરના નિષ્ણાતો જણાવે છે કે ભારતમાં ડિકિન્સોનિયાની શોધ કરવામાં આવી છે તે લેટ એડિકારન માટે બાયોજિયોગ્રાફિક પ્રોવિન્સિસ અને પ્લેટ ટેક્ટોનિક રિકન્સ્ટ્રક્શનનું એસેસમેન્ટ શક્ય બનાવશે.

**શોધ કરનાર સંસ્થા :**

- ✓ જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા

## ૬. ચિપકો આંદોલન-વર્ષ 1970 : રૈણી ગામ (ઉત્તરાખંડ)

- ✓ રૈણી ગામ 1970ના ચિપકો આંદોલનની જન્મભૂમિ અને કર્મભૂમિ પણ કહેવાય છે.
- ✓ વિશ્વભરમાં ચર્ચિત આ આંદોલન શરૂ કરનારા ગૌરા દેવી આ ગામના જ રહેવાસી હતા.
- ✓ આ આંદોલનમાં મહિલાઓએ વૃક્ષો કપાતા રોકવા જીવની બાજી લગાવી દીધી હતી પણ પર્યાવરણ બચાવવા માટેના તે આંદોલનને જન્મ આપનારૂં આ ગામ હવે પર્યાવરણના કારણોથી જ ખાલી થવાના આરે છે.
- ✓ લોકોના મનમાં તેમના ગામ પ્રત્યે લગાવ અને તે ઐતિહાસિક ધરોહર બની જવાની ચિંતા પણ કમ નથી.
- ✓ હોનારતે ગામના ભવિષ્ય સામે સવાલ ઊભા કરી દીધા છે.
- ✓ ખાસ : નંદાદેવી ગ્લેશિયર દૂર્ઘટના સંદર્ભમાં

## ૭. દિન વિશેષ : 10 ફેબ્રુઆરી

### વિશ્વ કઠોળ દિવસ

- ✓ કઠોળના મહત્વને વધારવા માટે વર્ષ 2016ને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ જાહેર કરાયું હતું.




- ✓ આ પછી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 10 ફેબ્રુઆરીને વિશ્વ કઠોળ દિવસ તરીકે ઉજવવાનો ઠરાવ પસાર કર્યો હતો.
- ✓ પોષણયુક્ત કઠોળનો આહાર સ્વાસ્થ્ય માટે જરૂરી છે. કારણ કે તેમાં પ્રોટીનની માત્રા વધારે હોય છે.

- ✓ પાક ફેરબદલી તરીકે કઠોળને ખેતીની બે મોસમ વચ્ચે વાવવામાં આવે છે. જેથી, તેનાં મૂળમાં રહેલા (રાઈઝોબીયમ નામના) જીવાણું હવામાંના નાઇટ્રોજનનું પ્રોટીનમાં રૂપાંતર કરીને જમીન ફળદ્રુપ કરે છે.
- ✓ મગ, મઠ, ચણા, વાલ, અડદ, રાજમા, સોયાબીન વગેરે કઠોળના ઉદાહરણ છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૨-૨૦૨૧)

1. ફેબ્રુઆરી-૨૦૨૧માં ગુજરાતની મહાનગરપાલિકાઓમાં મેયર પદ માટે ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા અનામત અંગે નિયમ બહાર પડાયા હતા - **શહેરી વિકાસ વિભાગ**
2. ફેબ્રુઆરી-૨૦૨૧માં ગુજરાતની મહાનગરપાલિકાઓમાં મેયર પદ માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા અનામત અંગે બહાર પડાયેલા નિયમ મુજબ પાંચ વર્ષમાં કેટલા સમય માટે મેયર બદલાશે - **દર અઢી વર્ષે**
3. શહેરી વિકાસ વિભાગે કઈ એક્ટની કલમ ૪૫૬ હેઠળ ૨૧ ફેબ્રુઆરી-૨૦૨૧એ યોજાનારી છ મહાનગર પાલિકાની ચૂંટણી બાદ મેયરોની ચૂંટણી કરવા માટે અનામતની જોગવાઇઓ જાહેર કરી છે - **ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન**
4. ફેબ્રુઆરી-૨૦૨૧માં ગુજરાત સરકાર દ્વારા જમીન સંપાદન સાથે ખેડૂતોને કઈ બાબત અંગે વળતરના દરમાં સુધારો કરાયો - **વૃક્ષો**
5. ગુજરાતમાં વિકાસ કામોમાં સંપાદિત થતી જમીનોની સાથે તે જમીન પર ખેડૂતો દ્વારા ઉછેરવામાં આવેલા ફળાઉ અને અન્ય પ્રકારના વૃક્ષોના વળતરના દરમાં કેટલા વર્ષ બાદ સુધારો કરાયો – **૨૭**
6. ગુજરાતમાં વિકાસ કામોમાં સંપાદિત થતી જમીનોની સાથે તે જમીન પર ખેડૂતો દ્વારા ઉછેરવામાં આવેલા આંબા, ચીકુ તથા ચંદનના વૃક્ષો માટે કેટલુ વળતર ચૂકવાશે – **અનુક્રમે રૂ. ૪૦,૮૦૦/-, રૂ. ૩૮,૪૦૦/- તથા રૂ. ૫૦,૦૦૦/-**
7. ગુજરાતમાં વિકાસ કામોમાં સંપાદિત થતી જમીનોની સાથે તે જમીન પર ખેડૂતો દ્વારા ઉછેરવામાં આવેલા ફળાઉ અને અન્ય પ્રકારના વૃક્ષોના વળતરના દરમાં સુધારા અંગેની સત્તા કોને આપવામાં આવી છે - **સંપાદન અધિકારી**
8. ઉત્તરાખંડનું કયુ ગામ વર્ષ 1970ના ચિપકો આંદોલનની જન્મભૂમિ અને કર્મભૂમિ પણ કહેવાય છે - **રૈણી ગામ**
9. વર્ષ 1970ના ચિપકો આંદોલન શરૂ કરનારા કોણ હતા - **ગૌરા દેવી**
10. તા.૧૦મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ રાજ્યસભામાં દેશના કેટલા પોર્ટને સ્વાયત્તતા આપતું બિલ પસાર થયુ હતુ – **૧૨**
11. તા.૧૦મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ રાજ્યસભામાં દેશના મેજર ૧૨ પોર્ટને સ્વાયત્તતા આપતું કયુ બિલ પસાર થયુ હતુ - **મેજર પોર્ટ્સ ઓટોનિમી બિલ-2020**
12. મેજર પોર્ટ્સ ઓટોનિમી બિલ-2020નો ઉદ્દેશ જણાવો - **પોર્ટ્સને સ્વાયતત્તા આપવાનો**
13. વર્તમાન કેન્દ્રીય પોર્ટ્સ, શિપિંગ અને વોટરવે રાજ્ય પ્રધાન કોણ છે - **મનસુખ માડવિયા**
14. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા આરોગ્ય ખર્ચની ટકાવારી અંગે રાજ્યોનું રેન્કિંગ 2020-21 જાહેર કરાયું - **RBI**
15. વર્ષ 2020-21માં આરોગ્ય ખર્ચ પાછળ થતાં બજેટના ખર્ચની બાબતમાં ગુજરાતનો ક્રમ જણાવો - **15મો**
16. ગુજરાત સરકારે વર્ષ 2020-21માં કુલ અંદાજપત્રમાંથી કેટલા ટકા રકમ આરોગ્ય માટે ફાળવી છે - **5.2 ટકા**
17. RBIના રેન્કિંગ મુજબ આરોગ્ય ખર્ચ પાછળ સૌથી વધુ ખર્ચ કરતું રાજ્ય અને ટકાવારી- **દિલ્હી અને 11.9 ટકા**
18. ભારતમાં સૌપ્રથમવાર તાજેતરમાં કઈ સાઈટ ઉપરથી વિશ્વના સૌથી પ્રાચીન અને રેર જીવોના અવશેષો મળી આવ્યા છે – **ભીમબેટકા રોક શેલ્ટર્સ**
19. ભીમબેટકા રોક શેલ્ટર્સ યુનેસ્કો સાઇટ ક્યાં આવેલી છે - **ભોપાલ, મધ્ય પ્રદેશ**
20. જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા વિશ્વના સૌથી પ્રાચીન કયા પ્રાણીના અવશેષો તાજેતરમાં સૌપ્રથમવાર ભારતમાંથી મળી આવ્યા - **ડિકિન્સોનિયા**
21. વિશ્વ કઠોળ દિવસ કયારે ઉજવવામાં આવે છે – **૧૦ ફેબ્રુઆરી**
22. કઠોળના મહત્વને વધારવા માટે કયા વર્ષને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ જાહેર કરાયું હતું – **વર્ષ-૨૦૧૬**
23. કઠોળમાં શાની માત્રા વધારે હોય છે - **પ્રોટીન**

## DATE : 11-02-2021

૧. નિર્ણય – ગુજરાત સરકાર

રાજ્યના ૯૪ બોર્ડ-કોર્પોરેશનના વધુ પારદર્શી વહીવટ માટે 'PROOF' સિસ્ટમ (વહીવટ)

✓ **અમલ : ૧લી એપ્રિલ ૨૦૨૧થી**

✓ જાહેર સાહસોને વધુ પારદર્શી બનાવવા રાજ્યના નાણા વિભાગે ૧લી એપ્રિલથી PSU રિપોર્ટિંગ ઓપોર્ચ્યુનિટી એન્ડ ફેસિલેશન-(PROOF) પ્રુફ સિસ્ટમને અમલમાં મુકવાની જાહેરાત કરી.

<u>ઉદ્દેશ્ય અને પ્રક્રિયા :</u>

✓ ભારત સરકારના અનેક વિભાગો, જાહેર સાહસોમાં પહેલાથી નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટર દ્વારા તૈયાર થયેલા પ્રુફ સોફ્ટવેરનો અમલ થઈ રહ્યો છે.

✓ ગુજરાતમાં નાણા વિભાગના અધિકારીઓ સાથેની બેઠકમાં જાહેર સાહસોની વિવિધ નાણાકીય બાબતોને આવરી લઈને માહિતીના એકત્રીકરણ કરવા તેમજ વિવિધ વિશ્લેષણાત્મક રિપોર્ટ્સ મેળવવા આ સોફ્ટવેરના અમલ સંદર્ભે તાજેતરમાં જ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના અધ્યક્ષસ્થાને પ્રુફનો અમલ નવા નાણાકિય વર્ષથી કરવાનો નિર્ણય લેવાયો હતો.

✓ <u>જેમાં ૧લી એપ્રિલ ૨૦૨૧ પછી ગુજરાત સરકારના</u> વહિવટી વિભાગો દ્વારા તેમના હેઠળના જાહેર સાહસોની નાણા વિભાગને રજૂ થતી દરખાસ્તો પ્રુફ સિસ્ટમમાં જરૂરી વિગતો ભર્યા નહિ હોય તો તેવી દરખાસ્તો (ફાઈલો) નાણા વિભાગ દ્વારા વિચારણામાં લેવામાં આવશે નહી, પરત મોકલાશે.

✓ આવા તમામ ૯૪ સાહસોને બોર્ડ, નિગમના કર્મચારીઓની સેવા વિષયક બાબતોની દરખાસ્તો, વિવિધ યોજના હેઠળ મંજૂર થતા લોનના વ્યાજ દર બાબત, ફાઈનાન્સ એકાઉન્ટસના સ્ટેટમેન્ટ નં.૧૪ની માહિતી, શેર સર્ટિફિકેટ્સ, ડિવિડન્ડ, કસ્ટોડિયન સહિત જેમાં નાણા વિભાગની મંજૂરી અનિવાર્ય હોય તેવી દરેક બાબતોની ફાઈલ પ્રુફ સિસ્ટમથી મોકલવી પડશે.

✓ PROOF : PSU રિપોર્ટિંગ ઓપોર્ચ્યુનિટી એન્ડ ફેસિલેશન

<u>૨. એવિએશન મંત્રાલય – ભારત સરકાર : દેશમાં વિમાન પ્રવાસના ભાડામાં લઘુત્તમ ૧૦ ટકાથી 30 ટકા સુધીનો વધારો (ઉડ્ડયન)</u>

✓ દેશમાં વિમાન પ્રવાસ હવે 30 ટકા મોંઘો થશે. સરકાર દ્વારા જુદાજુદા રૂટ્સ માટે ભાડાંમાં વધારો કરાયો છે.

✓ તમામ એરલાઇન્સ કોરોના પહેલાની તેના પ્રવાસીઓને વિમાનમાં લઈ જવાની કુલ ક્ષમતાનાં ૮૦ ટકા સુધી પ્રવાસીઓને વિમાનમાં લઈ જઈ શકશે.

✓ ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી આ નિયમ અમલમાં રહેશે.

✓ ભાડામાં મહત્તમ રૂ. ૫,૬૦૦નો અને લઘુતમ રૂ. ૨૦૦ સુધીનો વધારો કરાયો.

<u>3. ભારત-ચીન LAC સંબંધો : LAC પરથી બંને દેશોની સેના તબક્કાવાર પરત ખેંચવાનો પ્રારંભ</u>




<u>ભારત અને ચીન વચ્ચે થયેલી સમજૂતી</u>

✓ 1 એલએસી પરથી ટૂંકસમયમાં પ્રોટોકોલ પ્રમાણે સેનાઓ પાછી ખેંચી લેવાશે

✓ 2 પહેલા તબક્કામાં પેંગોંગ ત્સો લેકના ઉત્તર અને દક્ષિણ કિનારા પરથી સેનાઓ પાછી ખેંચાશે

✓ 3 ચીની સેના પેંગોંગના ઉત્તર કિનારાના ફિંગર એઇટની પૂર્વ સુધી પાછી ખસશે.

✓ 4 ભારતીય સેના ફિંગર ટુ અને થ્રી વચ્ચે આવેલી ધનસિંહ થાપા પોસ્ટ સુધી પાછી ખસશે.

✓ 5 નોર્થ બેન્ક પર પેટ્રોલિંગ સહિતની મિલિટરી પ્રવૃત્તિઓ હંગામી ધોરણે સ્થગિત રખાશે

✓ 6 બંને પક્ષ વચ્ચે સમજૂતી સધાયા બાદ જ આ વિસ્તારમાં પેટ્રોલિંગ શરૂ કરાશે.

<u>ભારત મંત્રણામાં 3 મહત્વના સિદ્ધાંતોને વળગી રહ્યો</u>

✓ 1 બંને દેશે ચુસ્તતાથી એલએસીનું સન્માન કરવું જોઇએ

✓ 2 કોઇપણ દેશે એકતરફી રીતે એલએસી પર સ્થિતિમાં બદલાવનો પ્રયાસ કરવો નહીં

✓ 3 એલએસી માટે બંને દેશ વચ્ચે થયેલા દ્વિપક્ષીય કરારો અને સમજૂતીઓનું સંપૂર્ણ પાલન કરવામાં આવે

<u>૪. ખેલકૂદ : ભારતની સ્ટાર મહિલા સ્પ્રિન્ટર દોડવીર હિમાદાસની આસામ પોલીસમાં DYSP તરીકે નિમણૂક</u>



✓ ઉપનામ : ઢિંગ એક્સપ્રેસ

<u>માપદંડ :</u>

✓ કેબિનેટે રાજ્ય સરકારના વિવિધ વિભાગમાં શ્રેણી-૧ અને શ્રેણી-૨માં ખેલાડીઓની વરણી અંગે પોતાની રમત-ગમત નીતિમાં સંશોધન કર્યું છે.

✓ ઓલિમ્પિક, એશિયન ગેમ્સ તથા કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતાઓને ક્લાસ-૧ ઓફિસર તરીકે જોબ આપવામાં આવશે.

કારકિર્દી :

✓ હિમા દાસ આઇએએએફ વર્લ્ડ અંડર-૨૦ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર એકમાત્ર ભારતીય મહિલા સ્પ્રિન્ટર છે.

✓ આસામના મુખ્યમંત્રી : શ્રી સર્વાનંદ સોનાવાલ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૨-૨૦૨૧)

1. ગુજરાત સરકાર દ્વારા બોર્ડ-કોર્પોરેશનમાં વધુ પારદર્શી વહિવટ માટે કઈ નવી સિસ્ટમનો અમલ કરાશે - **PROOF**
2. ગુજરાતમાં કઈ તારીખથી બોર્ડ કોર્પોરેશનમાં નવી PROOF સિસ્ટમ અમલી બનશે - **01 એપ્રિલ 2021**
3. PROOFનું વિસ્તૃત નામ જણાવો - **PSU રિપોર્ટિંગ અપોર્ચ્યુનિટી એન્ડ ફેસિલેશન**
4. ભારત સરકારના એવિએશન મંત્રાલય દ્વારા તાજેતરમાં વિમાની પ્રવાસ ભાડામાં મહત્તમ કેટલા ટકા સુધીનો વધારો કર્યો - **30 ટકા**
5. વિમાની ભાડાનો નવો નિયમ ભારતમાં આગામી ક્યાં સુધી લાગુ પડશે - **31 માર્ચ 2021**
6. ભારત સરકારના એવિએશન મંત્રાલય દ્વારા તાજેતરમાં વિમાની પ્રવાસ ભાડામાં લઘુતમ કેટલા ટકા સુધીનો વધારો કર્યો - **10 ટકા**
7. ફેબ્રુઆરી-૨૦૨૧માં ભારત-ચીન વચ્ચે LAC અંગે કઈ બાબત પર સમજૂતી થઈ – **તબક્કાવાર બંને દેશની સેના પાછી ખેંચવા અંગે**
8. ભારતની કઈ સ્ટાર મહિલા સ્પ્રિન્ટર દોડવીરની આસામ પોલીસમાં DYSP તરીકે નિમણૂક કરાઈ - **હિમાદાસ**
9. ભારતીય દોડવીર હિમાદાસનું ઉપનામ જણાવો - **ઢિંગ એક્સપ્રેસ**
10. કેન્દ્રીય કેબિનેટે રાજ્ય સરકારના વિવિધ વિભાગમાં કઈ શ્રેણીના ખેલાડીઓની વરણી અંગે રમત- ગમત નીતિમાં સંશોધન કર્યું - **શ્રેણી-૧ તથા ૨**
11. કેન્દ્ર સરકારની નવી રમત-ગમત નીતિ અંતર્ગત ઓલિમ્પિક, એશિયન ગેમ્સ તથા કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતાઓને કયા ઓફિસર તરીકે જોબ અપાશે - **ક્લાસ-૧**
12. IAAF વર્લ્ડ અંડર-૨૦ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર એકમાત્ર ભારતીય મહિલા સ્પ્રિન્ટરનું નામ જણાવો - **હિમાદાસ**
13. આસામના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શ્રી સર્વાનંદ સોનાવાલ**

## DATE : 12-02-2021

૧.અવસાન : ગુજરાતી ભજન સમ્રાટ જગમલ બારોટનું અવસાન




✓ વિશેષતા : સંતવાણી, ગરબા, લોકગીત અને દુહા-છંદ

✓ સ્થળ : બગદાણા-ભાવનગર

૨. રાજ્યસભા – કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકા અર્જૂન ખડગેની રાજ્યસભાના ૧૭માં વિપક્ષી નેતા તરીકે નિમણૂક (બંધારણ)

✓ રાજ્યસભાના સભાપતિ શ્રી એમ. વેંકેયા નાયડુ દ્વારા જાહેરાત

કારકિર્દી :

✓ કર્ણાટકના દલિત નેતા ખડગે ૨૦૧૪ થી ૨૦૧૯ દરમિયાન લોકસભામાં કોંગ્રેસ પક્ષનું નેતૃત્વ સંભાળી ચૂક્યા છે.

✓ વર્ષ ૨૦૧૯માં તેઓ લોકસભાની ચૂંટણી હારી જતાં પક્ષે તેમને રાજ્યસભામાં મોકલ્યા હતા.

✓ અગાઉ સાંસદ ગુલાબનબી આઝાદ નિવૃત્ત થતા પદ ખાલી હતુ.

✓ ખડગે ડિસેમ્બર, ૧૯૬૯ પછી રાજ્યસભાના ૧૭માં વિપક્ષી નેતા બન્યા.

રાજ્યસભાના વિપક્ષી નેતાનો ઈતિહાસ

✓ રાજ્યસભાના પ્રથમ વિપક્ષી નેતા શ્યામનંદન મિશ્રા.

✓ અત્યાર સુધી કુલ ૧૩ સભ્યો આ પદે રહ્યા, જેમાં એમ.એસ. ગુરૂપાદસ્વામી, કમલાપતિ ત્રિપાઠી, ભોલા પાસવાન શાસ્ત્રી, એલ. કે. અડવાણી, પી. શિવશંકર,

જયપાલ રેડ્ડી, સિકંદર બખ્ત, એસ.બી. ચવાણ, મનમોહન સિંઘ, જસવંત સિંઘ, અરૂણ જેટલી અને ગુલાબનબી આઝાદનો સમાવેશ થયો હતો.

- ✓ આઝાદ ૬ વર્ષ અને ૯ માસ જેટલા મહત્તમ સમયગાળા માટે રાજ્યસભાના વિપક્ષી નેતા રહ્યા. એ પછીના ક્રમે સિકંદર બખ્ત (૫ વર્ષ, ૧૦ માસ), મનમોહન સિંઘ (૫ વર્ષ, ૯ માસ), અરૂણ જેટલી (૫ વર્ષ, ૨ માસ) અને જસવંત સિંઘ (૫ વર્ષ) માટે ઉપલા ગૃહમાં વિપક્ષી નેતાપદે રહ્યા.

## ૩.ફેમિલી પેન્શન:કેન્દ્ર સરકાર (વહીવટ)

**સરકારી કર્મચારીના મૃત્યુ પછી અપાતા ફેમિલી પેન્શનની ઉપલી મર્યાદા અઢી ગણી વધારી રૂ. 75 હજારથી રૂ. 1.25 લાખ કરાઈ**

**નવી જોગવાઈ :**

- ✓ આ પહેલા આ મર્યાદા મહત્તમ 45 હજાર હતી.

**ફેમિલી પેન્શન માટે 2 પ્રકાર :**

- ✓ (1) મહત્તમ વેતન મર્યાદાના 50 ટકા
- ✓ (2) 30 ટકા પેન્શનની જોગવાઈ.
- ✓ તે સમયે 90 હજારની મહત્તમ પેન્શન સીમા ગણીને 50 ટકા પેન્શનવાળાને 45 હજાર અને 30 ટકા વાળાને 27 હજાર રૂપિયા દર મહિને મળતા હતા.
- ✓ કેન્દ્રીય કર્મિક રાજ્ય મંત્રી : શ્રી જીતેન્દ્રસિંહ

## ૪. કર્ણાટક : વિજયનગર કર્ણાટકનો ૩૧મો નવો જિલ્લો ઘોષિત (ભૂગોળ)

- ✓ ઐતિહાસિક મહત્વ: એક સમયે વિજયનગર રાજ્ય હતુ.
- ✓ શાસક જોડી : કૃષ્ણદેવરાય અને તેનાલીરામન

## ૫. વર્લ્ડ વાઈલ્ડ ફોટોગ્રાફર ઓફ ધ યર-૨૦૨૧

- ✓ વિજેતા : રોબર્ટ ઈરવીન
- ✓ દેશ : ઓસ્ટ્રેલિયા


## ૬. એશિયાની ટેકટોનિક પ્લેટમાં ફેરફાર (ખગોળ વિજ્ઞાન)

- ✓ ભારત આશરે 47 મી.મી. પ્રતિ વર્ષની ઝડપે એશિયા સાથે અથડાઈ રહ્યું છે
- ✓ ટેક્ટોનિક પ્લેટોમાં આ ટક્કરને કારણે જ ભારતીય ઉપખંડમાં અનેકવાર ભૂકંપ આવતા રહે છે.
- ✓ ગુજરાતના કચ્છમાં 2001માં આવેલા આવા જ ભૂકંપમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા.
- ✓ જોકે ભૂજળમાં ઘટાડો થવાથી ટેક્ટોનિક પ્લેટોની ગતિ ગત થોડાક સમયમાં ધીમી પડી છે.
- ✓ વિજ્ઞાનીઓના જણાવ્યા મુજબ 6 કે તેથી વધુના રિક્ટર સ્કેલ પર આવતા ભૂકંપ ખતરનાક હોય છે.
- ✓ સંદર્ભ : તાજેતરમાં ૧૨ ફેબ્રુઆરીએ તઝાકિસ્તાનમાં ભૂકંપના ૬.૧ના બે આંચકા આવ્યા હતા. જેની અસર તઝાકિસ્તાન, ભારત અને પાકિસ્તાનમાં પણ થઈ હતી

## ૭. દિન વિશેષ : ૧૧ ફેબ્રુઆરી ઈન્ટરનેશનલ ડે ઓફ વિમેન એન્ડ ગર્લ્સ ઈન સાયન્સ

- ✓ **થીમ-૨૦૨૧ : 'Women Scientists at the forefront of the fight against COVID-19'**

## ૮. જન્મ દિન વિશેષ : ૧૨ ફેબ્રુઆરી વેદ તરફ પાછા વળોનો મંત્ર આપનાર મહર્ષિ દયાનંદ સરસ્વતી




જન્મ - ૧૨ ફેબ્રુઆરી-૧૮૨૪અવસાન – 30 ઓક્ટોબર-૧૮૮૩

- ✓ ક્રાંતિકારી સમાજસુધારક સ્વામી દયાનંદનો જન્મ મહા વદ દસમ, ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૪ના રોજ મોરબી પાસેના ટંકારા ગામે બ્રાહ્મણ પરિવારમાં જન્મ થયો હતો.
- ✓ બાળપણનું નામ - મૂળશંકર
- ✓ એક દિવસે મૂળશંકર સત્યની ખોજમાં ઘરેથી નીકળી ગયા. સંસારની ભૌતિકતાથી દૂર ચાલતાં ચાલતાં નર્મદા નદી પર આવ્યા.
- ✓ પરમહંસ પરમાનંદજી પાસે વેદાન્તનો અભ્યાસ કર્યો. અહીંથી આગળ દંડી સ્વામીના પરિચયમાં આવ્યા અને દ્વારકા સંઘમાં સામેલ થઈ ગયા.
- ✓ મૂળશંકર દંડી સ્વામીના જ્ઞાનથી પ્રભાવિત થયા. દંડી સ્વામી પણ મૂળશંકરના વિવેકથી પ્રસન્ન થયા અને દીક્ષા આપી દયાનંદ સરસ્વતી નામ આપ્યું. ફક્ત એક વર્ષમાં ધર્મશાસ્ત્રનું અધ્યન કર્યું.
- ✓ ગુરુની ખોજમાં ગુજરાત છોડીને કાશી ચાલ્યા ગયા. ત્યાં યોગાભ્યાસ કર્યો. એના પછી દૃઢ મનોબળની સાથે હિમાલયમાં તપસ્યા કરી.
- ✓ યોગ્ય ગુરુ તો ન મળ્યા, પરંતુ આત્મજ્ઞાન મળી ગયું. ત્યાર બાદ અવધૂત અવસ્થામાં રહ્યા.
- ✓ ૧૦-૧૨ વર્ષની તપસ્યા પછી સ્વામી દયાનંદ સરસ્વતી દિવ્ય ચેતનાના સ્વામી બની ગયા. પરંતુ આત્મકલ્યાણની

સાથે દેશની હાલત, ધર્મનું પતન, દંભ, પાખંડ વગેરે દેશમાંથી કેમ દૂર કરવાં? આ એમના મનમાં વ્યથા હતી.

- ✓ દેશની સંસ્કૃતિને કેમ બચાવવી આ જ વિચાર કરતા હતા. હિંદુ ઉદ્ધાર માટે એમણે કઠોર પરિશ્રમ કર્યો હતો.
- ✓ તેમણે મુર્તિપૂજાનો વિરોધ, વિધવા વિવાહ સમર્થન, હરિજનોને યજ્ઞોપવીત, પશુબલિનો વિરોધ, બુરખા પ્રથાનો વિરોધ, પરજ્ઞાતીય લગ્નો, વગેરે અંગે નવું ચિંતન પ્રગટ કર્યું.
- ✓ તેમણે બ્રિટિશ શાસન, ઇસ્લામિક–ખ્રિસ્તી ધર્મ સાંસ્કૃતિક આક્રમણ અને હિંદુ ધર્મમાં પરિવર્તનની આડે આવતાં સાંપ્રદાયિક બળો સામે મોરચો માંડયો હતો.
- ✓ ૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના કરી હતી.
- ✓ હરિદ્વાર, આગ્રા, કાનપુર, કાશી, કોલકાતા, અલીગઢ, મથુરા, વૃંદાવન, અલ્હાબાદ, મુંબઈ દરેક જગ્યાએ એમને માનવસન્માન મળ્યું. પછી પોતાનું કાર્યક્ષેત્ર ઉત્તર ભારત બનાવ્યું.
- ✓ આજે પણ એમનું કીર્તિમંદિર પંજાબમાં છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી રાજસ્થાન તરફ ચાલ્યા ગયા જયાં ઘણા ધર્મના કાર્યક્રમો યોજયા હતા.
- ✓ દેશી રાજયોના રાજાઓને ધર્મ તરફ આકર્ષિત કર્યા.
- ✓ જોધપુરના રાજા જશવંત સિંહ પણ એનાથી પ્રભાવિત થયા અને ભોગવિલાસ અને વ્યસનથી દૂર રહ્યા હતા.
- ✓ કહેવાય છે કે મહારાજા જશવંત સિંહની રખાત “નન્હિ ભક્તન્” તેમજ સ્વામિના વિરોધી એવા પંડિતો, મુલ્લાઓ અને અંગ્રેજો સાથે મળીને, રસોઈયાની મદદથી જગન્નાથની સાથે ઝેરવાળું દૂધ મોકલ્યું એનાથી દયાનંદ સરસ્વતીનું મૃત્યુ ૩૦ ઓક્ટોબર ૧૮૮૩ના રોજ થયું હતું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૨-૨૦૨૧)</u>

1. તાજેતરમાં અવસાન પામેલ જગમાલ બારોટનું ક્ષેત્ર જણાવો - **<u>ગુજરાતી ભજન સમ્રાટ</u>**
2. તાજેતરમાં રાજ્યસભામાં વિપક્ષના નેતા તરીકે કોની પસંદગી કરાઈ - **<u>કોંગ્રેસી નેતા મલ્લિકાર્જુન ખડગે</u>**
3. તાજેતરમાં રાજ્યસભામાં કેટલામાં વિપક્ષી નેતા તરીકે મલ્લિકાર્જુન ખડગેની નિમણૂક કરાઈ - **<u>17મા</u>**
4. રાજ્યસભામાં વિપક્ષી નેતા તરીકેની જાહેરાત કોના દ્વારા કરવામાં આવે છે - **<u>રાજ્યસભાના સભાપતિ</u>**
5. કોંગ્રેસી નેતા મલ્લિકાર્જુન ખડગેનું રાજ્ય જણાવો - **<u>કર્ણાટક</u>**
6. રાજ્યસભાના પ્રથમ વિપક્ષી નેતાનું નામ જણાવો - **<u>શ્યામનંદન મિશ્રા</u>**
7. વર્તમાનમાં રાજ્યસભાના સભાપતિનું નામ જણાવો - **<u>ઉપરાષ્ટ્રપતિશ્રી વેંકૈયા નાયડુ</u>**
8. કેન્દ્ર સરકાર દ્વારા સરકારી કર્મચારીના મૃત્યુ પછી અપાતા ફેમિલી પેન્શનની ઉપલી મર્યાદા કેટલાથી વધારીને તાજેતરમાં કેટલી કરાઈ - **<u>અગાઉ રૂ. 75 હજાર હવે રૂ. 1.25 લાખ</u>**
9. કેન્દ્રીય કર્મિક રાજ્યમંત્રીનું નામ જણાવો - **<u>શ્રી જીતેન્દ્રસિંહ</u>**
10. તાજેતરમાં કર્ણાટક સરકાર દ્વારા કયો 31મો નવો જિલ્લો જાહેર કરાયો - **<u>વિજયનગર</u>**
11. તાજેતરમાં 'વર્લ્ડ વાઇલ્ડ ફોટોગ્રાફર ઓફ ધી યર'-2021 એવોર્ડ કોને અપાયો અને દેશ જણાવો - **<u>રોબર્ટ ઇરવીન અને ઓસ્ટ્રેલિયા</u>**
12. ભૂસ્તર વિજ્ઞાનીઓ મુજબ કેટલા રિક્ટર સ્કેલથી વધુનો ભૂકંપ ખતરનાક કહેવાય છે - **<u>6 કે તેથી વધુ</u>**
13. તાજેતરમાં 12 ફેબ્રુઆરી 2021ના રોજ 6.1 રિક્ટર સ્કેલનો ભૂકંપ કયા દેશમાં આવ્યો હતો જેની અસર ભારત સુધી થઈ હતી - **<u>તઝાકિસ્તાન</u>**
14. વિશ્વભરમાં 11 ફેબ્રુઆરી કયા દિવસ તરીકે ઉજવાય છે- **<u>ઇન્ટરનેશનલ ડે ઑફ વિમેન એન્ડ ગર્લ્સ હેર સ્ટાઈલ</u>**
15. ઇન્ટરનેશનલ ડે ઑફ વિમેન એન્ડ ગર્લ્સ હેર સ્ટાઈલ-૨૦૨૧ની થીમ જણાવો - <u>'Women Scientists at the forefront of the fight against COVID-19'</u>
16. આર્યસમાજની સ્થાપના કોણે અને ક્યારે કરી હતી - **<u>મહર્ષિ દયાનંદ સરસ્વતી અને વર્ષ-૧૮૭૫</u>**
17. મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જન્મ દિવસ જણાવો - **<u>૧૨ ફેબ્રુઆરી-૧૮૨૪</u>**

**DATE : 13-02-2021**

<u>૧. કેવડિયા : ૧૦મો ભારતીય સ્થાનિક ટૂર ઓપરેટર્સ સંગઠન (ADTOI) ત્રિદિવસીય વાર્ષિક સંમેલન (પ્રવાસન)</u>

- ✓ <u>કેન્દ્રીય પર્યટન અને સાંસ્કૃતિક મંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી પ્રહલાદસિંહ પટેલે</u> વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુજરાતના કેવડિયા ખાતે ભારતીય સ્થાનિક ટૂર ઓપરેટર્સ


સંગઠન (ADTOI)ના ત્રિદિવસીય વાર્ષિક સંમેલનનો શુભારંભ કરાવ્યો

- ✓ કેવડિયામાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે આવેલી ટેન્ટ સિટી 2માં ADTOIના 10મા વાર્ષિક સંમેલન-કમ-પ્રદર્શનનો પ્રારંભ.
- ✓ થીમ : 'સ્થાનિક પર્યટન- પુનરુત્કર્ષની આશા – દેખો અપના દેશ'
- ✓ ત્રણ દિવસનું આ સંમેલન પર્યટન મંત્રાલય અને ADTOI દ્વારા સંયુક્ત રીતે ગુજરાત ટુરીઝમના સહયોગથી યોજવામાં આવ્યું છે.

**ઉદ્દેશ :**

- ✓ દેશમાં સ્થાનિક પર્યટનને પુન: ધબકતુ કરવા માટે જાહેર જનતામાં મુસાફરી માટે વિશ્વાસનું નિર્માણ કરવાનો
- ✓ આ કાર્યક્રમમાં સમગ્ર ભારતમાંથી ADTOIના સભ્યો, હોટેલ ક્ષેત્રના અગ્રણીઓ, એરલાઇન્સના પ્રતિનિધિઓ, વરિષ્ઠ સરકારી અધિકારીઓ, મીડિયાના કર્મચારીઓ તેમજ પર્યટન ક્ષેત્રના અન્ય હિતધારકો સહિત અંદાજે 400 પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.
- ✓ આ સંમેલનના બીજા દિવસે 'એકતા મેરેથોન'નું પણ આયોજન
- ✓ કેવડિયા સિટી ટૂર યોજવામાં આવશે જેમાં જંગલ સફારી, ન્યૂટ્રીશન પાર્ક અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવા મહત્વના સ્થળોને આવરી લેવામાં આવશે.
- ✓ કાર્યક્રમમાં સ્થાનિક પર્યટન, વિવિધ સરકારી યોજનાઓ અંગે પ્રેઝન્ટેશન અને સત્રોનું આયોજન કરવામાં આવશે જેથી ટૂર ઓપરેટર્સને MDA યોજના સહિત વિવિધ યોજનાની સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય.

## ૨. ૪૭મો ખજૂરાહો નૃત્ય સમારોહ-મધ્યપ્રદેશ (કલા)




- ✓ સમયગાળો : તા. ૨૦ થી ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૧
- ✓ મુખ્યમંત્રી : શ્રી શિવરાજસિંહ ચૌહાણ

## ૩. જમ્મુ-કાશ્મીર રિઓર્ગેનાઇઝેશન (પુન: રચના) બિલ ૨૦૨૧ સંસદમાં પસાર (બંધારણ)

**બિલની જોગવાઈ :**

- ✓ ઓલ ઇન્ડિયા સર્વિસિઝ અધિકારીની જમ્મુ-કાશ્મીર કેડરને અરૂણાચલપ્રદેશ, ગોવા, મિઝોરમ યુનિયન ટેરિટરી કેડર સાથે સાંકળી લેતા જમ્મુ-કાશ્મીર રિઓર્ગેનાઇઝેશન (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૧ને લોકસભા દ્વારા ધ્વનિ મતથી પસાર કરાયું.
- ✓ રાજ્યસભામાં આ ખરડો પસાર થઈ ચૂક્યો છે તેથી હવે આ બિલ રાષ્ટ્રપતિના હસ્તાક્ષર માટે મોકલી અપાશે.
- ✓ મંત્રાલય : ગૃહ

## ૪. ખેલકૂદ : ઇશાંત શર્મા ૩૦૦ ટેસ્ટ વિકેટ લેનારા ત્રીજા ભારતીય બોલર બન્યા




## ૫. વૈષ્ણવી કુંભ-૨૦૨૧ (ધર્મ)

- ✓ સ્થાન : વૃંદાવન, ઉત્તરપ્રદેશ
- ✓ પ્રારંભ : ૧૪ ફેબ્રુઆરી-૨૦૨૧
- ✓ સમયગાળો : કુલ-૪૦ દિવસ
- ✓ નદી : યમુના
- ✓ વૈષ્ણવી કુંભ અથવા લઘુકુંભ તરીકે ઓળખાય છે

## ૬. વર્લ્ડ બેન્ક : ભારતમાં રોડ સેફ્ટી અંગે અહેવાલ (માર્ગ સુરક્ષા)

**અહેવાલના મહત્વના તારણો :**

- ✓ વિશ્વમાં રોડ અકસ્માતનો ભોગ બનનારામાં ૧૦ ટકા ભારતીયો.
- ✓ રોડ અકસ્માતોમાં મૃત્યુ બાબતે ભારત પ્રથમ : દૈનિક ૪૧૫ લોકોના મોત
- ✓ વર્ષ-૨૦૧૯માં માર્ગ અકસ્માતોમાં ૧.૫૧ લાખથી વધુ લોકોએ જીવન ગુમાવ્યા

## ૭. ગૂગલ મેપ્સ : ISRO અને 'માય મેપ ઈન્ડિયા'ના સંયુક્ત ઉપક્રમે સ્વદેશી ગૂગલ મેપ્સ તૈયાર કરાશે

- ✓ માય મેપ ઈન્ડિયા છેક 1995થી ડિજિટલ મેપ સેવા આપે છે
- ✓ માય મેપ ઈન્ડિયા એ ભારતીય ટેકનોલોજી કંપની છે, જે મુખ્યત્વે નકશા સંબંધિત સેવા આપે છે.
- ✓ કાર્યો : માય મેપ ઈન્ડિયાએ ભારતના તમામ 7.5 લાખ ગામ, 7500થી વધારે શહેર તથા 63 લાખ કિલોમીટર લાંબા રસ્તાના નકશા તૈયાર કર્યાં છે.

૮. દક્ષિણ કોરિયા : વિશ્વનું સૌથી મોટું ઑફશોર વિન્ડ ફાર્મ બનાવશે (ગ્રીન એનર્જી)

- ✓ ખર્ચ : ૪૩ અબજ ડોલર
- ✓ લક્ષ્યાંક:૮.૨ ગિગાવોટ વીજળી પેદા કરશે.

૯. દિન વિશેષ : ૧૩ ફેબ્રુઆરી

(1) વિશ્વ રેડિયો દિવસ




- ✓ **થીમ-૨૦૨૧ : "New World, New Radio"**
- ✓ **વર્તમાન સ્થિતિ- ૯૨ ભાષાઓ અને બોલીઓમાં ૬૦૭ સમાચાર બૂલેટિનો પ્રસારિત**
- ✓ **ભારતમાં આકાશવાણીની સ્થાપના – ૧૯૩૬**
- ✓ યુ.એન. દ્વારા રેડિયો દિવસ ઉજવવાની શરુઆત વર્ષ 2012થી કરવામાં આવી.
- ✓ રેડિયોના શોધક - જી. માર્કોની

(2) રાષ્ટ્રીય મહિલા દિવસ : હિંદના બૂલબૂલ સરોજિની નાયડુના જન્મદિવસની યાદમાં




૧૦. જન્મ દિન વિશેષ : 13 ફેબ્રુઆરી ભારતનાં બુલબુલ : સરોજિની નાયડુ




જન્મ - 13 ફેબ્રુઆરી-1879 અવસાન- 2 માર્ચ-1949

- ✓ ભારતનાં કોકિલા, બુલબુલ તરીકે પ્રસિદ્ધ મહાન સ્વતંત્રતા સેનાની સરોજિની નાયડુ જન્મ દિવસ.
- ✓ મૂળ બાંગ્લાદેશી પણ હૈદરાબાદમાં જન્મેલાં સરોજિની માતાપિતાનાં આઠ સંતાનો પૈકી સૌથી મોટાં હતાં, ઉમદા પારિવારિક અને શૈક્ષણિક વારસો ધરાવતા સરોજિનીએ 12 વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા સમગ્ર મદ્રાસ ઇલાકામાં પહેલા નંબરે પાસ કરી હતી.
- ✓ તેઓ નિઝામની શિષ્યવૃત્તિ પર બ્રિટનમાં ભણ્યાં હતાં. અભ્યાસ પછી 1914માં મહાત્મા ગાંધીને મળ્યા પછી તેઓના પટ્ટશિષ્યા બની ગયાં.
- ✓ ધરાસણા સત્યાગ્રહમાં ગાંધીજીની ધરપકડ પછી સરોજિનીએ સત્યાગ્રહનું નેતૃત્વ સંભાળ્યું. કઠોર અત્યાચારો સહન કર્યા.
- ✓ 1942ના હિંદ છોડો આંદોલનમાં ભાગ લઈ 21 મહિનાની નાયડુ જેલની સજા ભોગવી હતી.
- ✓ કોંગ્રેસનાં પહેલાં મહિલા પ્રમુખ તથા ભારતના પહેલાં મહિલા રાજ્યપાલ સરોજિની નાયડુનું 2 માર્ચ 1949ના રોજ લખનૌમાં અવસાન થયું હતું.
- ✓ ભારત સરકારે 13 ફેબ્રુઆરી 1964ના રોજ તેમની સ્મૃતિમાં 15 પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૨-૨૦૨૧)

1. ફેબ્રુઆરી-૨૦૨૧માં નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે ભારતીય સ્થાનિક ટૂર ઓપરેટર્સ સંગઠન (ADTOI) નું કેટલામુ વાર્ષિક સંમેલન યોજાયુ - **૧૦મું**
2. વર્તમાન કેન્દ્રીય પર્યટન અને સાંસ્કૃતિક મંત્રી કોણ છે - **શ્રી પ્રહલાદસિંહ પટેલ**
3. કેવડિયા ખાતે યોજાયેલા ૧૦માં ભારતીય સ્થાનિક ટૂર ઓપરેટર્સ સંગઠન (ADTOI) સંમેલની થીમ જણાવો - **'સ્થાનિક પર્યટન- પુનરુત્કર્ષની આશા – દેખો અપના દેશ'**
4. તા. ૨૦ થી ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૧ દરમિયાન મધ્યપ્રદેશ ખાતે કેટલામો ખજૂરાહો નૃત્ય સમારોહ યોજાયો - **૪૭મો**
5. મધ્યપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શ્રી શિવરાજસિંહ ચૌહાણ**
6. ફેબ્રુઆરી-૨૦૨૧માં ઓલ ઇન્ડિયા સર્વિસિઝ અધિકારીની જમ્મુ-કાશ્મીર કેડરને અરુણાચલપ્રદેશ, ગોવા, મિઝોરમ યુનિયન ટેરિટરી કેડર સાથે સાંકળી લેતા કયા બિલને લોકસભા દ્વારા ધ્વનિ મતથી પસાર કરાયું - **જમ્મુ-કાશ્મીર રિઓર્ગેનાઇઝેશન (પુન:રચના) બિલ ૨૦૨૧**
7. ફેબ્રુઆરી૨૦૨૧માં કયો ભારતીય બોલર ૩૦૦ ટેસ્ટ વિકેટ લેનારો ત્રીજા ભારતીય બોલર બન્યો - **ઇશાંત શર્મા**
8. ૧૪ ફેબ્રુઆરીથી કયા સ્થળે વૈષ્ણવી કુંભ-૨૦૨૧નો પ્રારંભ થશે - **વૃંદાવન, ઉત્તરપ્રદેશ**
9. વર્લ્ડ બેન્કના તાજેતરના ભારતમાં રોડ સેફ્ટી અંગેના અહેવાલ મુજબ વિશ્વમાં રોડ અકસ્માતનો ભોગ બનનારામાં ભારતીયોની ટકાવારી જણાવો - **૧૦ ટકા**

10. વર્લ્ડ બેન્કના તાજેતરના રોડ સેફ્ટી અંગેના અહેવાલ મુજબ રોડ અકસ્માતોમાં મૃત્યુ બાબતે દૈનિક ૪૧૫ લોકોના મોત સાથે પ્રથમ ક્રમે કયો દેશ છે - **ભારત**
11. કઈ બે ભારતીય સંસ્થા સંયુક્તરૂપે સ્વદેશી ગૂગલ મેપ્સ તૈયાર કરશે - **ISRO અને 'માય મેપ ઈન્ડિયા'**
12. માય મેપ ઈન્ડિયા કયા વર્ષથી ડિજિટલ મેપ સેવા આપે છે – **વર્ષ ૧૯૯૫**
13. કયો દેશ વિશ્વનું સૌથી મોટું ઑફશોર વિન્ડ ફાર્મ બનાવશે - **દક્ષિણ કોરિયા**
14. વિશ્વ રેડિયો દિવસ કયારે મનાવવામાં આવે છે – **૧૩ ફેબ્રુઆરી**
15. વિશ્વ રેડિયો દિવસ-૨૦૨૧ની થીમ જણાવો - **"New World, New Radio"**
16. **ભારતમાં આકાશવાણીની સ્થાપના કયારે થઈ હતી – વર્ષ ૧૯૩૬**
17. યુ.એન. દ્વારા રેડિયો દિવસ ઉજવવાની શરુઆત કયારથી કરવામાં આવી - **વર્ષ 2012**
18. રેડિયોના શોધક કોણ હતા - **જી. માર્કોની**
19. હિન્દના બુલબુલ સરોજની નાયડુનો જન્મદિવસ જણાવો- **13 ફેબ્રુઆરી**
20. ભારતમાં 13 ફેબ્રુઆરી કયા દિવસ તરીકે ઉજવાય છે- **રાષ્ટ્રીય મહિલા દિવસ**
21. ભારતમાં 'રાષ્ટ્રીય મહિલા દિવસ' કયા મહિલાના જન્મદિવસની યાદમાં ઉજવાય છે- **સરોજની નાયડુ**
22. કોંગ્રેસનાં પહેલાં મહિલા પ્રમુખ તથા ભારતના પહેલાં મહિલા રાજ્યપાલ કોણ હતા - **સરોજિની નાયડુ**

**DATE : 14-02-2021**

## ૧. PMKUY : કેન્દ્ર સરકારની PMKUY હેઠળ નોકરી આપવામાં ગુજરાત પ્રથમ રાજ્ય (રોજગારી)




**આંકડાકીય વિગતો :**

- ✓ પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનામાં ગુજરાત નોકરીઓ આપવામાં પ્રથમ નંબર મેળવ્યો છે.
- ✓ કેન્દ્ર પુરસ્કૃત રાજ્ય સંચાલિત સ્કીમ હેઠળ ૧૪,૪૫૧ને તથા કેન્દ્ર પુરસ્કૃત કેન્દ્રીય સંચાલિત સ્કીમ હેઠળ ૩૭,૨૪૨ને રોજગારી જુદા જુદા ૨૭ ક્ષેત્રોમાં રાજ્યમાં અપાઈ હતી.

**લક્ષ્યાંક :**

- ✓ ગુજરાતને સીએસએસએમ અને સીએસસીએમ હેઠળ અનુક્રમે ૫૯,૫૬૩ અને ૧,૨૭,૩૯૫નો લક્ષ્યાંક અપાયો હતો. જે પૈકી અનુક્રમે ૪૯,૫૫૦ અને ૮૦,૭૩૬ ઉમેદવારોની નોંધણી કરાઈ હતી અને એમાં અનુક્રમે ૩૭,૫૭૧ અને ૮૦,૭૩૬ને તાલીમ અપાઈ હતી.
- ✓ ગયા વર્ષે પણ એપ્રેન્ટિસશિપ અને સ્કિલ ડેવલપમેન્ટ ક્ષેત્રે ગુજરાત કરેલી કામગીરીને મંત્રાલય દ્વારા બિરદાવાઈ હતી.
- ✓ મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના શરૂ કરવામાં ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે અને દેશના કુલ એપ્રેન્ટિસમાં ગુજરાત ૩૦ ટકા હિસ્સો ધરાવે છે.
- ✓ ગુજરાત રોજગાર સેતુ નામક મોબાઇલ એપ લોન્ચ કાર્યરત.
- ✓ PMKUY: પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના
- ✓ મંત્રાલય : સ્કિલ ડેવલપમેન્ટ અને એન્ટરપ્રિન્યોરશિપ

## ૨. ફાસ્ટેગ સિસ્ટમ : દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર તા.૧૫ ફેબ્રુઆરીથી ફરજિયાત (માર્ગ સુવિધા)




- ✓ ફાસ્ટેગ : ઈલેટ્રોનિક ટોલ સિસ્ટમ
- ✓ કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના મધરાતથી તમામ વાહનો માટે ઇલેક્ટ્રોનિક ટોલ સિસ્ટમ ફાસ્ટેગ ફરજિયાત.

**લાભ :**

- ✓ ટોલ પ્લાઝા પર ફાસ્ટેગને ફરજિયાત બનાવવાથી ડિજિટલ મોડમાં પેમેન્ટને પ્રોત્સાહન આપવામાં મદદ થશે, ટોલ પ્લાઝા પર વાહનોને લાંબી કતારોમાં રાહ જોવી નહીં પડે અને તેના કારણે ઇંધણોની ખપતમાં પણ બચત થશે.
- ✓ ટોલ પ્લાઝા પર વાહનોની મૂવમેન્ટ અત્યંત સરળ બની રહેશે.
- ✓ આ પહેલાં કેન્દ્ર સરકારે ૧ જાન્યુઆરી ૨૦૨૧થી ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો હતો.

- ✓ જોકે કોરોના મહામારીને ધ્યાનમાં લેતાં તેનો અમલ ૧૫ ફેબ્રુઆરી સુધી લંબાવી દેવાયો હતો.
- ✓ તે સમયે સરકારે જણાવ્યું હતું કે, નેશનલ હાઇવે પરના ટોલ પ્લાઝાની હાઇબ્રીડ લેન્સમાં ૧૫ ફેબ્રુઆરી સુધી ફાસ્ટેગ અને રોકડ એમ બંને દ્વારા ટોલની ચુકવણી કરી શકાશે.

હાઇવે ફાસ્ટેગ વિશે...!

- ✓ વાહનચાલકે ટોલ પ્લાઝાની ફાસ્ટેગ લેનમાં ૨૫-૩૦ કિમીની ઝડપે પ્રવેશવું પડશે
- ✓ RFID ટેગ રીડ અને ઓથેન્ટિક થયા બાદ ગ્રીન લાઇટ થયે લેનમાંથી પસાર થશે
- ✓ ડ્રાઇવરે વાહન થોભાવવાનું રહેશે નહીં, વિલંબ કરશે તો બૂમ બેરિયર પડી જશે
- ✓ વાહનચાલકે હેન્ડહેલ્ડ રીડર સાથેના ટોલ પ્લાઝા સ્ટાફ દ્વારા ચેક કરાયા બાદ એક્ઝિટ લઇ શકાશે
- ✓ માન્ય ફાસ્ટેગ નહીં હોય તો વાહનચાલકે બમણો ટોલ ચૂકવવાનો રહેશે

**ક્યાંથી ખરીદી શકાશે - ફાસ્ટેગ**

- ✓ નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા ઓન ધ સ્પોટ ફાસ્ટેગની ખરીદી માટે ૪૦,૦૦૦ પોઇન્ટ ઊભા કરાયાં છે.
- ✓ ઉપરાંત એચડીએફસી બેન્ક, એક્સિસ બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, કોટક બેન્ક, પેટીએમ પેમેન્ટ બેન્ક અને આઇડીએફસી ફર્સ્ટ બેન્ક દ્વારા પણ ફાસ્ટેગ ઇશ્યૂ કરાઇ રહ્યાં છે.
- ✓ મંત્રી : શ્રી નીતિન ગડકરી
- ✓ મંત્રાલય : કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ

## ૩. મેઈન બેટલ ટેન્ક અર્જુન MK-1 (સંરક્ષણ)

- ✓ સ્વદેશી બેટલ ટેન્કનું વડાપ્રધાન મોદી દ્વારા રાષ્ટ્રને સમર્પિત
- ✓ સ્થાન : ચેન્નઈ, તામિલનાડુ



- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તામિલનાડુની રાજધાની ચેન્નઇ ખાતે આયોજિત સમારોહમાં મેઇન બેટલ ટેન્ક અર્જુન MK-1A ભારતીય સેનાને સર્મિપત કરી.

**કાર્યક્ષેત્ર :**

- ✓ તામિલનાડુમાં બનેલી અર્જુન મેઇન બેટલ ટેન્ક દેશને સુરક્ષિત રાખવા માટે ઉત્તરની સરહદો પર ફરજ બજાવશે.
- ✓ મેઇડ ઇન તામિલનાડુ ટેન્કે ભારતનું સાહસ પુરવાર કર્યું છે. દેશના બે ડિફેન્સ કોરિડોર પૈકીનો એક તામિલનાડુમાં સ્થપાઇ રહ્યો છે. આ કોરિડોરમાં રૂપિયા ૮,૧૦૦ કરોડનું રોકાણ થયું છે.

**અર્જુન મેઈન બેટલ ટેન્ક અને MK-1A વર્ઝન**

- ✓ મેઇન બેટલ ટેન્ક અર્જુન MK-1A ડીઆરડીઓના કોમ્બેટ વ્હિકલ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગ દ્વારા ડિઝાઇન અને તૈયાર કરવામાં આવી છે.
- ✓ આ કાર્યમાં ડીઆરડીઓની સાથે ૧૫ શૈક્ષણિક સંસ્થાનો, આઠ લેબોરેટરી અને સંખ્યાબંધ લઘુ અને મધ્યમ ઉદ્યોગો જોડાયાં છે.
- ✓ ડીઆરડીઓને ૧૧૮ ટેન્ક તૈયાર કરવા માટે રૂપિયા ૮૫૦૦ કરોડનો ઓર્ડર આપી દેવાયો છે. જેના કારણે ૨૦૦ ઇન્ડસ્ટ્રીને સપોર્ટ મળશે અને ૮૦૦૦ નોકરી ઊભી થશે.

**વડાપ્રધાન મોદી દ્વારા વિવિધ વિકાસ કાર્યોનું ઉદઘાટન**

**તામિલનાડુ :**

- ✓ રૂપિયા ૩,૭૭૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ચેન્નઇ મેટ્રો રેલ ફેઝ વન એક્સટેન્શન પ્રોજેક્ટનું ઉદ્દઘાટન
- ✓ ચેન્નઇ મેટ્રો પ્રોજેક્ટના ફેઝ ટુ માટે કેન્દ્રીય બજેટમાં રૂ. ૬૩,૦૦૦ કરોડની ફાળવણી
- ✓ રૂ. ૨૯૩.૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલી ૨૨.૧ કિમી લાંબી ચેન્નઇ બીચ-અથિપટ્ટુ રેલવે લાઇનનું ઉદ્ઘાટન
- ✓ રૂ. ૪૨૩ કરોડના ખર્ચે તૈયાર થયેલી વિલ્લુપુરમ-થાંજાવુર અને માયિલાદૃથુરાઇ-થિરુવરુર વીજળીકરણ કરાયેલી રેલવે લાઇનનું ઉદ્ઘાટન
- ✓ રૂ. ૧૦૦૦ કરોડના ખર્ચે તૈયાર થનારા આઇઆઇટી મદ્રાસ ડિસ્કવરી કેમ્પસનો શિલાન્યાસ
- ✓ રૂ. ૨૬૪૦ કરોડના ખર્ચે ગ્રાન્ડ એનિકટ કેનાલ સિસ્ટમના રિનોવેશનનો શિલાન્યાસ

**કેરળ :**

- ✓ રૂ. ૬૦૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા વિલિંગ્ડન આઇલેન્ડ્સ ખાતે બીપીસીએલના પેટ્રોકેમિકલ્સ પ્રોજેક્ટ અને વેસલ્સનું ઉદ્દઘાટન
- ✓ કોચીન પોર્ટ ટ્રસ્ટના સાઉથ કોલ બર્થનો શિલાન્યાસ, ઇન્ટરનેશનલ ક્રુઝ ટર્મિનલનું ઉદ્દઘાટન

✓ <u>કોચીન શિપયાર્ડના વિજ્ઞાન સાગર મરીન એન્જિનિયરિંગ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસનું ઉદ્દઘાટન</u>

**અર્જૂન મેઈન બેટલ ટેન્કનો ઈતિહાસ :**

✓ <u>૧૯૭૨માં ડીઆરડીઓ દ્વારા અર્જુન ટેન્કનો પ્રોજેક્ટ</u> શરૂ કરાયો

✓ ૧૯૯૬માં અવાડીની ઇન્ડિયન ઓર્ડિનન્સ ફેક્ટરીમાં માસ પ્રોડક્શન શરૂ

✓ ૨૦૦૪માં અર્જુનની ૧૬ ટેન્ક સેનાને સોંપાઇ

✓ ૨૦૦૯માં સેનાની પહેલી અર્જુન રેજિમેન્ટમાં ૪૫ ટેન્ક

✓ ૨૦૧૦માં સેનાએ વધુ ૧૨૪ અર્જુન ટેન્કનો ઓર્ડર આપ્યો

✓ ૨૦૧૧ સુધીમાં ભારતીય સેનાને ૧૦૦ કરતાં વધુ અર્જુન ટેન્ક ડિલિવર કરાઇ

**અર્જુન મેઇન બેટલ ટેન્ક અને Mk-૧A વિશે**

✓ ફિન સ્ટેબિલાઇઝ્ડ આર્મર પિયર્સિંગ ડિસ્કાર્ડિંગ સબોટ એમ્યુનિશન સિસ્ટમ માટે જાણીતી

✓ ૧૨૦ એમએમ કેલિબર રાઇફલ્ડ ગન

✓ કોમ્પ્યૂટરાઇઝ્ડ કન્ટ્રોલ્ડ ફાયર કન્ટ્રોલ સિસ્ટમ

✓ તમામ લાઇટિંગ કન્ડિશનમાં કામ કરતી સ્ટેબિલાઇઝ્ડ સાઇટિંગ સિસ્ટમ

✓ ૭.૬૨ એમએમ કો-એક્સિયલ એન્ટિ પર્સનલ મશીનગન

✓ ૧૨.૭ એમએમ એન્ટિ એરક્રાફ્ટ મશીનગન

✓ અર્જુન Mk-૧Aમાં ૧૪ મોટા સુધારા કરાયાં

<u>૪. પુલવામા - CRPFના જવાનો ઉપર આતંકવાદી હુમલાની બીજી વરસી : તારીખ 14મી ફેબ્રુઆરી 2019</u>

**શ્રીનગર ખાતે પુલવામાના ૪૦ શહિદોની યાદમાં સ્મારક નિર્માણ કરાયું**

**પુલવામાની ઘટના વિશે**

✓ દેશ જ્યારે ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પ્રેમના દિવસની ઉજવણી કરવા થનગની રહ્યો હતો ત્યારે પરોઢિયે સીઆરપીએફનો કાફલો અવંતીપોરાથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેના ઉપર આતંકી હુમલો કરવામાં આવ્યો હતો.

✓ આ હુમલામાં સીઆરપીએફની ૭૬મી બટાલિયનના ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા અને ૨૦થી વધુને ઈજા થઈ હતી.

✓ આ કાફલો સવારે ૩.૩૦ કલાકે જઈ રહ્યો હતો ત્યારે એક આતંકવાદીએ વિસ્ફોટકો ભરેલી કાર અથડાવી હતી.

✓ CRPFના વર્તમાન વડા – એ.પી. માહેશ્વરી

✓ CRPF- સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૨-૨૦૨૧)</u>

1. કેન્દ્ર સરકારની PMKUY યોજનાનું વિસ્તૃત નામ જણાવો – **<u>પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના</u>**
2. કેન્દ્ર સરકારની PMKUY યોજના હેઠળ નોકરી આપવામાં પ્રથમ રાજ્ય કયુ છે - **<u>ગુજરાત</u>**
3. ગુજરાતમાં જુદા જુદા ૨૭ ક્ષેત્રોમાં કેન્દ્ર પુરસ્કૃત રાજ્ય સંચાલિત સ્કીમ હેઠળ કેટલા તથા કેન્દ્ર પુરસ્કૃત કેન્દ્રીય સંચાલિત સ્કીમ હેઠળ કેટલા લોકોને નોકરી અપાઈ હતી. - **<u>૧૪,૪૫૧ તથા ૩૭,૨૪૨</u>**
4. ગુજરાતમાં રોજગારી માટે રાજ્ય સરકારની કઈ એપ કાર્યરત છે - **<u>રોજગાર સેતુ</u>**
5. દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર કયારથી ફાસ્ટેગ ફરજિયાત કરાયો છે - **<u>તા.૧૫ ફેબ્રુઆરી-૨૦૨૧</u>**
6. ફાસ્ટેગ એ શું છે - **<u>ઈલેટ્રોનિક ટોલ સિસ્ટમ</u>**
7. તા. ૧૪ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ PM મોદીએ કયા સ્થળે યોજાયેલા સમારોહમાં મેઇન બેટલ ટેન્ક અર્જુન MK-1 ભારતીય સેનાને સર્મિપત કરી - **<u>ચેન્નાઇ (તામિલનાડુ)</u>**
8. મેઇન બેટલ ટેન્ક અર્જુન MK-1A કોના દ્વારા તૈયાર કરવામાં આવી છે - **<u>ડીઆરડીઓના કોમ્બેટ વ્હિકલ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગ</u>**
9. કયા વર્ષે ડીઆરડીઓ દ્વારા અર્જુન ટેન્કનો પ્રોજેક્ટ શરૂ કરાયો હતો - **<u>૧૯૭૨</u>**
10. દેશભરમાં કાશ્મીરમાં પુલવામા હુમલાની બીજી વરસી નિમિત્તે ક્યારે શ્રદ્ધાંજલિ અપાઈ- **<u>14 ફેબ્રુઆરી</u>**
11. પુલવામામાં કયા અર્ધલશ્કરી દળોના કાફલા ઉપર આંતકવાદી હુમલો થયો હતો જેમાં 40 જવાનો શહીદ થયા હતા- **<u>CRPF</u>**
12. પુલવામામાં હુમલાના શહીદો માટે કયા શહેરમાં શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે - **<u>શ્રીનગર</u>**

**DATE : 15-02-2021**

<u>૧. નવી મેપિંગ પોલિસી જાહેર – ભારત સરકાર (ભૂગોળ-વહીવટ)</u> મેપ ઈન્ડિયાને સ્વતંત્રતા અપાઈ




<u>મુખ્ય હેતુ :</u>

- ✓ પ્રાઈવેટ સેકટર ભૌગોલિક માહિતી સાથે નકશા પ્રસિદ્ધ અને ભૂ-સ્થાનિક ડેટાનો સંગ્રહ કરી શકશે
- ✓ ભારતીય પ્રદેશમાં મેપિંગ કામગીરી માટે સરકારી પરવાનગી લેવી પડશે નહીં
- ✓ દેશને આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવવાના પગલાંને મદદરૂપ થવાના પ્રયાસરૂપે ભારતે મેપ મેકિંગ અને ભૂ-સ્થાનિક ડેટા જનરેશન, ડિસ્ટ્રિબ્યુશન અને સ્ટોરેજ સેક્ટરને અંકુશમુક્ત કર્યું છે.
- ✓ ભારતીય કંપનીઓને તેમની આગવી ઓળખ ઊભી કરવાની અનેરી તક મળશે.
- ✓ <u>હવે દેશનાં ખેડૂતોને ખેતી માટે ઉપયોગી ભૂ-ભૌગોલિક ડેટા મેળવવાનું સરળ બનશે. તેમને રિમોટ સેન્સિંગ ડેટા પણ મળશે.</u>
- ✓ દેશની કંપનીઓ અને સંશોધકોની કામગીરી હવે પ્રતિબંધોને આધીન નહીં રહે તેઓ ભારતની સીમામાં ડિજિટલ ભૂ-ભૌગોલિક ડેટા અને મેપ્સને એકત્ર કરવા, જનરેટ કરવા, પ્રસાર કરવા કે સંગ્રહ કરીને અપડેટ કરતાં પહેલાં મંજૂરી લેવાની જરૂરિયાત નહીં રહે.
- ✓ સરકારના આ નિર્ણયથી ડિજિટલ ઈન્ડિયાને મોટો વેગ મળશે.
- ✓ ટેકનોલોજી અને સર્વિસિસના ડેટા એકઠા કરવા માટે હાલમાં વિદેશી સંસાધનો પર ભારે માત્રામાં આધાર રાખવો પડે છે. ભારતને વિશ્વ સ્તરે મેપિંગ પાવર બનાવવા આ પગલાં મહત્ત્વનાં પુરવાર થશે.
- ✓ મેપ્સ અને ચોક્કસ ભૂ-સ્થાનિક ડેટા નદીઓના લિન્કેજીસ, ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર્સની રચના અને સ્માર્ટ પાવર સિસ્ટમ્સને લાગુ કરવા જેવા રાષ્ટ્રીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે મહત્ત્વપૂર્ણ હોય છે.

<u>પ્રતિબંધિત હતા તેવા ભૂ-ભૌગોલિક ડેટા મુક્તપણે પ્રાપ્ત કરી શકાશે</u>

- ✓ સરકારનાં આ પગલાને કારણે ભારતમાં અત્યાર સુધી પ્રતિબંધિત હતા તેવા ભૂ-ભૌગોલિક ડેટા હવે મુક્તપણે પ્રાપ્ત કરી શકાશે.
- ✓ વિશ્વ સ્તરે પ્રાપ્ત ભૂ-ભૌગોલિક ડેટાની સરળ પ્રાપ્તિ શક્ય બનશે
- ✓ આને કારણે સંશોધન ક્ષેત્રે બિનજરૂરી અવરોધો અને નોકરશાહીને દૂર કરી શકાશે. અત્યાર સુધી આવા ડેટા એકઠા કરવા અને જનરેટ કરવા માટે લાઈસન્સ અને અગાઉથી મંજૂરી મેળવવી પડતી હતી તેવા અવરોધો દૂર કરાયા છે.

<u>ભૂ-સ્થાનિક ડેટા હવે મુક્તપણે ઉપલબ્ધ થશે</u>

- ✓ આધુનિક ભૂ-સ્થાનિક ડેટા ટેકનોલોજી અને મેપિંગ સર્વિસિસ પર આધારિત નાવીન્યપૂર્ણ ટેકનોલોજી લાગુ થવાના કારણે અર્થતંત્રના દરેક પાસા, પ્રસરેલી કૃષિ, ફાઇનાન્સ, કન્સ્ટ્રક્શન, માઇનિંગ અને લોકલ એન્ટરપ્રાઇસિસમાં ભારતના ખેડૂતો, નાના બિઝનેસીસ અને કોર્પોરેશનને એકસમાન અને જબરદસ્ત લાભ થશે.
- ✓ જે વિશ્વમાં આસાનીથી ઉપલબ્ધ છે તેને ભારતમાં પ્રતિબંધિત કરવાની જરૂર નથી અને તેથી અત્યાર સુધી પ્રતિબંધિત રાખવામાં આવેલા ભૂ-સ્થાનિક ડેટા હવે ભારતમાં મુક્તપણે ઉપલબ્ધ થઇ શકશે.
- ✓ ભારતીય કોર્પોરેશન્સ અને ઇનોવેટર્સ પર હવે કોઈ નિયંત્રણ નહી રહે અને તેમણે ભારતની સીમાની અંદર ડિજિટલ ભૂ-સ્થાનિક ડેટા અને મેપ્સને એકત્ર, જનરેટ, તૈયાર, પ્રસાર, સ્ટોર, જાહેર, અપડેટ કરતાં પહેલાં મંજૂરી લેવાની જરૂરિયાત નહીં રહે.
- ✓ મંત્રાલય : સાયન્સ અને ટેકનોલોજી

<u>૨. વિવાદ : કથિત ટૂલકિટ</u>

- ✓ <u>ટૂલકિટ એટલે કોઈ પણ મુદ્દાને સમજવા માટે બનાવવામાં આવેલા ડોક્યુમેન્ટ.</u>
- ✓ <u>કોઈ સમસ્યા અને તેના સમાધાન માટે એ દસ્તાવેજમાં જાણકારી આપવામાં આવે છે.</u>

- ✓ બીજા શબ્દોમાં કહીએ તો એમાં કોઈ સમાધાન સામે એક્શન પ્લાન આપવામાં આવે છે.
- ✓ કોઈ કેમ્પેઈન માટે તેનો ઉપયોગ થાય છે. એ જ રીતે પ્રદર્શનો માટે અને આંદોલનો માટે પણ તેનો ઉપયોગ થાય છે. આંદોલનની રૂપરેખા અને તેની જાણકારી એમાં આપવામાં આવે છે.
- ✓ એમાં જે તે મુદ્દે થયેલી અરજીઓ, વિરોધ પ્રદર્શનો અને જનઆંદોલનોની માહિતી આપવામાં આવે છે.
- ✓ સોશિયલ મીડિયામાં ફરતી ટૂલકિટમાં બે ઇ-મેલ આઇડી, એક ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ અને યુઆરએલનો સમાવેશ થાય છે. પોલીસે તેની વિગતો સંબંધિત પ્લેટફોર્મ પાસે માગી છે.
- ✓ આ ટૂલકિટ ખેડૂતોના આંદોલનને ભડકાવવા વિદેશોમાંથી સુનિયોજિત રીતે ઘડાયેલા કાવતરાનો પર્દાફાશ કરી રહી છે.

## 3. ભારતીય વાયુસેના : 160 કિમી ક્ષમતા વાળી અસ્ત્ર માર્ક 2 મિસાઇલનું પરીક્ષણ કરાશે (સંરક્ષણ)





- ✓ ભારતીય વાયુસેના અસ્ત્ર માર્ક 2 હવાથી હવામાં પ્રહાર કરવા વાળી મિસાઇલનું ટ્રાયલ કરશે. આ મિસાઇલ દુશ્મનો પર તેમના ઘરમાં 160 કિમી ઘુસીને પ્રહાર કરશે.
- ✓ અસ્ત્ર માર્ક 2ની વધારેલી રેન્જ બાદ હવાઇ યુદ્ધમાં જ્યાં એક તરફ ભારતીય વાયુસેનાની મારક ક્ષમતા વધશે તો બીજી તરફ વિરોધીઓની સરખામણીમાં આ મિસાઇલ વાયુસેનાને વધારે સક્ષમ બનાવશે.
- ✓ બાલાકોટ હવાઇ હૂમલાના એક દિવસ બાદ 26 ફેબ્રુઆરી 2019ના દિવસે આ વસ્તુ જોવા મળી હતી.
- ✓ <u>આવનારી પેઢીની આ મિસાઇલ વર્ષ 2022 સુધીમાં તૈયાર થઇ જશે.</u>

**વિશેષતા :**

- ✓ અસ્ત્ર બિયોન્ડ વિઝ્યુઅલ રેંજ એયર ટૂ એયર મિસાઇલ છે, જેની ઝડપ અવાજ કરતા પણ ચાપર ગણી વધારે છે.
- ✓ દિવસે કે રાત્રે ગમે ત્યારે આ મિસાઇલનો ઉપયોગ કરી શકાય છે.
- ✓ <u>વર્તમાન સમયે આ મિસાઇલની રેન્જ 100 કિલોમીટર છે જે વધીને ૧૬૦ કિ.મી. થશે</u>
- ✓ <u>જેને રશિયા, ફ્રાન્સ, ઇઝરાયલથી આયાત કરવામાં આવે છે.</u>

## ૪. ઈબોલા રોગ : આફ્રિકન દેશ ગુયાનામાં ઈબોલાને મહામારી જાહેર કરાઈ (આરોગ્ય)




- ✓ WHOના નિયમો મુજબ સરકાર દ્વારા ઈબોલાને મહામારી જાહેર કરાઈ

## ૫. WTO – વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન : પ્રથમવાર WTOની કમાન મહિલાને અપાઈ (વૈશ્વિક વ્યાપાર)

- ✓ નવા DG તરીકે નાઈજેરિયાના ૬૬ વર્ષિય પૂર્વ નાણાપ્રધાન ઓકોન્જો ઈવિએલાની પસંદગી




- ✓ પ્રથમ આફ્રિકન મહિલા - કાર્યકાળ : પાંચ વર્ષ
- ✓ WTOના સભ્ય દેશ : ૧૬૪ -મુખ્યમથક : વોશિંગ્ટન-USA

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૨-૨૦૨૧)</u>

1. કેન્દ્ર સરકારની કઈ નવી પોલિસીને પગલે દેશની સીમામાં ડિજિટલ ભૂ-ભૌગોલિક ડેટા અને મેપ્સને એકત્ર કરવા, જનરેટ કરવા, પ્રસાર કરવા કે સંગ્રહ કરીને અપડેટ કરતાં પહેલાં મંજૂરી લેવાની જરૂરિયાત નહીં રહે – **<u>મેપિંગ પોલિસી</u>**
2. કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા નવી મેપિંગ પોલિસી જાહેર કરાઈ હતી - **<u>સાયન્સ અને ટેકનોલોજી</u>**
3. તાજેતરમાં ચર્ચામાં આવેલ ટૂલકિટ એટલે શું - **<u>કોઈ પણ મુદ્દાને સમજવા માટે બનાવવામાં આવેલા ડોક્યુમેન્ટ</u>**
4. ભારતીય વાયુસેનાની અસ્ત્ર માર્ક મિસાઇલ કયા પ્રકારની છે - **<u>હવાથી હવામાં પ્રહાર કરનાર</u>**

5. ભારતીય વાયુસેના દ્વારા આગામી સમયમાં અસ્ત્ર માર્ક 2 મિસાઇલનું પરીક્ષણ કરશે તેની ક્ષમતા કેટલી હશે - **160 કિમી**
6. ફેબ્રુઆરી-૨૦૨૧માં કયા આફ્રિકન દેશમાં ઈબોલા રોગને મહામારી જાહેર કરાઈ - **ગુયાના**
7. ગુયાના સરકાર દ્વારા કોના નિયમો મુજબ ઈબોલાને મહામારી જાહેર કરાઈ - **WHO**
8. WTOનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન**
9. ફેબ્રુઆરી-૨૦૨૧માં કેટલામી વખત WTOની કમાન મહિલાને અપાઈ - **પ્રથમ**
10. WTO નવા DG તરીકે કોની નિમણૂક કરાઈ – **ઓકોન્જો ઈવિએલા**
11. WTO નવા DG ઓકોન્જો ઈવિએલા કયા દેશના વતની છે – **નાઈજેરિયા**
12. WTO નવા DG ઓકોન્જો ઈવિએલાનો કાર્યકાળ જણાવો - **પાંચ વર્ષ**
13. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના સભ્ય દેશની સંખ્યા જણાવો - **૧૬૪**
14. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનનું મુખ્યમથક ક્યાં આવેલું છે - **વોશિંગ્ટન-USA**

## DATE : 16-02-2021

### ૧. કર્ણાટક : ગૌહત્યા પ્રતિબંધ કાયદો અમલી (બંધારણ)



- ✓ કાયદો : એન્ટિ કેટલ સ્લોટર લૉ

**કાયદાની જોગવાઈ :**

- ✓ આ વટહુકમમાં ગૌધનની હત્યા માટે ત્રણથી સાત વર્ષની સજા અને 50 હજારથી પાંચ લાખ રૂપિયાનો દંડની જોગવાઈ
- ✓ ગુનો ફરીથી કરવા બદલ સાત વર્ષની કેદ અને એક લાખથી 10 લાખ રૂપિયા સુધીનો દંડની જોગવાઈ.
- ✓ કેટલને 13 વર્ષથી ઓછી ઉંમરની ગાય, ગાય, આખલા, આખલા અને નર અને માદા ભેંસ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે.
- ✓ જ્યારે બીફને કોઈ પણ સ્વરૂપે કેટાટલના માંસ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

**અમલ :**

- ✓ "કર્ણાટક પ્રિવેન્શન ઓફ સ્લોટર એન્ડ પ્રિઝર્વેશન ઓફ કેબિનેટ ઓર્ડિનન્સ, 2020ની તમામ જોગવાઈઓ 18 જાન્યુઆરીથી અમલમાં આવશે.
- ✓ ઉદ્દેશ : રાજ્યમાં કતલ અને ગૌવંશની સુરક્ષા માટે વ્યાપક કાયદો પૂરો પાડવાનો.
- ✓ રાજ્યપાલ : શ્રી વજુભાઈ વાળા
- ✓ મુખ્યમંત્રી : શ્રી બી.એસ.યેદ્દિયેરપ્પા

### ૨. રામચંદ્ર મિશનની ૭૫મી વર્ષગાંઠ : વડાપ્રધાન મોદી દ્વારા વર્ચ્યુઅલ કાર્યક્રમમાં હાજરી

### ૩. પોંડુચેરી: તમિલિસઈ સૌંદરારાજનની ઉપરાજ્યપાલ તરીકે નિમણૂક (બંધારણ)

- ✓ પોંડુચેરીના ઉપરાજ્યપાલ (લેફ્ટનેન્ટ ગવર્નર) પદેથી કિરણ બેદીને હટાવાયા
- ✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની ઑફિસથી જાહેર કરવામાં આવેલા નિવેદન પ્રમાણે, તેલંગાણાની રાજ્યપાલ તમિલિસઈ સૌંદરારાજનને પોંડુચેરીના ઉપરાજ્યપાલની જવાબદારી સોંપાઈ.
- ✓ કિરણ બેદીને 29 મે 2016ના પોંડુચેરીના ઉપરાજ્યપાલ બનાવવામાં આવ્યા હતા.
- ✓ મુખ્યમંત્રી : નારાયણસ્વામી

### ૪. વિદેશી ભારતીયો : ૨૦૨૧ ઈન્ડિયા સ્પોરા ગવર્નમેન્ટ લિડર્સ યાદી જાહેર (ભારતીય ગૌરવ)

- ✓ વિશ્વના ૧૫ દેશમાં ભારતીય મૂળના ૨૦૦ કરતાં વધારે વ્યક્તિ ઉચ્ચ હોદ્દાઓ પર
- ✓ વિદેશોમાં વસતા ભારતીય મૂળના લોકો મધ્યે કામ કરતા અમેરિકા સ્થિત એક સંગઠને વિદેશોમાં સરકાર તથા અન્ય ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજમાન એવા ૨૦૦થી વધુ ભારતીય મૂળના લોકોની યાદી જાહેર કરી.
- ✓ અમેરિકા અને બ્રિટન સહિતના ૧૫ દેશોમાં અગ્રિમ હોદ્દાઓ પર નિયુક્ત ૨૦૦થી વધુ ભારતીય મૂળના લોકો ભાવી પેઢીના વારસાનું નિર્માણ કરી રહ્યાં છે.
- ✓ વિવિધ સેક્ટરમાં ભારતીય મૂળના લોકોએ મેળવેલી સિદ્ધિઓ દર્શાવતો આ રિપોર્ટ સરકારી વેબસાઇટો અને અન્ય જાહેર માહિતીના આધારે તૈયાર કરાયો છે.
- ✓ આ ૨૦૦ ભારતીય મૂળના લોકોમાંથી ૬૦ કરતાં વધુ વિવિધ દેશોની સરકારોમાં કેબિનેટ પોઝિશન ધરાવે છે.

- ✔ <u>સિલિકોન વેલી સ્થિત ઉદ્યોગ સાહસિક અને ઇન્ડિયાસપોરાના સ્થાપક એમ.આર. રંગાસ્વામી</u>એ જણાવ્યું હતું કે, વિશ્વની સૌથી જૂની લોકશાહી ગણાતા અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ પદે પ્રથમ મહિલા અને પ્રથમ ભારતીય મૂળના વ્યક્તિ એવા કમલા હેરિસ ચૂંટાઈ આવ્યા છે જે ભારતીયો માટે અત્યંત ગૌરવની બાબત છે.

<u>વિદેશમાં મહત્ત્વના પદે રહેલા ભારતીય મૂળના મહાનુભાવો :</u>

<u>(૧) સરકારના વડા અને દેશ</u>

- ✔ એન્ટોનિયો કોસ્ટા : પોર્ટુગલના વડા પ્રધાન
- ✔ મોહમ્મદ ઇરફાન : ગુયાનાના રાષ્ટ્રપતિ
- ✔ પ્રવિન્દ જુગનૌથ:મોરિશિયસના વડાપ્રધાન
- ✔ પૃથ્વીરાજ સિંહ રૂપોન : મોરિશિયસના રાષ્ટ્રપતિ
- ✔ ચંદ્રિકાપ્રસાદ સંતોખી : સુરિનામના રાષ્ટ્રપતિ

<u>(૨) સરકારના નાયબ વડા</u>

- ✔ કમલા હેરિસ : અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ
- ✔ ભારત જુગદેવ : ગુયાનાના ઉપરાષ્ટ્રપતિ
- ✔ લિઓ વરડકર : આયર્લેન્ડના ડે. પીએમ (પૂર્વ પીએમ)

<u>(3) કેબિનેટ મંત્રીઓ</u>

- ✔ રોઝી અકબર : ફીજીમાં શિક્ષણમંત્રી
- ✔ ફારિસ અલ રાવી : ટ્રિનિદાદ-ટોબેગોમાં કાયદામંત્રી
- ✔ અનિતા આનંદ : કેનેડામાં જાહેર સેવામંત્રી
- ✔ ફ્રેન્ક એન્થની : ગુયાનામાં આરોગ્યમંત્રી
- ✔ વિવિયન બાલકૃષ્ણન : સિંગાપોરમાં વિદેશમંત્રી
- ✔ પ્રવીણ બાલા : ફીજીમાં ઉદ્યોગમંત્રી
- ✔ દર્શાનંદ બાલગોબિન : મોરિશિયસમાં આઇટી મંત્રી
- ✔ વિક્રમ ભારત: ગુયાનામાં કુદરતી સ્રોત મંત્રી
- ✔ સુમિલદૃથ ભોલાહ: મોરિશિયસમાં ઉદ્યોગમંત્રી
- ✔ સુઇવા બ્રેવરમેન : બ્રિટનમાં એટર્ની જનરલ
- ✔ બાર્દિશ ચેગર : કેનેડામાં યુવામંત્રી
- ✔ રિશી સૂનક : બ્રિટનના નાણામંત્રી
- ✔ પ્રીતિ પટેલ : બ્રિટનનાં ગૃહમંત્રી
- ✔ નેલ્સન ડિસોઝા :પોર્ટુગલમાં આયોજનમંત્રી
- ✔ ટેરેન્સ દયાલ સિંહ : ટ્રિનિદાદ-ટોબેગોમાં આરોગ્યમંત્રી
- ✔ નાઇજલ ધરમલાલ : ગુયાનામાં પ્રાદેશિક વિકાસમંત્રી
- ✔ ફ્રેન્કલિન : ટ્રિનિદાદમાં ઊર્જામંત્રી
- ✔ લીલાદેવી લુચમન : મોરિશિયસમાં શિક્ષણમંત્રી
- ✔ એલન ગાનુ : મોરિશિયસમાં વિદેશમંત્રી
- ✔ મનીષ ગોબીન, મોરિશિયસમાં કૃષિમંત્રી
- ✔ પ્રવીણ ગોરધન : દ. આફ્રિકામાં જાહેર કંપની મંત્રી
- ✔ તિરથરાજ હુરદોયલ : મોરિશિયસમાં જાહેર સેવામંત્રી
- ✔ દેઓદત ઇન્દર: ગુયાનામાં પબ્લિક વર્ક્સ મંત્રી
- ✔ એસ. ઈશ્વરન : સિંગાપોરમાં માહિતીમંત્રી
- ✔ આનંદ પરસૌદ : ગુયાનામાં મંત્રી
- ✔ કલ્પના દેવી શાહ : મોરિશિયસમાં પરિવાર કલ્યાણમંત્રી
- ✔ રિશ્મા કુલદીપ સિંહ : સૂરિનામમાં યુવા અને રોજગારમંત્રી
- ✔ પ્રમિલા કુમાર : ફીજીમાં હાઉસિંગમંત્રી
- ✔ પ્રિયા માનિકચંદ : ગુયાનામાં શિક્ષણમંત્રી
- ✔ ક્રિશ્ના મઠોરિયા : સૂરિનામમાં સંરક્ષણમંત્રી
- ✔ સુધીર મૌધુ : મોરિશિયમસમાં મરીન રિસોર્સમંત્રી
- ✔ સરવનન મુરુગન : મલેશિયામાં માનવ સંસાધનમંત્રી
- ✔ રિઝલ મેરિકન : મલેશિયામાં રમતમંત્રી

<u>૫. દિન વિશેષ : વસંતપંચમી</u>

- ✓ હિંદુઓના પ્રસિદ્ધ તહેવાર વસંતપંચમીને દેશભરમાં ધામધૂમથી ઊજવાય છે.




<u>મહત્વ :</u>

- ✓ વસંતપંચમીના દિવસે, વિદ્યા, બુદ્ધિ અને જ્ઞાનના દેવી સરસ્વતીની પૂજાનો દિવસ છે. વિભિન્ન ગ્રંથોમાં દેવી સરસ્વતીને બ્રહ્મસ્વરૂપા, કામધેનુ, અમિત તેજસ્વિની, અનંત ગુણશાલિની તથા સમસ્ત દેવોના પ્રતિનિધિ કહેવામાં આવ્યાં છે.
- ✓ વસંતપંચમીનો દિવસ દેવી સરસ્વતીની પૂજાનો દિન હોઈ આ દિવસ વિદ્યાર્થીઓ માટે પણ મહત્ત્વનો છે.
- ✓ બીજા શબ્દોમાં એમ કહી શકાય કે વસંતપંચમી તે દેવી સરસ્વતીનો 'આવિર્ભાવ દિવસ' છે. દેશના કેટલાક ભાગોમાં આ પર્વને 'વાગીશ્વરી જયંતી' અને 'શ્રીપંચમી' પણ કહેવામાં આવે છે.
- ✓ વસંતપંચમીના દિવસે દેવી સરસ્વતીનું પૂજન અને વ્રત કરવાથી તે વ્યક્તિની સ્મરણશક્તિ મજબૂત બની જાય છે અને તેની વાણી પણ મધુર બની જાય છે.

- ✓ વસંતપંચમીના દિવસે જ ભગવાન શ્રીકૃષ્ણે પહેલીવાર દેવી સરસ્વતીની આરાધના કરી હતી, અને તે દિવસથી વસંતપંચમીને મા સરસ્વતીની આરાધનાનું પર્વ મનાવા લાગ્યું.
- ✓ વસંતપંચમી'ને ગંગાના અવતરણનાં દિવસ પણ માનવામાં આવે છે.
- ✓ આ જ દિવસે ગંગામૈયા પ્રજાપતિ બ્રહ્માના કમંડળમાંથી નીકળી ભગીરથના પૂર્વજોને મોક્ષ પ્રદાન કરવા અને સમસ્ત ધરતીને નવ પલ્લવિત કરવા પૃથ્વી પર અવતરિત થયાં હતાં.
- ✓ ધાર્મિક દૃષ્ટિએ આ કારણથી વસંતપંચમીના દિવસે ગંગા સ્નાનનું પણ આગવું મહત્ત્વ છે.
- ✓ પ્રાચીનકાળમાં વસંતપંચમીને પ્રેમના પ્રતીક પર્વ રૂપે 'વસંતોત્સવ', 'મદનોત્સવ', 'કામોત્સવ' અથવા 'કામદેવ પર્વ' તરીકે પણ ઉલ્લેખ જોવા મળે છે.
- ✓ એ જમાનામાં સ્ત્રીઓ આ દિવસે પોતાના પતિને કામદેવના રૂપમાં પૂજા કરતી હતી.
- ✓ આ જ દિવસે કામદેવ અને તેમના પત્ની રતીએ પહેલીવાર માનવહૃદયમાં પ્રેમની ભાવનાનો સંચાર કરીને તેમને ચેતના પ્રદાન કરી હતી જેથી તેઓ પ્રેમ અને સૌંદર્યની ભાવનાઓને ઊંડાણથી સમજી શકે.
- ✓ મહાકવિ કાલિદાસ રચિત 'કુમારસંભવમ્' માં એવો ઉલ્લેખ પણ છે કે કામદેવે તેમના સખા ઋતુરાજ વસંતની સહાય લઈને સમાધિમાં બેઠેલા ભગવાન શિવને પુષ્પ બાણ દ્વારા તપોભંગ કર્યા હતા.
- ✓ કામદેવના આ અપરાધથી ક્રોધે ભરાયેલા શિવજીએ પોતાનું ત્રીજું નેત્ર ખોલીને કામદેવને આગની જ્વાળાઓથી ભસ્મીભૂત કરી દીધો હતો.
- ✓ પાછળથી કામદેવના પત્ની રતીનો વિલાપ જોઈને ભગવાન શિવજીએ રતીને આશીર્વાદ આપ્યા હતા કે, તારા પતિ ભગવાન શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નના રૂપમાં તને પતિ તરીકે જ પુનઃપ્રાપ્ત થશે.

<u>ડ. જન્મ દિન વિશેષ : 16 ફેબ્રુઆરી</u>

<u>લોક સંસ્કૃતિકાર પુષ્કર  ચંદરવાકર</u>

<u>જન્મ - 16 ફેબ્રુઆરી 1921  અવસાન -  16 ઓગસ્ટ 1995</u>

- ✓ આજે 16 ફેબ્રુઆરીના રોજ ગુજરાતી લોકસાહિત્યના સીમાચિન્હ રૂપ સંશોધક પુષ્કર ચંદરવાકર, મરાઠી સેનાપતિ માધવરામ પહેલા, શાયર આરઝુ લખનવીનો જન્મદિવસ અને <u>દાદાસાહેબ ફાળકેની પુણ્યતિથિ</u>
- ✓ <u>અમદાવાદ જિલ્લાના ધંધૂકા તાલુકાના ચંદરવા ગામે જન્મેલા</u> પુષ્કર પ્રભાશંકરે ગામના નામને અટક તરીકે ધારણ કરી ચંદરવાકર બન્યા હતા.
- ✓ બોટાદ, લીંબડી અને અમદાવાદમાં અભ્યાસ કરી તેઓ અધ્યાપક થયા હતા. પુષ્કર ચંદરવાકરની અધ્યાપક તરીકે કારકિર્દી ગુજરાતમાં અનેક ઠેકાણે રહી.
- ✓ તેઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન ગુજરાત અને ભારતના લોકસાહિત્યના સંશોધન અને લેખનના ક્ષેત્ર છે.

<u>સાહિત્યિક પ્રદાન :</u>

- ✓ રાંકના રતન, પ્રિયદર્શિની, ઘર જ્યોત, નંદવાયેલા હૈયા, બાવડાના બળે, ભવની કમાણી, માનવીનો મેળો, લીલુડા લેજો, નવા ચીલે, ધરતી ભાર શે ઝીલશે, ઝાંઝવાના નીર, બાંધણી, અંતરદીપ, શુકનવંતી, પિયરનો પડોશી, મહિના ઓવારે, ચંદર ઉગે ચાલવું, વાગે રૂડી વાંસળી, ખેતરનો ખેડુ, ઓખામંડળની લોકકથાઓ, ઓલ્યા કાંઠાના અમે પંખીડા, શ્રેયાર્થી દાદાસાહેબ માવલંકર જેવી નવલકથા, એકાંકી, વિવેચન લો વિદ્યા અને ચરિત્ર સાહિત્યને લગતા પુસ્તકો લખ્યા છે.
- ✓ 16 ઓગસ્ટ 1995ના રોજ અવસાન થયું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૨-૨૦૨૧)</u>

1. ફેબ્રુઆરી-૨૦૨૧માં કયા રાજ્યમાં ગૌહત્યા પ્રતિબંધ કાયદો અમલી બનાવાયો - **<u>કર્ણાટક</u>**
2. કર્ણાટકમાં અમલી ગૌહત્યા પ્રતિબંધ કાયદામાં સજાની શું જોગવાઈ છે - **<u>ગૌધનની હત્યા માટે ૩ થી ૭ વર્ષની સજા અને 50 હજારથી ૫ લાખ રૂપિયાનો દંડ</u>**
3. કર્ણાટક સરકાર દ્વારા કયા હેતુસર ગૌહત્યા પ્રતિબંધ કાયદા લાવવામાં આવ્યો છે - **<u>ગૌ વંશની કતલ અટકાવવા અને તેની સુરક્ષા માટે</u>**
4. કર્ણાટકના વર્તમાન રાજ્યપાલ કોણ છે - **<u>શ્રી વજુભાઈ વાળા</u>**
5. કર્ણાટકના વર્તમાન મુખ્યમંત્રી કોણ છે - **<u>શ્રી બી.એસ.યેદિયેરપ્પા</u>**
6. ફેબ્રુઆરી-૨૦૨૧માં રામચંદ્ર મિશનની કેટલામી વર્ષગાંઠ નિમિતે વડાપ્રધાન મોદી દ્વારા વર્ચ્યૂઅલ રીતે ઉપસ્થિત રહ્યા હતા - **<u>૭૫</u>**

7. ફેબ્રુઆરી-૨૦૨૧માં પોંડુચેરીના નવા ઉપરાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરાઈ - **તમિલિસઈ સૌંદરારાજન**
8. કિરણ બેદીને કયારે પોંડુચેરીના ઉપરાજ્યપાલ બનાવવામાં આવ્યા હતા – **તા. ૨૯ મે ૨૦૧૬**
9. પોંડુચેરીના વર્તમાન મુખ્યમંત્રી કોણ છે - **નારાયણસ્વામી**
10. ૨૦૨૧ ઈન્ડિયા સ્પોરા ગવર્નમેન્ટ લિડર્સની યાદી કોના દ્વારા જાહેર કરાઈ - **અમેરિકાની સિલિકોન વેલી ઇન્ડિયાસપોરા**
11. ૨૦૨૧ ઈન્ડિયા સ્પોરા ગવર્નમેન્ટ લિડર્સની યાદી મુજબ વિશ્વના કેટલા દેશમાં ભારતીય મૂળના કેટલા વ્યક્તિ ઉચ્ચ હોદ્દાઓ પર કાર્યરત છે – **૧૫ તથા ૨૦૦**
12. વસંતપંચમીના દિવસે કયા દેવીની પૂજા કરવામાં આવે છે – **સરસ્વતી**
13. દેશના કેટલાક ભાગોમાં વસંતપંચમી પર્વને કયા નામે મનાવાય છે - **'વાગીશ્વરી જયંતી' અને 'શ્રીપંચમી'**
14. કયા દિવસે ગંગામૈયા પ્રજાપતિ બ્રહ્માના કમંડળમાંથી નીકળી ભગીરથના પૂર્વજોને મોક્ષ પ્રદાન કરવા અને સમસ્ત ધરતીને નવ પલ્લવિત કરવા પૃથ્વી પર અવતરિત થયાં હતાં - **વસંતપંચમી**
15. લોકસાહિત્યના સીમાચિન્હ રૂપ સંશોધક, લોકસંસ્કૃતિકાર પુષ્કર ચંદરવાકરનો જન્મ દિવસ જણાવો - **16 ફેબ્રુઆરી 1921**
16. લોકસાહિત્યકાર પુષ્કર ચંદરવાકરનું જન્મસ્થળ કયુ છે - **ચંદરવા ગામ, તા. ધંધૂકા જિ. અમદાવાદ**

DATE : 17-02-2021

**૧. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ : કોઈ પણ ક્લાસમાં ટીચર માટે TET પાસ કરવી ફરજિયાત**




✓ કોઈ પણ ક્લાસમાં ભણાવવા માટે શિક્ષક પાત્રતા પરીક્ષા એટલે કે ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ પાસ કરવી ફરજિયાત રહેશે.

✓ નવી શિક્ષણ નીતિ હેઠળ NCTEએ આ નિર્ણય કર્યો. અત્યાર સુધી ટીઈટીની અનિવાર્યતા પહેલાથી આઠમા ધોરણ સુધી જ હતી.

✓ **સંસ્થા** : NCTE - નેશનલ કાઉન્સિલ ફોર ટિચર એજ્યુકેશન

**૨. TRF : કાશ્મીરમાં નવું આતંકવાદી સંગઠન સક્રિય (આતંકવાદ)**

✓ TRF : ધ રેજિસ્ટન્સ ફ્રન્ટ

✓ જમ્મુ કાશ્મીરમાં ઉગ્રવાદી સંગઠનોમાં સૌથી નવું નામ TRFનું છે. ૫ ઓગષ્ટ-૨૦૧૯ના દિવસે જમ્મુ-કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ને નાબૂદ કરવામાં આવી. ત્યારબાદ આ સંગઠન બહાર આવ્યુ છે

✓ TRFને લશ્કર-એ-તૈયબા સહિત બીજા આતંકી સંગઠનોનો સપોર્ટ છે.

✓ પાકિસ્તાન પર જ્યારે કાશ્મીરમાં આતંક ફેલાવાના આરોપો વધી ગયાં અને પાકિસ્તાન પર ફાઈનાન્શિયલ એક્શન ટાસ્કફોર્સ (FAT)માં બ્લેકલિસ્ટમાં જવાની નોબત આવી હતી ત્યારે આંતરરાષ્ટ્રીય દબાણ વધતા પાકિસ્તાને કાશ્મીરમાં આતંકવાદનો નવા ચહેરા તરીકે TRFને લોન્ચ કર્યું.

✓ કાશ્મીરમાં ૩૭૦ની કલમ રદ કરાઈ છે ત્યારથી એક નવું આતંકી સંગઠન ધ રેજિસ્ટન્સ ફ્રન્ટ (TRF) બહાર આવ્યુ છે

✓ આ આતંકી સંગઠને ૨૦૨૦માં કાશ્મીરમાં ૧૧ રાજકીય કાર્યકર્તાઓની હત્યા કરી હતી, તેમાં ૯ ભાજપ સાથે જોડાયેલા હતાં

✓ TRFને હકીકતમાં લશ્કર-એ-તોયબા, હિઝબુલ મુઝાહિદીન, જૈશ-એ-મહંમદ અને અલબદ્ર જેવા સંગઠનોનો સાથ છે

**૩. નવીન શોધ : અનામનેટ સોફ્ટવેર (આરોગ્ય)**

**કામગીરી :**

✓ AIની મદદથી કોવિડ-19ના દર્દીમાં ફેફસાના ચેપની માત્રા અને તીવ્રતા કેટલી છે તેને સોફ્ટવેર શોધી કાઢશે તેથી સારવારમાં મદદ મળશે

✓ કોવિડ-૧૯ શ્વાસોચ્છવાસની ક્રિયામાં નુકસાન પહોંચાડી શકે છે, ખાસ તો ફેફસાના ટિશ્યુને મોટું નુકસાન કરી શકે છે.

✓ ચેપ કેટલો ખરાબ છે તે એક્સ-રે અને સીટી સ્કીન જેવી ઇમેજ આધારિત પધ્ધતીથી જાણી શકાય છે.

✓ અનામનેટ નામનો આ સોફટવેર સાધન કોવિડ-૧૯ના દર્દીના છાતીના સીટી સ્કેનને વાંચી શકે છે અને ખાસ

પ્રકારે ન્યુરલ નેટવર્કનો ઉપયોગ કરીને ખાસ અસાધારણ બાબતોની શોધ કરીને સારવાર કરી શકાશે

શોધક :

✔ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ-બેંગ્લુરૂ અને ઓસ્લો યુનિ. હોસ્પિટલ તેમજ નોર્વેની એડગર યુનિ.ના સંશોધકોએ આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ (એઆઈ)ની મદદથી એક એવા સોફ્ટવેરની શોધ કરી હતી.

૪. કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર

મહત્વના બે નિર્ણયોને મંજૂરી અપાઈ (વહીવટ)

(૧) ભારતમાં ટેલિકોમ ઉપકરણોના નિર્માણ માટે રૂ. ૧૨,૧૯૫ કરોડની પ્રોડ્કશન લિંક્ડ ઈન્સેન્ટિવ(PLI) સ્કિમને મંજૂરી

લાભ :

- ✓ ટેલિકોમ ગિયર મેન્યુફેકચરિંગ માટેની પીએલઆઇ સ્કીમ ૧લી એપ્રિલ, ૨૦૨૧થી અમલમાં આવશે.
- ✓ આગામી પાંચ વર્ષમાં રૂ. ૨,૪૪,૨૦૦ કરોડનું ઉત્પાદન થશે. રૂ. ૧,૯૫,૩૬૦ કરોડની નિકાસ થશે.
- ✓ ૪૦,૦૦૦ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી મળશે.
- ✓ દેશને રૂ. ૧૭,૦૦૦ કરોડની ટેક્સની આવક થશે.
- ✓ આ સ્કીમથી ૩૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ આવશે તથા મોટા પ્રમાણમાં ડાયરેક્ટ અને ઇનડાયરેક્ટ એમ્પ્લોયમેન્ટ તથા ટેક્સ બંનેનું સર્જન થશે.

અન્ય બાબતો :

- ✓ એમએસએમઈ સેક્ટર માટે લઘુતમ રોકાણની મર્યાદા રૂ. ૧૦ કરોડ અને અન્ય માટે રૂ. ૧૦૦ કરોડ રાખવામાં આવી છે.
- ✓ ૨૦૧૪માં દેશમાં ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેકચરિંગનું મૂલ્ય રૂ. ૧.૯ લાખ કરોડ હતું જે ૨૦૧૯-૨૦માં વધીને ૫.૫ લાખ કરોડ રૂપિયા થયું છે.

(૨) જુવેનાઈલ જસ્ટિસ એકટમાં સુધારાને મંજૂરી (બાળ કાયદો)

- ✓ ૨૦૧૫ના આ કાયદામાં સુધારાથી જિલ્લા મેજિસ્ટ્રેટ અને એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટની સત્તામાં વધારો કરી દેવામાં આવશે
- ✓ આ કાયદાના અમલ માટે જે પણ એજન્સીઓ છે તેના પર હવે જિલ્લા મેજિસ્ટ્રેટ, એડિશનલ જિલ્લા મેજિસ્ટ્રેટને નજર રાખવાની સત્તા મળી જશે.
- ✓ આ ઉપરાંત જે જિલ્લા બાળ સંરક્ષણ યુનિટ છે તે પણ જિલ્લા મેજિસ્ટ્રેટ હેઠળ કામ કરશે.
- ✓ અગાઉ એવુ હતું કે કોઈ પણ સંસ્થા કે જે ચાઇલ્ડ કેર ઇન્સ્ટિટ્યૂટ ચલાવવા માગતા હોય તેઓએ પોતાનો હેતુ સરકારને આપવાનો હતો.
- ✓ જો કે હવેથી ચાઇલ્ડ કેર ઇન્સ્ટિટ્યૂશનના રજિસ્ટ્રેશન પહેલા ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ તેની ક્ષમતાથી લઇને બધી જાણકારી પ્રાપ્ત કરશે અને એક રિપોર્ટ રાજ્ય સરકારને સોપશે જેના આધારે આ મંજૂરી આપવામાં આવશે.
- ✓ જુવેનાઈલ જસ્ટિસ એટલે - બાળકોની સંભાળ અને સંરક્ષણ
- ✓ મંત્રી : શ્રી સ્મૃતિ ઈરાની
- ✓ મંત્રાલય : મહિલા અને બાળ કલ્યાણ

૫. વિન્ટર સ્ટોર્મ-ઉરી : USA (કુદરતી આપત્તિ)

પ્રભાવિત વિસ્તાર :

- ✔ USAનો ૭૩ ટકા ભાગ પ્રભાવિત
- ✔ ૧૨ ઈંચ જેટલો બરફ પડવાની શકયતા
- ✔ અમેરિકા ઉપર ત્રાટકેલા બરફના તોફાન ઉરીએ મોટાભાગના દેશને બાનમાં લીધું.
- ✔ છેલ્લાં ત્રણ દિવસથી વોશિંગ્ટન, ટેક્સાસ અને અન્ય વિસ્તારોમાં ભારે બરફ પડી રહ્યો છે.
- ✔ બે દિવસમાં ૨૩ લોકોનાં મોત થયા છે અને અનેક લોકો બીમાર પડયા.
- ✔ અમેરિકાના ૭૩ ટકા ભાગને વિન્ટર સ્ટોર્મ ઉરીએ ભરડામાં લઈ લીધું છે અને કરોડો લોકોને અસર થઈ છે.
- ✔ માત્ર ટેક્સાસની જ વાત કરીએ તો ત્યાં સતત ત્રીજા દિવસે પણ જનજીવન ખોરવાયેલું રહ્યું હતું.
- ✔ અહીંયા ૮૦ લાખ લોકો અંધારપટમાં હતા. આ સ્થિતિમાં સામાન્ય સુધારો થયો હતો છતાં પાવર કેબલ્સ અને ગેસ લાઇન્સ થીજી જવાના કારણે ૪૦ લાખ લોકો અંધારપટમાં રહેવા મજબૂર બન્યા હતા.
- ✔ ટેક્સાસ અને તેની આસપાસના વિસ્તારોમાં ત્રણ દિવસે પણ વીજળીનો પુરવઠો યથાવત્ ન થવાના કારણે લોકોમાં નારાજગી જોવા મળી હતી.

૬. વિશ્વની પ્રથમ હાઈબ્રિડ કાર (પર્યાવરણ)

- ✓ USAમાં વિશ્વની પ્રથમ ઉડતી હાઈબ્રિડ કારને મંજૂરી

હાઈબ્રિડ કાર વિશે :

- ✓ ઊડતી કારની વાસ્તવિકતા હવે ફક્ત એક કદમ દૂર છે. ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશને(FAA) એક હાઈબ્રિડ

ગ્રાઉન્ડ-એર વિહિકલને મંજૂરી આપી દીધી છે કે જે હવામાં કલાકના ૧૦૦ માઇલની ઝડપે ઊડી શકે છે.

- ✓ ટેરાફુગિયા ટ્રાન્ઝિશનને સ્પેશિયલ લાઇટ-સ્પોર્ટ એરક્રાફ્ટ એરવર્થીનેસ સિંટ મળી ગયું છે.
- ✓ આ ક્રાફ્ટનું ફ્લાઇટ ઓન્લિ મોડલ ઉપલબ્ધ થઇ ગયું છે કે જે પાઇલોટ્સ અને ડ્રાઇવિંગ સ્કૂલ્સમાં વેચાણ માટે ઉપલબ્ધ છે, જો કે એકાદ વર્ષમાં જ તેના કાર કમ્પોનન્ટ સ્ટ્રીટ લિગલ થઇ જશે
- ✓ હજું પણ રોડ સેફ્ટી સ્ટાન્ડર્ડની પુર્તતા કરવાનું બાકી છે. તે પછી ડ્રાઇવર્સ એક મિનિટની અંદર આ વાહનને ફ્લાઇંગમાંથી ડ્રાઇવિંગમાં કન્વર્ટ કરી શકશે. તે નાના એરપાર્ટ અથવા હાઈ-વે પરથી ટેક-ઓફ કે લેન્ડિંગ કરી શકશે.
- ✓ ટેરાફુગિયને ૨૦૨૨ સુધીમાં તેના ટુ સીટર વાહનને ઉત્પાદન અને મંજૂરીઓની આશા છે. જો કે આ વાહન ચલાવવા માટે માલિક પાસે ડ્રાઇવર લાઇસન્સ અને સ્પોર્ટ્સ પાઇલટનું સિંટફિકેટ એમ બન્ને હોવા જરૂરી.

**ઊડતી કાર આશરે ૪૦૦ માઇલની રેન્જ ધરાવે છે**

- ✓ આ ઊડતી કારને ૧૦૦-hp Rotax 912iS સ્પોર્ટ્સ ફ્યુઅલ ઇન્જેક્ટ એન્જિન તાકાત આપે છે. તે કલાકના મહત્તમ ૧૦૦ માઇલની ઝડપે ઊડી શકે છે અને ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઇ પર તેની રેન્જ આશરે ૪૦૦ માઇલની છે.
- ✓ પ્લેનનું એન્જિન પ્રિમિયમ ગેસોલિન પર ચાલી શકે છે અથવા તો ૧૦૦ LL પ્લેન ઇંધણ પર, જ્યારે કાર હાઈબ્રિડ ઇલેક્ટ્રિક મોટર દ્વારા પાવર્ડ છે.
- ✓ ઊડતી કારના સ્ટાન્ડર્ડ ફિચર્સમાં ફોર વ્હિલ હાઈબ્રિડ ડિસ્ક બ્રેક, રિજિડ કાર્બન ફાઇબર સેફ્ટી કેજ અને એરફ્રેમ પેરાશૂટનો સમાવેશ થાય છે.
- ✓ આ વાહનનું વજન ૧૩૦૦ પાઉન્ડ છે તથા તેમાં ફિક્સ લેન્ડિંગ ગીયર છે અને ૨૭ ફૂટ પહોળી પાંખો છે.
- ✓ તેની પાંખો એવી રીતે સંકેલાઇ જાય છે કે તેને એક કારના ગેરેજમાં પણ પાર્ક કરી શકાય છે.
- ✓ ૨૦૧૮માં એક અહેવાલ દ્વારા આ વાહનની કિંમત ચાર લાખ અમેરિકન ડોલર્સ દર્શાવવામાં આવી હતી.
- ✓ ટેરાફુગિયાને ૨૦૧૭માં વોલ્વોની ચાઇનિઝ માલિકીની પેરન્ટ કંપની ગીલી દ્વારા હસ્તગત કરવામાં આવી હતી

**૭. જન્મ દિન વિશેષ : 17 ફેબ્રુઆરી ગુજરાત યુનિ.ના પહેલા કુલપતિ: હરસિદ્ધ દિવેટિયા**



**જન્મ - 17 ફેબ્રુઆરી-1886 અવસાન – 3 ઓગષ્ટ-1968**

- ✓ આજે ગુજરાત યુનિ.ના પહેલા કુલપતિ શ્રી હરસિદ્ધ દિવેટિયાનો જન્મદિવસ છે.
- ✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા શ્રી દિવેટિયા અમદાવાદ અને મુંબઈથી બી.એ, એમ.એ સુધીનો અભ્યાસ કરી 1910મા ઉત્તર પ્રદેશના બરેલીમાં તત્વજ્ઞાન વિષયના પ્રાધ્યાપક બન્યા હતા.
- ✓ તે પછી અંદાજે 21 વર્ષ મુંબઈમાં વકીલાત કરી, 1933મા મુંબઈ હાઇકોર્ટમાં વધારાના ન્યાયધીશ તરીકે નિમાયા. તે પછી ગુજરાતની દેશી રિયાસતોમાં પણ ન્યાયધીશ તરીકે કામ કર્યું હતું.
- ✓ ગુજરાતના જાહેરજીવનની અનેક સંસ્થાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા દિવેટિયાને 23 નવે.1949ના રોજ સ્થપાયેલી ગુજરાત યુનિ.ના પ્રથમ કુલપતિ બનવાનું શ્રેય મળ્યું હતું.
- ✓ અહીં તેઓ બે ટર્મ એટલે કે અંદાજે આઠ વર્ષ સુધી કુલપતિપદે રહ્યા. કુલપતિ તરીકે તેઓ યુનિ.માંથી માનવધન અને ભારતનિર્માણની શક્તિઓ ઊપિજાવવા અને પાશ્ચાત્ય અને ભારતીય મૂલ્યોનો સુમેળ સાધવા માંગતા હતા.
- ✓ તત્વજ્ઞાનના અભ્યાસી હરસિદ્ધભાઈએ સામયિકોમાં વિચારોત્તેજક અનેક લેખોની સાથે "The art of life in bhagavat gita"નામે ગ્રંથ પણ લખ્યો છે.
- ✓ ન્યાયધીશ, કુલપતિ હરસિદ્ધ દિવેટિયાનું તારીખ 3 ઓગસ્ટ ૧૯૬૮ના રોજ અવસાન થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૨-૨૦૨૧)**

1. કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિ 2020 મુજબ કોઈપણ વર્ગમાં ભણાવવા માટે શિક્ષકે કઈ પરીક્ષા ફરજિયાત પાસ કરવી પડશે - **TET**
2. TETનું વિસ્તૃત નામ જણાવો - **ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ**
3. કાશ્મીરમાં આર્ટીકલ 370 રદ કર્યા બાદ કયું એક નવું આંતકવાદી સંગઠન સક્રિય થયું છે - **TRF**
4. TRFનું વિસ્તૃત નામ જણાવો - **ધ રેજિસ્ટન્સ ફ્રન્ટ**

5. તાજેતરમાં નવા શોધાયેલા 'અનામનેટ સોફ્ટવેર'નું મુખ્ય કાર્ય જણાવો - **covid-19ના દર્દીમાં ફેફસાંનો ચેપની માત્રા અને તીવ્રતા કેટલી છે તેને શોધવી**
6. તાજેતરમાં નવા શોધાયેલા 'અનામનેટ સોફ્ટવેર' કઈ ટેકનોલોજી આધારિત કાર્ય કરે છે - **AI**
7. AIનું વિસ્તૃત નામ જણાવો -**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ**
8. તાજેતરમાં covid-19 માટેનું 'અનામનેટ સોફ્ટવેર' કઈ સંસ્થાઓ દ્વારા તૈયાર કરાયું - **IISC - બેંગલુરુ, ઓસ્લો યુનિવર્સિટી હોસ્પિટલ તેમજ એડગર યુનિવર્સિટી, નોર્વે**
9. કેન્દ્રીય કેબિનેટ દ્વારા ફેબ્રુઆરી 2021માં ભારતમાં ટેલીકોમ ઉપકરણોના નિર્માણ માટે કેટલા કરોડની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટીવ- PLI સ્કીમની મંજૂરી આપી - **રૂ. 12,195 કરોડ**
10. કેન્દ્રીય કેબિનેટ દ્વારા ટેલિકોમ ગિયર મેન્યુફેક્ચરિંગ માટેની PLI સ્કીમનો અમલ ક્યારથી શરૂ કરાશે – **1 એપ્રિલ 2021**
11. વર્ષ 2019-20માં ભારતમાં ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગનું મૂલ્ય કેટલા કરોડ થયું હતું - **રૂ. 5.5 લાખ કરોડ**
12. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા બાળ સંભાળ અને સંરક્ષણ માટેના કયા કાયદામાં સુધારો કરીને સંબંધિત અધિકારીને વધુ સત્તા અપાઇ છે - **જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-2015**
13. જુવેનાઈલ જસ્ટીસ એટલે શું - **બાળકોની સંભાળ અને સંરક્ષણ**
14. ફેબ્રુઆરી 2021માં અમેરિકામાં કયું એક ભયાનક બરફનું તોફાન-winter storm આવ્યું હતું જેમાં 73 % વિસ્તાર પ્રભાવિત હતો - **ઉરી**
15. તાજેતરમાં વિશ્વની પ્રથમ ઉડતી હાઈબ્રિડ કારને કયા દેશ દ્વારા મંજૂરી આપવામાં આવી - **USA**
16. તાજેતરમાં કઇ કંપનીની વિશ્વની પ્રથમ ઉડતી હાઈબ્રિડ કારને માન્યતા આપવામાં આવી - **ટેરાફુગિયા ટ્રાન્ઝિશન-USA**
17. ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિનું નામ જણાવો - **હરસિદ્ધ દિવેટિયા**
18. ગુજરાતી શિક્ષણવિદ અને પ્રાધ્યાપક હરસિદ્ધ દિવેટિયાનો જન્મદિવસ જણાવો - **17.02.1886**
19. 'THE ART OF LIFE IN BHAGAVAT GITA' ગ્રંથ કોના દ્વારા લખાયો હતો - **હરસિદ્ધ દિવેટિયા**

## DATE : 18-02-2021

**૧. SOU : ૫૬૨ રજવાડાઓના યોગદાન માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ભવ્ય મ્યુઝિયમ બનાવવા સરકારી સમિતિની રચના (ઈતિહાસ-વારસો)**

**સરકારી સમિતિના સભ્યો :**

- ✓ સમિતિમાં પૂર્વ અધિક મુખ્ય સચિવ અને વલાસણા સ્ટેટના રાજ પરિવારમાંથી એસ.એસ.રાઠોર, રાજકોટના પૂર્વ રાજ પરિવારમાંથી માંધાતાસિંહ, જયપુર સ્ટેટના દિયા કુમારી. જોધપુરના મેહરાનગઢ મ્યુઝિયમ ટ્રસ્ટના નિયામક કરણીસિંઘ જસોલ, હાર્વર્ડ યુનિ.ના પ્રોફેસર અને ધ્રાંગધ્રા સ્ટેટના ડો. અંગમાં ઝાલાનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ પુરાતત્વ અને સંગ્રહાલય નિયામક ડો.પંકજ શર્માને સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરાયા.
- ✓ વિભાગ : રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

**૨.રાજ્યસભા ચૂંટણી: ગુજરાત (બંધારણ)**

- ✓ રાજ્યસભાની ગુજરાતની બંને બેઠકો ઉપર ભાજપ બિન હરિફ વિજેતા
- ✓ વિધિવત જાહેરાત તા. 22 ફેબ્રુઆરી-2021ના રોજ કરાશે

**ભાજપના વિજેતા ઉમેદવાર :**

- ✓ રામભાઈ મોકરીયા : મુદ્દત-5.6 વર્ષ
- ✓ દિનેશભાઈ પ્રજાપતિ : મુદ્દત 2.6 વર્ષ

**ગુજરાત રાજ્યસભાની વર્તમાન સ્થિતિ :**

**કુલ બેઠક : ૧૧**

- ✓ ભાજપ : ૦૯ કોંગ્રેસ : ૦૨

**૩. નવતર પ્રયોગ: ગુજરાતમાં પ્રથમવાર હિમાલયન ગીધને સોલાર ટેગથી સજ્જ (વન્યજીવ સંરક્ષણ)**



**હેતુ:**

- ✓ શેડ્યુલ-૧ની શ્રેણીમાં આવતા ગીધની વસતી વધે અને તેના લોકેશન સહિતનો ડેટા સતત મળતો રહે તે માટે ગુજરાતમાં પહેલી વખત સાસણમાં હિમાલીયન ગીધને સોલાર ટેગ લગાડવાનો સફળ પ્રયોગ કરવામાં આવ્યો.

**ફાયદા :**

- ✓ સ્થાનિક ગીધને ટેગ લગાડવાની કામગીરી છેલ્લા થોડા સમયથી સાસણમાં શરુ કરાઈ છે પરંતુ હિમાલય તરફથી માઈગ્રેટ થઈને આવેલા ગીધને પહેલી વાર સોલાર પાવર ટેગ લગાવવામાં વન વિભાગની ટીમને સફળતા મળી છે.
- ✓ સાસણમાં અત્યારસુધીમાં ૮ ગીધને ટેગ લાગાવાયા છે.
- ✓ નાની સોલાર પેનલ સાથેના ટેગ લગાવવાથી ટેગની અંદર રહેલી બેટરી અમુક સમયે ચાર્જ કરવી પડે છે તે સોલાર પાવર ટેગમાં નહિ કરવું પડે.
- ✓ સિંહોને કોલર પહેરવામાં આવે છે તેમાં રહેલી બેટરી એકાદ વર્ષે ચાર્જ કરવી પડે છે.
- ✓ **<u>ગુજરાતમાં હાલ ગીધની વસતી અંદાજે ૮૦૦</u>**
- ✓ કામગીરી : વન વિભાગ અને પશુપાલન –ગુજરાત સરકાર

<u>૪. ખેલકૂદ : ૧૪મી IPL T-20 લીગની હરાજી-૨૦૨૧</u>

**<u>૧૪મી IPL સિઝન-૨૦૨૧ એટ એ ગ્લાન્સ</u>**


- ✓ કુલ ટીમ : ૦૮ કુલ ખેલાડી : ૫૭
- ✓ ૩૫ ભારતીય અને ૨૨ વિદેશી ખેલાડી
- ✓ કુલ રકમ : ૧૪૫ કરોડથી વધુ

**<u>હાઇએસ્ટ રકમથી ખરીદાયેલા ટોપ-૫ ખેલાડીઓ</u>**

| ખેલાડી | ફ્રેન્ચાઈઝી | રકમ |
|---|---|---|
| ક્રિસ મોરિસ | રાજસ્થાન રોયલ્સ | ૧૬.૨૫ કરોડ |
| કેયલ જેમિસન | રોયલ ચેલેન્જ બેંગ્લોર | ૧૫ કરોડ |
| ગ્લેન મેક્સવેલ | રોયલ ચેલેન્જ બેંગ્લોર | ૧૪.૨૫ કરોડ |
| જેયલ રિચાર્ડસન | પંજાબ કિંગ્સ ઈલેવન | ૧૪ કરોડ |
| ક્રિષ્ણપ્પા ગૌતમ | ચેન્નઈ સુપરકિંગ્સ | ૯.૨૫ કરોડ |

- ✓ પાંચ ગુજરાતી ખેલાડીઓની પસંદગી
- ✓ IPL : ઈન્ડિયન પ્રિમિયર લીગ

<u>૫. ગ્રીન પીસ આબોહવાકીય સલાહકાર જૂથ : ગ્રીન પીસ-વાયુ પ્રદૂષણને કારણે થતાં આર્થિક નુકસાન સંબંધી અહેવાલ-૨૦૨૧ (પર્યાવરણ)</u>



<u>ભારતમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ અને આર્થિક નુકસાનના મહત્વના તથ્યો :</u>

- ✓ ગ્રીન પીસ દક્ષિણ-પૂર્વ એશિયાના ડેટા મુજબ વર્ષ ૨૦૨૦માં ભારતમાં વાયુ પ્રદૂષણે ૧,૨૦,૦૦૦ લોકોનો ભોગ લીધો હતો. તે પૈકી માત્ર બેંગલુરૂમાં જ ૧૨,૦૦૦ લોકો વાયુ પ્રદૂષણને કારણે મૃત્યુને ભેટયાં હતાં.
- ✓ વાયુ પ્રદૂષણને કારણે ભારતમાં રૂપિયા બે લાખ કરોડનું નુકસાન થયું હતું. તે પૈકી બેંગલુરૂમાં રૂપિયા ૧૨,૩૬૫ કરોડનું નુકસાન થયું છે.
- ✓ વાયુ પ્રદૂષણને કારણે ભારતના છ શહેરોને રૂપિયા ૧,૨૩,૬૫,૧૫,૪૦,૦૦૦ જેટલું નુકસાન પહોંચ્યું છે.
- ✓ વર્ષ ૨૦૨૦માં વાયુ પ્રદૂષણને કારણે ૨૫,૦૦૦ મૃત્યુ નોંધાયાં હતાં. તે મૃત્યુને વાયુ પ્રદૂષણ નિયંત્રણથી નિવારી શકાયાં હોત.
- ✓ બેંગલુરૂ, ચેન્નઇ, હૈદરાબાદ અને દિલ્હીમાં પણ અનુક્રમે ૧૨,૦૦૦, ૧૧,૦૦૦, ૧૧,૦૦૦ અને ૫૪,૦૦૦ મૃત્યુ નોંધાયાં હતાં.

<u>ગ્રીન પીસ વિશે :</u>

- ✓ ગ્રીન પીસ તે આબોહવાકીય પગલાં લેવા માટેનું વિશ્વ દરજ્જાનું સલાહકાર જૂથ છે.
- ✓ ગ્રીન પીસ તે વાયુ પ્રદૂષણને કારણે થયેલા આરોગ્ય વિષયક અને આર્થિક નુકસાન અંગેના વૈશ્વિક આંકડાનું ચિત્ર પૂરું પાડે છે.
- ✓ મુખ્ય મથક : એમ્સ્ટરડેમ, નેધરલેન્ડ્ઝ

<u>૬. 8th ઈન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ-૨૦૨૧ (રોજગારી)</u>




<u>અહેવાલના મહત્વના તારણો :</u>

- ✓ ૫૦ ટકા કરતાં ઓછા ભારતીય સ્નાતકો રોજગારી માટે યોગ્યતા ધરાવે છે
- ✓ વર્ષ ૨૦૨૧માં ૪૫.૯ ટકા સ્નાતકો રોજગારી માટે યોગ્યતા ધરાવતાં હતાં જેની સરખામણીએ વર્ષ ૨૦૨૦માં ૪૬.૨૧ ટકા સ્નાતકો યોગ્યતા ધરાવતાં હતાં અને વર્ષ ૨૦૧૯માં આ ટકાવારી ૪૭.૩૮ ટકાની હતી.
- ✓ MA સ્નાતકો નવી રોજગારક્ષમતા સૌથી નીચી હતી જે ફક્ત ૨૨.૪૨ ટકા હતી. તેના પછીનો નંબર પોલિટેકનિકનો હતો જેમાં ૨૫.૨ ટકા સ્નાતકો રોજગારી માટે યોગ્યતા ધરાવતાં હતાં.

- ✔ સૌથી ઊંચી રોજગારી ક્ષમતા BTech સ્નાતકોમાં ૪૬.૮૨ જોવાઈ હતી, તેના પછી MBAનો ક્રમ આવતો હતો તેમાં ૪૬.૫૯ ટકા સ્નાતકો રોજગારી માટે યોગ્યતા ધરાવતાં હતાં.
- ✔ પુરુષોની સરખામણીએ મહિલાઓની રોજગારી ક્ષમતા ઊંચી જળવાઈ હતી. મહિલાઓમાં ૪૧.૨૫. ટકા સ્નાતકોમાં રોજગારી માટેની યોગ્યતા હતી, જ્યારે તેની સરખામણીએ પુરુષોમાં ફક્ત ૩૪.૨૬ ટકા સ્નાતકોમાં રોજગારી માટેની યોગ્યતા હતી.

૭. K-9 વજ્ર : ભારતીય સેનામાં ૧૦૦મી સ્વદેશી ટેન્ક K-9 વજ્ર હોવિત્ઝર સામેલ (આત્મનિર્ભર-સંરક્ષણ)

- ✓ L&T-હજીરા, સુરત દ્વારા તૈયાર કરાયેલી ૧૦૦મી K-9 વજ્ર તોપને સેનાના જનરલ શ્રી એમ.એમ. નરવણે દ્વારા લીલી ઝંડી




સ્વદેશી K-9 વજ્ર ટેન્ક વિશે :

- ✓ 30 સેકેન્ડમાં ૪૦ કિ.મી. સુધી 3 રાઉન્ડ ફાયર કરવા સક્ષમ
- ✓ 9 વજ્ર હોવિત્ઝરમાં 80 ટકાથી વધારે ભારતમાં બનેલા સ્પેરપાર્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે અલગ અલગ ટેક્નોલોજીમાં 50 ટકા ભારતમાં બનેલી છે.
- ✓ જેમાં 13 હજાર નાના મોટા પાર્ટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને તમિલનાડુની અલગ અલગ કંપનીઓ પાસે તૈયાર કરાવવામાં આવ્યા છે.
- ✓ એલ એન્ડ ટીના વેપન સિસ્ટમ નિષ્ણાંતોની ટીમ દ્વારા સાઉથ કોરિયામાં હાન્વામાં ઓટોમેશનની ટ્રેનિંગ લઈને પાંચ સંરક્ષણ ઉત્પાદન એકમોની ટીમને તાલીમ આપવામાં આવી હતી.

ટેન્કમાં સ્વદેશી ટ્રાયલગન

- ✓ આ ટેન્કમાં ભારતમાં જ વિકસાવેલી ટ્રાયલ ગનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. જેને લઈને વર્ઝન K-9 વજ્ર ટેન્કનો જન્મ થયો છે.
- ✓ ભારતીય સૈન્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ ટેન્કને ડિઝાઈન કરવામાં આવી પર્યાવરણીય નિયંત્રણ અને સલામતીનું ધ્યાન રખાયું છે.
- ✓ સંયુક્ત સાહસ : L&T અને દક્ષિણ કોરિયાઈ કંપની

૮. ૧૪મો જયપુર લિટરેચર વર્ચ્યૂઅલ ફેસ્ટિવલ-૨૦૨૧ (સાહિત્ય)

- ✓ પૃથ્વી પરનો સૌથી મોટો સાહિત્ય ફેસ્ટિવલ
- ✓ પ્રથમવાર ડિજિટલ આયોજન
- ✓ સમયગાળો : તા. ૨૨ થી ૨૫ ફેબ્રુઆરી-૨૦૨૧

વિશેષ ઉપસ્થિતિ :

- ✓ બિલ ગેટ્સ, નોબેલ વિજેતા અર્થશાસ્ત્રી જોસેફ સ્ટિગ્લિટ્ઝ, મલાલા યુસુફઝાઈ, મેન બુકર વિજેતા ડગલસ સ્ટુઅર્ટ સહિત 300થી વધુ વક્તા સામેલ થશે.

૯. મહાબાહુ-બ્રહ્મપુત્ર પ્રોજેક્ટ : આસામ (જળમાર્ગ સુવિધા)

- ✓ વડાપ્રધાન મોદીના હસ્તે ઈ-પ્રારંભ

પ્રોજેક્ટ વિશે :

- ✓ આ પ્રોજેક્ટ હેઠળ નીમાટી-માજુલી ટાપુ, ઉત્તર ગુવાહાટી-દક્ષિણ ગુવાહાટી અને ધુબરી-હાટસિંગિમારી વચ્ચે રો-પેક્સ જહાજ ચલાવી શકાશે.
- ✓ હાલ રોડના માધ્યમથી આ વિસ્તારોનું અંતર કાપવા આશરે 680 કિ.મી.નું અંતર કાપવું પડે છે. આ પ્રોજેક્ટ શરૂ થતાં આ અંતર ઘટીને 43 કિ.મી.નું થઈ જશે.

આસામના અન્ય વિકાસ કાર્યોનો પણ વડાપ્રધાનશ્રીના હસ્તે ઈ-પ્રારંભ

- ✓ ધૂબરી ફુલબાડી બ્રિજ
- ✓ માજુલી પુલના નિર્માણ માટે ભૂમિપૂજન
- ✓ જોગીઘોપામાં ઈન્ટરનેશનલ વોટર ટ્રાન્સપોર્ટેશન ટર્મિનલનો શિલાન્યાસ
- ✓ બ્રહ્મપુત્ર નદી પર અનેક પ્રકારના ટુરિઝમ પોઇન્ટની શરૂઆત
- ✓ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે ડિજિટલ પ્રોબ્લેમ સોલ્વિંગ સિસ્ટમનો શુભારંભ.

૧૦. વૈશ્વિક દેવુ : વર્ષ ૨૦૨૦માં કોરોનાને કારણે વિશ્વનું દેવું વધીને ૨૮૧ ટ્રિલિયન ડોલર (આર્થિક)

દેવુ વધવાના કારણો :

- ✔ કોરોના સામે લડવા વિશ્વનાં અનેક દેશોએ કરોડોનું જંગી દેવું કરવું પડયું છે.
- ✔ ગયા વર્ષે કોરોનાને કારણે ઇકોનોમીને પડેલો ફટકો પુરવા માટે અનેક દેશોની સરકારો, કંપનીઓ અને નાગરિકો દ્વારા કુલ ૨૪ ટ્રિલિયન ડોલરનું દેવું કર્યું હતું.

- ✓ આને પરિણામે વર્ષ ૨૦૨૦નાં અંતે સમગ્ર વિશ્વનું દેવું વધીને ૨૮૧ ટ્રિલિયન ડોલરની ઓલટાઇમ હાઈ સપાટીએ પહોંચ્યું હતું. જે ગ્લોબલ જીડીપીનાં ૩૫૫ ટકાથી વધુ છે
- ✓ વર્ષ ૨૦૨૧માં પણ તમામ દેશો, કંપનીઓ અને સરકારો પાસે દેવું કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

<u>વર્ષ ૨૦૨૧માં દેવું ૧૦ ટ્રિલિયન ડોલર વધી શકે</u>

- ✓ સરકારોની ખાધ વધી રહી છે જે પુરવા માટે વર્ષ ૨૦૨૧માં વિશ્વનાં દેશોએ વધુ ૧૦ ટ્રિલિયન ડોલર દેવા સ્વરૂપે ઊભા કરવા પડશે તેવી ધારણા છે.
- ✓ સરકાર પર રાજકીય અને સામાજિક દબાણોને કારણે ખર્ચા પર અંકુશ રાખવાનું મુશ્કેલ છે ત્યારે વર્ષ ૨૦૨૧નાં અંતે કેટલાક દેશનો દેવાનો બોજ ૯૨ ટ્રિલિયન ડોલર કરતા વધશે તેવો IIFનો અંદાજ છે
- ✓ સંસ્થા : ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ટરનેશનલ ફાઇનાન્સ

<u>૧૧. મિયાવાકી પદ્ધતિ (પર્યાવરણ)</u>

<u>**શું છે મિયાવાકી પદ્ધતિ**</u>

- ✓ <u>જાપાનના ૯૩ વર્ષીય વનસ્પતિશાસ્ત્રી અકીરા મિયાવાકીએ</u> ઓછા સમયમાં વૃક્ષો ઊગે તેવી ટેકનિક શોધી જેને "મિયાવાકી પધ્ધતિ" નામ આપ્યું હતું.



- ✓ તેમને આ પધ્ધતિ પ્રમાણે ઝાડ ઉગાડવાની સફળતા મળતા અત્યારસુધીમાં દેશ-વિદેશની ૧૪૦૦ જગ્યા પર વૃક્ષો ઉગાડ્યા.
- ✓ તેમની પાસે વિવિધ દેશોના વૃક્ષોના ૧૦ મિલિ. બીજ છે. આ પધ્ધતિમાં ૬ ફૂટ ઊંડો ખાડો ખોદીને તેમાં નીચે પથ્થર ત્યારબાદ તેની ઉપર ખાતર, શેરડીના ફૂચા અને ડાંગરનું ભૂંસુ નાખવામાં આવે છે. જેને કારણે વૃક્ષ ઝડપથી વધે, લાંબો સમય ટકી રહે છે.
- ✓ સામાન્ય રીતે ઉગાડેલા ૧૦૦ વૃક્ષોમાંથી ૫૦થી ૭૦ ટકા જીવે છે જ્યારે આ પધ્ધતિથી ૯૫ ટકા વૃક્ષો જીવી જાય છે.

<u>ફાયદા :</u>

- ✓ મિયાવાકી પધ્ધતિથી જો વૃક્ષારોપણ કરવામાં આવે તો તેના ઘણા ફાયદા થાય.
- ✓ વૃક્ષો માટે અનૂકુળ આબોહવા અને જમીન ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં પણ આ પધ્ધતિથી વૃક્ષારોપણ કરવું શક્ય છે.
- ✓ <u>સામાન્ય જંગલ કરતા આ પધ્ધતિથી તૈયાર થયેલા વૃક્ષોનું જંગલ ૩૦ ગણા વધુ કાર્બન ડાયોક્સાઈડનું શોષણ કરે છે.</u>
- ✓ એક વર્ષના સમયગાળામાં વૃક્ષોની ઊંચાઈમાં બે મીટરનો વધારો થાય છે.
- ✓ વાવેતરના ત્રણ વર્ષ પછી તેની માવજતની કોઈ જરૂર રહેતી નથી.
- ✓ મૂળ : જાપાન

<u>૧૨. ટાઈમ મેગેઝિન – USA :</u>

<u>ધ ૨૦૨૧ ટાઈમ ૧૦૦ નેક્સ્ટ (વ્યક્તિ વિશેષ)</u>




- ✓ પ્રતિભાશાળી યુવાનોની યાદીમાં પાંચ ભારતીય નાગરિકોનો સમાવેશ

<u>**યાદીમાં સામેલ ભારતીય અને હોદ્દો**</u>

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1. | ઋષિ સૂનક | બ્રિટિશ નાણામંત્રી |
| 2. | વિજયા ગડે | ટ્વિટરમાં વકીલ |
| 3. | અપૂર્વ મેહતા | ઈન્સ્ટાકાર્ટના સીઈઓ |
| 4. | શિખા ગુપ્તા | ગેટ અસ પીપીઆઈમાં ડિરેક્ટર |
| 5. | ચંદ્રશેખર આઝાદ (UP) | ભીમ આર્મીના પ્રમુખ |

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧૮-૦૨-૨૦૨૧)</u>

1. તાજેતર ફેબ્રુઆરી 2021માં IPL ટી -20 લિગની કઈ સિઝન માટેની હરાજી યોજાઇ - <u>14</u>
2. આગામી IPL ટી-20ની ચાલુ સિઝનમાં કુલ કેટલી ટીમ ભાગ લેશે - <u>08</u>
3. આગામી IPL ટી-20ની ચાલુ સિઝનમાં કયો ખેલાડી સૌથી વધુ રૂ.16.25 કરોડમાં ખરીદાયો અને ટીમ જણાવો - <u>**ક્રિસ મોરિસ અને રાજસ્થાન રોયલ્સ**</u>
4. IPLનું વિસ્તૃત નામ જણાવો - <u>**ઇન્ડિયન પ્રીમિયર લીગ**</u>
5. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ભારતના કેટલા રજવાડાઓના યોગદાનનો ભવ્ય ઈતિહાસ દર્શાવતું મ્યુઝિયમ તૈયાર કરાશે, જેના માટે તાજેતરમાં સરકારી સમિતિની રચના કરાઈ - <u>**562**</u>

6. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્રીન પીસ આબોહવાકીય સલાહકાર જૂથના અહેવાલ-2021 મુજબ વર્ષ 2020માં ભારતમાં વાયુ પ્રદૂષણના કારણે કેટલા લોકોનો ભોગ લેવાયો - **1.20 લાખ**
7. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્રીન પીસ આબોહવાકીય સલાહકાર જૂથના અહેવાલ-2021 મુજબ વર્ષ 2020માં ભારતમાં વાયુ પ્રદૂષણના કારણે કેટલું આર્થિક નુકસાન થયું - **રૂ. બે લાખ કરોડ**
8. ગ્રીન પીસ આબોહવાકીય સલાહકાર જૂથનું વડુ મથક ક્યાં આવેલું છે - **એમ્સ્ટરડેમ, નેધરલેન્ડ્ઝ**
9. કેન્દ્ર સરકાર દ્વારા ફેબ્રુઆરી 2021માં 'ઇન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ'ની કેટલામી આવૃત્તિ જાહેર કરાઇ - **8th**
10. 'ઇન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ'-2021 મુજબ કેટલા ટકા કરતા ઓછા ભારતીય સ્નાતકો રોજગારી માટે યોગ્યતા ધરાવે છે – **50 %**
11. 'ઇન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ'-2021 મુજબ સૌથી ઊંચી રોજગારી ક્ષમતા 46.82% કયા ફેકલ્ટીના સ્નાતકો ધરાવે છે - **BTech.**
12. 'ઇન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ'-2021 મુજબ મહિલા અને પુરુષ સ્નાતકોમાં રોજગારીની માટેની યોગ્યતા કેટલા ટકા છે - **મહિલા-41.25 % અને પુરુષ-34.26 %**
13. ફેબ્રુઆરી 2021ના 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટરનેશનલ ફાયનાન્સ'ના અહેવાલ મુજબ કોરોના મહામારીના કારણે વર્ષ 2020ના અંતમાં વિશ્વનું દેવું વધીને કેટલું થયું છે - **281 ટ્રિલિયન ડોલર**
14. તાજેતરમાં ગુજરાત રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના કયા બે ઉમેદવાર બિનહરીફ વિજેતા જાહેર થયા છે - **1. રામભાઈ મોકરીયા અને 2. દિનેશભાઈ પ્રજાપતિ**
15. ગુજરાતમાં રાજ્યસભાની કુલ બેઠકો જણાવો - **11**
16. ગુજરાત રાજ્યસભામાંથી સૌથી વધુ 09 બેઠકો કયો પક્ષ ધરાવે છે - **ભાજપ**
17. ફેબ્રુઆરી 2021માં ભારતીય સેનાના જનરલ દ્વારા હજીરા-સુરત ખાતેથી કેટલામી સ્વદેશી K-9 વજ્ર હોવિત્ઝર તોપને ભારતીય સેનામાં સામેલ કરાઇ -**100મી**
18. સ્વદેશી K-9 વજ્ર હોવિત્ઝર તોપ કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે - **L&T હજીરા, સુરત**
19. સ્વદેશી K-9વજ્ર હોવિત્ઝર તોપની રેન્જ જણાવો - **40 કિલોમીટર**
20. ભારતીય સેનાના વર્તમાન જનરલનું નામ જણાવો - **શ્રી એમ.એમ. નરવણે**
21. ફેબ્રુઆરી 2021માં કેટલામો 'જયપુર લિટરેચર ફેસ્ટિવલ'નો ડિજિટલ માધ્યમથી પ્રારંભ થયો - **14મો**
22. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી મોદી દ્વારા આસામમાં કયા રો-પેક્સ જહાજ સેવાનો ઈ-પ્રારંભ કરાયો- મહાબાહુ - **બ્રહ્મપુત્ર પ્રોજેક્ટ**
23. મહાબાહુ- બ્રહ્મપુત્ર પ્રોજેક્ટના પ્રારંભથી અંદાજે 680 કિલોમીટરનું અંતર ઘટીને કેટલું થશે - **43 કિલોમીટર**
24. મહાબાહુ-બ્રહ્મપુત્ર પ્રોજેક્ટ હેઠળ કયા કયા રૂટ- વિસ્તારનો સમાવેશ થાય છે - **નીમાટી-માજુલી ટાપુ, ઉત્તર ગુવાહાટી-દક્ષિણ ગુવાહાટી અને ધુબરી- હાટસિંગિમારી**
25. ગુજરાતમાં પ્રથમવાર સાસણમાં વનવિભાગ દ્વારા કયા ગીધને સોલર ટેગથી સજ્જ કરાયા - **હિમાલયન ગીધ**
26. લુપ્ત થતા હિમાલયન ગીધ કઈ શ્રેણીમાં આવે છે - **શેડ્યુલ-1**
27. વૃક્ષારોપણ માટેની 'મિયાવાકી પદ્ધતિ' કયા દેશની દેન છે - **જાપાન**
28. જાપાનના વનસ્પતિશાસ્ત્રી અકિરા મિયાવાકી દ્વારા ઓછા સમયમાં વધુ વૃક્ષો તૈયાર થાય તે માટે કઈ ટેકનિકની શોધ કરે છે - **મિયાવાકી પદ્ધતિ**
29. મિયાવાકી પદ્ધતિ સામાન્ય જંગલ કરતા કેટલા ઘણા વધુ કાર્બન ડાયોક્સાઇડનું શોષણ કરે છે - **30%**

**DATE : 19-02-2021**

**૧. ખેલકૂદ : ગુજરાતી ટેનિસ સ્ટાર અંકિતા રૈના કારકિર્દીનું પ્રથમ WTA વિમેન્સ ડબલ્સ ટાઈટલ વિજેતા**



- ✓ વિજેતા જોડી : ભારતીય અંકિતા રૈના અને રશિયન કેમિલા રખિમોવા
- ✓ **ટુર્નામેન્ટ : ફિલિપ આઇલેન્ડ ટ્રોફી ટેનિસ ટુર્નામેન્ટ**
- ✓ યજમાન : મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા

**૨. મધ્યપ્રદેશ : હોશંગાબાદનું નામ બદલીને નર્મદાપુરમ કરાયું (વહીવટ)**

✓ નર્મદા જયંતિ નિમિતે મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ દ્વારા જાહેરાત

**<u>હોશંગાબાદ વિશે :</u>**

✓ ભોપાલથી 80 કિમી દૂર હોશંગાબાદનું નામ બદલવાની માંગ ઘણા સમયથી થઈ રહી હતી.

✓ હોશંગશાહ ગૌરીના નામ પરથી હોશંગાબાદ રાખવામાં આવ્યું હતું.

✓ હોશંગશાહ લૂંટારો હતો આથી લોકો તેનું નામ બદલવા માંગતા હતા.

✓ <u>ઇતિહાસ મુજબ તેનું જૂનું નામ નર્મદાપુરમ હતું</u>

✓ <u>નર્મદા નદીનું ઉદગમ સ્થાન : અમરકંટક</u>

### <u>૩. એવોર્ડ : બોલિવૂડના અભિનેતા કે.કે.મેનનનું દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ એવોર્ડથી સન્માન</u>






✓ વર્ષ ૧૯૯૫માં નસીમ ફિલ્મથી બોલીવૂડમાં પ્રવેશ

✓ સ્થળ : મુંબઈ

### <u>૪. ખેલકૂદ : ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ-2021</u>

✓ કેટેગરી : વિમેન્સ ડબલ્સ

✓ યજમાન : મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા

**<u>વિજેતા જોડી અને દેશ :</u>**

✓ (૧) એલિસ મર્ટેન્સ : બેલ્જિયમ

✓ (૨) આર્યના સબાલેન્કો : બેલારુસ

✓ બીજું ગ્રાન્ડસ્લેમ વિજેતા




✓ ખાસ : ઓસ્ટ્રેલિયન ઓપન વર્ષની પ્રથમ ટેનિસ ટુર્નામેન્ટ

✓ વર્ષ દરમિયાન કુલ ચાર ટેનિસ ઓપન ટૂર્નામેન્ટનું આયોજન

✓ (૧) ઓસ્ટ્રેલિયન ઓપન (૨) ફ્રેન્ચ ઓપન

✓ (૩) વિમ્બલ્ડન ઓપન (૪) યુએસ ઓપન

### <u>૫. મિશન મંગળયાન 2020 - NASA (અવકાશ વિજ્ઞાન)</u>



✓ નાસાના 'રોવર પર્સેવરન્સ'નું મંગળના ક્રેટર જજિરો પર સફળ ઉતરાણ

✓ પર્સેવરન્સનું હુલામણું નામ પર્સી

✓ પ્રથમવાર ઈન્જિન્યુટી હેલિકોપ્ટર પણ સામેલ

✓ મંગળની માર્સ સફર માટે 30 જુલાઈ 2020ના રોજ રવાના થયું હતુ.

✓ નાસાની ચોથી પેઢીનું પાંચમુ યાન

✓ **<u>શોધ : પાણી અને જીવનની શક્યતા તપાસવાનું અભિયાન.</u>**

✓ ૨૦૩ દિવસમાં ૪૭.૨ કરોડ કિ.મી.ની સફર

✓ અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસાનું મિશન મંગળ તા. ૧૮ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ સફળ રહ્યું હતું.

✓ નાસાનાં રોવર પર્સેવરન્સ દ્વારા મંગળની ધરતી પર આવેલા ક્રેટર જજિરો ખાતે સફળ ઉતરાણ કરવામાં આવતા જ એક નવા અભિયાનનો પ્રારંભ થયો હતો.

✓ રોવર પર્સેવરન્સ ત્યાં પાણી અને જીવનની શક્યતા તપાસવાની કામગીરી હાથ ધરશે.

✓ spaceIt દ્વારા ૨૩૯ મિલિયન માઈલનો પ્રવાસ કર્યા પછી કલાકનાં ૧૨,૦૦૦ માઈલની ઝડપે મંગળની ભ્રમણકક્ષામાં પ્રવેશ કરવામાં આવ્યો હતો.

✓ આ પછી થોડા સમયમાં જ સ્થાનિક સમય મુજબ સાંજે ૪ વાગ્યા પહેલાં રોવર પર્સેવરન્સે મંગળનાં ક્રેટર પર સફળ લેન્ડિંગ કર્યું હતું.

**<u>ક્રેટર જજિરો વિશે</u>**

**<u>મંગળનાં ૩.૫ અબજ વર્ષ જૂના ક્રેટરમાં ઉતરાણ</u>**

✓ ૨.૨ અબજ ડોલરનાં ખર્ચે તૈયાર કરવામાં આવેલા કારના કદ અને આકારનાં રોવર પર્સેવરન્સે મંગળનાં ૩.૫ અબજ વર્ષ જૂના ક્રેટરમાં ઉતરાણ કર્યું હતું.

✓ અબજો વર્ષ પહેલાં આ ક્રેટર જજિરોમાં પાણીનું સરોવર હોવાનું માનવામાં આવે છે ત્યાં હાલ ૨૮ માઈલ પહોળો અને ૮૨૦ ફૂટ ઊંડો ખાડો છે. જેમાં ઊતરેલું રોવર જીવનનાં અસ્તિત્વની શક્યતા તપાસશે.

✓ પર્સેવરન્સનું હુલામણું નામ પર્સી છે. ૬ પૈડાવાળા રોવરે ૭ મહિનામાં ૪૭ કરોડ કિલોમીટરનો પ્રવાસ કરીને મંગળ પર ઉતરાણ કર્યું હતું.

✓ પર્સેવરન્સ પૃથ્વીનાં બે વર્ષ મંગળ પર જીવનનાં અસ્તિત્વની શોધ ચલાવશે અને અનેક પ્રયોગો હાથ ધરશે.

**મૂળ ભારતીય ગુજરાતી સ્વાતિ મોહનની ભૂમિકા**




✓ નાસાનાં રોવરની ૨૦૩ દિવસની સફર પછી છેલ્લી ૭ મિનિટમાં તેની ઝડપને શૂન્ય પર લાવી મંગળની સપાટી પર સફળ ઉતરાણ કરાવવા પાછળ મૂળ ભારતીય અમેરિકન વૈજ્ઞાનિક સ્વાતિ મોહનનું ફળદ્રુપ ભેજું કામ કરી ગયું હતું.

✓ તેમણે કન્ટ્રોલ અને નેવિગેશનની કામગીરી સફળતાથી અદા કરી હતી.

✓ સ્વાતિ મોહન એક વર્ષનાં હતા ત્યારે તેમનાં પેરેન્ટસ સાથે તેઓ અમેરિકા ગયા હતા.

✓ પાસાડેનામાં નાસાનાં જેટ પ્રપલ્ઝન યુનિટમાં તેમણે વર્ષો સુધી કામ કર્યું હતું.

✓ નાસા એ અગાઉ મંગળ પર આઠ મિશન મોકલ્યા છે, આ નવમું મિશન છે.

✓ આ પહેલા નાસાએ 2018માં ઈન્સાઈટ મંગળ પર ઉતાર્યું હતું.

✓ મંગળ પર ઉતરાણનું કન્ફર્મેશન નાસાના ભારતીય મૂળના વિજ્ઞાની સ્વાતી મોહને આપી હતી.

**પર્સેવરન્સ વિશે :**

✓ પર્સેવરન્સ (અર્થ : ધિરજ) નાસાનું આ 1026 કિલોગ્રામ વજનનું અત્યાર સુધીનું સૌથી મોટું અને આધુનિક મિશન છે.

✓ મંગળ પર લેન્ડર-રોવર એટલે કે લેન્ડ થઈ હરી-ફરી (રોવર) શકે એવા યાન તો નાસાએ અગાઉ ઘણા મોકલ્યા છે.

✓ આ યાન સાથે નાનકડું હેલિકોપ્ટર મોકલાયું છે. 'ઈન્જિન્યૂટી' (અર્થ : ચતુરાઈ) હેલિકોપ્ટર કોઈ અન્ય ગ્રહ પર ઉડનારૂં પ્રથમ વાહન બનશે.

✓ ધરતી પરથી એ માઈક્રો હેલિકોપ્ટરનું સંચાલન પણ અઘરૂં છે. આ મિશન 25 મહિના કાર્યરત રહેશે.

✓ NASA : USની અવકાશ સંસ્થા

✓ NASA : નેશનલ એરોનેટિક્સ એન્ડ સ્પેશ એડમિનિસ્ટ્રેશન

**૬. દિન વિશેષ : નર્મદા નદી જન્મ જયંતિ**



✓ તિથિ : મહા સુદ સાતમ

**નર્મદા પરિક્રમાનું વિશેષ મહત્વ**

✓ ગંગા કરતા પણ પહેલાથી વહેતી નદી-નર્મદા

**૭. જન્મ દિન વિશેષ : 19 ફેબ્રુઆરી**

**(૧) આઠ અક્ષરનું નામ: ભૂપત વડોદરિયા**




જન્મ - 19 ફેબ્રુઆરી-1929 અવસાન- 4 ઓક્ટોબર-2011

✓ મૂળ પાળિયાદના પણ સૌરાષ્ટ્રના ધ્રાંગધ્રા ખાતે જન્મેલા ભૂપત છોટાલાલ વડોદરિયાએ 3 વર્ષની વયે માતાની છત્રછાયા ગુમાવી હતી.

✓ 1946માં વિજ્ઞાન સ્નાતક થઇ લોકશક્તિ દૈનિકમાં પત્રકાર તરીકે જોડાયા 1955માં 26 વર્ષની વયે ફૂલછાબ દૈનિકના સૌથી યુવા તંત્રી બન્યા.


✓ તે પછી ગુજરાતી ભાષાના વિવિધ સામયિકો અને દૈનિકોમાં ભૂપતભાઈ સંપાદક તરીકે સેવાઓ આપતા રહ્યા હતા.

✓ 1982થી 1986 દરમિયાન તેઓ ગુજરાત સરકારના ઈન્ફર્મેશન વિભાગના માહિતી નિયામક તરીકે રહ્યા હતા.

✓ ભૂપતભાઈના પ્રેમ એક પૂજા, કસુંબીનો રંગ, જીવન જીવવાનું બળ, પંચામૃત, અંતરના રૂપ, ઘરે બાહિરે ભાગ 1 - 5 અને આઝાદીની આબોહવા તેમની નવલકથા, વાર્તા અને નિબંધના પુસ્તકો છે.

✓ પત્રકાર અને સાહિત્યકાર ભૂપત વડોદરિયાનું 4 ઓક્ટોબર 2017ના રોજ અવસાન થયું.

**(૨) ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા**




(3) RSSના દ્વિતિય વડા શ્રી માધવ સદાશિવ ગોલવલકર




(૪) છત્રપતિ શિવાજી મહારાજ




જન્મ : ૧૯ ફેબ્રુઆરી ૧૬૩૦ અવસાન : ૩ એપ્રિલ ૧૬૮૦

- ✓ મહાન યોદ્ધા અને રણનીતિકાર - મરાઠા સામ્રાજયના મહારાજા
- ✓ બીજાપુરની આદિલશાહી સલ્તનતમાંથી પોતાનું વિશાળ મરાઠા સામ્રાજ્ય વિકસાવનાર છત્રપતિ શિવાજી માતા જીજાબાઈ અને પિતા શાહજીનું એકમાત્ર સંતાન હતા.
- ✓ એમણે મહારાષ્ટ્રમાં કિલ્લા બાંધ્યા એ ઉપરાંત ભારતમાં તેમણે સૌપ્રથમ નૌકાદળની સ્થાપના કરી.
- ✓ એમના સરદાર તાનાજીની યુદ્ધમાં શહાદતને બિરદાવતી એમની એક ઉક્તિ જગપ્રસિદ્ધ છે, “ગઢ આલા પરંતુ સિંહ ગેલા.”
- ✓ શિવાજીનો જન્મ આજના પુના શહેરની પાસેના જુન્નર તાલુકાના શિવનેરીના કિલ્લામાં થયો હતો.
- ✓ બચપણથી જ માતા જીજાબાઈએ તેમને હિંદુ ધર્મના સંસ્કારો આપ્યા હતા અને રામાયણ તથા મહાભારતની વાર્તાઓ સંભળાવી હતી.
- ✓ ગુરૂ સમર્થ રામદાસ તેમના ધાર્મિક ગુરૂ હતા.
- ✓ સુરતના મોગલ સુબા શાહિસ્ત ખાનનો સરકારી મોગલ ખજાનો લૂંટવા એમણે 1664માં સુરત પર ચડાઈ કરી હતી.
- ✓ 1680માં 3 એપ્રિલે 52 વર્ષની વયે શિવાજીનું અવસાન થયું હતું

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૨-૨૦૨૧)

1. તાજેતરમાં યોજાયેલ 'ફિલિપ આઇલેન્ડ ટ્રોફી ટેનિસ ટુર્નામેન્ટ-2021' ડબલ્સ ટાઇટલ વિજેતા પ્રથમ મહિલા ગુજરાતી ખેલાડીનું નામ જણાવો - **અંકિતા રૈના**
2. તાજેતરમાં યોજાયેલ 'ફિલિપ આઇલેન્ડ ટ્રોફી ટેનિસ ટુર્નામેન્ટ-2021' ડબલ્સ ટાઇટલ વિજેતા ખેલાડી અને દેશનું નામ જણાવો - **ભારતીય અંકિતા રૈના અને રશિયન કેમિલા રખિમોવા**
3. 'ફિલિપ આઇલેન્ડ ટ્રોફી ટેનિસ ટુર્નામેન્ટ-2021' ક્યાં યોજાઈ હતી - **મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા**
4. તાજેતરમાં નર્મદા જયંતી નિમિત્તે મધ્યપ્રદેશના હોશંગાબાદ જિલ્લાને કયું નવું મૂળ નામ અપાયું - **નર્મદાપુરમ**
5. મધ્યપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શિવરાજસિંહ ચૌહાણ**
6. નર્મદા નદીનું ઉદગમ સ્થાન જણાવો - **અમરકંટક**
7. તાજેતરમાં બોલિવૂડના અભિનેતા કે.કે. મેનનનું કયા પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માન કરાયું - **દાદાસાહેબ ફાળકે ઇન્ટરનેશનલ એવોર્ડ**
8. ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ 2021 વિમેન્સ ડબલ્સ વિજેતા ખેલાડી અને દેશ જણાવો- **એલિસ મર્ટેન્સ- બેલ્જીયમ અને આર્યના સબાલેન્કો- બેલારુસ**
9. વૈશ્વિક ક્ષેત્રે ટેનિસ ઓપનની વર્ષ દરમિયાન યોજાતી મુખ્ય ચાર ટુર્નામેન્ટ જણાવો - **ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડન અને યુએસ ઓપન**
10. તાજેતરમાં 18 ફેબ્રુઆરી 2021માં નાસાના મિશન મંગળયાન 2020 અંતર્ગત કયા યાને સફળ ઉતરાણ કર્યું છે - **રોવર પર્સેવરન્સ**
11. 'રોવર પર્સેવરન્સ'નું હુલામણું નામ જણાવો - **પર્સી**
12. મિશન મંગળયાન 2020 અંતર્ગત નાસાનું 'રોવર પર્સેવરન્સ' યાને કયા વિસ્તારમાં સફળ ઉતરાણ કર્યું હતું - **ક્રેટર જજિરો**
13. મિશન મંગળયાન 2020 અંતર્ગત નાસાના 'રોવર પર્સેવરન્સ' યાન સાથે પ્રથમવાર કયા હેલિકોપ્ટરની પણ સામેલ કરાયું છે - **ઇન્જિન્યૂટી**
14. નાસાના 'રોવર પર્સેવરન્સ' યાન મંગળ ઉપર શાની શોધ કરશે - **પાણી અને જીવનની શક્યતા**

15. મંગળ ઉપર અબજો વર્ષ પહેલા પાણીનું સરોવર કયા નામે ઓળખાતું હોવાનું મનાય છે - **ક્રેટર જજિરો**
16. નાસાના 'રોવર પર્સેવરન્સ' યાનને મંગળ ઉપર સફળ ઉતરાણ કરાવવામાં કયા મૂળ ભારતીય ગુજરાતી અને અમેરિકન વૈજ્ઞાનિકની ભૂમિકા મહત્વની હતી - **સ્વાતિ મોહન**
17. નાસાના 'રોવર પર્સેવરન્સ' યાનનો અર્થ જણાવો - **ધિરજ**
18. લેન્ડર-રોવર એટલે શું - **મંગળ ઉપર લેન્ડ થઈ હરી ફરી શકે**
19. મંગળ ગ્રહ પર ઉડનાર પ્રથમ હેલિકોપ્ટર 'ઇન્જિન્યૂટી'નો અર્થ જણાવો - **ચતુરાઈ**
20. અમેરિકન અવકાશ સંસ્થા NASAનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન**
21. નર્મદા નદીની જન્મ તિથિ જણાવો - **મહા સુદ સાતમ**
22. ગુજરાતી પત્રકાર-સાહિત્યકાર ભૂપત વડોદરિયાનો જન્મદિવસ જણાવો - **19.02.1929**
23. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાનો જન્મદિવસ જણાવો - **19.02**
24. હિન્દવી સ્વરાજના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજનો જન્મદિવસ જણાવો - **19.02.1630**
25. ભારતમાં સૌપ્રથમ નૌકા દળની સ્થાપના કયા મરાઠા રાજાએ કરી હતી - **છત્રપતિ શિવાજી મહારાજ**
26. છત્રપતિ શિવાજી મહારાજના માતા અને ધાર્મિક ગુરુનું નામ જણાવો - **માતા જીજાબાઇ અને ગુરુ સમર્થ રામદાસ**

**DATE : 20-02-2021**

## ૧.મિશન ઇન્દ્રધનુષ 3.0 : સગર્ભા માતા અને બાળકોને સાર્વત્રિક રસીકરણ માટે મિશન ઇન્દ્રધનુષનો ગુજરાતમાં પ્રારંભ (આરોગ્ય)




- ✓ પ્રથમ રાઉન્ડ: તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૧થી
- ✓ બીજો રાઉન્ડ : તા. ૨૨ માર્ચ ૨૦૨૧થી

**લક્ષ્યાંક :**

- ✓ ૧૨ લાખ બાળકો અને ૧૩ લાખથી વધુ સગર્ભા માતાઓ

**૧૦ જેટલા ગંભીર રોગ :**

- ✓ ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઊટાટીયું, ધનુર, હીબ બેક્ટેરિયાથી થતા ન્યુમોનીયા, મગજનો તાવ જેવા રોગો, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા

**હેતુ :**

- ✓ તમામ સગર્ભા માતા અને બાળકોને તેમની વયજૂથ મુજબની રસી સમયસર મળી જાય તે સુનિશ્ચિત કરવાનો.
- ✓ સંપૂર્ણ રસીકરણમાં નોંધપાત્ર વધારો થાય અને દેશના ખાસ વિસ્તારોમાં વંચિત રહેલા બાળકો અને સગર્ભા માતાઓને રસીકરણની સેવાઓ મળે તે સુનિશ્ચિત કરવાનો.
- ✓ દેશના ૨૫૦ જિલ્લાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આ અમલમાં કરવામાં આવે છે. જેમાં ગુજરાતના 33 જિલ્લા અને ૮ કોર્પોરેશન વિસ્તારોમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ આ રસીકરણ કાર્યક્રમ યોજાશે.
- ✓ રસીઓનો જથ્થો, તેના પરિવહન તેમજ કોલ્ડ ચેઇન તાપમાનની વાસ્તવિક સમયની માહિતી ઉપલબ્ધ કરવા માટે ઇલેક્ટ્રોનિક વેક્સીન ઇન્ટેલિજન્સ નેટવર્ક (eVIN)નું અમલીકરણ રાજ્યના તમામ ૧૯૭૦ રસીઓના સ્ટોર અને કોલ્ડ ચેઈન પોઈન્ટ પર અમલીકરણ કરાયું છે.

**સઘન મિશન ઇન્દ્રધનુષ રસીકરણ વિશે**

- ✓ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનું વર્ષ ૧૯૮૫થી અમલીકરણ થયેલ છે, જેમાં દર વર્ષે દેશના આશરે ૨.૬ કરોડથી વધુ બાળકો અને 3 કરોડથી વધુ સગર્ભા માતાઓને આવરી લેવામાં આવે છે.

**બાળલકવા નાબૂદી અભિયાન અંગે :**

- ✓ બાળલકવા નાબૂદી માટે સમગ્ર દેશમાં અને ગુજરાત રાજયમાં ઘનિષ્ઠ અભિયાન અંતર્ગત ૦-૫ વર્ષનાં તમામ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવે છે.
- ✓ આ અભિયાનના કારણે ગુજરાતમાં એપ્રિલ-૨૦૦૭ પછી પોલિયોનો એક પણ કેસ નોધાયેલ નથી.
- ✓ દર વર્ષની જેમ આ વર્ષે પણ 31 જાન્યુઆરી, 2021ના રોજથી પલ્સ પોલીયોની કામગીરી દ્વારા બાળકોને પોલીયો વિરોધી રસી આપી રક્ષિત કરાયા.

૨. બાયોરોક પ્રોજેક્ટ : મરીન નેશનલ પાર્ક-જામનગર (દરિયાઈ જીવસૃષ્ટિ)

**વિશેષતા :**

- ✓ દરિયાઈ જીવસૃષ્ટિ કોરલના વિકાસ માટે સોલાર પેનલનો દેશનો પ્રથમ સફળ પ્રયોગ



- ✓ મોટાભાગની દરિયાઈ જીવસૃષ્ટિ જેના પર આધારિત છે એવા કોરલનો ઝડપી વિકાસ માટે આખા દેશમાં પ્રથમવાર દ્વારકા જિલ્લાના મીઠાપુર અને આરંભડામાં સોલાર પેનલનો પ્રયોગ કરાયો છે.
- ✓ 50 લાખ રૂપિયાના ખર્ચે શરૂ થયેલા આ મહત્વાકાંક્ષી બાયોરોક પ્રોજેક્ટ સફળતાપૂર્વક કાર્યરત બની ગયા છે અને એનાથી અહીંના મરીન નેશનલ પાર્કમાં કોરલનો ગ્રોથ પણ દોઢથી બે ગણો વધી ગયો છે.
- ✓ પૃથ્વી પર સજીવોને ઓક્સિજન પૂરો પાડતા વૃક્ષોની જેટલી જરૂરિયાત છે એટલી જ જરૂર દરિયાઈ જીવસૃષ્ટિને કોરલની છે.
- ✓ કોરલનો વિકાસ થાય છે એ સાબિત થઈ ગયું છેઃ મરીન બાયોલોજીસ્ટ
- ✓ આ પ્રકારના બાયોરોક પ્રોજેક્ટ અમેરિકા અને મલેશિયામાં જ છે, ભારતમાં આ પહેલો પ્રયોગ છે. બીજા દિવસથી જ કોરલનો વિકાસ દેખાવા માંડ્યો છે.

**કેવી રીતે કામ કરે છે પ્રોજેક્ટ :**

- ✓ બાયોરોક પ્રોજેક્ટનું થ્રી-ડી સ્ટ્રક્ચર દરિયાના પેટાળમાં ઉતારીને મજબૂત રીતે બાંધી દેવાયું છે. એની સાથેનું વાયરિંગ દરિયાના પાણી પર તરતી સોલાર પેનની સાથે જોડાયેલું હોય છે.

**સફળતા :**

- ✓ આખી દરિયાઈ જીવસૃષ્ટિ જેના પર નભી રહી છે એવા કોરલના ઝડપી વિકાસ માટેના આ મહત્ત્વાકાંક્ષી બાયોરોક પ્રોજેક્ટ અત્યારે બંને સ્થળોએ સફળતાપૂર્વક કાર્યરત થઈ ગયા છે

૩. નીતિ આયોગ : ગવર્નિંગ કાઉન્સિલની 6th બેઠક-૨૦૨૧ (વહીવટ)

- ✓ નીતિ આયોગના અધ્યક્ષ : પીએમ નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ)




**વીડિયો કોન્ફરન્સ દ્વારા પીએમ નરેન્દ્ર મોદીના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ નવી ટેક્નોલોજી અપનાવવા નિયંત્રણો ઘટાડવા રાજ્યોએ સમિતિઓ રચવી જોઈએ.
- ✓ ખાદ્ય તેલનાં ઉત્પાદન માટે તેલીબિયાંનું વધુ ઉત્પાદન કરવું જોઈએ અને આયાત ઘટાડવી જોઈએ. આ માટે ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.
- ✓ કૃષિ ક્ષેત્રે ફંડ અને આધુનિક ટેક્નોલોજી અપનાવવા માટે સુધારા કરવા જરૂરી છે.
- ✓ સરકારનાં આત્મનિર્ભર ભારત કાર્યક્રમમાં પ્રાઇવેટ સેક્ટરને પૂર્ણ સહભાગી થવાની તક આપવા હાકલ કરી હતી.
- ✓ આર્થિક વિકાસને વેગ આપવા કેન્દ્ર અને રાજ્યોએ સાથે મળીને કામ કરવા સૂચન કર્યું હતું.
- ✓ ભારતમાં ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ માટે જૂના કાયદા રદ કરવા ભાર મૂક્યો હતો.
- ✓ તેમણે ગ્લોબલ તકો ઝડપી લેવા વેપાર ઉદ્યોગોને અનુરોધ કર્યો હતો.
- ✓ દેશમાં સહકારી ઝુંબેશને જિલ્લા કક્ષાએ અર્થપૂર્ણ બનાવવા તેમજ તેમાં સ્પર્ધાત્મકતા વધારવા સૂચન કર્યું હતું.
- ✓ દેશનાં આર્થિક વિકાસ માટે પ્રાઇવેટ સેક્ટરને પૂરતું મહત્ત્વ અને પ્રતિનિધિત્વ આપવાની તરફેણ કરી હતી.

**બેઠકના મુખ્ય એજન્ડા :**

- ✓ નીતિ આયોગની બેઠકનાં એજન્ડામાં કૃષિ ક્ષેત્રે, ઇન્ફ્રાસ્ટ્રકચર, મેન્યુફેક્ચરિંગ, માનવ સંસાધન વિકાસ, સિંવિસિસની ગ્રાસરૂટ લેવલ પર યોગ્ય ડિલિવરી તેમજ આરોગ્ય અને પોષણક્ષમ આહાર જેવા મુદ્દા આવરી લેવાયા હતા.
- ✓ **ઉપસ્થિતિ :** વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીશ્રી

૪. ભારતમાં ઊર્જા ઉત્પાદનની વર્તમાન સ્થિતિ (ઊર્જા)



✓ ભારતમાં પેદા થતી ૩૮૧ ગીગાવોટ વીજળી પૈકી ક્યા સ્રોતમાંથી ભારત કેટલા ટકા ઊર્જા મેળવે છે તેની વિગતો

| સ્રોત | કુલ ઊર્જામાં પ્રમાણ |
|---|---|
| કોલસો | ૫૪.૬ ટકા |
| ગેસ | ૬.૪ ટકા |
| ડીઝલ | ૦.૧ ટકા |
| હાઈડ્રો | ૧૨.૧ ટકા |
| ન્યુક્લિયર | ૨.૦ ટકા |
| રિન્યુએબલ | ૨૪.૭ ટકા |

## ૫. જાપાન સરકાર : નવતર પહેલ (વૈશ્વિક બાબતો)

**જાપાનમાં એકલાપણુ દૂર કરવા માટે કેબિનેટમાં 'મિનિસ્ટર ઓફ લોન્લીનેસ' નવું મંત્રીપદ**

હેતુ : નાગરિકોનું એકલાપણું અને તેમનો તણાવ દૂર કરવો

✓ જાપાન વડાપ્રધાન : યોશિહિદે સુગમા

✓ રાજધાની : ટોક્યો

## ૬. ખેલકૂદ : ઓસ્ટ્રેલિયન ઓપન-૨૦૨૧

**વૂમેન સિંગલ્સ વિજેતા અને દેશ**

✓ નાઓમી ઓસાકા – જાપાન

✓ સતત બીજી વાર ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા

✓ ઓસાકા સતત ૨૧ ગ્રાન્ડસ્લેમ મેચ જીતી.




હરિફ :

✓ જેનિફર બ્રાડી – અમેરિકા

✓ યજમાન : મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૨-૨૦૨૧)

1. ભારતભરમાં 'મિશન ઇન્દ્રધનુષ' અંતર્ગત કોને રસી આપવામાં આવે છે - **સગર્ભા માતા અને બાળકો**
2. મિશન ઇન્દ્રધનુષ અંતર્ગત અપાતી રસીમાં કેટલા રોગો સામે રક્ષણ મળે છે - **10**
3. તાજેતરમાં ઓસ્ટ્રેલિયન ઓપન-2021 વુમન સિંગલ વિજેતા ખેલાડી અને દેશ જણાવો - **નાઓમી ઓસાકા અને જાપાન**
4. ઓસ્ટ્રેલિયન ઓપન-2021 વુમન સિંગલ ટેનિસ ટુર્નામેન્ટ ક્યાં યોજાઈ - **મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા**
5. તાજેતર ફેબ્રુઆરી-૨૦૨૧માં જાપાનની ખેલાડી નાઓમી ઓસાકાએ સતત કેટલામી ગ્રાન્ડસ્લેમ મેચ જીતી - **૨૧**
6. તાજેતરમાં 20 ફેબ્રુઆરી 2021ના રોજ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની કેટલા બેઠક યોજાઇ - **6th**
7. નીતિ આયોગના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**
8. દરિયાઈ જીવસૃષ્ટિ કોરલના વિકાસ માટે સોલર પેનલ આધારિત સફળ પ્રયોગ કરનાર નેશનલ પાર્ક જણાવો - **મરીન નેશનલ પાર્ક જામનગર**
9. દરિયાઈ જીવસૃષ્ટિ કોરલના વિકાસ માટે જામનગર ખાતે કયો પ્રથમ સોલાર પ્રોજેક્ટ તૈયાર કરાયો છે - **બાયોરોક પ્રોજેક્ટ**
10. નાગરિકોના જીવનમાં એકલાપણું-તણાવ દૂર કરવા માટે વિશ્વમાં સૌપ્રથમ કયા દેશમાં 'મિનિસ્ટર ઓફ લોન્લીનેસ' મંત્રાલય શરૂ કરાયું - **જાપાન**
11. જાપાનના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **યોશીહિદે સુગમા**
12. જાપાનની રાજધાનીનું નામ જણાવો - **ટોક્યો**
13. ભારતમાં ફેબ્રુઆરી 2021ની સ્થિતિએ અંદાજે કેટલા ગીગાવૉટ વીજળી પેદા કરવામાં આવે છે – **381 ગીગાવૉટ**
14. ભારતમાં ફેબ્રુઆરી 2021ની સ્થિતિએ કેટલા ટકા રિન્યુએબલ એનર્જી પેદા કરવામાં આવે છે - **24.7%**
15. ભારતમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ સૌપ્રથમ ક્યારે થયો હતો - **વર્ષ ૧૯૮૫**
16. બાળલકવા નાબૂદી માટે ઘનિષ્ઠ અભિયાન અંતર્ગત કયા વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવે છે – **૦ થી ૫ વર્ષ**
17. ગુજરાતમાં ક્યારથી પોલિયોનો એક પણ કેસ નોધાયો નથી - **એપ્રિલ-૨૦૦૭થી**
18. દેશમાં પ્રથમ કયા દરિયા કિનારે બાયોરોક પ્રોજેક્ટ હેઠળ સોલાર પેનલનો પ્રયોગ કરાયો છે - **દ્વારકાના મીઠાપુર અને આરંભડા**
19. બાયોરોક પ્રોજેક્ટ વિશ્વના કયા દેશોમાં અમલી છે - **અમેરિકા અને મલેશિયા**

DATE : 21-02-2021

૧. સ્થાનિક સ્વરાજની ચૂંટણી-ગુજરાત (બંધારણ)

**છ મહાનગર પાલિકામાં સરેરાશ કુલ ૪૫.૬૪ ટકા મતદાન**




**મહાનગરપાલિકા મુજબ સરેરાશ મતદાનની ટકાવારી-૨૦૨૧**

- ✓ અમદાવાદ : ૪૨.૫૧ - સુરત : ૪૫.૫૧
- ✓ વડોદરા : ૪૭.૯૯ - જામનગર : ૫૩.૬૪
- ✓ રાજકોટ : ૫૦.૭૫ - ભાવનગર : ૪૯.૪૭
- ✓ જૂનાગઢ (પેટા ચૂંટણી) : ૫૧.૮૫
- ✓ આયોજન : રાજ્ય ચૂંટણી પંચ-ગુજરાત
- ✓ રાજ્ય ચૂંટણી કમિશનર : શ્રી સંજય પ્રસાદ

૨. વિશ્વ ધરોહર સુંદરવન : ક્લાઈમેટ ચેન્જની ગંભીર અસરો (પર્યાવરણ)




**અહેવાલના મહત્વના તારણો :**

- ✓ યુનેસ્કો દ્વારા વિશ્વ ધરોહર જાહેર 102 ટાપુઓના સમૂહ સુંદરવનના તટ દુનિયામાં સૌથી ઝડપથી સંકોચાઈ રહ્યા છે.
- ✓ નાસાની લેન્ડસેટ સેટેલાઈટ ઈમેજથી જાણ થાય છે કે સુંદરવનમાં ગત બે દાયકામાં સમુદ્રનું સ્તર દર વર્ષે સરેરાશ 3 સેન્ટિમીટર (1.2 ઈંચ) વધ્યું છે.
- ✓ તેના લીધે ચાર દાયકામાં આ ક્ષેત્રનું લગભગ 12 ટકા તટ સંકોચાઈ ગયું છે.
- ✓ જ્યારે ગત ત્રણ દાયકાથી સુંદરવનનું તાપમાન પણ 0.5 ડિગ્રી સેલ્સિયસ દર દાયકાએ વધી રહ્યું છે.
- ✓ તેની ઝડપ વૈશ્વિક સરેરાશ 0.06 ડિગ્રીથી આશરે 8 ગણી વધુ છે. જેણે દેશની સાથે સાથે દુનિયાભરની ચિંતા વધારી છે.

**અસરો :**

- ✓ મેન્ગ્રૂવ જંગલો, બંગાલ ટાઈગર અને ઈરાવડી ડૉલ્ફિન સહિત તેની જૈવ વિવિધતા માટે દુનિયાભરમાં પ્રસિદ્ધ સુંદરવન પર ખતરાની પર્યાવરણવિદોની ચેતવણી.
- ✓ સુંદરવનનું સૌથી મજબૂત સુરક્ષા કવચ મેન્ગ્રૂવ જંગલ હતા પણ હવે તે નબળા થઈ ગયા છે.
- ✓ પ.બંગાળમાં ક્લાઈમેટ ચેન્જ પર 2012માં આવેલા એક્શન પ્લાનમાં જણાવાયું હતું કે સંરક્ષિત ક્ષેત્ર હોવા છતાં 1989 બાદથી આ ક્ષેત્રનું પાંચ ટકા જંગલ ક્ષેત્ર ઓછું થઈ ગયું છે.
- ✓ 2013માં ફ્લોરિડા યુનિવર્સિટીના એક અભ્યાસમાં જાણ થઈ કે મેન્ગ્રૂવ વાવાઝોડાની કેટેગરી 5 થી 3 સુધી ઘટાડવામાં સક્ષમ છે.
- ✓ મેન્ગ્રૂવના જંગલની મુખ્ય પ્રજાતિ સુંદરી વૃક્ષોને કારણે આ ક્ષેત્રનું નામ સુંદરવન રખાયું છે પણ 70 વર્ષમાં તેમની સંખ્યા 76 ટકા સુધી ઘટી હતી.
- ✓ આ જ કારણ છે કે ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચરે આ પ્રજાતિને ખતરા હેઠળ ગણાવતા રેડ લિસ્ટમાં રાખી.
- ✓ કોલકત્તા: 'સિટી ઓફ જોય' તરીકેની ઓળખ

૩. ખેલકૂદ : ઓસ્ટ્રેલિયન ઓપન-૨૦૨૧

**મેન્સ સિંગલ્સ વિજેતા અને દેશ :**

- ✓ વર્લ્ડ નં.૧ નોવાક જોકોવિચ અને સર્બિયા
- ✓ સૌથી વધુ નવમીવાર ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા એકમાત્ર ખેલાડી
- ✓ કુલ ૧૮ ગ્રાન્ડસ્લેમ વિજેતા
- ✓ જોકોવિચ મેલબોર્ન પાર્કનો ધુરંધર

**હરિફ અને દેશ :** દાનિલ મેડવેડેવ-રશિયા

- ✓ યજમાન : મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા

૪. UNEP : ધરતીને ક્લાઈમેટ ચેન્જની અસરોથી બચાવવા 'ફેઈથ ફોર અર્થ' અભિયાનનો પ્રારંભ

UN environment programme

FAITH FOR EARTH

ONE EARTH MANY RELIGIONS ONE GOAL

**અભિયાનના મહત્વના તથ્યો :**

- ✓ પૃથ્વીને બચાવવા UN ધર્મની શરણે
- ✓ ધ્રમગુરૂઓ બનશે ઈકો યોદ્ધા
- ✓ ધાર્મિક સંગઠનો વિશ્વનું ચોથુ અર્થતંત્ર
- ✓ ૧૦ ટકા જમીન ધાર્મિક સંગઠનો પાસે

✓ ક્લાઈમેટ ચેન્જ આ સદીનો સૌથી મોટો પડકાર છે. હવે યુનાઈટેડ નેશન્સ ધરતીને બચાવવા માટે ધર્મની શરણમાં આવ્યુ છે.

✓ <u>યુએન એન્વાયર્મેન્ટ પ્રોગ્રામ (યુએનઈપી) હેઠળ “ફેઈથ ફોર અર્થ” અભિયાન શરૂ કર્યુ.</u>

<u>હેતુ :</u>

✓ દુનિયાભરના ધાર્મિક સંગઠન, ધર્મગુરુઓ અને અધ્યાત્મિક નેતાઓની મદદથી 2030 સુધી ધરતીના 30% હિસ્સાની કુદરતી સ્થિતિને જાળવી રાખવાનો છે.

✓ પ્રોગ્રામ ડાયરેક્ટર : ઈયાદ અબુ મોગલી

<u>૫. દિન વિશેષ : ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ</u>

<u>થીમ-૨૦૨૧ :</u>

✓ **“fostering multilingualism for inclusion in education and society.”**

✓ વિશ્વ કક્ષાએ પ્રતિ વર્ષે ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે.




<u>પ્રથમ પ્રારંભ :</u>

✓ વર્ષ ૧૯૯૯ના નવેમ્બરમાં યુનેસ્કોએ માતૃભાષા ઉજવવાનું નક્કી કર્યું. જે ફેબ્રુઆરી, ૨૦૦૦થી દર વર્ષે મનાવવામાં આવે છે.

<u>હેતુ :</u>

✓ ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવું.

✓ અનેક ભાષાઓ પર તોળાઈ રહેલો ખતરો તેમજ તેના લુપ્ત થવાના ભય વચ્ચે યુનેસ્કોના સભ્ય દેશોનો સાંસ્કૃતિક ભાષાકીય વારસો જળવાઈ રહે તે છે.

✓ યુએનના અનુમાન પ્રમાણે, વિશ્વની ૭૦૦૦થી પણ વધુ ભાષા પૈકીની ૫૦ ટકાથી પણ વધુ ભાષાઓ આ સદીના અંત સુધી લુપ્ત થઈ જશે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૨-૨૦૨૧)</u>

1. ફેબ્રુઆરી 2021માં ગુજરાતમાં કઈ કઈ મહાનગરપાલિકાઓમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ - <u>**અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, રાજકોટ, ભાવનગર**</u>
2. ફેબ્રુઆરી 2021માં ગુજરાતમાં છ મહાનગર પાલિકાઓમાં યોજાયેલી ચૂંટણીમાં સરેરાશ મતદાન કેટલા ટકા થયું હતું - <u>**45.64 %**</u>
3. ગુજરાતના વર્તમાન રાજ્ય ચૂંટણી કમિશનરનું નામ જણાવો - <u>**સંજય પ્રસાદ**</u>
4. તાજેતરના અહેવાલ મુજબ ક્લાઈમેટ ચેન્જના કારણે છેલ્લા ચાર દાયકામાં સુંદરવનનો તટ કેટલા ટકા સંકોચાયો છે - <u>**12%**</u>
5. યુનેસ્કો દ્વારા ભારતમાં વિશ્વ ધરોહર જાહેર સુંદરવન ડેટા કેટલા ટાપુ ધરાવે છે - <u>**102 ટાપુઓનો સમૂહ**</u>
6. મેન્ગ્રૂવના જંગલની કઈ મુખ્ય પ્રજાતિના કારણે તેનું નામ સુંદરવન રખાયું છે - <u>**સુંદરી વૃક્ષો**</u>
7. ક્લાઈમેટ ચેન્જના કારણે સુંદરવનમાં વૃક્ષોની સંખ્યા 70 વર્ષમાં કેટલા ટકા સુધી ઘટી છે - <u>**76%**</u>
8. ભારતમાં 'સિટી ઑફ જોય' તરીકે કયું શહેર ઓળખાય છે - <u>**કોલકત્તા**</u>
9. ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ-2021 ટુર્નામેન્ટ મેન્સ સિંગલ્સ વિજેતા અને દેશ જણાવો - <u>**નોવાક જોકોવિચ અને સર્બિયા**</u>
10. સૌથી વધુ નવ વખત ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા ખેલાડીનું નામ જણાવો - <u>**નોવાક જોકોવિચ અને સર્બિયા**</u>
11. ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ-2021 ટુર્નામેન્ટ ક્યાં યોજાઈ હતી - <u>**મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા**</u>
12. પૃથ્વીને ક્લાઇમેટ ચેન્જની અસરોથી બચાવવા UNEP દ્વારા તાજેતરમાં પ્રથમવાર કયા અભિયાનનો પ્રારંભ કર્યો છે - <u>**'ફેઇથ ફોર અર્થ'**</u>
13. UNEPનું વિસ્તૃત નામ જણાવો - <u>**યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ**</u>
14. UNEP મુજબ ધાર્મિક સંગઠનો વિશ્વનું કયા ક્રમનું અર્થતંત્ર ધરાવે છે - <u>**4th**</u>
15. UNEP મુજબ ધાર્મિક સંગઠનો,ધર્મગુરુઓ, આધ્યાત્મિક નેતાઓની મદદથી વર્ષ 2030 સુધી પૃથ્વીના કેટલા હિસ્સાની કુદરતી સ્થિતિને જાળવી રાખવાની છે -<u>**30%**</u>
16. 'વિશ્વ માતૃભાષા દિવસ' ક્યારે ઉજવાય છે-<u>**21 ફેબ્રુઆરી**</u>
17. 'વિશ્વ માતૃભાષા દિવસ' 2021ની થીમ જણાવો – <u>“fostering multilingualism for inclusion in education and society.”</u>

18. યુનેસ્કો દ્વારા વિશ્વ માતૃભાષા દિવસ કયા વર્ષથી ઉજવવામાં આવે છે – **વર્ષ 2000**

DATE : 22-02-2021

૧. રાજ્યસભા ચૂંટણી-ગુજરાત(બંધારણ)

ગુજરાતમાંથી ભાજપના શ્રી રામ મોકરિયા અને શ્રી દિનેશ પ્રજાપતિ વિજેતા જાહેર




- ✓ બંને ઉમેદવારો બિન હરિફ જાહેર
- ✓ જાહેરાત : કેન્દ્રીય ચૂંટણી પંચ, નવી દિલ્હી

૨. મુખ્ય સચિવ : ગુજરાત રાજ્ય વર્તમાન મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમને સતત બીજીવાર ૬ માસનું એક્સ્ટેન્શન (બંધારણ)




- ✓ રાજ્યમાં પ્રથમવાર મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમને ૬ માસ કરતાં વધુ સમય મુદત વધારો અપાયો
- ✓ નવો કાર્યકાળ : તા. ૩૧-૦૮-૨૦૨૧
- ✓ IAS-૧૯૮૬, ગુજરાત કેડર

૩. સિદ્ધિ : કૃષિ-ખેડૂત કલ્યાણ વિભાગ - ગુજરાત (કૃષિ)

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત તેમજ કૃષિ ક્ષેત્રે ટેકનોલોજી ઇનોવેશન માટે એમ બે-બે પ્રતિષ્ઠિત એવોર્ડ




એવોર્ડ વિશે :

(૧) બેસ્ટ પર્ફોમન્સનો એવોર્ડ

- ✓ ભારત સરકારની પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં ગુજરાતના આદિજાતિ ક્ષેત્ર દાહોદ જિલ્લાને ગ્રિવન્સીસ રિડ્રેસલ-ફરિયાદ નિવારણની શ્રેષ્ઠતા માટે કેન્દ્ર સરકાર દ્વારા બેસ્ટ પર્ફોમન્સનો એવોર્ડ.
- ✓ પી.એમ. કિસાન પોર્ટલ દ્વારા મળેલી ૨૧૨૧ ઓનલાઇન અરજીઓમાંથી ૯૮.૪૦ ટકા એટલે કે ૨૦૮૭ અરજીઓના નિકાલ માટે ગ્રિવન્સીસ રિડ્રેસલ માટે બેસ્ટ પરફોમન્સનો એવોર્ડ
- ✓ દાહોદ જિલ્લામાં ૯ તાલુકાના ૨,૨૬,૭૪૩ કિસાન પરિવારોને આ યોજના હેઠળ સહાય.

(૨) જિઓ સ્પાટીઅલ ટેકનોલોજી ઇનોવેશન એવોર્ડ

- ✓ ગુજરાતમાં પાકના વાવણી વિસ્તાર અને નુકશાનની ગણતરી-ક્રોપ એરિયા એસ્ટિમેશન એન્ડ લોસ એસસમેન્ટ માટે જિઓ સ્પાટીઅલ ટેકનોલોજીના ઉપયોગ માટે પણ ગુજરાત રાજ્યને જિઓ-સ્પાટીઅલ ટેકનોલોજી ઇનોવેશન એવોર્ડ FICCI દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
- ✓ સેટેલાઇટ ઇમેજિંગ, રિમોટ સેન્સિંગ, આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ અને મશીન લર્નિંગ જેવી જિઓ-સ્પાટીઅલ ટેકનોલોજી તેના ઉત્તમ ઉદાહરણો છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ વિશે :

- ✓ દેશના ખેડૂતોની આવક વધારવાના હેતુસર ખેડૂત પરિવારોને સહાયરૂપ થવા કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની ફેબ્રુઆરી-૨૦૧૯થી શરૂઆત કરી છે.
- ✓ આ યોજના અન્વયે ખેડૂત પરિવારને વાર્ષિક કુલ રૂ. ૬૦૦૦ની સહાય ડી.બી.ટી. મારફતે દર ચાર મહિને રૂ. ૨૦૦૦ના સમાન હપ્તામાં ત્રણ વાર ચુકવાય છે.
- ✓ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના સફળ અમલીકરણના બે વર્ષ પૂર્ણ થવા અવસરે ભારત સરકારે દેશના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના જિલ્લાઓમાં આ યોજનાના અમલની શ્રેષ્ઠતા માટે વિવિધ ત્રણ કેટેગરીમાં એવોર્ડની જાહેરાત કરી.

એવોર્ડ વિશે:

- ✓ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ પારદર્શીતાથી મળી રહે તે માટે ખેડૂતોને સંપૂર્ણ આધારકાર્ડ પ્રમાણભૂત સહાય ચુકવણી તથા ગ્રિવન્સીસ રિડ્રેસલ અને ફિઝીકલ વેરીફીકેશન એમ ત્રણ કેટેગરીમાં કેન્દ્ર સરકારે એવોર્ડ જાહેર.
- ✓ સમગ્ર દેશના ૭૧૮ જિલ્લાઓ પૈકી ૧૫ જિલ્લાઓને આ ત્રણ કેટેગરી અંતર્ગત ઉત્કૃષ્ટ દેખાવ માટે એવોર્ડ મેળવવા પસંદગી પામ્યા છે.
- ✓ આ એવોર્ડ ઉપરાંત ફિક્કી જિઓ- સ્પાટિયલ એક્સલન્સ ઇન ગવર્નન્સ, જિઓ- સ્પાટિયલ ટેકનોલોજી ઇનોવેશન અને ફિક્કી જિઓ- સ્પાટિયલ એક્સલન્સ ઇન બિઝનેશ

એપ્લિકેશન એમ ત્રણ કેટેગરીમાં એવોર્ડની જાહેરાત FICCI દ્વારા કરવામાં આવી છે.

- ✓ આ એવોર્ડમાં એક માત્ર સરકારી વિભાગ તરીકે ગુજરાત સરકારના કૃષિ-ખેડૂત કલ્યાણ વિભાગને એવોર્ડ મળ્યો.
- ✓ કૃષિક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગ બદલ ભારત સરકારના કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગે ખેડૂતોની આવક બમણી કરવાના રિપોર્ટમાં ગુજરાતનો કેસ સ્ટડી તરીકે સમાવેશ કરેલો છે.
- ✓ આ એવોર્ડ પહેલાં પણ ગુજરાતને 'બેસ્ટ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મિંગ ઇનિસિએટીવ એવોર્ડ' તથા 'ડિજીટલ ઇન્ડિયા એવોર્ડ ઇન ઇમર્જિંગ ટેકનોલોજી' પણ મળ્યો છે.
- ✓ તા.૨૪ ફેબ્રુઆરીએ ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા આ એવોર્ડ રાજ્ય સરકારને એનાયત કરવામાં આવશે.
- ✓ ગુજરાત કૃષિ મંત્રી : શ્રી આર.સી. ફળદુ
- ✓ કેન્દ્રીય કૃષિ મંત્રી : શ્રી નરેન્દ્રસિંહ તોમર

### ૪. નિમણૂક : BSPAIમાં માસ્ટર સ્નૂકર ચિરાગ રામ ક્રિષ્નની પ્રમુખ તરીકે નિમણૂક



**ઉપપ્રમુખ :**

- ✓ યાસિન મર્ચન્ટ - પંકજ અડવાણી
- ✓ આલોકકુમાર - આદિત્ય મહેતા
- ✓ BSPAI : બિલિયર્ડસ એન્ડ સ્નૂકર પ્લેયર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા

### ૫. પુડુચેરી : વિધાનસભામાં બહુમતિ ગુમાવતા કોંગ્રેસ સરકારનું કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં પતન (રાજ્યશાસ્ત્ર)




- ✓ પુડુચેરીમાં રાષ્ટ્રપતિ શાસન અમલી
- ✓ પૂર્વ CM નારાયણસ્વામી
- ✓ લેફ્ટનન્ટ ગવર્નર : શ્રી તમિલિ આઈ સૌંદરરાજન
- ✓ રાજધાની : પુડુચેરી
- ✓ આગામી મે માસમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાશે

**હાલની સ્થિતિ :**

- ✓ કુલ બેઠકો : ૩૦ + ૦૩ નોમિટેડ = ૩૩
- ✓ હાલમાં AINRC : ૦૭ - AIADMK : ૦૪
- ✓ BJP : ૦૩

### ૬. કેન્દ્ર સરકાર : દેશના ૪૨ શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવા રૂ. ૫૦-૫૦ કરોડ ફંડ આપશે (પર્યાવરણ)

**લક્ષ્યાંક :**


- ✓ વર્ષ ૨૦૨૫ સુધીમાં વાયુ પ્રદૂષણ ૩૦ ટકા સુધી ઓછું કરવાનું લક્ષ્ય
- ✓ કેન્દ્ર સરકાર દેશના ૧૦ લાખથી વધુ વસતી ધરાવતા ૪૨ શહેરોને વાયુ પ્રદૂષણનો સામનો કરવા રૂ. ૨૨૧૭ કરોડ આપશે.
- ✓ **ગુજરાતના ૪ મુખ્ય શહેરો - અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટને રૂ. ૫૦-૫૦ કરોડ આ હેતુથી મળશે.**
- ✓ ૧૫માં નાણાપંચની ભલામણના આધારે આ શહેરોની પાલિકાને આ નાણા અપાશે.

**હવાની ગુણવત્તા સુધારવા શું શું બનશે**

- ✓ વાયુ પ્રદૂષણ રોકવા માટે મલ્ટીલેવલ પાર્કિંગ, ઇલેક્ટ્રિક વાહનો માટે ચાર્જિંગ સ્ટેશન, સાઈક્લ ઝોન, રિમોર્ટ સેન્સિંગ આધારિત પીયુસી સિસ્ટમ, ૪ રસ્તા પર ફુવારા, ખુલ્લા સ્થળે ઘાસ અને ગ્રીન કવર વધારવાના ઉપાય કરાશે.
- ✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી : શ્રી પ્રકાશ જાવડેકર

### ૭. માઉન્ટ સેંટના : યુરોપનો સૌથી સક્રિય જવાળામુખી પુન: સક્રીય (કુદરતી આપત્તિ)

- ✓ સ્થળ : સિસિલી, ઈટાલી




### ૮. જન્મ દિન વિશેષ : ૨૨ ફેબ્રુઆરી ઈન્દુલાલ યાજ્ઞિક :ચાચા

જન્મ - ૨૨ ફેબ્રુઆરી-૧૮૯૨ અવસાન – ૧૭ જુલાઈ-૧૯૭૨

- ✓ ગુજરાતના ઘડવૈયા: અમીર નગરીના ફકીર નેતા ઈન્દુલાલ યાજ્ઞિક
- ✓ ગુજરાત-અમદાવાદની શ્રીમંત નગરીના ફકીર નેતા તથા અર્વાચીન ગુજરાતના અમર ઘડવૈયા લોકલાડીલા ઈન્દુચાચાનો જન્મ ૨૨-૨-૧૮૯૨માં નડિયાદમાં થયો.

✓ <u>બીએએલએલબી થઈ વકિલાત</u> શરૂ કરી રાજકારણની પ્રથમ દીક્ષા એમણે શ્રીનિવાસ શાસ્ત્રી પાસેથી લીધી.

**<u>આઝાદીની લડતમાં ભૂમિકા :</u>**

✓ હોમરૂલ ચળવળમાં ભાગ લીધો. ગાંધીજીના સંપર્કમાં આવ્યા, દક્ષિણ આફ્રિકા હિન્દીઓને સત્યાગ્રહ સફળ કરનાર ગાંધીજી પહેલવહેલા મુંબઈ આવ્યા, એમની સાથે સાથે ચાલતા ઈન્દુચાચાએ ગાંધીજીને કહેલું કે, આફ્રિકામાં હિન્દીઓને સત્યાગ્રહ નેતૃત્વ આપ્યું, તો સ્વદેશના હિન્દીઓનું નેતૃત્વ લો, ગાંધીજીએ દેશવાસીઓને નેતૃત્વ આપ્યું અને વિદેશી ગુલામીમાંથી મુક્ત કરી સ્વરાષ્ટ્રનું નિર્માણ કર્યું.

✓ ઈન્દુચાચાએ <u>સમાજવાદ, સામ્યવાદ અને સર્વોદય, સ્વાતંત્ર્ય ચળવળ, મજૂર-કિસાન પ્રશ્નો, મહાગુજરાત</u> આંદોલનના સૂત્રધાર બન્યા.

✓ <u>લોકસભામાં ચાર વાર ચૂંટાઈ આવ્યા.</u> અંગત સુખ સગવડો ફગાવી દઇ, ચવાણું ફાકી, સાદાં કપડાંથી, અલગારી રીતે જાહેર કામોમાં રચ્યાપચ્યા રહેવાની એમનામાં અજબ ખંત-ખમીરી-ખુદારી હતા.

✓ ભલભલા ચમરબંધીને પણ ચોખ્ખું સંભળાવી દે તેવી તેમનામાં અડગ તેજસ્વી આત્મશક્તિ હતી.

✓ 'જીવનવિકાસ' 'ગુજરાતમાં નવજીવન', 'કારાવાસ', 'જીવનસંગ્રામ', 'કિસાનકથા' અને (મરણોત્તર) 'છેલ્લાં વહેણ' નામક પેટાશીર્ષકો નીચે પ્રગટ થયેલા 'આત્મકથા'ના છ ભાગ (૧૯૫૫, ૧૯૫૫, ૧૯૫૬, ૧૯૬૯, ૧૯૭૧, ૧૯૭૩) એમનું ગુજરાતી સાહિત્યને મહત્વનું પ્રદાન છે.

✓ જૂહુ દરિયાકાંઠે આરામ કરતાં ગાંધીજીએ વેદવ્યાસ બની સત્યના પ્રયોગો-આત્મકથા સંભળાવી લખાવી ઇન્દુચાચાએ શ્રીગણેશ બની એ આત્મકથા લખેલી.

**<u>સર્જન :</u>** ઈન્દુલાલ યાજ્ઞિકનું નામ પડે અને નજર સમક્ષ આઝાદીનું આંદોલન, મહાગુજરાત આંદોલન, 'નવજીવન અને સત્ય' તથા 'યુગધર્મ' દ્વારા પત્રકારત્વ, પાવાગઢનું પતન ફિલ્મનું નિર્માણ, બૃહદ આત્મકથાનું લેખન વગેરે આવે !

✓ ઇન્દુલાલના સંવેદનાસભર વલણને પરિણામે તરત જ <u>દાહોદમાં ભીલ સેવા મંડળ નામની આદિવાસી ઉત્કર્ષની મહાન સંસ્થાની સ્થાપના</u> અને આદિવાસી કલ્યાણના ક્ષેત્રે નવો અધ્યાય રચાયો હતો.

✓ નીડર, નિખાલસ, તરવરિયા અને "ચાચા"નું બિરુદ પામેલા ઈન્દુલાલ યાજ્ઞિકનું 17 જુલાઈ 1972ના રોજ અવસાન.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૨-૨૦૨૧)</u>

1. તાજેતરમાં ગુજરાતના મુખ્ય સચિવને સતત બીજીવાર કેટલા માસનું એક્સટેન્શન અપાયું - **<u>6 માસ</u>**
2. ગુજરાતના વર્તમાન મુખ્ય સચિવનું નામ જણાવો - **<u>શ્રી અનિલ મુકિમ</u>**
3. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કૃષિ-ખેડૂત કલ્યાણ વિભાગને કૃષિ ક્ષેત્રે કઇ બે યોજનાઓમાં વિશિષ્ટ પ્રગતિ માટે એવોર્ડ અપાયા - **<u>પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અને કૃષિક્ષેત્રે ટેકનોલોજી ઇનોવેશન</u>**
4. ગુજરાતમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત કયા જિલ્લાને ગ્રિવન્સીસ રિડ્રેસલ-ફરિયાદ નિવારણની શ્રેષ્ઠતા માટે કેન્દ્ર સરકાર દ્વારા બેસ્ટ પર્ફોર્મન્સ એવોર્ડ અપાયો - **<u>દાહોદ</u>**
5. ગુજરાતમાં પાકની વાવણી વિસ્તાર અને નુકસાનીની ગણતરીમાં એરીયા એસ્ટિમેશન એન્ડ લોસ એસેસમેન્ટ માટે મહત્તમ ટેકનોલોજીના ઉપયોગ બદલ કયો એવોર્ડ અપાયો છે - **<u>જિઓ સ્પાટીઅલ ટેકનોલોજી ઇનોવેશન એવોર્ડ</u>**
6. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો પ્રારંભ ક્યા વર્ષે થયો હતો - **<u>ફેબ્રુઆરી-2019</u>**
7. ગુજરાતના વર્તમાન કૃષિ મંત્રીનું નામ જણાવો - **<u>આર.સી.ફળદુ</u>**
8. કેન્દ્ર સરકારના વર્તમાન કૃષિ મંત્રીનું નામ જણાવો - **<u>નરેન્દ્રસિંહ તોમર</u>**
9. તાજેતરમાં BSPAIના સેક્સ પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે - **<u>માસ્ટર સ્નૂકર ચિરાગ રામકૃષ્ણ</u>**
10. BSPAIનું વિસ્તૃત નામ જણાવો - **<u>બિલિયડ્સ એન્ડ સ્નૂકર પ્લેયર્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયા</u>**
11. ફેબ્રુઆરી 2021માં કઈ વિધાનસભામાં બહુમતી ગુમાવતા કોંગ્રેસ સરકારનું પતન થયું હતું - **<u>પુડુચેરી</u>**
12. કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી વિધાનસભાની કુલ બેઠકો જણાવો - **<u>30+3=33</u>**
13. 15માં નાણા પંચની ભલામણને આધારે કેન્દ્ર સરકાર દ્વારા આગામી સમયમાં દેશના કેટલાક શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવા પ્રતિ શહેર રૂ.50 કરોડનું ફંડ આપશે - **<u>42</u>**

14. કેન્દ્ર સરકાર દ્વારા ભારતના કેટલા લાખથી વધુ વસ્તી ધરાવતા મુખ્ય શહેરોની હવાની ગુણવત્તા સુધારવા કુલ રૂ. 2,217 કરોડનું ફંડ આપશે - **10 લાખથી વધુ વસ્તી**
15. કેન્દ્ર સરકાર દ્વારા હવાની ગુણવત્તા સુધારવા માટે ગુજરાતના કયા કયા શહેરોની પસંદગી કરવામાં આવી છે - **અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ**
16. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2025 સુધીમાં ભારતમાં કેટલા ટકા સુધી વાયુ પ્રદૂષણ ઘટાડવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે - **30%**
17. ફેબ્રુઆરી 2021માં યુરોપનો સૌથી સક્રિય જ્વાળામુખી માઉન્ટ સેન્ટના પુનઃ સક્રિય થયો છે તે ક્યા દેશમાં આવેલો છે - **ઇટાલી**
18. મહાગુજરાત આંદોલનના મુખ્ય પ્રણેતા ઇન્દુલાલ યાજ્ઞિકનો જન્મ દિવસ જણાવો - **22 ફેબ્રુઆરી 1892**
19. દાહોદમાં ભીલ સેવા મંડળ નામની આદિવાસી ઉત્કર્ષની મહાન સંસ્થા કોને સ્થાપી હતી - **ઇન્દુલાલ યાજ્ઞિક**
20. ઇન્દુલાલ યાજ્ઞિક કયું બિરુદ ધરાવતા હતા - **ચાચા**

DATE : 23-02-2021

## ૧. ગુજરાત : છ મહાનગરપાલિકા ચૂંટણી પરિણામ જાહેર (બંધારણ)




**રાજ્યની પક્ષવાર બેઠકો :**

- ✓ કુલ બેઠકો : ૫૭૬
- ✓ વિજેતા સૌથી મોટો પક્ષ અને બેઠકો : ભાજપ અને ૪૮૩ બેઠકો
- ✓ કોંગ્રેસ : ૫૫ બેઠકો

**ગુજરાતમાં પ્રથમવાર જીત**

- ✓ AAP : ૨૭ - AIMIM : ૦૭
- ✓ AIMIM : ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદુલ મુસ્લિમિન
- ✓ સ્થાપક : અસાદુદ્દીન ઔવેસી

**મહાનગરપાલિકા મુજબ પરિણામ :**

| મ.ન.પા. | કુલ બેઠક | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૯૨ | ૧૫૯ | ૨૫ | ૦૮ (MIM-૦૭ અન્ય-૦૧) |
| સુરત | ૧૨૦ | ૯૩ | ૦૦ | AAP - ૨૭ |
| વડોદરા | ૭૬ | ૬૯ | ૦૭ | ૦૦ |
| જામનગર | ૬૪ | ૫૦ | ૧૧ | BSP-૦૩ |
| રાજકોટ | ૭૨ | ૬૮ | ૦૪ | ૦૦ |
| ભાવનગર | ૫૨ | ૪૪ | ૦૮ | ૦૦ |
| કુલ | ૫૭૬ | ૪૮૩ | ૫૫ | ૩૮ |

**વર્ષ ૨૦૧૫ની ગુજરાતની સ્થિતિ :**

- ✓ ભાજપ : ૩૯૪ - કોંગ્રેસ : ૧૭૫
- ✓ અન્ય : ૦૭

## ૨. ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય-ગાંધીનગર:ત્રીજો દિક્ષાંત સમારોહ સંપન્ન

- ✓ સ્થળ : મહાત્મા મંદિર-ગાંધીનગર
- ✓ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની ઉપસ્થિતિમાં દિક્ષાંત સમારોહ યોજાયો
- ✓ કુલ ૨૪૪ પદવી એનાયત :
- ✓ પીએચડી : ૭૩ - એમ.ફિલ : ૨૬
- ✓ પીજી : ૧૨૧ - સ્નાતક : ૨૪
- ✓ **ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૭૪૩ કરોડ મંજૂર કર્યાં**

**ઉપસ્થિતિ :**

- ✓ રાજ્યપાલ : શ્રી આચાર્ય દેવવ્રતજી
- ✓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી : શ્રી રમેશ પોખરિયાલ
- ✓ નાયબ મુખ્યમંત્રી : શ્રી નીતિનભાઈ પટેલ
- ✓ કુલાધિપતિ : શ્રી હસમુખ અઢિયા

## 3. SFURTI સ્કીમ : કેન્દ્ર સરકાર (સ્વરોજગારી)

- ✓ MSME મંત્રી શ્રી નીતિન ગડકરી દ્વારા ૧૮ રાજ્યોમાં ૫૦ SFURTI કલ્સ્ટર્સનું ઉદઘાટન




- ✓ **લક્ષ્યાંક :** SFURTI હેઠળ નવા ૫૦૦૦ કલ્સ્ટર્સ શરૂ કરાશે

**હેતુ :**

- ✓ પારંપારિક ઉદ્યોગો અને કુશળ કારીગરોને કલ્સ્ટર્સમાં સંગઠિત કરી પ્રતિસ્પર્ધા બનાવવા તેમજ આવકોમાં વૃદ્ધિ

કરવાના ઉદેશ સાથે સ્કીમ ઓફ ફંડ ફોર રિજનરેશન ઓફ ટ્રેડિશનલ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ અમલમાં.

**સ્કીમ વિશે :**

- ✓ સ્કીમ અંતર્ગત તે કોમન ફેસિલિટી સેન્ટર્સ, નવી મશીનરીની ખરીદી, રો મટિરિયલ્સ બેન્કનું સર્જન, તેમજ પેકેજિંગમાં સુધારા મારફત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ કરવા સહાય કરે છે
- ✓ રેડ-ટેપમાં ઘટાડો કરવા માટે ૫૦૦૦ ક્લસ્ટર્સ સ્થાપિત કરવાનો લક્ષ્યાંક છે. આ ૫૦ કલસ્ટર્સ મલમલ, ખાદી, હેન્ડીક્રાફ્ટ, હેન્ડલુમ્સ, વુડ ક્રાફ્ટ, લેધર, પોલ્ટ્રી, કાર્પેટ વિવિંગ, વાંસ, કૃષિ પ્રોસેસિંગ અને ચા જેવા પારંપારિક ઉદ્યોગોના ૪૨ હજારથી વધુ કુશળ કારીગરોને સહાય મળશે.
- ✓ SFURTI : સ્કીમ ઓફ ફૂડ ફોર રિજનરેશન ઓફ ટ્રેડિશનલ ઈન્ડસ્ટ્રીઝ


**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૨-૨૦૨૧)**

1. તાજેતરમાં ગુજરાતમાં છ મહાનગરપાલિકાઓમાં કુલ કેટલી બેઠક ઉપર ચૂંટણી યોજાઈ - **576**
2. તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલી છ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓમાં સૌથી વધુ બેઠકો કયા પક્ષને મળી છે અને કેટલી - **ભાજપ અને 483**
3. તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલી મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં પ્રથમવાર કયા બે પક્ષને બેઠકો મળી છે - **આમ આદમી પાર્ટી અને AIMIM**
4. AIMIMનું વિસ્તૃત નામ જણાવો - **ઓલ ઇન્ડિયા મજલિસ એ ઇત્તેહાદુલ મુસ્લિમિન**
5. તાજેતરમાં ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયનો કેટલામો દિક્ષાંત સમારોહ રાષ્ટ્રપતિશ્રીની ઉપસ્થિતિમાં યોજાયો - **3th**
6. ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય ક્યાં આવેલી છે - **ગાંધીનગર**
7. કેન્દ્ર સરકારે ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના વિકાસ માટે કેટલા કરોડ મંજૂર કર્યા છે - **રૂ.743 કરોડ**
8. વર્તમાન કેન્દ્રીય શિક્ષણ મંત્રીનું નામ જણાવો - **રમેશ પોખરિયાલ**
9. તાજેતરમાં કેન્દ્રીય MSME મંત્રીશ્રી નીતિન ગડકરી દ્વારા 18 રાજ્યોમાં કેટલા નવા SFURTI હેઠળ ક્લસ્ટરનું ઉદ્ઘાટન કરાયું - **50**
10. કેન્દ્ર સરકાર દ્વારા SFURTI સ્કીમ અંતર્ગત આગામી સમયમાં કેટલા નવા ક્લસ્ટર્સ શરૂ કરાશે - **5,000**
11. SFURTI સ્કીમનું વિસ્તૃત નામ જણાવો – **સ્કીમ ઓફ ફૂડ ફોર રિજનરેશન ઓફ ટ્રેડિશનલ ઈન્ડસ્ટ્રીઝ**

**DATE : 24-02-2021**

## ૧. વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ : નરેન્દ્ર મોદી સ્ટેડિયમ - અમદાવાદ

**રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે લોકાર્પણ સંપન્ન**




- ✓ અમદાવાદ વિશ્વકક્ષાનું સ્પોર્ટ્સ સિટી બનશે
- ✓ અગાઉ વિશ્વનું સૌથી મોટુ મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમ-ઓસ્ટ્રેલિયા જેની બેઠક ક્ષમતા ૯૦ હજાર હતી.

**વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ- નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ વિશેષતાઓ**

- ✓ ગુજરાત ક્રિકેટ એસોશિએશન(GCA) દ્વારા નિર્મિત વિશ્વનું સૌથી મોટુ ક્રિકેટ સ્ટેડિયમ- નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ 63 એકરમાં પથરાયેલું છે.
- ✓ આ સ્ટેડિયમ 1 લાખ 32 હજાર પ્રેક્ષકોની ક્ષમતા ધરાવે છે.
- ✓ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમે ઓસ્ટ્રેલિયા સ્થિત મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની બેઠક ક્ષમતા કે જે 90 હજાર જેટલી છે તેનો વિક્રમ તોડ્યો.
- ✓ **ક્ષેત્રફળ :** કુલ 2,38,714 સ્કેવર મીટર
- ✓ જે ઓલમ્પિક કક્ષાના 32 ફુટબોલ ગ્રાઉન્ડ જેટલુ થાય છે.
- ✓ કુલ 1,14,126 ઘન મીટર કોંક્રિટ અને 13,306 મેટ્રિક ટન રેઇનફોર્સમેન્ટના ઉપયોગ વડે નિર્માણ પામ્યુ છે.



- ✓ 65 હાથીઓના વજન (260 ટન) જેટલું વજન ધરાવતી પ્રીકાસ્ટ-વાય પ્રકારની વિશિષ્ટ કોલમ પર આ સ્ટેડિયમ ટકેલુ છે.
- ✓ આ વિશ્વનું એકમાત્ર સ્ટેડિયમ છે જ્યાં મુખ્ય પીચ અને પ્રેક્ટિસ પીચ માટે એક  જ પ્રકારની જમીની સપાટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- ✓ આ વિરાટ સ્ટેડિયમમાં કુલ 11 પીચ આવેલી છે.
- ✓ અહીં સ્ટેટ-ઓફ ધી- આર્ટ સબ સોઇલ ડ્રેનેજ થકી માત્ર 30 મીનીટમાં વરસાદી પાણીનો નિકાલ કરી શકાય છે જેથી વરસાદના કારણે મેચ રદ્દ થતી અટકાવી શકાય છે.
- ✓ સ્ટેડિયમમાં પરંપરાગત હાઇમાસ્ટ ફ્લડલાઇટ્સની જગ્યાએ એનર્જી એફિસીયેન્ટ એલ.ઇ.ડી. લાઇટના ઉપયોગથી 45 થી 50 ટકા જેટલો વીજ વપરાશમાં ઘટાડો થશે અને ખેલાડીનો પડછાયો પડશે નહી.
- ✓ વિશ્વમાં એકમાત્ર નરેન્દ્ર મોદી સ્ટેડિયમ 4 ડ્રેસિંગ રૂમ અને અત્યાધુનિક મશીનરીથી સજ્જ 2 જીમ્નેશીયમ ધરાવે છે જેથી એક જ દિવસે એકથી વધુ ક્રિકેટ મેચનું આયોજન શક્ય બનશે.

**અન્ય ભૂમિપૂજન :**

- ✓ સરદાર પટેલ સ્પોર્ટસ એન્કલેવનું ભૂમિપૂજન
- ✓ અંદાજે ખર્ચ : રૂ. ૪૬૦૦ કરોડ
- ✓ કુલ વિસ્તાર : ૨૩૩ એકર
- ✓ નારણપુરામાં ૧૮ એકરમાં રૂ. ૪૫૮ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનશે

**સરદાર પટેલ સ્પોર્ટ્સ સેન્ટર વિશે :**

- ✓ તાલીમ ક્ષમતા : ૩૦૦૦ લોકો
- ✓ કુલ ૨૦ મેદાન
- ✓ ગુજરાતની ૬૫૦ શાળાઓને જોડાશે
- ✓ રહેવા-જમવા અને તાલીમની સુવિધા
- ✓ ભાવિ આયોજન : કોમનવેલ્થ, એશિયાડ અને ઓલિમ્પિક વગેરે
- ✓ મુખ્ય આયોજક : ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA)

**ખાસ ઉપસ્થિતિ :**

- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી : શ્રી અમિત શાહ
- ✓ કેન્દ્રના યુવા, રમત ગમત રાજ્ય મંત્રી શ્રી કિરણ રિજ્જુ
- ✓ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ
- ✓ ખાસ : સરદાર પટેલ સ્પોર્ટસ એન્કલેવ અંતર્ગત વિશ્વનું સૌથી મોટુ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ

## ૨. લશ્કરી વાવ-જૂનાગઢ (ઈતિહાસ)



સ્થાન/પ્રવેશદ્વાર : ઉપરકોટ કિલ્લો, જૂનાગઢ

- ✓ સ્થાપક : ૧૨મી સદી એટલે કે ૮૦૦ વર્ષ પૂર્વે રા ખેંગારના સમયમાં આ વાવનું નિર્માણ કરાયું હતુ.
- ✓ લંબાઈ : ૪૦૦ ફૂટ
- ✓ હેતુ : લશ્કરના સૈનિકોને છૂપાવવા માટે
- ✓ હાલમાં પ્રવાસન હેતુથી રિનોવેશનની પ્રક્રિયા

## ૩. કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર (વહીવટ)

**મહત્વના નિર્ણયોને કેબિનેટની મંજૂરી :**

**(૧) તા. ૧લી માર્ચ-૨૦૨૧થી ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોનાની રસી આપવાનો પ્રારંભ**

- ✓ રસીકરણ મહાઅભિયાનના બીજા તબક્કામાં ૨૭ કરોડ નાગરિકોને રસી અપાશે




**(૨) દેશમાં ફાર્માસ્યૂટિકલ સેક્ટર માટે પ્રોડ્કશન લિન્કડ ઈન્સેન્ટિવ સ્કિમ(PLI) મંજૂર**

**ઉદ્દેશ :**

- ✓ ઘરઆંગણાના મેન્યુફેક્ચરર્સને લાભ થાય, રોજગારી વધે તથા ગ્રાહકોને અનેક પ્રકારની દવાઓ પોસાય તેવી કિંમત પર મળે તે ઉદ્દેશ સાથે કેન્દ્રીય કેબિનેટે ફાર્માસ્યૂટિકલ્સ માટે પ્રોડક્શન લિન્કડ ઇન્સેન્ટિવ(PLI) સ્કીમ મંજૂર કરી હતી.

**ફાયદો :**

- ✓ સરકારના આ પગલાંથી સેક્ટરમાં રૂ.૧૫,૦૦૦ કરોડનું રોકાણ ખેંચાઈ આવશે.
- ✓ કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવેલી સ્કીમ ત્રણ અલગ કેટેગરીની કંપનીઓ માટે ઉપલબ્ધ થશે.
- ✓ ગ્રૂપ-એ : ૨૦૧૯-૨૦માં જે કંપનીઓ રૂ. ૫,૦૦૦ કરોડ કે તેથી વધુ ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ રેવન્યૂ ધરાવતી હોય તેમને ગ્રૂપ-એ તરીકે ક્લાસિફાઇડ કરવામાં આવશે.
- ✓ ગ્રૂપ-બી : રૂ.૫,૦૦૦ કરોડ અને રૂ. ૫૦૦ કરોડની વચ્ચેને ગ્રૂપ-બી તરીકે

✓ ગ્રૂપ-સી :રૂ. ૫૦૦ કરોડ સુધીની કંપનીઓને **ગ્રૂપ-સી** તરીકે ક્લાસિફાઇડ કરાશે.

✓ આ પ્રમાણે ગ્રૂપ-એને કુલ રૂ. ૧૧,૦૦૦ કરોડ, ગ્રૂપ-બી માટે રૂ.૨,૨૫૦ કરોડ અને ગ્રૂપ-સી માટે રૂ. ૧,૭૫૦ કરોડના પ્રોત્સાહનો ઉપલબ્ધ થશે.

✓ રોજગારી : તેને કારણે ૨૦,૦૦૦ પ્રત્યક્ષ અને ૮૦,૦૦૦ પરોક્ષ રોજગારી સર્જનની અપેક્ષા છે.

(3) IT હાર્ડવેર પ્રોડક્ટ્સ માટેની PLI સ્કીમને મંજૂરી

✓ માપદંડ : સૂચિત સ્કીમ હેઠળના ટાર્ગેટ આઈટી હાર્ડવેર સેગમેન્ટ્સમાં લેપટોપ, ટેબ્લેટ્સ, પર્સનલ કમ્પ્યૂટર્સ અને સર્વર્સનો સમાવેશ થાય છે.

✓ PLI સ્કીમ હેઠળ ચાર વર્ષ દરમિયાન આઈટી હાર્ડવેરને માટે કુલ રૂ. ૭,૩૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે

૪. નાણા મંત્રાલય - નિર્ણય : કેન્દ્ર સરકાર (આર્થિક)

✓ ખાનગી ક્ષેત્રની બેન્કો હવે ટેક્સ, પેન્શન પેમેન્ટ અને નાની બચત યોજનાઓની કામગીરી કરી શકશે




✓ ખાનગી બેન્કોને સરકાર સાથે સંકળાયેલા ટ્રાન્ઝેક્શન કરવા મંજૂરી

✓ અગાઉ આ કામો સરકારી બેન્કો જ કરતી હતી

✓ નાણા મંત્રી : શ્રી નિર્મલા સિતારામન

૫. એવોર્ડ : કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરે પ્રથમવાર સત્યજીત રે એવોર્ડની જાહેરાત (ફિલ્મ)




✓ સત્યજીત રે : સર્વોત્તમ દિગ્દર્શક

✓ મંત્રી : શ્રી પ્રકાશ જાવડેકર

✓ માહિતી અને પ્રસારણ મંત્રાલય,નવી દિલ્હી

૬. ઉત્તરાખંડ : મહિલાઓને માલિકી હક્ક આપનારું પ્રથમ રાજ્ય (મહિલા સશક્તિકરણ)




✓ મુખ્યમંત્રી : ત્રિવેન્દ્રસિંહ રાવત - રાજધાની : દહેરાદૂન

૭. કિસાન રાષ્ટ્રીય પુરસ્કાર-વિજેતા શહેર-અનંતપુરમ, આંધ્રપ્રદેશ



✓ કૃષિ મંત્રી : શ્રી નરેન્દ્રસિંહ તોમર

✓ મુખ્યમંત્રી : શ્રી જગનમોહન રેડ્ડી

૮. વિશ્વના શ્રેષ્ઠ એરપોર્ટ-૨૦૨૦




✓ એવોર્ડ : સ્કાયટ્રેક્સ

✓ સિદ્ધિ : સતત ૮માં વર્ષે વિશ્વના નંબર વન એરપોર્ટ તરીકે ચાંગી એરપોર્ટ-સિંગાપોર

**વિશ્વના ટોપ ૧૦ એરપોર્ટ અને શહેર**

✓ ૧. ચાંગી (સિંગાપોર) ૨. હાનેડા (ટોકિયો, જાપાન)

✓ ૩. હમાદ (દોહા, કતાર) ૪. ઈન્ચોન (સેઉલ, દ.કોરિયા)

✓ ૫. મ્યુનિચ (જર્મની) ૬. હોંગ કોંગ (હોંગ કોંગ)

✓ ૭. નારિતા (ટોકિયો, જાપાન) ૮. નગોયા (જાપાન)

✓ ૯. શિફોલ (આર્મ્સટડેમ, નેધરલેન્ડ)૧૦. કેન્સાઈ (જાપાન)

૯. દિન વિશેષ : 24 ફેબ્રુઆરી

(૧) સેન્ટ્રલ એક્સાઈઝ દિવસ




૧૦ દિન વિશેષ : 22 ફેબ્રુઆરી

વિશ્વ ચિંતન દિવસ

૧૧. જન્મ દિન વિશેષ : 24 ફેબ્રુઆરી બર્ડમેન : લવકુમાર ખાચર




જન્મ - 24 ફેબ્રુઆરી-1931 અવસાન – 2 માર્ચ-2015

✓ જસદણના રાજવી પરિવારમાં જન્મેલા લવકુમાર ખાચરે રાજકુમાર કોલેજ રાજકોટ અને દિલ્હી યુનિ.માંથી શિક્ષણ લીધુ

- ✓ ૧૯૬૭થી લવકુમાર ખાચરે પર્યાવરણ-પકૃતિવાદી પ્રવુતિઓ હિંગોલગઢમાં પ્રકૃતિ શિબિરો શરૂ કરીને કરી હતી.
- ✓ જીવનકાળ દરમિયાન તેઓએ ૩ હજારથી વધુ પ્રકૃતિ શિબિરો કરી હજારો લોકોને પ્રકુતિ પરત્વે અભિમુખ બનાવ્યા હતા.
- ✓ સામયિકોમાં પર્યાવરણ-પ્રકૃતિ વિષયક લેખો દ્વારા પણ લવકુમાર ખાચરે પ્રકુતિ શિક્ષણનું સ્તુત્ય કાર્ય કાર્ય કર્યું હતું.
- ✓ કચ્છના અખાતમાં દરિયાઈ પાર્કની સ્થાપના એ લવકુમાર ખાચરના વિચારોનું પ્રતિબિંબ છે.
- ✓ હિંગોળગઢમાં પકૃતિ સરક્ષણ શિક્ષણ કાર્યક્રમના તેઓ સ્થાપક હતા.
- ✓ લવકુમાર ખાચરે માનસરોવરની યાત્રા પણ કરી હતી.
- ✓ પર્યાવરણ અને પ્રકૃતિ સુરક્ષાને લગતી અનેક સંસ્થાઓમાં લવકુમાર સભ્ય અને હોદ્દેદાર રહ્યા હતા.

**સન્માન :**

- ✓ લવકુમાર ખાચરનું વર્લ્ડ વાઈલ્ડ લાઈફ સોસાયટી, બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી, વેનું મેનન લાઈફ ટાઈમ એચીવમેન્ટ, પક્ષી સરક્ષણ મંડળ, ગુજરાત જેવી અનેક સંસ્થાઓ દ્વારા તેઓનું બહુમાન
- ✓ "બોલો ઓછું, કામ વધુ કરો"ના જીવન ગણિતમાં માનતા લવકુમાર ખાચરનું ૨ માર્ચ ૨૦૧૫ના રોજ રાજકોટ ખાતે ૮૪ વર્ષની વયે અવસાન થયું હતું.
- ✓ અંગ્રેજી વર્તમાનપત્રોએ તેમના અવસાન પછી લવકુમાર ખાચરને "બર્ડ મેન" તરીકે અંજલિ આપી હતી.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૨-૨૦૨૧)**

1. તા. ૨૪મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમને કયુ નવું નામ અપાયું - **નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ**
2. વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ કયું છે - **નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, અમદાવાદ**
3. વિશ્વનું સૌથી મોટા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમની બેઠક ક્ષમતા જણાવો – **૧.૩૨ લાખ**
4. તા. ૨૪મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ અમદાવાદ સ્થિત નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમનું કોના હસ્તે લોકાર્પણ કરાયું હતુ – **રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ**
5. અમદાવાદ સ્થિત નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં કુલ કેટલી પીચ આવેલી છે – **૧૧**
6. GCAનું વિસ્તૃત નામ જણાવો - **ગુજરાત ક્રિકેટ એસોસિએશન**
7. તા. ૨૪મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે અમદાવાદ ખાતે કયા સ્પોર્ટસ એન્કલેવનું ભૂમિપૂજન કરાયું - **સરદાર પટેલ**
8. વર્તમાન કેન્દ્રીય ગૃહમંત્રીનું નામ જણાવો - **શ્રી અમિત શાહ**
9. સરદાર પટેલ સ્પોર્ટસ એન્કલેવનો કુલ વિસ્તાર જણાવો – **૨૩૩ એકર**
10. કેન્દ્રના વર્તમાન યુવા, રમત ગમત રાજ્ય મંત્રીનું નામ જણાવો - **શ્રી કિરણ રિજ્જુ**
11. ૧૨મી સદી એટલે કે ૮૦૦ વર્ષ પૂર્વે કોના સમયમાં જૂનાગઢ ખાતે લશ્કરી વાવ બનાવાઈ હતી– **રા ખેંગાર**
12. તા. ૨૪ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ મળેલી કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં કયા બે મહત્વના નિર્ણયો લેવાયા – **દેશમાં કોરોનાની રસીનો ત્રીજા તબક્કાના પ્રારંભ તથા દેશમાં ફાર્માસ્યૂટિકલ સેકટર માટે PLI મંજૂર**
13. ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોનાની રસી આપવાનો પ્રારંભ કયારથી થશે- **તા.૧લી માર્ચ-૨૦૨૧**
14. દેશમાં ફાર્માસ્યૂટિકલ સેકટર માટે PLI મંજૂર કરવાથી કેટલા રૂપિયાનું રોકાણ આવવાનો અંદાજ છે – **રૂ. ૧૫,૦૦૦ કરોડ**
15. PLI સ્કીમ હેઠળ ચાર વર્ષ દરમિયાન આઈટી હાર્ડવેર માટે કુલ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે - **રૂ. ૭,૩૫૦ કરોડ**
16. PLIનું વિસ્તૃત નામ જણાવો - **પ્રોડ્કશન લિન્કડ ઈન્સેન્ટિવ સ્કિમ**
17. ફેબ્રુઆરી-૨૦૨૧માં કેન્દ્રીય નાણા મંત્રાલયે ખાનગી ક્ષેત્રની બેન્કો સરકાર સાથે સંકળાયેલા કયા ટ્રાન્ઝેક્શનની કામગીરી કરવા મંજૂરી આપી - **ટેક્સ પેન્શન અને નાની બચત યોજના**
18. ફેબ્રુઆરી-૨૦૨૧માં કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સ્તરે કયા નવા એવોર્ડની જાહેરાત કરી - **સત્યજીત રે**
19. ફેબ્રુઆરી-૨૦૨૧માં કેન્દ્ર સરકારના કયા મંત્રાલયે રાષ્ટ્રીય સ્તરે સત્યજીત રે એવોર્ડ આપવાની જાહેરાત કરી - **માહિતી અને પ્રસારણ મંત્રાલય**

20. વર્તમાન કેન્દ્રીય મંત્રીનું નામ જણાવો - **<u>શ્રી પ્રકાશ જાવડેકર</u>**

21. ફેબ્રુઆરી-૨૦૨૧માં કયુ રાજ્ય મહિલાઓને માલિકી હક્ક આપનારૂં પ્રથમ રાજ્ય બન્યુ – **<u>ઉત્તરાખંડ</u>**

22. ફેબ્રુઆરી-૨૦૨૧માં કિસાન રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શહેરનું નામ જણાવો – **<u>અનંતપુરમ (આંધ્રપ્રદેશ)</u>**

23. સ્કાય ટ્રેક્સના વિશ્વના શ્રેષ્ઠ એરપોર્ટ-૨૦૨૦માં પ્રથમ સ્થાન મેળવનાર એરપોર્ટનું નામ જણાવો - **<u>ચાંગી એરપોર્ટ-સિંગાપોર</u>**

24. તાજેતરમાં સિંગાપોરના ચાંગી એરપોર્ટને સતત કેટલામાં વર્ષે વિશ્વના નંબર વન એરપોર્ટ તરીકે સ્થાન મેળવ્યું – <u>૮</u>

25. સેન્ટ્રલ એક્સાઈઝ દિવસ કયારે મનાવવામાં આવે છે – **<u>૨૪ ફેબ્રુઆરી</u>**

26. વિશ્વ ચિંતન દિવસ કયારે મનાવવામાં આવે છે – **<u>૨૨ ફેબ્રુઆરી</u>**

27. 24 ફેબ્રુઆરી કયા પક્ષી પ્રેમી ગુજરાતીનો જન્મદિવસ છે- **<u>લવકુમાર ખાચર</u>**

28. લવકુમાર ખાચરનું ઉપનામ જણાવો- **<u>બર્ડમેન</u>**

**DATE : 25-02-2021**

## <u>૧. કેન્દ્ર સરકાર : સોશિયલ મીડિયા, OTT પ્લેટફોર્મ માટે નવી ગાઈડલાઇન જાહેર</u>




✓ <u>નામ: ઇન્ફર્મેશન ટેકનોલોજી (ગાઈડલાઇન ફોર ઇન્ટર મીડિયરીઝ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) રૂલ્સ-૨૦૨૧</u>

<u>ગાઈડલાઇન ટૂંકમાં</u>

✓ કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલી ગાઇડલાઇન <u>ઇન્ટરનેટ અથવા તો કમ્પ્યૂટર નેટવર્ક</u> દ્વારા ટ્રાન્સમિટ થતા કન્ટેન્ટને આવરી લેશે.

✓ તેમાં <u>ટ્વિટર અને ફેસબુક</u> જેવા મધ્યસ્થીઓ, સમાચાર અને વર્તમાન બાબતોની માહિતી પ્રસિદ્ધ કરનારા અને આ પ્રકારના કન્ટેન્ટના ક્યૂરેટરનો પણ સમાવેશ થશે.

✓ નવી જાહેર કરાયેલી ગાઇડલાઇન <u>તા. ૨૫ ફેબ્રુઆરીથી ૩ મહિનામાં અમલમાં આવશે.</u> નેટફ્લિક્સ અને એમેઝોન પ્રાઇમ જેવા ઓટીટી પ્લેટફોર્મ માટે કેન્દ્ર સરકારે ત્રિસ્તરીય ફરિયાદ નિવારણ વ્યવસ્થા સ્થાપિત કરી.

✓ જેમાં પબ્લિશર દ્વારા સેલ્ફ રેગ્યુલેશન, પબ્લિશરોની સેલ્ફ રેગ્યુલેટિંગ સંસ્થાઓ દ્વારા રેગ્યુલેશન અને એક સર્વગ્રાહી વ્યવસ્થાનો સમાવેશ થાય છે.

<u>ડિજિટલ ગાઈડલાઇન એટ એ ગ્લાન્સ</u>

<u>(૧) સોશિયલ મીડિયા પ્લેટફોર્મે પાળવાના નિયમ</u>

✓ <u>ફરિયાદ નિવારણ અધિકારીએ ૨૪ કલાકમાં યૂઝરની વાધાજનક પોસ્ટની ફરિયાદનું સંજ્ઞાન લઈને ૧૫ દિવસમાં નિકાલ</u> કરવાનો રહેશે

✓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મે <u>ફરિયાદ મળ્યાના ૨૪ કલાકમાં વાંધાજનક કન્ટેન્ટ હટાવવાનું રહેશે</u>

✓ કોઈપણ વ્યક્તિ અથવા તેના વતી કોઈપણ વ્યક્તિ ફરિયાદ નોંધાવી શકશે

✓ <u>સરકાર અથવા કોર્ટ દ્વારા વાંધાજનક ટ્વિટ અથવા મેસેજના મૂળ ઉદભવ સ્થાનની માહિતી માંગવામાં આવે તો તે આપવાની રહેશે</u>

✓ સરકાર અથવા કોર્ટના આદેશના ૩૬ કલાકમાં વાંધાજનક કન્ટેન્ટ હટાવી લેવાનું રહેશે, <u>સરકાર માહિતી માગે તે ૭૨ કલાકમાં પૂરી પાડવાની રહેશે</u>

✓ ભારતની અખંડતા, એકતા, સુરક્ષા સાથે સંકળાયેલા મામલા, સામાજિક વ્યવસ્થા, અન્ય દેશો સાથેના સંબંધો, રેપ જેવા મામલામાં આ વ્યવસ્થા લાગુ રહેશે

✓ સોશિયલ મીડિયા કંપનીઓએ દર મહિને મળેલી ફરિયાદો અને તેના પર કરાયેલી કાર્યવાહીનો રિપોર્ટ આપવાનો રહેશે

✓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મે યૂઝરને તેના કન્ટેન્ટને હટાવવા માટેનું કારણ આપવું પડશે

✓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મે યૂઝરના રજિસ્ટ્રેશન માટે વોલન્ટરી વેરિફિકેશન વ્યવસ્થા ગોઠવવાની રહેશે, સરકાર દ્વારા સોશિયલ મીડિયાના યૂઝર્સની સંખ્યા જાહેર કરાશે.

<u>(૨) સોશિયલ મીડિયા ફરિયાદ નિવારણ :</u>

✓ દરેક સોશિયલ મીડિયાએ બે કેટેગરીના મધ્યસ્થી નિયુક્ત કરવાના રહેશે

✓ સોશિયલ મીડિયાના મધ્યસ્થીઓએ નિયમોનું ચુસ્તતાથી પાલન કરવાનું રહેશે

✓ નિયમોનું પાલન નહીં કરનારા મધ્યસ્થીઓને સેફ હાર્બરની જોગવાઈઓ લાગુ નહીં પડે

- ✓ યૂઝર્સ અને વિક્ટિમની ફરિયાદોના નિકાલ માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થા ગોઠવવાની રહેશે
- ✓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મે ફરિયાદ નિવારણ અધિકારીની નિયુક્તિની સાથે તેનું નામ અને સંપર્કની વિગતો જાહેર કરવી પડશે
- ✓ આ અધિકારી ભારતીય રહેશે, નોડલ કોન્ટેક્ટ પર્સને સરકાર સાથે ૨૪ કલાક સંપર્કમાં રહેવું પડશે

**(3) OVER THE TOP (OTT) પ્લેટફોર્મને પાંચ કેટેગરીમાં વહેંચાશે**

- ✓ તમામ ઓટીટી પ્લેટફોર્મે તેના કન્ટેન્ટને વયમર્યાદા પ્રમાણે પાંચ કેટેગરીમાં વહેંચવા પડશે

**ઓટીટી પ્લેટફોર્મ પર પાંચ કેટેગરી**

1. U (યુનિવર્સલ), 2. U/A ૭+, 3. U/A ૧૩+,
4. U/A ૧૬+, 5. A (એડલ્ટ)

- ✓ ઓટીટી પ્લેટપોર્મે યુ-એ, ૧૩ પ્લસ અથવા તેનાથી વધુની વય માટેના કન્ટેન્ટમાં પેરેન્ટલ લોકની સુવિધા આપવી પડશે.

**(૪) ઓટીટી અને ડિજિટલ ન્યૂઝ માટે ત્રિ-સ્તરીય ફરિયાદ નિવારણ માળખું**

- ✓ સેલ્ફ રેગ્યુલેશનના બે સ્તર સાથે નિયમો અંતર્ગત ત્રિસ્તરીય ફરિયાદ નિવારણ વ્યવસ્થા શરૂ કરાઈ
- ✓ ૧. લેવલ વનમાં પબ્લિશરોનો સમાવેશ,
- ✓ ૨. લેવલ ટુમાં સેલ્ફ રેગ્યુલેટરી બોડી સામેલ, ૩. લેવલ થ્રીમાં માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા રચિત માળખું
- ✓ ઓટીટી પ્લેટફોર્મે મુખ્ય ફરિયાદ નિવારણ અધિકારી, નોડલ કોન્ટેક્ટ પર્સન અને નિવાસી ફરિયાદ અધિકારીની નિયુક્તિ કરવાની રહેશે
- ✓ સેલ્ફ રેગ્યુલેટરી બોડીનું નેતૃત્વ સુપ્રીમ અથવા હાઇકોર્ટના નિવૃત્ત જજ અથવા તો સંબંધિત ક્ષેત્રના અગ્રણી વ્યક્તિને સોંપાશે જે પબ્લિશરને એડવાઇઝરી જારી કરી શકશે
- ✓ ઓટીટી અને ડિજિટલ ન્યૂઝે સરકારને જાણ કરવી પડશે, રજિસ્ટ્રેશન ફરજિયાત નથી
- ✓ તાત્કાલિક પગલાં માટે સરકાર દ્વારા એક વ્યવસ્થા ગોઠવાશે જે આ પ્રકારના મામલાનો નિકાલ કરશે.

**અમલની જવાબદારી :**

**૧. કેન્દ્રીય ઇન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલય**

- ✓ ગાઇડલાઇન ફોર ઇન્ટરમીડિયરીઝ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ માટેના નિયમોના પાલનની જવાબદારી કેન્દ્રીય ઇન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલય હસ્તક રહેશે

**૨. માહિતી અને પ્રસારણ મંત્રાલય**

- ✓ જ્યારે ઓટીટી સ્ટ્રીમિંગ પ્લેટફોર્મના મામલા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયને હસ્તક રહેશે.

**ભારતમાં સોશિયલ મીડિયાના યૂઝર્સ (ફેબ્રુઆરી-૨૦૨૧ની સ્થિતિ)**

- ✓ ૫૩ કરોડ – વોટ્સએપ ૪૪.૮ કરોડ – યૂ-ટ્યૂબ
- ✓ ૨૧ કરોડ – ઇન્સ્ટાગ્રામ ૧.૭૫ કરોડ – ટ્વિટર
- ✓ કેન્દ્રીય ઇન્ફોર્મેશન & ટેકનોલોજી મંત્રી : શ્રી રવિશંકર પ્રસાદ
- ✓ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી : શ્રી પ્રકાશ જાવડેકર

**૨. ખેલકૂદ : ભારતે બે દિવસમાં ટેસ્ટ ક્રિકેટમાં ઈંગ્લેન્ડને ૧૦ વિકેટે હરાવ્યું**




- ✓ વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમમાં સૌથી નાની ટેસ્ટ – બે દિવસમાં પૂર્ણ
- ✓ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં ગુજ્જુ ક્રિકેટર અક્ષર પટેલે ૧૧ વિકેટ, કેપ્ટન તરીકે વિરાટ કોહલીની ૨૨મી જીત અને અશ્વિને ૪૦૦ વિકેટનો ઈતિહાસ રચ્યો

**અન્ય રેકોર્ડ :**

**૫૦ વર્ષ પછી ઇંગ્લેન્ડનો ભારત સામે સૌથી ઓછો ટેસ્ટ સ્કોર**

- ✓ ૮૧ રન પર આઉટ થઈ ઈંગ્લેન્ડની ટીમ ઈતિહાસમાં નોંધાઈ છે.
- ✓ ભારત સામે છેલ્લાં ૫૦ વર્ષમાં આ તેનો સૌથી ઓછો સ્કોર છે.
- ✓ આ પહેલાં વર્ષ ૧૯૭૧માં ઓવલમાં ૧૦૧ રનમાં આઉટ થઈ હતી.

**અક્ષર પિંક બોલ દ્વારા ૧૧ વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ બોલર**

- ✓ ૨૦૧૫થી શરૂ થયેલી પિન્ક બોલ ક્રિકેટ ટેસ્ટમાં અક્ષર પટેલ ૧૧ વિકેટ લેનાર પ્રથમ બોલર બની ગયો છે.
- ✓ પ્રથમ ઈનિંગમાં અને બીજી ઈનિંગમાં ૬ બીજી ઈનિંગમાં ઈંગ્લેન્ડની ૫ વિકેટ ઝડપી.

- ✓ અક્ષર કેરિયરની બીજી અને ડે-નાઈટ ટેસ્ટમાં ૧૧ વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ બોલર

**<u>વિરાટ ઘરઆંગણે ૨૨ ટેસ્ટ જીતનાર પ્રથમ ભારતીય કેપ્ટન</u>**

- ✓ વિરાટ ઘરઆંગણે ૨૨ ટેસ્ટ મેચ જીતીને ભારતનો સૌથી સફળ કેપ્ટન. તેણે ૨૧ ટેસ્ટ જીતનારા ધોનીના રેકોર્ડ તોડ્યો છે.

**<u>અશ્વિન સૌથી ઝડપી ૪૦૦ વિકેટ લેનાર વિશ્વનો બીજો બોલર</u>**

- ✓ અશ્વિન સૌથી ઝડપી ૪૦૦ વિકેટ લેનાર વિશ્વનો બીજો બોલર બન્યો છે.

**<u>અક્ષર ઈનિંગના પ્રથમ બોલે વિકેટ લેનાર ચોથો બોલર</u>**

- ✓ અક્ષર પટેલ ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસનો ચોથો સ્પીનર છે કે જેણે ઈનિંગના પહેલા બોલે જ વિકેટ લીધી હોય

<u>૩. દેશમાં પ્રથમ વર્ચ્યૂઅલ ટોય ફેર-૨૦૨૧ (આત્મનિર્ભર)</u>




- ✓ સમયગાળો : તા. ૨૭ ફેબ્રુઆરીથી ૩જી માર્ચ-૨૦૨૧
- ✓ હેતુ : આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ અભિયાનને વધુ પ્રોત્સાહિત કરવાનો
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઈ-ઉદઘાટન

<u>૪. ઓસ્ટ્રેલિયા : ન્યુઝ મીડિયા એન્ડ ડિજિટલ પર્ફોર્મન્સ મેંન્ડેટરી બાર્ગેનિંગ કોડ પસાર (ટેકનોલોજી-કાયદો)</u>

- ✓ <u>અસર :</u> હવે ઓસ્ટ્રેલિયામાં ફેસબુક અને ગૂગલે સમાચારો માટે નાણા ચૂકવવા પડશે
- ✓ <u>ખાસ :</u> વિશ્વમાં સોશિયલ મીડિયા જાયન્ટ કંપનીઓ પાસે સમાચારો માટે નાણાં વસૂલનારો ઓસ્ટ્રેલિયા પ્રથમ દેશ

<u>કાયદાથી ભારતમાં અસરો :</u>

- ✓ ભારતના અખબાર સંગઠને ગૂગલ પાસેથી જાહેરખબરની ૮૫ ટકા આવકની માગણી કરી
- ✓ કદાવર ટેક કંપનીઓ અને મીડિયા કંપનીઓ વચ્ચે જાહેરખબર અને સમાચાર કન્ટેન્ટ સબંધમાં ચુકવણી કરવાને મુદ્દે ગજગ્રાહ ચાલી રહ્યો છે
- ✓ આ અરસામાં ભારતના અખબારોના સંગઠન ઇન્ડિયન ન્યૂઝપેપર સોસાયટીએ ગુગલને પત્ર પાઠવીને તેમના કન્ટેન્ટને ઓનલાઇન દર્શાવવા બદલ વળતરની ચુકવણી કરવા અને જાહેરખબરની આવક પૈકી ૮૫ ટકા આવકની રકમની ચુકવણી કરવા જણાવ્યું.
- ✓ ભારતના આ સંગઠનમાં અંદાજે ૮૦૦ જેટલા પ્રકાશક છે.
- ✓ પત્રમાં માગણી કરવામાં આવી છે કે અમેરિકી કંપનીએ અખબારો દ્વારા જનરેટ થતા સમાચારો બદલ પ્રકાશકોને વળતર ચુકવવું જોઇએ.
- ✓ હજારો પત્રકારોને કામે લગાડીને તે સમાચારો એકત્ર થતા હોય છે.

<u>૫. ભારત-પાકિસ્તાન : LOC પર વર્ષ ૨૦૦૩ની યુદ્ધ વિરામની તમામ સમજૂતીનું પાલન કરવા બંને સેના સહમત (વૈશ્વિક સંબંધો)</u>



- ✓ ભારત અને પાકિસ્તાનની સેનાઓએ જાહેરાત કરી હતી કે બંને દેશની સેનાઓએ ૨૪ ફેબ્રુઆરીની મધરાતથી જમ્મુ-કાશ્મીરમાં એલઓસી ખાતે યુદ્ધવિરામ લાગુ કરી દીધો છે.
- ✓ બંને દેશની સેનાઓ દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારતના ડીજીએમઓ લે.જનરલ પરમજિતસિંહે સાંધા અને તેમના પાકિસ્તાની સમકક્ષ મેજર જનરલ નૌમાન ઝકારિયા વચ્ચે ટેલિફોન હોટલાઈન પર થયેલી વાતચીત બાદ આ પગલું લેવાયું.
- ✓ હોટલાઈન પર ચર્ચા દરમિયાન બંને પક્ષે મુક્ત વાતાવરણમાં એલઓસી પર પ્રવર્તતી સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી.

<u>૬. અવકાશમાં પ્રથમ સોલાર પેનલ : અનોખું ડ્રોન અવકાશમાં સ્થાપિત (સોલાર ઊર્જા)</u>



- ✓ પરિણામ : પૃથ્વીના કોઈ પણ અંધારિયા છેડે વીજળી પહોંચાડી શકાશે
- ✓ <u>નાસા અને અમેરિકન સંરક્ષણ વિભાગ દ્વારા સંયુક્ત રીતે</u> અંતરિક્ષમાં એક હરતાં-ફરતાં ડ્રોનને સેટ કરાયું.

<u>હેતુ :</u>

- ✓ સૂર્યની ઉર્જામાંથી વીજળી ઉત્પન્ન કરીને પૃથ્વીના કોઈ અંધારિયા ખૂણાને અજવાળવા માટે

**ડ્રોન વિશે :**

- ✓ આ ડ્રોન સૂર્યની ઊર્જાને વીજળીમાં પરિવર્તિત કરશે. ઓપરેશન એનર્જી કેપેબિલિટી ઈંપ્રુવમેન્ટ ફંડ અને યુએસ નેવી રીસર્ચ લેબોરેટરીએ વિકસિત કરેલી આ સોલાર પેનલથી દુનિયાની કોઈ પણ છેડે વીજળી પહોંચાડી શકાશે.
- ✓ આ પેનલમાં જડેલું ફોટોવોલ્ટિક રેડિયોફ્રીકવન્સી એન્ટેના મોડયુલ સૌરઊર્જાને વીજળીમાં પરિવર્તિત કરશે.
- ✓ આ ડ્રોન ૯૦ મિનિટમાં પૃથ્વીની પરિક્રમા પૂરી કરશે. રેટ્રો ડાયરેક્ટિવ બીમ કંટ્રોલ નામની ટેકનિક દ્વારા પહેલાં સોલાર પેનલ જડિત આ ડ્રોન પૃથ્વી સ્થિત એન્ટેના અને અંતરિક્ષની પેનલ વચ્ચે સંપર્ક બનાવશે.
- ✓ સિગ્નલ સ્થાપિત થઈ જશે પછી ઊર્જાની તરંગો મોકલશે. જેને પૃથ્વીમાં વીજળીમાં પરિવર્તિત કરી શકાશે.

**કામગીરી :**

- ✓ સોલાર પેનલથી નિયત સ્થળે ઊર્જાનો જથ્થો આવશે. ત્યાં એની પ્રોસેસ થશે અને જ્યાં જરૂરી હશે તે નજીકના સ્થળે વીજળી પહોંચાડી શકાશે. એના માટે પાવરગ્રીડની જરૂર પડશે.
- ✓ ભવિષ્યમાં આવી ઘણી પેનલ અંતરિક્ષમાં સેટ કરવાની અમેરિકન વિજ્ઞાનીઓની ગણતરી છે. તેનાથી એવા સ્થળોએ ઊર્જા પહોંચાડવાનું કામ શક્ય બનશે, જ્યાં ઊર્જાની અછત છે અને પરંપરાગત ઊર્જાના સ્ત્રોતથી વીજળી પહોંચાડવામાં મુશ્કેલી પડે છે. એવા અંતરિયાળ વિસ્તારોમાં આ સિસ્ટમથી વીજળી પહોંચાડી શકાશે.

## ૭. FATF : પાકિસ્તાન આગામી જૂન-૨૦૨૧ સુધી ગ્રે લિસ્ટમાં રહેશે (આતંકવાદ)

- ✓ ઓનલાઈન બેઠક : પેરિસ, ફ્રાંસ
- ✓ ફાઇનાન્સિયલ એક્સન ટાસ્ક ફોર્સ (FATF)ની પેરીસમાં યોજાયેલી ઓનલાઇન બેઠકમાં પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં જ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે,
- ✓ FATFએ જણાવ્યું કે પાકિસ્તાનની સરકાર આતંકવાદ વિરૂધ્ધ 27 સુત્રીય એજન્ડામાંથી ત્રણને પુરા કરવામાં નિષ્ફળ રહ્યું છે, FATF એ કહ્યું કે પાકિસ્તાનએ સંયુક્ત રાષ્ટ્રનાં પ્રતિબંધિત આતંકવાદીઓ વિરૂધ્ધ કોઇ નક્કર કાર્યવાહી કરી નથી.
- ✓ પાકિસ્તાને તમામ 1267 અને 1373 વોન્ટેડ આતંકવાદીઓ વિરૂધ્ધ નાણાકિય પ્રતિબંધોને અસરકારક રીતે અમલી બનાવવા જોઇએ, તથા પાકિસ્તાને પોતાની સ્ટ્રેટેજિક રીતે મહત્વપુર્ણ ખામીઓને દુર કરવા માટે ખાસ કાર્ય યોજના અમલી બનાવવી જોઇએ.
- ✓ પાકિસ્તાને આજ સુધી FATFની 27 કાર્ય યોજનાઓમાંથી માત્ર 24 ને જ પુરી કરી છે, હવે તેને પુરી કરવાની સમય મર્યાદા પુરી થઇ ગઇ છે, એટલા માટે FATF જુન 2021 સુધી પાકિસ્તાનને બાકીની તમામ કાર્યયોજનાઓ પુરી કરવાની રહેશે.

## ૮. જન્મ દિન વિશેષ : 25 ફેબ્રુઆરી

## રાજ વિનાના મહારાજ : રવિશંકર મહારાજ




જન્મ - 25 ફેબ્રુઆરી-1884 અવસાન – 1 જૂલાઈ-1984

- ✓ સાચા સંત, મુઠ્ઠી ઊંચેરા માનવી, કરોડપતિ ભિક્ષુક, મૂકસેવક, બીજા ગાંધી જેવા અનેક વિશેષણો જેમની સાથે રૂઢ થયા છે તેવા રવિશંકર વ્યાસનો જન્મ ખેડા જિલ્લાના રઢુ ગામે થયો હતો.
- ✓ 1921માં જીવન રાષ્ટ્રને સમર્પિત કરી દીધું.
- ✓ સુણાવ ગામમાં શાળાની સ્થાપના કરી આચાર્યથી લઈ સેવક સુધીની જવાબદારી સંભાળી હતી.
- ✓ ખેડા જિલ્લામાં બારૈયા અને પાટણવાડિયા જેવી કોમોના ઉત્થાન માટે પ્રવૃત્ત થયા.
- ✓ 1923માં હૈડિયા વેરાની વિરૂદ્ધ શરૂ થયેલા બોરસદ સત્યાગ્રહથી લઈ બારડોલી સત્યાગ્રહ, સવિનય કાનૂનભંગ અને હિન્દ છોડો આંદોલનથી લઈ ગુજરાત કક્ષાએ થયેલા લગભગ પ્રત્યેક સત્યાગ્રહમાં મહારાજશ્રીનું સીધું યોગદાન અને માર્ગદર્શન રહ્યું હતું.
- ✓ તેથી વધુ તેમનું યોગદાન સુરાજ્યની રચનાત્મક પ્રવૃત્તિઓમાં રહ્યું છે.
- ✓ 1 મે 1960ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના તેમના વરદ હસ્તે થઈ હતી.
- ✓ ભૂદાન આંદોલન વખતે તેમના પગપાળા પ્રવાસો યુવાનોને પણ શરમાવે તેવા હતાં.

✓ સાદાઈના પર્યાય સમા રવિશંકર મહારાજનું 1 જુલાઈના રોજ અવસાન પામેલા મહારાજની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

✓ તેમની વ્યક્તિમત્તાને પ્રમાણતા ઘણા પુસ્તકો લખાયા છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૨-૨૦૨૧)

1. ફેબ્રુઆરી 2021માં ભારત સરકારે સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ માટે કઈ નવી ગાઇડલાઇન જાહેર કરી છે - **ઇન્ફોર્મેશન ટેકનોલોજી-ગાઇડલાઇન ફોર ઇન્ટર મીડિયરીઝ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ રૂલ્સ-2021**
2. ફેબ્રુઆરી 2021માં ભારત સરકારે સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ માટે નવી ગાઇડલાઇન જાહેર કરી છે તેનો અમલ ક્યારથી થશે - **25 ફેબ્રુઆરીથી ત્રણ માસમાં**
3. કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ માટે તાજેતરમાં જાહેર કરેલી નવી ગાઇડલાઇનમાં ફરિયાદ નિવારણ માટે કયા પ્રકારની વ્યવસ્થા કરી છે - **ત્રિસ્તરીય**
4. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માટે તાજેતરમાં જાહેર કરેલી નવી ગાઇડલાઇનમાં ફરિયાદ નિવારણ અધિકારીએ વાંધાજનક પોસ્ટની 24 કલાકમાં ફરિયાદ લઈને કેટલા દિવસમાં નિકાલ કરવાનો હોય છે - **15 દિવસ**
5. નવી ગાઇડલાઇન મુજબ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર ફરિયાદ મળ્યાના કેટલા કલાકમાં વાંધાજનક કન્ટેન્ટ હટાવવાનું હોય છે - **24 કલાક**
6. નવી ગાઇડલાઇન મુજબ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર સરકાર કોઈ વિગતની માહિતી માગે તો કેટલા કલાકમાં પૂરી પાડવાની રહેશે - **72 કલાક**
7. OTT નું વિસ્તૃત નામ જણાવો - **ઓવર ધ ટોપ**
8. કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ માટે તાજેતરમાં જાહેર કરેલી નવી ગાઇડલાઇનના અમલની મુખ્ય જવાબદારી અનુક્રમે કયા મંત્રાલય પાસે રહેશે - **ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મંત્રાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલય**
9. OTT પ્લેટફોર્મને મુખ્ય કેટલી કેટેગરીમાં વહેચવામાં આવ્યું છે - **05**
10. વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ઉપર પ્રથમ ટેસ્ટ મેચ કયા બે દેશો વચ્ચે રમાઇ હતી - **ભારત-ઇંગ્લેન્ડ**
11. સૌથી ઝડપી 400 વિકેટ લેનાર વિશ્વનો બીજો બોલર અને દેશ જણાવો - **અશ્વિન-ભારત**
12. ભારતમાં પ્રથમ વર્ચ્યૂઅલ ટોય ફેર-2021 ક્યારે યોજાશે જેનું ઇ-ઉદ્ઘાટન ભારતના વડાપ્રધાન દ્વારા કરાશે - **તારીખ 27 ફેબ્રુઆરીથી 3 માર્ચ 2021**
13. વિશ્વમાં સૌપ્રથમ ન્યૂઝ મીડિયા એન્ડ ડિજિટલ પર્ફોમન્સ મેન્ડેટરી બાર્ગેનિંગ કરનાર પ્રથમ દેશ - **ઓસ્ટ્રેલિયા**
14. કયા દેશમાં ફેસબુક અને ગૂગલ સમાચારો માટે નાણા ચૂકવવા પડશે - **ઓસ્ટ્રેલિયા**
15. ફેબ્રુઆરી 2021મા કયા બે દેશો વચ્ચે LOC પર યુદ્ધ વિરામની તમામ સમજૂતીનું પાલન કરવા બંને સેના સહમત થઈ છે - **ભારત-પાકિસ્તાન**
16. ભારત અને પાકિસ્તાન વચ્ચે LOC ઉપર યુદ્ધવિરામની સમજૂતી કયા વર્ષે થઈ હતી - **2003**
17. તાજેતરમાં પૃથ્વીના કોઈ પણ અંધારિયા છેડે વીજળી પહોંચાડવા કઈ સંસ્થા દ્વારા વિશ્વમાં પ્રથમવાર અવકાશમાં સોલાર પેનલ સ્થાપિત કરી છે - **નાસા અને અમેરિકન સંરક્ષણ વિભાગ**
18. ફેબ્રુઆરી 2021માં FATF દ્વારા પાકિસ્તાનને વધુ આગામી ક્યાં સુધી ગ્રે લિસ્ટમાં જ રાખવાનો નિર્ણય કરાયો છે - **જૂન 2021**
19. ફેબ્રુઆરી 2021માં FATFની ઓનલાઇન બેઠક ક્યાં યોજાઈ હતી - **પેરિસ, ફ્રાંસ**
20. આંતકવાદ વિરોધી FATFનું વિસ્તૃત નામ જણાવો - **ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ**
21. પૂજ્ય રવિશંકર મહારાજનો જન્મ દિવસ જણાવો - **25 ફેબ્રુઆરી 1884**
22. પૂજ્ય રવિશંકર મહારાજનો જન્મ કયા ગામમાં થયો હતો - **રઢુ, જિલ્લો-ખેડા**
23. ગુજરાત રાજ્યની સ્થાપના કોના વરદ હસ્તે, કયારે કરાઇ હતી - **પૂજ્ય રવિશંકર મહારાજ અને 01.05.1960**

**DATE : 26-02-2021**

૧. નવતર પહેલ : 'ગુજરાત બજેટ મોબાઈલ એપ્લિકેશન' લોન્ચ (ડિજિટલ ટેકનોલોજી)

**મોબાઈલ એપ્લિકેશનના પાંચ વિભાગો**

✓ (૧) અંદાજપત્ર પ્રકાશનના વિભાગમાં વાર્ષિક નાણાકીય પત્રક, આવકનું અંદાજપત્ર તેમજ ૨૭ વિભાગોના વિગતવાર પ્રકાશનો ઉપલબ્ધ થશે.

- ✓ (૨) અંદાજપત્રની મહત્વની બાબતો વિભાગમાં અંદાજપત્રની મહત્વની બાબતો જેવી કે બજેટ ઇન બ્રીફ, બજેટ હાઈલાઈટ્સ નેગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં મૂકવામાં આવશે.
- ✓ (૩) અંદાજપત્ર પ્રવચન પુસ્તિકામાં નાણામંત્રીશ્રીનાં અંદાજપત્ર પ્રવચનનાં ભાગ-ક અને ભાગ-ખ એમ બંને ભાગ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ✓ (૪) અંદાજપત્રની રસપ્રદ વાતોમાં અંદાજપત્ર અંગેની વિવિધ રસપ્રદ માહિતી ઉપલબ્ધ થશે.
- ✓ (૫) અંદાજપત્રનાં સમાચારોમાં અંદાજપત્ર અંગેના સમાચારો સંક્ષિપ્તમાં અપાશે
- ✓ રાજ્ય સરકારના નાણા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ રાજયના અંદાજપત્રની માહિતી આપતી 'ગુજરાત બજેટ મોબાઈલ એપ્લિકેશન'નું નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલના હસ્તે લોન્ચિંગ

હેતુ :

- ✓ રાજ્ય સરકારનું અંદાજપત્ર પણ આમ નાગરિકો માટે ઉપલબ્ધ થઈ શકે તે માટે 'ગુજરાત બજેટ મોબાઈલ એપ્લિકેશન' તૈયાર કરી છે.

વિગત :

- ✓ ગુજરાતનું આગામી વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું તા. ૩જી માર્ચ-૨૦૨૧ના રોજ ગુજરાત વિધાનસભા ખાતે રજૂ કરવામાં આવનાર અંદાજપત્રનું જીવંત પ્રસારણ 'ગુજરાત બજેટ મોબાઈલ એપ્લિકેશન દ્વારા થશે.

મોબાઈલ એપ્લિકેશન વિશે :

- ✓ આ મોબાઈલ એપ્લિકેશન દ્વારા વિધાનસભા ગૃહના સભ્યો તેમજ જન સામાન્યને બજેટ સંબંધિત દસ્તાવેજો ઝડપથી અને સરળ રીતે ઉપલબ્ધ કરાવી શકાશે.
- ✓ આ એપ્લિકેશનમાં ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અને પાછલા વર્ષોનાં, તમામ બજેટ સંબધિત દસ્તાવેજો ઉપલબ્ધ થશે.
- ✓ હાલમાં આ મોબાઇલ એપ્લિકેશન, એન્ડ્રોઈડ વપરાશકર્તાઓ માટે ગૂગલ પ્લે સ્ટોર પર "ગુજરાત બજેટ" નામથી ઉપલબ્ધ છે.
- ✓ આ એપ્લિકેશન એપલ પ્લે સ્ટોર દ્વારા આઈ.ઓ.એસ. વપરાશકર્તાઓને પણ પ્રાપ્ત થશે.

ઉપયોગ :

- ✓ રાજ્યના નાગરિકો, વિવિધ સરકારી, અર્ધસરકારી અને ખાનગી કચેરીઓ, વિવિધ સંસ્થાઓ, સરકારના વિવિધ વિભાગો આ મોબાઈલ એપની મદદથી સરકાર વતી બજેટમાં મૂકવામાં આવેલ લોકહિતની યોજનાઓની માહિતી હવે ગમે તે સ્થળેથી આંગળીના ટેરવે મેળવી શકશે.
- ✓ જેના પરિણામે રાજ્ય સરકારની યોજનાઓ છેવાડાના નાગરિકો સુધી સરળતાથી અને પારદર્શી રીતે પહોંચાડવામાં તથા યોજનાના ઉદ્દેશ મુજબના લાભોનું વિતરણ કરવામાં સરળતા થશે

ફાયદો :

- ✓ એપ્લિકેશનને કારણે ૫૨ (બાવન) લાખ કાગળની બચત થશે
- ✓ ગુજરાતની સ્થાપના થઇ ત્યારથી પ્રથમ અંદાજપત્ર વિધાનસભામાં રજુ થયું તે સમયે અંદાજપત્રના પ્રકાશનોની સંખ્યા ૩૦ હતી. જેમ જેમ રાજ્ય સરકારના વિભાગો વધતાં ગયા તેમ તેમ પ્રકાશનોની સંખ્યા પણ વધતી ગઇ.
- ✓ સ્ટેશનરીનો બચાવ થાય અને લોકશાહીમાં નાગરિકોને રાજ્ય સરકારની કામગીરીનો પારદર્શિતાથી સત્વરે વિગતો મળી રહે તે માટે દેશભરમાં ગુજરાતે પ્રથમવાર આ પ્રયાસ કર્યો છે.
- ✓ વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં આશરે ૭૩ જેટલા પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવનાર છે. જેમાં ૫૫,૧૭,૩૦૫ પાનાની સંખ્યા થાય છે.
- ✓ અંદાજપત્રના પ્રકાશનો ડિજિટલ સ્વરૂપે આવતાં હવે જરૂરીયાત મુજબ ૨૦% અંદાજપત્રના પ્રકાશનો છાપવામાં આવશે. એટલે સ્ટેશનરીનો બચાવ થશે.

## ૨. ભારતીય ચૂંટણી પંચ – નવી દિલ્હી

ભારતના ૪ રાજ્યોમાં તથા ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી જાહેર (બંધારણ)

વિધાનસભાની સામાન્ય ચૂંટણી એટ એ ગ્લાન્સ :

- ✓ પશ્ચિમ બંગાળમાં ૮ ચરણમાં, આસામમાં ૩ ચરણમાં અને કેરળ, તામિલનાડુ તથા પોંડિચેરીમાં એક-એક ચરણમાં મતદાન.
- ✓ આસામની ૧૨૬, કેરળની ૧૪૦, તામિલનાડુની ૨૩૪, પશ્ચિમ બંગાળની ૨૯૪ અને પોંડિચેરીની ૩૦ વિધાનસભા

બેઠકો એમ કુલ ૮૨૪ વિધાનસભા બેઠકો પર તા. ૨૭ માર્ચથી તા.૨૯ એપ્રિલ-૨૦૨૧ સુધી ચૂંટણી યોજાશે.

- ✓ તમામ મતગણતરી : તા. ૨ મે-૨૦૨૧
- ✓ એક જ તબક્કામાં મતદાનવાળા રાજ્યો – કેન્દ્રશાસિત પ્રદેશ : તા. ૬ એપ્રિલ-૨૦૨૧ - તામિલનાડુ, કેરળ, પોંડિચેરી
- ✓ પશ્ચિમ બંગાળમાં ૮ તબક્કામાં મતદાન, આસામમાં ૩ તબક્કામાં મતદાન

**રાજ્યો – કેન્દ્રશાસિત પ્રદેશ મુજબ બેઠકો :**

**તબક્કાવાર મતદાનની તારીખ અને બેઠકો**

**પશ્ચિમ બંગાળ- ૨૯૪ બેઠકો**

- ✓ પ્રથમ ચરણ 30 બેઠક ૨૭ માર્ચ
- ✓ બીજું ચરણ 30 બેઠક ૦૧ એપ્રિલ
- ✓ ત્રીજું ચરણ ૩૧ બેઠક ૦૬ એપ્રિલ
- ✓ ચોથું ચરણ ૪૪ બેઠક ૧૦ એપ્રિલ
- ✓ પાંચમું ચરણ ૪૫ બેઠક ૧૭ એપ્રિલ
- ✓ છઠ્ઠું ચરણ ૪૩ બેઠક ૨૨ એપ્રિલ
- ✓ સાતમું ચરણ ૩૬ બેઠક ૨૬ એપ્રિલ
- ✓ આઠમું ચરણ ૩૫ બેઠક ૨૯ એપ્રિલ

**તામિલનાડુ- ૨૩૪ બેઠકો**

- ✓ એક ચરણ ૨૩૪ બેઠક ૦૬ એપ્રિલ

**આસામ- ૧૨૬ બેઠકો**

- ✓ પ્રથમ ચરણ ૪૭ બેઠક ૨૭ માર્ચ
- ✓ બીજું ચરણ ૩૯ બેઠક ૦૧ એપ્રિલ
- ✓ ત્રીજું ચરણ ૪૦ બેઠક ૦૬ એપ્રિલ

**કેરળ- ૧૪૦ બેઠકો**

- ✓ એક જ ચરણ ૧૪૦ બેઠક ૦૬ એપ્રિલ

**પોંડિચેરી- 30 બેઠકો**

- ✓ એક જ ચરણ 30 બેઠક ૦૬ એપ્રિલ

**મતદાન મથકોની સંખ્યામાં વધારો**

- ✓ ૩૩,૫૩૦ આસામ ૮૮,૯૩૬ તામિલનાડુ
- ✓ ૪૦,૭૭૧ કેરળ ૧,૦૧,૯૧૬ પશ્ચિમ બંગાળ
- ✓ ૨,૭૦,૦૦૦ કુલ મતદાન મથક

**પ. બંગાળ: ૨૯૪ બેઠક:૨૦૧૬ની વિધાનસભા**

| પાર્ટી | બેઠક |
|---|---|
| ✓ તૃણમૂલ કોંગ્રેસ | ૨૧૧ |
| ✓ ભાજપ પ્લસ | ૦૦૬ |
| ✓ કોંગ્રેસ પ્લસ | ૦૪૪ |
| ✓ ડાબેરી પ્લસ | ૦૨૭ |
| ✓ અન્ય | ૦૦૬ |

**કેરળ : ૧૪૦ બેઠક : ૨૦૧૬ની વિધાનસભા**

| પાર્ટી | બેઠક |
|---|---|
| ✓ લેફ્ટ ફ્રન્ટ | ૭૭ |
| ✓ કોંગ્રેસ પ્લસ (UDF) | ૪૭ |
| ✓ ભાજપ | ૦૧ |
| ✓ અન્ય | ૧૫ |

**તામિલનાડુ: ૨૩૪ બેઠક : ૨૦૧૬ વિધાનસભા**

**પાર્ટી બેઠક**

- ✓ AIADMK ૧૩૪ ડીએમકે પ્લસ ૯૭
- ✓ એનડીએ ૦૦ અન્ય ૦૧

**આસામ : ૧૨૬ બેઠક : ૨૦૧૬ વિધાનસભા**

**પાર્ટી બેઠક**

- ✓ ભાજપ પ્લસ ૮૬ કોંગ્રેસ પ્લસ ૨૬
- ✓ AIUDF ૧૩ અન્ય ૦૧

**પોંડિચેરી : 30 બેઠક : ૨૦૧૬ વિધાનસભા**

**પાર્ટી બેઠક**

કોંગ્રેસ પ્લસ ૧૭

- ✓ AIADMK ૦૪ ભાજપ ૦૦
- ✓ અન્ય ૦૯
- ✓ મુખ્ય ચૂંટણી કમિશનર : સુનીલ અરોરા

**૩. ખેલકૂદ : 2nd ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ-૨૦૨૧**

**વડાપ્રધાન મોદી દ્વારા ઈ-ઉદઘાટન**

- ✓ **સમયગાળો :** ૨૬ ફેબ્રુઆરીથી ૨ માર્ચ-૨૦૨૧ સુધી
- ✓ **સ્થાન :** સમુદ્ર સપાટીથી ૨૭000 મીટરની ઉંચાઇ પર સ્કી રિસોર્ટ-ગુલમર્ગ (જમ્મુ કાશ્મીર)
- ✓ 27 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોના 1200 ખેલાડીઓ ભાગ લેશે.

**ભાગ લેનાર રાજ્યો UT અને બોર્ડ :**

- ✓ જમ્મુ-કાશ્મીર, લદાખ, બિહાર, રાજસ્થાન, કર્ણાટક, તમિલનાડુ, બિહાર, દિલ્હી, તેલંગાણા, ઉત્તરાખંડ, હરિયાણા, ચંદિગઢ, મધ્યપ્રદેશ, આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, પંજાબ, હિમાચલ પ્રદેશ, લક્ષદીપ, આમી, ઓલ ઇન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ બોર્ડ, આમી સ્પોર્ટ્સના ખેલાડીઓનો સમાવેશ.

**કુલ 14 રમત**

- ✓ ખેલાડી સ્પ્રિંટ, સ્પીડ સ્કેટિંગ, આઇસ હોકી, ફિંગર સ્કેટિંગ, આઇસ સ્ટોક, જોઇન્ટ સ્લૈલમ, સ્નો બોર્ડિંગ, વર્ટિકલ રેસ, ક્રોસ કંટ્રી, સ્નો શુ, લોન્ગ ડિસ્ટેન્સ રનીંગ, સ્કી મોઉંટેનિયરિંગ, સ્કીઇંગ અને નૉર્ડિક સ્કીની ઇવેન્ટમાં રમશે.

**૪. UN કલાઇમેટ ચેન્જ : COP ૨૬ સમિટ ૨૦૨૧ અંગે સુધારેલો પ્લાન**

**સુધારેલા પ્લાનના મહત્વના તારણો**

- ✓ કલાઇમેટ ચેન્જ અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે પગલાં લેવા નવેમ્બરમાં ૭૫ દેશની COP ૨૬ સમિટ મળી રહી છે
- ✓ સ્થાન : ગ્લાસગૉ-સ્કૉટલેન્ડ
- ✓ સભ્ય દેશો ૨030 સુધીમાં ૨૦૧૦ના લેવલથી કાર્બન ઉત્સર્જનમાં ફક્ત 0.૫ ટકાનો જ ઘટાડો કરી શકશે
- ✓ સભ્ય દેશોએ ૨030 સુધીમાં તાપમાનમાં ૧.૫ ટકાનો ઘટાડો કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો પણ તે સ્તર હાંસલ કરવાનું મુશ્કેલ છે.

  **તાપમાનની વર્તમાન સ્થિતિ : સરેરાશ ૧.૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો**
- ✓ કલાઇમેટ ચેન્જ અંગેની ઇન્ટર ગવર્મેન્ટલ પેનલે કહ્યું હતું કે વિશ્વ સ્તરે કાર્બન ઉત્સર્જનમાં ૨030 સુધીમાં ૨૦૧૦ના લેવલથી ૪૫ ટકાનો ઘટાડો થવો જોઈએ
- ✓ પેરિસ સમજૂતી મુજબ ૨00 દેશોએ તાપમાનમાં વૃદ્ધિને ૨ ડિગ્રી સેલ્સિયસ સુધી સીમિત રાખવા નિર્ધાર કર્યો હતો.
- ✓ પૃથ્વીનાં તાપમાનમાં હાલ સરેરાશ ૧.૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો.

**૫. સ્ટેટ ઓફ એન્વાયર્નમેન્ટ-૨૦૨૧ : પર્યાવરણ અંગે વાર્ષિક અહેવાલ જાહેર**

- ✓ હેતુ : ભારતમાં ખેતી, પર્યાવરણો, જંગલો વગેરેની સ્થિતિ દર્શાવા

**અહેવાલના મહત્વના તારણો**

- ✓ રિપોર્ટ મુજબ ૨૦૧૯માં દેશમાં હવા પ્રદુષણથી ૧૬.૬૭ લાખથી વધારે મૃત્યુ નોંધાયા હતા.
- ✓ સૌથી વધુ મોત થયાં હોય એવા દસ રાજ્યમાં ગુજરાતનો ક્રમ આઠમો નંબર છે.
- ✓ ગુજરાતમાં વર્ષ દરમિયાન કુલ ૮૭,૮૧૧ લોકો હવા પ્રદૂષણને કારણે માર્યા ગયા હતા.
- ✓ રિપોર્ટ મુજબ દેશમાં ૨૦૧૯માં ૧૦,૨00 ખેડૂતોને જીવન ટૂંકાવ્યું હતું.
- ✓ દેશના ૬૦ પર્યાવરણ વિજ્ઞાનીઓ દ્વારા તૈયાર થયેલા રિપોર્ટમાં મહત્વનો સવાલ પણ કરવામાં આવ્યો છે કે ખેડૂતોની આવનારી પેઢીઓ ખેતી જ કરવાનું પસંદ કરશે.
- ✓ છેલ્લાં એક દાયકામાં ભારતના જંગલોમાંથી ૧૬૦ વિવિધ પ્રજાતિઓ નષ્ટ થઈ છે.
- ✓ કોરોનાએ જગતને ઉંઘતું ઝડપી લીધું. પણ જગતમાં જેટલા વાઇરસ છે, તેમાંથી માંડ 0.1 ટકાની ઓળખ થઈ શકી છે.

**અસરો :**

- ✓ જંગલો કપાશે કે જંગલોમાં માનવીય દખલગીરી વધશે એમ ત્યાં રહેલા બીજા ૯૯.૯૯ ટકા વાઈરસો પૈકી કોઇ સક્રિય થઈ શકે છે. એ સક્રિય તો પછી કોરોના જેવા વિપરિત પરિણામો પણ આવે.
- ✓ પર્યાવરણ સબંધિત ગુનાઓ સતત વધી રહ્યા છે. એકલા ૨૦૧૯માં જ ૩૫ હજાર જેટલા એન્વાયર્નમેન્ટ ક્રાઈમ નોંધાયા હતા. તો વળી ૫૦ હજાર કેસો પેન્ડિંગ છે.
- ✓ આગલા કેસોનો નિકાલ કરવા માટે રોજના ૧૩૭ કેસનો ફેંસલો લાવવો પડે.
- ✓ અહેવાલ તૈયાર કરનાર સંસ્થા: સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ, નવી દિલ્હી

**૬. બાલાકોટ એર સ્ટ્રાઈકના બે વર્ષ પૂર્ણ : ૨૬-૦૨-૨૦૧૯**

- ✓ સ્થાન : બાલાકોટ, POK
- ✓ આતંકી કેમ્પ : જૈસ એ મોહમ્મદ
- ✓ ભારતીય વાયુસેનાનો કોડવર્ડ :વાંદરાઓનો ખાત્મો

**૭. દિન વિશેષ : 26 ફેબ્રુઆરી દેશના પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદનો 610મો જન્મદિવસ**

**સ્થાપના : તા. 26 ફેબ્રુઆરી-1411, સ્થાપક : અહેમદ શાહ**

**અમદાવાદ મહાનગરના કેટલાક સંભારણાં**

- ✓ પહેલી જૂલાઈ-૧૯૫૦ના રોજ અમદાવાદ શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો
- ✓ અમદાવાદ શહેરના પ્રથમ મેયર ચિનુભાઈ ચીમનલાલ શેઠ હતા.
- ✓ શહેરના પ્રથમ મ્યુનિસિપલ કમિશનર બી.પી. પટેલ હતા. પ્રથમ કમિશનર તરીકે બી. પી. પટેલે વર્ષ-૧૯૫૦થી વર્ષ-૧૯૫૪ સુધી કાર્યભાર સંભાળ્યો હતો.
- ✓ વર્ષ-૧૯૫૧માં અમદાવાદ શહેરની કુલ વસ્તી ૮,૩૭,૧૬૩ હતી.

- ✓ વર્ષ-૧૯૫૧માં અમદાવાદ શહેર બાવન ચોરસ કીલોમીટર વિસ્તારમાં વસેલુ હતુ.
- ✓ વર્ષ-૨૦૨૦માં અમદાવાદ શહેર ૪૬૬ ચોરસ કીલોમીટર વિસ્તારમાં વિસ્તરેલું છે.

**સરદાર વલ્લભભાઈ નગરપાલિકાના પ્રમુખ બન્યા**

- ✓ લોખંડી પુરુષ તરીકે જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલ ૫ જૂલાઈ-૧૯૧૭ના રોજ અમદાવાદના દરીયાપુર વોર્ડમાં થયેલી પેટા ચૂંટણીમાં વિજયી બન્યા હતા.
- ✓ અમદાવાદ નગરપાલિકાના પ્રમુખ તરીકે સરદાર વલ્લભભાઈએ ૯ ફેબ્રુઆરી-૧૯૨૪થી ૧૩ એપ્રિલ-૧૯૨૮ સુધી કાર્યભાર સંભાળ્યો હતો.
- ✓ ૧૪ જૂલાઈ-૨૦૧૭ના દિવસે અમદાવાદ શહેરને યૂનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેજ શહેરનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

**સ્થાપના દિવસે ઉજવણી નિમિત્તે માણેકબુર્જ ખાતે ધજા બદલાવાઈ**

- ✓ અમદાવાદ શહેર ૬૧૦ વર્ષનું થયું. અગાઉ આ શહેર અહમદાબાદ તરીકે પણ જાણીતું હતું. ૨૬ ફેબ્રુઆરી, ૧૪૧૧માં અહેમદશાહે માણેકબુર્જ પાસે સ્થાપના કરી હતી.
- ✓ દર વર્ષે સ્થાપના દિવસે માણેકબુર્જની ધજા બદલવાની પરંપરા છે. જેમના આશીર્વાદથી અહેમદશાહ બાદશાહનું અમદાવાદ બનાવવાનું સપનું સાકાર થયું એ માણેકનાથજીના વંશજોએ આજે પણ આ પરંપરા નિભાવી રહ્યાં છે.

**૮. જન્મદિન વિશેષ : 26 ફેબ્રુઆરી વીર સાવરકરની પૂણ્યતિથિ**

**જન્મ - ૨૮ મે ૧૮૮૩ અવસાન - ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૨-૨૦૨૦)**

1. તાજેતરમાં ગુજરાતના ઇતિહાસમાં પ્રથમવાર અંદાજપત્રની માહિતી ઓનલાઇન આપતી કઈ એપ્લિકેશન નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના હસ્તે લોન્ચ કરાઈ - **'ગુજરાત બજેટ' મોબાઇલ એપ્લિકેશન**
2. ગુજરાત બજેટ મોબાઈલ એપ્લિકેશનમાં કયા કયા પાંચ વિભાગો સમાવી લેવાયા છે - **(૧)અંદાજપત્ર પ્રકાશન, (૨)અંદાજપત્રની મહત્વની બાબતો, (૩)અંદાજપત્ર પ્રવચન પુસ્તિકા, (૪)અંદાજપત્રની રસપ્રદ વાતો તથા (૫) અંદાજપત્રનાં સમાચારો**
3. 'ગુજરાત બજેટ' મોબાઇલ એપ્લિકેશનમાં કઈ બે ભાષાઓમાં બજેટ સંબંધિત નાણાકીય દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવામાં આવશે - **ગુજરાતી અને અંગ્રેજી**
4. ભારતીય ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં કયા કયા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર કરી છે - **પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી(UT)**
5. પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી(UT) વિધાનસભાની કુલ બેઠકો જણાવો - **અનુક્રમે 294, 126, 234, 140 અને 30**
6. પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી(UT) વિધાનસભાની કુલ 824 બેઠકો માટે કઈ તારીખ દરમિયાન ચૂંટણી યોજાશે - **27 માર્ચથી 29 એપ્રિલ 2021**
7. પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી(UT) વિધાનસભાની મત ગણતરી ક્યારે યોજાશે - **તારીખ 02 મે 2021**
8. આગામી સમયમાં સૌથી વધુ પશ્ચિમ બંગાળમાં કેટલાં તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે - **08**
9. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ જણાવો - **સુનિલ અરોરા**
10. ફેબ્રુઆરી 2021માં' 2nd ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2021' કયા સ્થળે યોજાઇ - **ગુલમર્ગ, જમ્મુ કશ્મીર**
11. 2nd ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2021નો સમયગાળો દર્શાવો - **26 ફેબ્રુઆરી થી 2 માર્ચ 2021**
12. 2nd ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2021માં કેટલા રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશો ભાગ લઇ રહ્યા છે - **27**
13. 2nd ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2021માં કુલ કેટલી રમતો રમાશે - **14**
14. ફેબ્રુઆરી 2021માં UN Climate Change દ્વારા કયો સુધારેલો પ્લાન જાહેર કરાયો - **COP 26 સમિટ 2021**
15. COP 26 સમિટ 2021 આગામી સમયમાં ક્યાં યોજાશે - **1-12 નવેમ્બર 2021, ગ્લાસગો- સ્કૉટલેન્ડ**
16. UN સભ્ય દેશો દ્વારા વર્ષ 2030 સુધીમાં વર્ષ 2010ના લેવલથી કાર્બન ઉત્સર્જન કેટલા ટકા જ ઘટાડી શકાશે - **0.5 ટકા**

17. UN સભ્ય દેશો દ્વારા વર્ષ 2030 સુધીમાં પૃથ્વીના તાપમાનમાં કેટલા ટકાનો ઘટાડો કરવાનું લક્ષ નક્કી કરાયું છે - **1.5%**

18. UN Climate Change અહેવાલ મુજબ પૃથ્વીના તાપમાનમાં હાલ સરેરાશ કેટલા ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે - **1.2**

19. ફેબ્રુઆરી 2021માં ભારતમાં સ્ટેટ ઓફ એન્વાયર્મેન્ટ-2021 પર્યાવરણ અંગે વાર્ષિક અહેવાલ કોના દ્વારા જાહેર કરાયો છે - **સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ, નવી દિલ્હી**

20. 26 ફેબ્રુઆરીએ બાલાકોટ એર સ્ટ્રાઈકના કેટલા વર્ષ પૂર્ણ થયા - **બે**

21. ભારતના માન્ચેસ્ટર અમદાવાદનો સ્થાપના દિવસ જણાવો - **26 ફેબ્રુઆરી 1411, અહમદશાહ**

22. અમદાવાદ શહેરને સૌપ્રથમ મહાનગરપાલિકાનો દરજ્જો કયા વર્ષે મળ્યો - **જુલાઈ 1950**

23. અમદાવાદને ભારતના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો ક્યારે પ્રાપ્ત થયો હતો - **14 જુલાઈ 2017**

24. વીર સાવરકરની પુણ્યતિથિ જણાવો – **26 ફેબ્રુઆરી 1966**

25. ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ અમદાવાદ શહેરના કેટલામા જન્મદિવસની ઊજવણી કરવામાં આવી-**૬૧૦**

**DATE : 27-02-2021**


---

**૧.ગુજરાત સરકાર : કોરોના વેક્સિનના ભાવ જાહેર (આરોગ્ય)**

**સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે**

**નવા ભાવ :**

- ✓ ખાનગી હોસ્પિટલમાં પ્રતિ ડોઝ રૂ. ૨૫૦
- ✓ બે ડોઝના કુલ રૂ. ૫૦૦/-




**ગુજરાતમાં તા.૧લી માર્ચ-૨૦૨૧થી રસીકરણના બીજા તબક્કાનો પ્રારંભ : વયજૂથ :** ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટિઝન અને ૪૫ થી ૬૦ વર્ષ વચ્ચે ગંભીર પ્રકારના રોગોથી પીડાતા નાગરિકો માટે વેક્સિન આપવાનો બીજો તબક્કો યોજાશે.

- ✓ રાજ્યમાં કુલ ૨૦૫૦ સરકારી આરોગ્ય સંસ્થાઓ અને ૫૩૪ ખાનગી આરોગ્ય સંસ્થાઓ ખાતે વેક્સિનેશન સેન્ટરો ઉપર વેક્સિન આપવાની પ્રક્રિયા શરૂ થશે.
- ✓ સરકારી હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રોમાં વેક્સિન માટે કોઈપણ પ્રકારના ચાર્જીસ લેવામાં નહી આવે, રસી સંપુર્ણપણે નિશુલ્ક
- ✓ જે નાગરીકોને પ્રાઈવેટ આરોગ્ય સંસ્થાઓમાં રસી મૂકાવી હોય તેમને એક ડોઝનના રૂ.૧૫૦ અને રૂ.૧૦૦ સર્વિસ ચાર્જ ચૂકવવાનો રહેશે.
- ✓ કોવિડ-૧૯ સામે પ્રતિરોધક શક્તિ ઉત્પન્ન કરતી વેક્સિનનો પહેલો ડોઝ લીધાના ૨૮માં દિવસે બીજો ડોઝ લેવાનો હોય છે.
- ✓ આથી, બે તબક્કે રૂપિયા ૨૫૦-૨૫૦ આપવાના રહેશે.

**વેક્સિન લેવા માટેની પ્રક્રિયા :**

- ✓ વેક્સિન લેવા માટે ઓળખનું કાર્ડ, કોમોર્બિડ અર્થાત અન્ય ગંભીર પ્રકારની બીમારી હોવાનુ ડોક્ટરનું પ્રમાણપત્ર સાથે કોવિન પોર્ટલ અથવા સેતુ એપ્લીકેશન ઉપર ઓનલાઈન અથવા રસીકરણના સ્થળ ઉપર જઈને રજિસ્ટ્રેશન કરાવવાનું અનિવાર્ય છે.
- ✓ આરોગ્ય મંત્રી : શ્રી નીતિનભાઈ પટેલ

**૨. ધ આઈડિયા ઓફ ઈન્ડિયા અભિયાન (રાજ્યશાસ્ત્ર)**

- ✓ કોંગ્રેસના G-23 વરિષ્ઠ અસંતુષ્ટ નેતાઓનું દેશવ્યાપી કોંગ્રેસ બચાવ અભિયાનનો પ્રારંભ
- ✓ નેતૃત્વ: રાજ્યસભાના પૂર્વ સાંસદ ગુલામનબી આઝાદ
- ✓ પ્રથમ બેઠક : જમ્મુ
- ✓ જી-૨૩ નેતાઓએ સેવ આઇડિયા ઓફ ઇન્ડિયા નામના દેશવ્યાપી અભિયાનનો પ્રારંભ કર્યો. અભિયાન અંતર્ગત તેઓ દેશભરમાં જાહેર સભાઓનું આયોજન કરશે.

**હેતુ :**

- ✓ કોંગ્રેસના આ નેતાઓ દેશભરમાં બિનરાજકીય કાર્યક્રમોનું આયોજન કરીને કોંગ્રેસ છોડીને ચાલ્યા ગયેલા નેતાઓને પાર્ટીમાં પરત લાવવાનો પ્રયાસ કરશે.
- ✓ હવે પછીની રેલીનું આયોજન હરિયાણાના કુરુક્ષેત્રમાં કરાશે.
- ✓ કોંગ્રેસનું જી-૨૩ ગ્રૂપ ગાંધી પરિવાર સામે સીધો પડકાર ઊભો કરી રહ્યું છે.
- ✓ બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ખરાબ પ્રદર્શન બાદ આ નેતાઓએ પાર્ટીની કાર્યશૈલીની આકરી ટીકા કરી

હતી. જેના પગલે તેમને પાર્ટીમાંથી દૂર કરવાની માગ પણ કરાઈ હતી.

૩. નવીન શોધ : કોરોનાના ટેસ્ટિંગ માટે 'રામન સ્પેક્ટ્રોમીટર' વિકસાવાયું (આરોગ્ય)

'રામન સ્પેક્ટ્રોમીટર' અંગે :

✓ શોધ :

✓ ભોપાલ એઈમ્સના સહયોગથી ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ સાયન્સ બેંગ્લૂરૂના વિજ્ઞાનીઓએ એક પોર્ટેબલ રામન સ્પેક્ટ્રોમીટર વિકસાવ્યું.

✓ જે બ્લડ પ્લાઝમાની મદદથી શરીરમાં કોરોના વાઈરસની હાજરી છે કે નહીં તે જણાવશે.

✓ 90 વર્ષ પહેલા સી.વી. રામને શોધેલા પ્રકારના પરાવર્તન અને પ્રસરણ અંગેની શોધને આધારે જ આ રામન સ્પેક્ટ્રોમીટર તૈયાર કરવામાં આવ્યું છે, જે હાલમાં પરિક્ષણના તબક્કામાં છે.

✓ રામનના નોબલ પ્રાઈઝ વિજેતા સંશોધન 'રામન ઈફેક્ટ'ને આધારે તૈયાર થયેલા આ સ્પેક્ટ્રોમીટરના પરિક્ષણમાં સફળ થશે તો કોરોનાના ટેસ્ટિંગમાં ક્રાંતિ આવી શકે છે.

✓ આ પોર્ટેબલ રામન સ્પેક્ટ્રોમીટર મોટા પાયે ટેસ્ટિંગ માટે ઉપયોગી બની શકે તેમ છે. તે રેપિડ એન્ટિજન ટેસ્ટ, એક્સ-રે અને ફેફસાંના સીટી સ્કેન કરતાં વધુ નિર્ણાયક અને સચોટ સાબિત થઈ શકે છે.

✓ રામન સ્પેક્ટ્રોમીટર કોરોનાના દર્દીના બ્લડ પ્લાઝમામાં ઉત્પન્ન થયેલા બાયો માર્કર્સને શોધી કાઢશે.

✓ બ્લડ પ્લાઝમાની સ્પેક્ટ્રોસ્કોપી કરતાં ચોક્કસ સ્પેક્ટ્રમ મેળવી શકાય છે. જે કોવિડ અને નોન-કોવિડ વ્યક્તિના બ્લડ પ્લાઝમા વચ્ચેનો ભેદ પારખવામાં મદદરૂપ બને છે.

વૈજ્ઞાનિકો :

✓ બાયોકેમિસ્ટ – પ્રો. દીપાંકર નાંદી

✓ સ્પેક્ટ્રોસ્કોપી નિષ્ણાત - પ્રો. શિવા ઉમાપ

✓ ડૉ. તરૂ વર્મા

૪. મધ્યપ્રદેશ સરકાર : ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારાઓને આજીવન કેદની જોગવાઈ (કાયદો)

✓ ખાદ્ય પદાર્થોમાં મિલાવટ કરનારાઓને આજીવન કેદની સજા આપવા માટેના દંડ કાયદો (મધ્યપ્રદેશ સંશોધન) બિલ ૨૦૨૧ને મંજૂરી.

✓ મધ્યપ્રદેશમાં હવે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારાઓને આકરી સજા આપવામાં આવશે. જે બિલને મંજૂરી આપવામાં આવી.

✓ રાજધાની : ભોપાલ

✓ મુખ્યમંત્રી : શ્રી શિવરાજ ચૌહાણ

૫. ભારત-ફ્રાન્સ કરાર (વૈશ્વિક સંબંધો)

કરારની વિગતો :

✓ પાકિસ્તાન યુદ્ધ વિમાન રફાલ ક્યારેય વાપરી ન શકે તે માટે ભારત ફ્રાન્સ વચ્ચે વિશેષ કરાર

✓ ફ્રાંસે પાકિસ્તાનને મિરાજ, ઓગસ્ટા-90 B અપગ્રેડ નહીં કરવાની પણ ભારતને ખાતરી આપી

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૨-૨૦૨૧)

1. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કરોના વેક્સિન માટે ખાનગી હોસ્પિટલમાં પ્રતિ ડોઝનો કુલ કેટલો ભાવ જાહેર કરાયો- **રૂ. 250(250×2=રૂ.500)**
2. ગુજરાતમાં સરકારી હોસ્પિટલમાં કોરોના વેક્સિનની પ્રતિ ડોઝની કિંમત કેટલી નક્કી કરાઇ છે - **વિનામૂલ્યે**
3. ગુજરાતમાં કોરોના રસીકરણના બીજા તબક્કામાં કયા વય જૂથને સમાવી લેવામાં આવ્યા છે - **60 વર્ષથી ઉપરના અને 45 થી 60 વર્ષના ગંભીર રોગથી પીડાતા નાગરિકો**
4. ગુજરાતમાં ખાનગી હોસ્પિટલમાં કોરોના વેક્સિનના પ્રતિ ડોઝની કિંમત અને સર્વિસ ચાર્જ જણાવો- **રૂ.150 અને રૂ. 100**
5. ગુજરાતના વર્તમાન આરોગ્ય મંત્રીનું નામ જણાવો - **Dycm નીતિનભાઇ પટેલ**
6. કોંગ્રેસના G-23 વરિષ્ઠ નેતાઓનું દેશવ્યાપી કોંગ્રેસ બચાવો અભિયાન કયા નામથી ઓળખાય છે - **ધ આઇડિયા ઑફ ઇન્ડિયા અભિયાન**
7. "ધ આઇડિયા ઑફ ઇન્ડિયા અભિયાન"નો સૌપ્રથમ પ્રારંભ ક્યાંથી થયો હતો - **જમ્મુ**
8. કોરોના ટેસ્ટિંગ માટે તાજેતરમાં IISCના વૈજ્ઞાનિકો દ્વારા કયું એક નવું યંત્ર વિકસાવવામાં આવ્યું છે જે હાલમાં પરીક્ષણના તબક્કામાં છે - **રામન સ્પેક્ટ્રોમીટર**
9. કોરોના ટેસ્ટિંગ માટે તૈયાર કરાયેલ રામન સ્પેક્ટ્રોમીટર કેવી રીતે કાર્ય કરશે - **બ્લડ પ્લાઝમાની મદદથી શરીરમાં કોરોના વાયરસની હાજરી છે કે નહીં તે જણાવશે**

10. ફેબ્રુઆરી-2021માં કયા રાજ્ય દ્વારા ખાદ્ય પદાર્થોમાં મિલાવટ કરનારાઓ માટે આજીવન કેદની જોગવાઈ કરવામાં આવી છે - **મધ્યપ્રદેશ**

11. મધ્યપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શિવરાજસિંહ ચૌહાણ**

12. વિશ્વનો કયો દેશ યુદ્ધ વિમાન રફાલનો ક્યારે ઉપયોગ ન કરી શકે તે માટે તાજેતરમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે વિશેષ કરાર કરાયા - **પાકિસ્તાન**

13. ભારત અને ફ્રાન્સ વચ્ચે વિશેષ કરાર અંતર્ગત પાકિસ્તાનના કયા યુદ્ધ વિમાનોને અપગ્રેડ નહીં કરવાની પણ ભારતને ખાતરી અપાઇ છે - **મિરાજ અને ઓગસ્ટા 90 B**

## DATE : 28-02-2021

### ૧. ગુજરાત : સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મતદાન યોજાયું (બંધારણ)

**ચૂંટણીઓ યોજાઈ :**

- ✓ નગરપાલિકા : ૮૧ - જિલ્લા પંચાયત : ૩૧
- ✓ તાલુકા પંચાયત : ૨૩૧

**બેઠકની વિગત :**

- ✓ નગરપાલિકા : કુલ બેઠક : ૨૭૨૦ ચૂંટણી યોજાઈ : ૨૬૨૫
- ✓ જિલ્લા પંચાયત : કુલ બેઠક : ૯૮૦ ચૂંટણી યોજાઈ : ૯૫૫
- ✓ તાલુકા પંચાયત : કુલ બેઠક : ૪૭૭૪ ચૂંટણી યોજાઈ : ૪૬૫૭
- ✓ ત્રણેયની કુલ બેઠકો : ૮૪૭૪
- ✓ ચૂંટણી કુલ : ૮૨૩૭

**મતદાનની ટકાવારીની વિગતો : રાજ્ય ચૂંટણી પંચની તા. ૧ માર્ચની અંતિમ આંકડાકીય વિગતો મુજબ**

- ✓ નગરપાલિકા : ૫૯.૦૫ ટકા જિલ્લા પંચાયત : ૬૬.૬૭ ટકા
- ✓ તાલુકા પંચાયત : ૬૬.૮૬ ટકા

**કુલ ૨૩૭ બેઠકો બિન હરીફ જાહેર**

- ✓ નગરપાલિકા : ૯૫ જિલ્લા પંચાયત : ૨૫
- ✓ તાલુકા પંચાયત : ૧૧૭
- ✓ આયોજન : રાજ્ય ચૂંટણી પંચ ગાંધીનગર
- ✓ રાજ્ય ચૂંટણી કમિશનર : શ્રી સંજય પ્રસાદ

### ૨. મન કી બાત : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૭૪મી મન કી બાત : તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧

- ✓ દર માસનો છેલ્લો રવિવાર

**મન કી બાતના મુખ્ય વિષય :**


- ✓ (૧) આત્મનિર્ભર ભારત અભિયાન :
- ✓ (૨) જળ સંગ્રહ :
- ✓ ખાસ : તળાવો, નદીઓ, સરોવર શુદ્ધ કરવા ૧૦૦ દિવસની ઝુબેશ
- ✓ (૩) કોરોના સામેની લડાઈ (૪) રોજગારી સર્જન
- ✓ (૫) પરીક્ષાઓ મુદ્દે ચર્ચા

### 3. ISRO : PSLV-C51 દ્વારા ૧૯ ઉપગ્રહોને એક સાથે અંતરીક્ષમાં સફળ રીતે લોન્ચ કરાયા (અવકાશ વિજ્ઞાન)

- ✓ વર્ષ-૨૦૨૧નું પ્રથમ સફળ મિશન
- ✓ સ્પેસ સ્ટેશન : સતિષ ધવન સ્પેસ સેન્ટર શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ

**મિશન વિશે :**

- ✓ ISROના કોમર્શિયલ એકમ ન્યૂ સ્પેસ ઇન્ડિયન લિ. (NSIL) સૌપ્રથમ સફળ વ્યાવસાયિક મિશન
- ✓ <u>પ્રથમવાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની તસ્વીર અને SD કાર્ડમાં ભગવદગીતા અંતરીક્ષમાં મોકલાઈ</u>




**ઉપગ્રહની વિગત :**

- ✓ અમેઝોનિયા-૧ (બ્રાઝિલ) USA - ૧૩
- ✓ ભારત – ૦૫ **કુલ - ૧૯**
- ✓ ઈસરોએ શ્રીહરિકોટા સ્પેસપોર્ટથી સતીશ ધવન અવકાશ કેન્દ્ર પરથી અમેઝોનિયા-૧ અને અન્ય ૧૮ ઉપગ્રહો લોન્ચ કર્યા હતા, જેમાં પાંચ ઉપગ્રહો વિદ્યાર્થીઓએ બનાવ્યા.
- ✓ <u>ઈસરોનું પોલર સેટેલાઈટ લોન્ચ વ્હિકલ પીએસએલવી-સીપ૧ પીએમ મોદીની તસવીર અને ભગવદ્ ગીતાની ડિજિટલ આવૃત્તિ સાથે કુલ ૧૯ ઉપગ્રહો</u>ને લઈને સતિષ ધવન સ્પેસ કેન્દ્ર પરથી સવારે ૧૦.૨૪ કલાકે રવાના થયું હતું અને તેણે બધા જ ઉપગ્રહોને પૃથ્વીની ભ્રમણ કક્ષામાં પૂર્વનિર્ધારિત જગ્યાઓ પર છોડયા હતા.
- ✓ કેન્દ્ર સરકારે ગયા વર્ષે ખાનગી કંપનીઓ માટે અવકાશ ક્ષેત્ર ખોલ્યા પછી <u>ઈસરોના વ્યાવસાયિક એકમ ન્યૂ સ્પેસ</u>

ઈન્ડિયા લિ. (એનએસઆઈએલ)નું આ સૌપ્રથમ વ્યાવસાયિક મિશન હતું.

**ISROના સફળ મિશન :**

- ✓ ઈસરોનું આ મિશન સૌથી લાંબા સ્પેસ ઓપરેશન્સમાં સામેલ છે તેમજ ઈસરોએ આજના મિશન સાથે કુલ ૩૪ દેશોના ૩૪૨ વિદેશી ઉપગ્રહો અવકાશમાં સ્થાપિત કર્યા.
- ✓ ઈસરોએ તેના ૫૦ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત સેટેલાઈટ સેન્ટર ખાનગી કંપનીઓ માટે ખોલ્યું છે.

**પેનલ ઉપર ૨૫,૦૦૦ના નામ અંકિત (SD) :**

- ✓ રોકેટની ટોપ પેનલ પર પીએમ મોદીનો ફોટો અને નામ અંકિત કરવામાં આવ્યા હતા
- ✓ બોટમ પેનલ પર ઇસરોનાં ચેરમેન કે સિવન અને સાયન્ટિફિક સેક્રેટરી આર. ઉમામહેશ્વરન સહિત ૨૫,૦૦૦ વ્યક્તિઓનાં નામ અંકિત કરાયા હતા.
- ✓ સતીષ ધવન SAT (SDSAT)ને સ્પેસ કિડ્ઝ ઈન્ડિયા દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.

**સિંધુ નેત્ર ઉપગ્રહ વિશે :**

- ✓ સિંધુ નેત્ર ઉપગ્રહના સફળ પ્રક્ષેપણ સાથે ભારત હવે ચીન અને પાકિસ્તાનની નાપાક કરતૂતો પર નજર રાખી શકશે.
- ✓ સિંધુ નેત્ર ઉપગ્રહ મારફત લદ્દાખના પર્વતીય વિસ્તારોથી લઈને હિન્દ મહાસાગર ક્ષેત્રની દરેક નાની-મોટી ગતિવિધિઓ પર નજર રાખવાની ભારતની ક્ષમતા વધી ગઈ છે.
- ✓ આ ઉપગ્રહ હિન્દ મહાસાગર ક્ષેત્રમાં સંચાલિત યુદ્ધ જહાજો, કમર્શિયલ જહાજની જાતે જ ઓળખ કરી લેશે.
- ✓ દક્ષિણ ચીન સાગર, અદનની ખાડી અને આફ્રિકન કિનારાઓ પર પણ તેનાથી નજર રાખી શકાશે.

**અમેઝોનિયા-૧ ઉપગ્રહની કામગીરી :**

- ✓ બ્રાઝિલના વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરાયેલ ૬૩૭ કિલોના ઉપગ્રહ અમેઝોનિયા-૧ બ્રાઝિલનો સૌપ્રથમ ઉપગ્રહ છે, જેને ભારતે અવકાશમાં લોન્ચ કર્યો છે.
- ✓ અમેઝોનિયા-૧ બ્રાઝિલનો પહેલો ઓપ્ટિકલ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે.

**કામગીરી :**

- ✓ અમેઝોનના જંગલોમાં કપાઈ રહેલા વૃક્ષો અને અન્ય પરિવર્તનો પર નજર રાખશે.
- ✓ ચાર વર્ષ સુધી બ્રાઝિલના પ્રદેશોમાં વૈવિધ્યપૂર્ણ કૃષિ ક્ષેત્રના વિશ્લેષણ માટે વપરાશકારોને સંવેદનશીલ આંકડા પૂરા પાડશે અને વર્તમાન માળખાને મજબૂત કરશે.
- ✓ અમેઝોનિયા-૧ પીએસએલવી-સીપ૧નો મુખ્ય ઉપગ્રહ હતો.

**ખાનગી કંપની સ્પેસ કિડ્સ ઈન્ડિયાનો ઉપગ્રહ રેડિયેશનનો અભ્યાસ કરશે**

- ✓ પીએસએલવી-સીપ૧ દ્વારા અવકાશમાં મૂકાયેલા અન્ય ઉપગ્રહોમાંથી પાંચ વિદ્યાર્થીઓએ બનાવ્યા હતા.
- ✓ સ્પેસ કિડ્સ ઈન્ડિયાએ બનાવેલા સતિષ ધવન સેટેલાઈટ (એસડી-એસએટી) ઉપગ્રહનો આશય અવકાશમાં રેડિયેશન સ્તરનો અભ્યાસ કરવાનો છે. તેમજ તે ચુંબકીય પ્રવાહનો અભ્યાસ કરશે.

**સતિષ ધવન સેટેલાઈટ**

- ✓ સતિષ ધવન સેટેલાઈટ જેવા નેનો ઉપગ્રહ ધરતીની નીચલી અર્થ ઓર્બિટમાં ચક્કર કાપતા અથવા એક સ્થળ પર રોકાઈને હવામાન, સંચાર, ચુંબકીય પ્રવાહ, રેડિએશન વગેરેનો અભ્યાસ કરશે. ઉપરાંત થ્રી-ઈન-વન ઉપગ્રહ યુનિટીસેટ યુનિવર્સિટીઓએ બનાવેલો ઉપગ્રહ છે, જે રેડિયો રીલે સર્વિસ પૂરી પાડશે અને બેંગ્લુરુ સ્થિત પીઈએસ યુનિવર્સિટીનો સિંધુનેત્ર ઉપગ્રહ સેટેલાઈટ ઈમેજિંગ મારફત શંકાસ્પદ જહાજોની ઓળખ કરશે.

**ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) વિશે :**

- ✓ આપણા દેશે અમેરિકા, બ્રિટન, જર્મની, કેનેડા, સિંગાપોર, નેધરલેન્ડ, જાપાન, મલેશિયા, અલ્જરિયા અને ફ્રાંસ સાથે કોન્ટ્રાક્ટ પણ કર્યા હતા.
- ✓ આપણા દેશે સેટેલાઇટ લૉન્ચિંગને કમર્શિયલ બનાવવા માટે પહેલા અંતરિક્ષ કોર્પોરેશન બનાવ્યું હતું. એ પછી બીજી કંપની ધ ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ સ્થાપી હતી.
- ✓ **સ્થાપના :** તારીખ 6 માર્ચ 2019ના રોજ કરવામાં આવી હતી.
- ✓ જે 19 સેટેલાઇટ લોન્ચ કરવામાં આવ્યા તેમાં એક બ્રાઝિલનો સેટેલાઇટ એમેઝોનિયા-1 હતો.
- ✓ બ્રાઝિલનો આ સેટેલાઈટ આપણા દેશની નવી કંપની ધ ન્યૂ સ્પેસ ઈન્ડિયાએ લોન્ચ કર્યો.
- ✓ આ કંપનીનું આ પહેલું કમર્શિયલ મિશન.
- ✓ ISRO અધ્યક્ષ : કે. સિવન
- ✓ ISRO : ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન

**૪. દિન વિશેષ : ૨૮ ફેબ્રુઆરી (૧) રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ : નોબેલ પ્રાઈઝ વિજેતા ડૉ. સી.વી. રામનનો જન્મદિવસ**




**રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ-૨૦૨૧ થીમ**

✓ "ફ્યૂચર ઓફ ધ STI : ઈમ્પેક્ટ ઓન એજ્યુકેશન સ્કિલ્સ એન્ડ વર્ક"

**રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ વિશે :**

✓ ઈ.સ. 1930માં નોબલ પ્રાઈઝ મેળવનારા એશિયાના સૌપ્રથમ ભારતીય વિજ્ઞાની સી.વી. રામનની યાદમાં દેશમાં દર વર્ષે 28મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**૫. દિન વિશેષ : ૨૮ ફેબ્રુઆરી વર્લ્ડ ટેઈલર ડે**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૨-૨૦૨૧)**

1. ગુજરાતમાં તા. ૨૮ ફેબ્રુઆરીએ કઈ-કેટલી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે મતદાન થયુ હતુ - **નગરપાલિકા : ૮૧, જિલ્લા પંચાયત : ૩૧ તથા તાલુકા પંચાયત : ૨૩૧**
2. ગુજરાતમાં તા. ૨૮ ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની કુલ કેટલી બેઠકો માટે મતદાન યોજાયુ હતુ - **૮૨૩૭**
3. ગુજરાતમાં તા. ૨૮ ફેબ્રુઆરીએ નગરપાલિકા, તાલુકા તથા જિલ્લા પંચાયતો માટે યોજાયેલા મતદાન પૂર્વે કુલ કેટલી બેઠક બિન હરીફ જાહેર થઈ હતી – **૨૩૭**
4. ગુજરાતના વર્તમાન ચૂંટણી કમિશનર કોણ છે - **સંજય પ્રસાદ**
5. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ કેટલામી મન કી બાત યોજી - **૭૪**
6. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૭૪મી મન કી બાત કાર્યક્રમ વેળાએ ૧૦૦ દિવસની કઈ ઝુંબેશની જાહેરાત કરી – **જળસંચય માટે તળાવો, નદીઓ, સરોવર શુદ્ધ કરવા**
7. ભારતીય અવકાશ સંસ્થા ISROએ તા. ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ PSLV-C51 દ્વારા કેટલા ઉપગ્રહોને એક સાથે અંતરીક્ષમાં સફળ રીતે લોન્ચ કર્યા - **૧૯**
8. તા. ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ ભારતીય અવકાશ સંસ્થા ISROએ કયા સ્થળેથી PSLV-C51 દ્વારા ૧૯ ઉપગ્રહોને એક સાથે અંતરીક્ષમાં સફળ રીતે લોન્ચ કર્યા - **સતિષ ધવન સ્પેસ સેન્ટર શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ**
9. તા. ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ ૧૯ ઉપગ્રહોને એક સાથે અંતરીક્ષમાં લોન્ચ કરી ISROના કયા કોમર્શિયલ એકમે સૌપ્રથમ સફળ વ્યાવસાયિક મિશનનો પ્રારંભ કર્યો હતો - **ન્યૂ સ્પેસ ઇન્ડિયન લિ. (NSIL)**
10. તા.૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ ISRO દ્વારા પ્રથમવાર કોની તસ્વીર અને SD કાર્ડમાં અંતરીક્ષમાં શુ મોકલવામાં આવ્યું હતુ - **PM મોદી અને ભગવદગીતા**
11. તા. ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ ISROએ કયા દેશના ૧૯ ઉપગ્રહોને એક સાથે અંતરીક્ષમાં મોકલ્યા હતા - **અમેઝોનિયા-૧ (બ્રાઝિલ), USA – ૧૩, ભારત - ૦૫**
12. તા. ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ ISROએ ૧૯ ઉપગ્રહોને એક સાથે અંતરીક્ષમાં મોકલવાની સાથે કુલ કેટલા દેશના કેટલા વિદેશી ઉપગ્રહો અવકાશમાં સ્થાપિત કર્યા – **૩૪ તથા ૩૪૨**
13. ઈસરોએ ૫૦ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત કયુ સેન્ટર ખાનગી કંપનીઓ માટે ખોલ્યું છે - **સેટેલાઈટ**
14. ઈસરો દ્વારા ૨૮મી ફેબ્રુઆરીએ લોન્ચ કરાયેલા રોકેટની બોટમ પેનલ પર ઇસરોનાં ચેરમેન કે સિવન અને સાયન્ટિફિક સેક્રેટરી આર. ઉમા મહેશ્વરન સહિત કેટલા વ્યક્તિઓનાં નામ અંકિત કરાયા હતા - **૨૫,૦૦૦**
15. ભારતનો ક્યો ઉપગ્રહ લદ્દાખના પર્વતીય વિસ્તારોથી લઈને હિન્દ મહાસાગર ક્ષેત્રની દરેક નાની-મોટી ગતિવિધિઓ પર નજર રાખવા કામ કરશે - **સિંધુ નેત્ર**
16. બ્રાઝિલનો સૌપ્રથમ ઉપગ્રહ કે જેને ભારતે અવકાશમાં લોન્ચ કર્યો તેનું નામ જણાવો - **અમેઝોનિયા-૧**
17. અમેઝોનિયા-૧ ઉપગ્રહની કામગીરી જણાવો – **એમેઝોનના જંગલો પર દેખરેખ-સર્વેક્ષણ માટે**
18. ધ ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ કંપનીની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી - **તા. ૬ માર્ચ-૨૦૧૯**
19. ISROના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - **કે. સિવન**
20. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **૨૮ ફેબ્રુઆરી**
21. પ્રતિ વર્ષ કોની યાદમાં તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવવામાં આવે છે - **ડૉ. સી.વી.રામન**
22. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ-૨૦૨૧ની થીમ જણાવો - **"ફ્યૂચર ઓફ ધ STI : ઈમ્પેક્ટ ઓન એજ્યુકેશન સ્કિલ્સ એન્ડ વર્ક"**
23. વર્લ્ડ ટેઈલર ડે ક્યારે મનાવવામાં આવે છે - **૨૮ ફેબ્રુઆરી**

............વંદે માતરમ્............




# વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.

## સંસ્થાની વિશેષતા :

- નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
- ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
- દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
- દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
- અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
- લાયબ્રેરીની સુવિધા
- ગુણવત્તાસભર મટિરિયલ્સ
- દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.

GPSC (1/2)

Dy.S.O. / નાયબ મામલતદાર

PSI / ASI / Constable

TET / TAT / HTAT

ક્લાર્ક / તલાટી

VIVEKANAND ACADEMY

# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી